(૧૨)

આગામી ભાવિના પડછાયા શું આગળથી અનુભવાતા હશે? ફોટોગ્રાફની ઉત્તમ પ્લેટ જેમ દષ્ટિથીએ અગોચર પદાર્થ ઝીલી શકે છે, અને પ્રકાશહીન અદશ્ય કીરણોને દશ્ય અને મૂર્ત બનાવે છે. તેમ નિર્દોષ કે અમળ અંતરો, નિખાલસકો નિષ્પાપ હૃદયો દુરદર્શી બુદ્ધિને અગમ્ય એવા ભાવિના ભણકારા ઝીલે છે. એવું કદીક દેખાયતો છે જ. એ જ પ્રમાણે અણધારી, અચપુચ આવેલી આફતના આછેરા ઓળા સરલાના મુખ પર દેખાતા. વસંતના નિરભ્ર અને સૌમ્ય, વાદળ વહોણા નભ જેવું સદાએ તેનુ મુખ રહેતું; પણ અત્યારે સુસુદર એ લલાટ પર ચિંતા અને ચિંતનની રેખાઓ ભ્રુકુટી વચ્ચે જામી હતી. ચિંતાગ્રસ્ત એ મુખ મુદ્રાએ રવાંદના નયનોમા માર્દવની આછેરી ભરતી આણી. મારૂ હૈયુ એ હલમલ્યુ.

હરદિનનો હેતાળ આવકાર આજ તેને હોઠે નહોતો. અત્યાર કો મુંઝવણથી જાણે આજ તો તે મુંગી જ રહી. હૈયાને હળવું કરી દેતુ રોજનુ દુંફાળું હાસ્ય આજે કાંક અલોપ થયું'તું. અગાગ ઉરના ઝંઝાણોને ઝીલવા મથતી હોય તેમ મીટ માંડી તે નાગી રહી. માત્ર ઉંચી ચડતી ભ્રુકુના સાથે જરાક ડોલતી આંખોએ એક અમોલ પ્રશ્ન પૂછયો ખરો.

અંતરની અવિશુદ્ધ નિમંત્રણા વા અદ્‌ભૂત સામર્થ્યો ધરે છે! લોક કથા એવુ કહે છે, ને અનુભવીઓના આખ્યાનો છે, કે અદ્દભુતના મોટા માનવો, વિપુલ મગજશાળી વનરાજે અને અગ્નિ ઝરતા કપિરાજનુ સૌમ્ય કે નુરીના, કે નિષ્પાપ કે બાળકનાં નિર્દોષ હાસ્યની પ્રતિભાઓથી સ્વભાવવિરુદ્ધ સૌમ્યતા ધરે છે. પારસના સ્પર્શે કરી જેમ લોહમાત્ર કંચનતા ધરે, તેમ એ પણ એ શક્તિ, એ તેજ, એ નિખાલસ નિમંત્રણાના સૌમ્યઓજસે અંતરની શક્તિઓને ઉભારે છે. અંતરની નિમંત્રણાનો અમોઘ

આભાસ આપતા સરલાના મુખભાવ તણી એવી અસર રવીંદ્રને થઈ. જાણે શંકા સ્પર્શી જ ન હોય એવા સૌમ્ય, સરળસ્મિતથી તેમણે સરલા સામે જોયું, અને હંમેશનાં જેવાં હેતભર્યા સ્વરથી કહ્યું, "ખૂબ વાટ જોવડાવી, ખરૂં ? ચાલ, હવે પરવારી જઇએ. કાલ તારે ઘણું કામ છે."

આશ્ચર્યની એક આછી લહરી સરલાના મુખ પર ફરી ગઈ. અત્યાર સુધી તો હરકોઈ કાર્યમાં—આર્થિક, સામાજીક પ્રશ્નોની ચર્ચા કે વિચારણામાં તેનો સહકાર સદા લેવાતો. આજનો અમારો સંવાદ ગંભીર હોવાની ખાત્રી તેને તો થયેલી હતી જ, અને તેનાથી તે વાત અમે ગુપ્ત રાખતા હતા એવું તે સમજી ગઇ. અણુઅનુભવેલા આ અંતરપટથી તેને સૂક્ષ્મ આઘાત પહોંચ્યો, અને કોઇ ભયાનક આપત્તિની આશંકાથી તે ધ્રુજી ઉઠી.

"નાથ," તેનાં સકંપ સ્વરને સ્વસ્થ કરવા પ્રયત્ન કરતી તે બોલી, "તમે બે કેમ બહાર ગયા હતા ? અત્યાર સુધી તમે કદીએ કાંઈ પણ છુપાવતા નથી, તો આજે કેમ એકલા જ વાતો કરી ? કાંઇ નવા જુનીતો નથી થઇ, ને ?"

"ના, ના, સરલા !" સદાનાં સહજ અને સ્વસ્થ સુરથી રવીંદ્રે ઉત્તર આપ્યો. "એવું કાંઈ છે જ નહિ, પૂછ સુરેન્દ્રને. અમારી વાતો તો ભૂતકાળને લગતી હતી. ભવિષ્યને લગતી થોડીક વિચારણા માટે એ હતી. એ વિચારણામાં તારી જરૂર અમને પડવાની છે. એટલે કાલે તને યે કહીશું જ, ને ? આજે ઘણું મોડું થયું છે, અને ચર્ચા ઘણો સમય લેશે, નહિતો આજેજ તને કહેત, ને ! પણ એવું અગત્યનું નથી, કે આખી રાત ના થોભે !"

વસ્તુસ્થિતિ છુપાવતાં છતાં યે સત્ય હોય એવા શબ્દોમાં વિશ્વાસ પ્રેરવાની શક્તિ છે. રવીંદ્રના શબ્દોએ તેમ સરલાને

આશ્વાસન આપ્યું, અને આશાંકિત ગૃહિણીની અધૂરી હાથમાં લીધેલું કામ સમેટી લઇ તે ઊભી થઈ.

× × ×

અંતરના વણુકથ્યા વણુને ઉખેળવાથી ઉત્પન્ન થતાં અર્થહીન સ્વપ્નાંઓમાં અસ્વસ્થ રાત્રી મેં ગાળી.

(૧૩)

જીવનની જટિલ સમસ્યાઓ—માનવકુળની મનોયાતનાઓ—નિરંતર નિરખીને અંતર્વ્યથા અનુભવતો હોય એવો આછાં રંગથી છાયો સૂર્ય બીજે દિવસ ઊગ્યો. પ્રકૃતિની પ્રતિચ્છાયા મનને પણ ભાવરે છે. નિસર્ગનાં કો રમ્ય નર્તનથી હૈયું હિલોળે ચડે છે. તેજ પ્રમાણે કદીક કદીક તો નિઃસર્ગ એવાં સ્વાંગ સજે છે, કે વાતાવરણમાં ગંભીરતાનો અજબનો સન્નાટો વ્યાપે, અને એવા વાતાવરણમાં માનવમનની સ્વાભાવિક ચંચળતા વિલુપ્ત બને છે.

આવું ગંભીર વાતાવરણ તે દિવસે છવાયું હતું. છતાં દિવાનખાનામાં જતાં મને અવનવું કાંઇ લાગ્યું નહિ. નિત્યના વ્યવસાય પ્રમાણે આરામ ખુરશીમાં બેઠેલીને રવીંદ્ર છાપું વાંચતા હતા. કિશોરને દૂધ પાઈ રહીને સરલા ચાહની તૈયારીમાં હમેશ જેમ મશગુલ હતી, મારો પદરવ સાંભળતાં બન્નેએ એ તરફ જોયું, અને નિત્ય જેવી નિખાલસ તે બન્નેની મુખ-મુદ્રાથી મારા લક્ષમાં તરત આવ્યું, કે નવા ઉપસ્થિત પ્રસંગવિષે ગત્રીએ કંઇ પણ વાતચીત તેમની વચ્ચે થઈ નહોતી.

હરરોજ પ્રાતઃકર્મથી પરવારી હું કાંતો કિશોરને રમાડતો, રવીંદ્ર જોડે ગપ્પાં મારતો, કે હળવાં વાંચનમાં ચિત્ત પરોવવાની હકમની સલાહ અનુસાર આમની પુસ્તકશાળામાંથી અનેક પુસ્તકો વાંચતો.

પણ આજે એમાંનું કાંઇ ચિત્તને જરાયે ગોઠ્યું નહિ. મનમાં જાગી હતી જ. ને, કે હાલચાલીએ થયેલી વાતો

હજી અંત આવેલો નથી, અને તેથી ઘરમાં રહી તે વાત છંછેડવાનો સંભવ ઊભો કરવાનું દિલને જરાએ રૂચ્યું નહિ. આથી જલદી સ્નાન વગેરે નિત્યકર્મ આટોપી લઇ બહાર જવા હું તત્પર થયો.

"અત્યારના તું ક્યાં જાય છે?" સહજ ભાવે પુછતા હોય એમ રવીન્દ્રે સવાલ કર્યો.

"અમસ્તો જરા બહાર જાઉં છું," એવાજ સહજ ભાવથી મેં પે પ્રત્યુત્તર આપ્યો, "હવા જરા ઘેરાયેલી છે, એટલે ચિત્તને જરા અસ્વસ્થતા જેવું લાગે છે. થોડીક લટાર મારીશ એટલે ઠીક લાગશે એમ ધારૂં છું."

પળવાર એક ભેદક નજરે મારૂં મુખ નિરખી તે બોલ્યા, "ઠીક, જા, પણ વહેલો આવજે. મારે સાંજે જવાનું છે, તે પહેલાં તો આપણ સૌને ઘણી ઘણી વાતો કરવાની છે."

હજીએ વાતો બાકી હતી! અંતરની એ આશંકા આમ ખરી પડતાં મારૂં ધૈર્ય ફરી ચળવા લાગ્યું. અવ્યક્ત ભયની ઘોર છાયાના હૃદયમાં ધબકારા થયા. રણક્ષેત્રમાં યુદ્ધની પહેલાં કુશળ સેનાનાયક જેમ પ્રાથમિક તૈયારી કરે, અને શત્રુદળની શક્તિનું અચૂક માપ લેવાને કાજે કુશળ પુરોગામી યોદ્ધાઓ પાસે છુટક રણખેલો ખેલાવે તેવી કાલ રાતની વાતો આજની ગંભીર ચર્ચાની પ્રારંભિક તૈયારી હતી એમ મને તરતજ લાગ્યું; અને એ ગંભીર સંગ્રામને માટે સર્વ શક્તિનો સંચય કરવો,—સંપૂર્ણ સ્વસ્થતા સાધી લેવી, એની પૂર્ણ જરુરતા લાગી. તેથી ઘરથી નીકળી સીધો સમુદ્રતટ હું પહોંચી ગયો, અને ત્યાં કોઈક વિચારમાળા મારા મનમાં ગુંથાવા માંડી.

નિર્દોષ છતાંય ઉત્કટ પ્રણયમાં નિરાશાનો આઘાત એકલો સદાસર્વદા દુઃસહ છે, જ; અને તેમપિ જ્યારે એની સાથે પ્રણય-મૂર્તિનો નિત્ય સહવાસ એ સંતાપમાં વૃદ્ધિ કરે ત્યારે દિલ ઘણીજ

ઉઠે છે. કોક અંગમાં ખાલી ચઢ્યાં જ્ઞાનતંતુઓ ખ્હેર મારે, અને તે અંગની સંવેદનાઓ તત્કાળ તો લય પામી જાય, તેમ દુઃખભારથી જડ બનવાનાં આશિષઆભાસી શક્તિ માનવચિત્તમાં ના હોત તો નિત્ય પ્રજ્વલિત એ હુતાશ ઉન્માદ કે આત્મઘાતને નિશંક નોતરી લાવત જ. પણ એવી જડતા પામીને સ્મશાનશાંતિને માડ મેળવી ગૂઢ સ્વસ્થતા પામેલા મન પર દોષારોપપૂર્ણ અસત્ય શંકા કોક વિચિત્ર અસર ઉપજાવે છે. ગૂઢનિગૂઢ છતાંયે ધીકતી દુઃખની દુઃસહ જ્વાળાથી જર્જરિત થયેલું મન એ મિથ્યારોપના મર્મભેદક આઘાતથી નિરુત્સાહની અવધિ પામી જીવનમોહ ભેળનારી નાખે છે, અને એ ઉદાસીનતાને અંગે હૃદયના બંધ તૂટી જાય છે, અને કદીક તો એકજ ઉચ્છ્વાસ– અને પ્રાણ વિદાય પામે છે.

પણ કદીક નિર્દોષિત્વનું ભાન એ આરોપના પ્રત્યાઘાત રૌદ્ર પ્રકોપ પ્રગટાવે છે, અને એ ભભૂકતી જ્વાળામાં સામાન્ય સમાજના શિષ્ટાચાર અને મતના અભ્યાસે સહજ બનેલી વરીલ વર્ગની આમન્યા ભગધગતા રેતીના રણ પર કદીક વરસતા જળબિંદુ જેમ અજબ રીતે અલોપ થાય છે. એવોજ ઊગ્ર પુણ્યપ્રકોપ સ્પષ્ટ અને સંપૂર્ણ ઈકરાર બનાવ શંકાને હણ્ય ધરનાર રવીન્દ્રના આગ્રહને અંગે મારા મનમાં ભભૂકી ઊઠયો, અને તેણે આ વિમાસણનો આખરી ફેંસલો કરવાનો મેં નિશ્ચળ નિશ્ચય કર્યો.

પણ નિર્બળના રોષનો શો મૂલ્ય ? નિર્બળોનાં પુણ્યપ્રકોપમાં અન્યાયને સંહારવાની યત્કિંચિત્ પણ શક્તિ હોત તો અનેકવિધ અન્યાયોની અજબ, અનુટ પરંપરાથી પરસ્પરને પીડતું-પીડાતું સદાકાલિન આ માનવકુલ ક્યારનુંયે નષ્ટ થયું હોત. ગર્વિક, રાજ્યાધિકાર, ધાર્મિક–જ્ઞાનનેજ સર્વ ક્ષેત્રોમાં રહેલા ક્ષેત્રોમાં કોઈ ખાસ એવા અસહ્ય, એવા દુર્ગિન ઘોર અન્યાયો પ્રવર્તે છે. શાંતિ, આનંદ, સ્વાસ્થ્યની તૃપ્તિનાં સાધન સહુને [illegible] ની કુદરતે ... રવી.ને અંધ.થી,–રહેવાસીને ઉઠે ...

આરોગ્યધ્વંસી, અતૃપ્તિ સર્જક,—આત્મા, બુદ્ધિ અને દેહનાં શક્તિ સમુચ્ચયની સંહારક મદિરા માનવીઓ નિર્મે છે. તેમ ગજબનાક ગુલામગિરી અને મીઠાં ઝેરભરી મુત્સદ્દીગિરીથી અભંગ અવનિને આવરતી જુલ્મભરી રાજસત્તાઓ,—દંભ અને આડંબરપૂરી, શિથિલ સગવડો માત્ર સાચવતી કલહકલુષિત સમાજ રચના,—અને તેથી યે ઘોર અઘોર નીતિવિદ્રોહણી, અનીતિપ્રેરક, પ્રજાનું પ્રાણ શોષી લેતી, ધર્માભાસી ધર્મસંસ્થાઓનાં અપરંપાર અન્યાયોથી રસ, તુષ્ટિ અને પુષ્ટિનાં સમગ્ર સાધનથી ભરપૂર એવી અખૂટ આનંદમયી અવનિ અપરિમિત દુઃખનું ધામ—અવર્ણનીય કો યાતનાઓભર્યાં નરકાગાર શી બની રહી છે; અને છતાંયે જગતના લોક દોષો જોયાં જાણ્યાં છતાં જેમ મદિરામાં મોહે છે, તેમ એવીજ સત્વશોષક સંસ્થાઓનાં મોહમાં લપટાઇ રહે છે. અધોમુખી અવનતિકોરા, સર્વભક્ષી સાધનો જેવી એ સંસ્થાઓ મનુકુળનો સર્વાંગી વિકાસ રૂંધે છે, અને છતાંયે માનવકુળ એને શિરસાટે રક્ષે છે. યુગે યુગે કો વિરલા પ્રગટે, અને અસહ્ય આ અધોગતીનાં ઉભરાતાં પૂર હઠાવવાને બોધ આપે—બંડ જગાડે, છતાંય રક્તબીજના શોણિત સમી આ અન્યાયસર્જક સંસ્થાઓ અચલ, અટલ, ઊભીજ રહે છે. કુદરતની કારમી શક્તિઓ વિજ્ઞાન જેમ જેમ વશ કરે છે, તેમ માનવનાં માનવ પરનાં અજબ આ અત્યાચારો અધિકાધિક વધ્યા જાય છે. આત્મવંચક આત્મઘાતિની આવી વિપરિત મનોદશા એ માનવકુળ પર મહાશાપ છે,—એ મનોદશાનું સગર્વ પોષણ માનવકુળની કલંકકથા છે.

અયર્થારોપનાં મૂઢ મારથી મગજ કંઇક ચકાવે ચડે, અને તાત્કાલીન સમસ્યા તરફ અસંગત વિચાર કરવા માંડે, એમ પહેલાં તો મારી નિર્બળતાના ભાનને લીધે મારા મગજે આવા ચકાવા લીધા. પણ ત્વરિત પરથી સમષ્ટી પર પુણ્ય પ્રકોપની શાપવૃત્તિ વરસાવીને શાંત બની સ્થિર વિચારણા લીધી.

ક્ષણભરના આ ઉકળાટ પછી જ્યાં વિચારસરણી વ્યવસ્થિત થઇ, એટલે એ મિથ્યારોપની અને આખરી ફેંસલાના ઠરાવની

અર્થહીનતા મારા મગજમાં સ્પષ્ટ થઇ. મુશ્કેલી તો બરોબરીઆનો હોય. રવીન્દ્રના આધારની ઉપર મારું સર્વસ્વ અવલંબતું. અતિશય લંબાતી છતાંયે આજીવિકાનું કો સ્પષ્ટસાધન સમર્પવા સદાએ અસમર્થ આધુનિક કેળવણીને અંગે દ્રવ્યોપાર્જનનું કો દ્વાર કોક વ્યવસાય હાથ કરીને હજીએ મેં ઉઘાડયું નહોતું, અને જીવનનાં હરકોઇ ક્ષેત્રમાં પ્રારંભિક મંડાણ માટે તેમની સહાયની જરૂર હતી. સર્વતોમુખ પ્રગતિનો ભવ્ય આભાસ આપતી અર્વાચીન સંસ્કૃતિનું એ કારમું કલંક છે. કે માનવીની સમગ્ર શક્તિઓ લક્ષ્મીને પરાધીન છે. સર્વોત્કૃષ્ટ બુદ્ધિમત્તા, અજોડ, અડગ મનોબળ અને નિડર, આગ્રહી, ઉત્કટ પૌરૂષ લક્ષ્મીનાં પીઠબળ વિના નિઃસારતામાં વિરમે છે. શાસ્ત્રોનો વિસ્તૃત અભ્યાસ, વિવિધ વિજ્ઞાનમા નૈપુણ્ય, અને કાર્યપટુ કર્તવ્ય દક્ષતા અનુકૂળ સંજોગોને અભાવે અને મુખ્યત્વે લક્ષ્મીહીનતાથી દુષ્કાળે ડામેલી કૃષિ જેવાં નિષ્ફળ અને વ્યર્થ જાય છે. કવિ એ કટાક્ષમયે, સાચું જ કહ્યું છે, કે **सर्वे गुणाः काञ्चनमाश्रयन्ति !** લક્ષ્મીની સત્તાનું આ ભાન મારા ચિત્ત મહિં સ્ફૂર્યું, અને એ નિરાધાર પરાધીનતા એ ઉગ્રભૂતતા મારા યૌવને અશક્તોનેજ ગમ્ય એવી ઘોર નિરાશાનાં ઘેરાં, કાળાં, ધૂમ્ર છાયો.

પણ યૌવનને આશિષ છે કે તેના ભવ્ય આશાવાદમાં નિરાશાની અંધાર આંધિ ઝાઝો કાળ ટકી શકે નહિ. મનને જવા માર્ગ દીસે નહિ, અને બુદ્ધિ જ્યાં બહેર મારે ત્યાંપિ યૌવનનો અદમ્ય ઉત્સાહ અજ્ઞાનભાવિમાં શ્રદ્ધા ધરી, વર્તમાન સૌભવ અવગણી, અનુભવનીય ઉપેક્ષા કરી, આત્મ શ્રદ્ધાનાં સીંચનથી આશાને નવપલ્લવ કરે છે. એવી અનેરી શ્રદ્ધાએ અનુચીંતવ્યું અનુકૂળ કંઇ બનશે એવું મને આશ્વાસન આપ્યું, અને હાલને કાજની વસતા અનુભવના પ્રતિકાર સમો કો યોગ્ય માર્ગ વિચારનો હું પ્રારંભ કરું

ઘેર કાંઇએ નવીન નહોતું. રવીંદ્ર સ્નાન કરતા હતા, અને સરલા રસોઇની ત્રેખડમાં હતી, હું સીધો મારા ઓરડામાં ગયો, અને માત્ર એકજોડ કપડા અને થોડા પુસ્તકોથી એક થેલી ભરી. આમ મારા ઠરાવને અમલમાં મૂકવાની પૂરી તૈયારી કર્યાંથી દરેક અંતીમ નિશ્ચય આપે છે. તેવાં બલ અને શાંતિ મારાં મનને મળ્યાં. એવી સ્વસ્થ મનની દશામાં નિત્ય જેવી સાહજીકતાથી મેં જમવાનું પુરૂં કર્યું. જમીને હું અને રવીંદ્ર દિવાનખાનામાં આવ્યા. સરલા હજી રસોડામાં હતી, અને તેના આવવાની વાટ રવીંદ્ર જોતા હતા એમ લાગ્યું. સરલા જોડે હજી કાંઇ વાત નહોતી થઈ એની મને ખાત્રી હતી, અને તેને એ નાજુક પરિસ્થિતિ અને શરમમાંથી બચાવવા માટે મારો નિર્ધાર તેજ વખતે જાહેર કરવાનું મેં યોગ્ય માન્યું.

પણ બોલવાનો આરંભ કરતાંજ એ સ્વસ્થના નાશ પામી. કોઈપણ નિર્ણય કરતી વખતે અનિશ્ચિતતાથી અકળાયેલું મન અમુક નિશ્ચિત ઠરાવ કરીને વિચારભારથી મુક્ત થવાનાં છૂટકારાનો આનંદ અનુભવે છે. પણ એ ઠરાવને અમલમાં મુકવાનો આરંભ કરતાં જ એ અનિશ્ચિતતા ફરી ઉદભવે છે. સત્યાસત્ય અને હિતાહિતની અણસંતોષાયેલી આશંકાઓ ફરીથી ચિત્તને વિક્ષુબ્ધ કરે છે, અને તેથી ઘણીએ વાર સ્પષ્ટ નિર્દિષ્ટ કાર્યોનો આરંભ દુર્ઘટ બની જાય છે. કોક આવીજ વિક્ષુબ્ધતાએ મારા સ્વરને અસ્થીર કર્યો, અને તૈયાર રાખેલા વાક્યો મુજમાંજ દબાઈ ગયાં.

"ભાઇ," સ્વસ્થતા દાખવવાનો વ્યર્થ પ્રયત્ન કરતો, હું બોલ્યો 'મેં વિચાર કર્યો છે, તૈયારી પણ કરી છે. હું જ જાઉં એ ઇષ્ટ છે.'

રવીંદ્રના મુખ પર ગુંચવાડો ફેલાયો. 'તું ? ક્યાં ? શા માટે ?' સમજ ન પડવાથી તેમણે પ્રશ્નધારા છોડી.

"ભાઈ," ચિત્તની વિહ્વળતાથી વિચારસંકલના તૂટત જાત પર રોષે ભરાઈ હું બોલ્યો. "અંતરની વાત તો અંતર્યામી જાણે છે. પણ જ્યારે બાહ્યદૃષ્ટિએ મારો જ વાંક વસતો હોય ત્યારે જ સજા ભોગવવી ઘટે છે. તેથી તમે રજા આપો તો આજે અથવા સચવો તે વહેલામાં વહેલી પળે હું ક્યાંક પણ ચાલી જઈશ. તમે નહિ બોલાવો ત્યાં સુધી હું તમારી દૃષ્ટિએ ચડી તમને સંતાપ આપીશ નહિ. ભૂલેચૂકે અભાનતામાં મારાથી થયેલા અપરાધને માફ કરશો.

અતિશય રથગટથી બોલાયેલા આ શબ્દો જેમ જેમ રવીંદ્રના કાને પડ્યા, તેમ તેમ આશ્ચર્ય અને ખેદના ભાવ તેમનાં મોં પર પ્રસરતા ગયા અને તે ભાવોની સાથે મારા શબ્દોનો પુરો અર્થ સમજવાની મુશ્કેલીથી ઉપજતી ગુંચવણ મળેલી હતી.

"સુરેંદ્ર, ભાઇ, શાન્ત થા!" પળવાર મને શ્વાસ ખાવા દઈ તેમણે કહ્યું, "અકળામણમાં કરેલા આકરા નિર્ણયો દુઃખમાં જ પરિણમે છે." અને પછી મારા મનોભાવો માપી લીધા હોય તેમ ઉમેર્યું. "વારુ, ક્યાં જવા વિચાર રાખ્યો છે?"

વસ્તુસ્થિતિને મર્મથી સ્પર્શતા આ એમના સચોટ સવાલે મારી નિરાધાર એકલતાનું મને તત્કાળ ભાન કરાવ્યું. [illegible] મિથ્યા રોષને ખાળવાના વ્યર્થ પ્રયત્ન સાથે મેં કહ્યું, "ક્યાં જઈશ તે નક્કી નથી. નસીબ જ્યાં દોરશે ત્યાં જઈશ. જેનું કોઈ નહિ તેનો આખરે ઇશ્વર તો છે જ!"

"[illegible] કોઈ નહિ, કેમ? હું છું, ને!" અકૃત્રિમ સ્નેહાળતાથી તેમણે કહ્યું.

[illegible] કહ્યું. "તમે? તમે તો આજથી મારે માટે [illegible]"

એજ બતાવી આપે છે કે તમે ગારા મટી ગયા છો. તો પછી આવા કલુષિત સબંધને નિભાવવો એ કરતાં મારે ચાલ્યા જવું એ શું વધારે ઇષ્ટ નથી ?"

મારા સ્વરમાં છુપાયેલી કડવી તીખાશને ગળી જતાં તેમણે કહ્યું. " સુરેંદ્ર, મને ઘોર અન્યાય થાય છે. મારી શંકા અયોગ્ય નહોતી, અને તે અનાધાર પણ નહોતી. હું તને હમણાં તેની સાબીતી પુરી પાડું છું." દૃઢ છતાં શાંત સ્વરે આ કહી તેમણે બુમ મારી, "સરલા !"

" કેમ, શું કામ છે ? " રસોડામાંથીજ સરલાએ જવાબ આપ્યો.

" જરાક પરવારીને અહિં આવજે, ને ! " તદ્દન સાહજીક ઢબે તેમણે કહ્યું. પછી મારી તરફ ફરીને બોલ્યા, " આપણો પરસ્પરનો સંબંધ હજી સુધી સાત્વિક નિખાલસતાથી ભરેલો છે. કદીએ આપણે એકમેકથી કશુંએ ગુપ્ત રાખ્યું નથી. તો પછી એકમેકથી ભાવો છુપાવવાની છેતરપીંડી કરવાનું આપણા બેમાંથી એકને પણ આવડશે એવું તારાથી કેમ મનાયું ? મારે હમણાં કાંઈપણ સાંભળવું નથી, " હું બોલવા જતો હતો તે અટકાવી તે બોલ્યા, " સરલા આવે પછી હું તને સાબીતી આપું. પછી બોલવું હોય તે બોલજે. ત્યાં સુધી જરા શાંતિ સેવ. "

મમતા અને દૃઢતાથી આ વાક્યો પુરા કરીને ભાવનિર્ઝરતાં નયનો તેમણે વાળી લીધા, અને જાણે કાંઈજ ના બન્યું હોય તેમ ટેબલ પરથી એક પુસ્તક લઈ તેનાં પાનાં ફેરવવા મંડયા.

સાબીતીની અચુક ખાત્રી દેતા તેમના આ શબ્દોએ મને ગુંચવણમાં નાખ્યો. ભૂતકાળ પર સર્વગ્રાહી એક નજર મેં નાંખી લીધી, છતાંયે કોઈએ પ્રસંગ એવો ના સાંભર્યો કે, જે તેમને શંકા ઉપજાવે. આમ એ ગુંચવણમાં પડી હું યે શાંત બેસી રહ્યો. માત્ર તોળાતા ભાવીથી પ્રેરાતી દુઃખપ્રેરક અધીરતાથી મારું હૃદય

ધબકવા લાગ્યું, અને એના ઉકળાટને લીધે પ્રસ્વેદનાં ઝીણાં બિંદુઓ મારાં કપાળ પર બાઝયાં.

સરલા આવી. બિલકુલ નિઃશંક ચિત્તથી નિત્યના સરળ ભાવથી તેણે અમારી તરફ જોયું, અને રવીન્દ્રને પૂછયું, "કેમ શું કામ છે?"

તાજેજ પૂરા કરેલા ગૃહકાર્યથી શ્રમજન્ય સુરખી તેના ગૌર વદન પર હતી. રવીન્દ્રે તેને પાસે બોલાવી, નિશાનીથી નીચી એક ખુરસી પર પડખે બેસાડી અને એક વિખરાયેલી લટ નયનોનચાવતાં સરખી કરી. અને પછી મીઠાશથી કહ્યું, "સરલા, મારે અને સુરેન્દ્રને જરાક મતભેદ પડયો છે, તેથી તને પૂછવાનું છે."

નિર્દોષ આનંદનું અજબ કો સ્મિત સરલાના મોં ઉપર રમ્યું. અમારા બે વચ્ચે મતભેદ જાણે અશકયજ હોય તેમ રમુજ પામતાં તેણે કહ્યું. 'તમારી વચ્ચે મતભેદ ? શેમાં ? જોડાના ઘાટમાં કે ટોપીની જાતમાં ? ચાલો ત્યારે મને નક્કી કરવા દો. બોલો, શું છે ?"

સ્વરનો માર્દવમાં ભારોભાર ગંભીરતા ભરી હવે રવીન્દ્રે કહ્યું. "ના, સરલા, આ જરાક વધારે ગંભીર બાબત છે. હું તને પુછું છું, કે બાઇબીજની પરોઢમાં તેં સુરેન્દ્રને ચુંબન આપેલું, તે તને યાદ છે, ને ?"

એકવાર અમારી કોલેજમાં કોઇ ઉપમાની ઠોકરે પ્રોફેસરની પૂંઠ ફરતા ખીંતબાકો ફોરેલો, અને તે સ્તબ્ધ બેઠેલી અમારી સહવિદ્યાર્થિનીઓ હેબતાઈ સફેદ બની ગયેલી. અણકલ્પ્યા આ પ્રશ્નના અચંબા [illegible] ધડાકાથી [illegible] પણ તેમ ઠીકરી [illegible]—તેના [illegible] [illegible]. અને [illegible] પડ્યું હોય તેમ નયનોમાં [illegible].

[illegible] [illegible] ઉપર [illegible]

દીપડો જેવો તિરસ્કાર પ્રગટાવે છે તેવો કોપભર્યો તુચ્છકાર પ્રારંભિક તૈયારી માટે સમય કે સૂચના દિધા વગર અયથુચ આમ અકળાવી નાંખતા રવીન્દ્રના ઉપર મને આવ્યો. પણ ત્યાં તો તેમનો મુખભાવ જોતાં એ કોપ ઓછો થયો.

ઈર્ષ્યાપાત્ર પત્નીને દુઃખથી ડામીને રાચતા, અને એવા તુચ્છ સંતોષથી હૃદયની વ્યથા વિદારવાનો વ્યર્થ પ્રયત્ન આદરતા ઈર્ષ્યાળુ પતિનો ભાવ તેમની મુખમુદ્રા પર નહોતો. તેને સ્થાને દયાર્દ્રતા અને અજબ કો સહાનુભૂતિ તેમનાં નયનોમાં દીસતાં. ભારે ભયથી છળી પડેલી પાળેલી પંખિણીને જેમ પાલક હેતથી પંપાળે, અને એવી રીતે તેનો ક્ષોભ-ભય પરહરે, તેમ તેમણે સરલાના ત્રાસમૂઢ મુખમંડળ પર હેતાળ હાથ જરાક ફેરવ્યો અને ઋજુતાથી બોલ્યા, " સરલા ! "

ત્રિદોષ સન્યાસના આક્રમણથી મૃતવત્ બનેલું મગજ સૂચિકાભરણનો સ્પર્શ થતાંજ ઝબક દઈને જાગી ઉઠે, પક્ષાઘાતના આઘાતથી નિશ્ચેતન બનેલું અંગ કોક વિષારી પ્રાણીના દંશદાહથી સજીવન થાય, તેમ મન પરના આઘાતથી જડ જેવી બનેલી સરલા રવીંદ્રનાએ સ્પર્શમાત્રથી સફાળી સચેતન બની. અવ્યક્ત કો અણગમાના ભાવથી એમનો હાથ પાછો ઠેલતાં સ્વસ્થતા પાળવાને માટે સમર્થ પ્રયાસ આદરતાં તે બોલી, " તમે શું કર્યું ? "

તેને સ્વસ્થ થવા વખત આપવા માંગતા હોય તેમ રવીંદ્ર બોલ્યો, " સરલા, સ્વસ્થ થા. અકળાયે કૈં અર્થ નથી. પટ પટાંતરો ફેંદી નાંખી નગ્ન સત્ય નિહાળવાની હવે જરૂર ઊભી થઈ છે. તારાં એ ચુંબનથી... "

સંપૂર્ણ સ્વસ્થતા મેળવવા હજુ સુધી અશક્ત રહેલી સરલા એ અર્ધઆશ્ચર્ય—અર્ધમુંઝવણનાં સંમીશ્ર ભાવથી અધવચ્ચે પુછ્યું, " કયું ચુંબન ? "

કાંઇક શંકા અને કાંઇક ગુંચવણથી રવીન્દ્ર પળવાર તેને નીરખી રહ્યા. પછી જરાક તીવ્ર સ્વરે બોલ્યા, "કેમ, તેં સુરેન્દ્રને લીધેલું, ને ? તે ચુંબન !"

"સુરેન્દ્રને ? મેં ?" સ્મૃતિપ્રદેશને શોધી વળતી હોય તેમ ભ્રમર સંકોચતાં અને નયનો ઝીણાં કરતાં તે તારસ્વરે બોલી, "આ તમે શું કહો છો ?"

રવીંદ્રના મુખપર સખ્તાઈ આવી. જાણે સરલા સત્ય જાણવા છતાં નામુક્કર જતી હોય એવી શંકા તેમનાં મનમા આવી હોય એમ મને લાગ્યું. કેંક ભાવહીનતાથી, કંઇક કઠોરતાથી તેમણે કહ્યુ, "સરલા, સ્મૃતિને તાજી કર. બેસતા વરસની રાત્રે સુરેન્દ્રની પથારી પાસે તું બેઠી હતી. હું થોડે દૂર કોચમા સુતો હતો. ત્રણ ત્રણ દિવસથી તેની હાલત ગંભીર હતી, અને આપણે અખંડ ઉજાગરા થયા હતા. તે વખતે તે જરાક શાંત પડેલો લાગવાથી તેં મને સુઈ જવા આગ્રહ કરેલો. તને પણ થોડો આરામ આપી શકું માટે હું આડો પડ્યો હતો. થોડીવાર તો હું ઉંઘી જ ગયો હતો, પણ અચાનક મારી આંખો ખુલી ગઈ અને મેં કદી નહિ કલ્પેલું દૃશ્ય જોયું." ચુંબન પ્રસંગથી માત્ર અજાણ હું આનો બની જોઈ જ રહ્યો. સરલાનાં નયનો વિચારમાં ઊંડાંને ઊંડાં ઉતરવા લાગ્યાં. પળવાર થંભી રવીંદ્રે આગળ ચલાવ્યું.

"સુરેન્દ્ર કંઇક ઊંઘમાંથી બોલતો હતો. તેનો જમણો હાથ તારા ખભા પર હતો. વચ્ચે વચ્ચે તું તેના શબ્દો સાંભળતી હતી, અને તેના માથા પર હાથ ફેરવતી હતી. અચાનક વાંકીને તેં [illegible] હતો [illegible] લીધું [illegible] બોલતો હતો, અને તેને પણ [illegible] હતી [illegible] ઘેનમાં તદ્દન અસ્પષ્ટ [illegible] [illegible] નિદ્રામાં [illegible] [illegible], [illegible] મને [illegible], અને સુરેન્દ્રના પર [illegible] ચુંબન [illegible]."

પોતાની પત્નીની પરકીય સાથેની પ્રેમચેષ્ટા વર્ણવતાં તેમનો સ્વર જરા મળ્યો, છતાં શબ્દે શબ્દ જાણે દસાવવા માંગતાં હોય તેમ તેમણે ધીરેધીરે અને સ્પષ્ટ ઉચ્ચાર્યાં. છતાં આખરે તે જરા અચકયા, મોં ફેરવી એક આછો ખૂંખારો ખાધો અને પૂરૂં કર્યું; "પછી સુરેન્દ્રે તને પાસે ખેંચી કે તું સુરેન્દ્ર પર ઢળી પડી તે આછકલા એ અજવાળામાં મને બરાબર દેખાયું નહિ. પણ પાંચ પળ પછી તમે છુટાં પડયાં. સુરેન્દ્ર ઉંઘી ગયો, અને તું પણ ખસી ગઇ. તે દિવસ પછી મેં તમારાં વર્તન ઉપર બની શકતું ધ્યાન આપ્યું છે. અને જો કે પ્રેમચેષ્ટા પછીથી મારે નજરે નથી પડી, છતાં મને એટલી તો ખાત્રી જ છે, કે તમારી વચ્ચે સામાન્ય દિયર ભોજાઇ વચ્ચેના ભાવ કરતાં જુદોજ ભાવ અસ્તિત્વ ધરાવે છે."

આ પ્રેમચેષ્ટાના પ્રસંગની ગને તો જરાએ સ્મૃતિ નહોતી, એટલે હું વિસ્મય આ બન્નેને જોઇ જ રહ્યો હતો. પણ રવીંદ્ર જેમ જેમ બોલતા ગયા તેમ તેમ સરલાનું મુખ પરિવર્તન પામતું ગયું. સ્મૃતિપટ પર ચડેલા પડો જાણે ઉકેલાતા હોય, અને દટાઇ ગયેલો ભૂતકાળ જાણે નજર આગળ ખડો થતો હોય તેમ તેના મુખ પર વિવિધ ભાવો આવ્યા અને ગયા. અને જ્યારે રવીન્દ્રે 'ગાઢ ચુંબન' એ શબ્દો ઉચ્ચાર્યાં, ત્યારે તો લજ્જાનો ઉકેરાટ તેનાં મુખ પર છવાઇ ગયો. નેત્રો પછી નીચાં નમાવી, હથેલી પર મસ્તક ટેકાવી, બીલકુલ નિઃસ્તબ્ધતાથી તેણે રવીન્દ્રના બાકીના શબ્દો સાંભળ્યા. માત્ર તેની સ્રોત્કંપ પદાંગુલીથી અને આછા ઉજળતા લાગતા તેના ઉરપ્રદેશથી તેના ચિત્તનો બળથી દાબેલો ઉકેરાટ વ્યકત થતો.

આષાઢની હેલી પડેલાં ઘનરાજ ઘોર ઘટાટોપ માંડે, અને તોફાનના આરંભ પહેલાં પ્રકૃતિ આખી સ્થબ્ધ થઇ જાય—તેવી ઘોર, પ્રગાઢ શાંતિ રવીંદ્રના બોલી રહ્યા પછી કેટલીક પળ ત્યાં

પ્રસરી રહી. રવીંદ્રના મક્કમ સૂર મહીં અસત્યને ઓળાએ નહોતો, અને લજ્જાવનત સરલાનું દશ્ય એના સત્યની સાક્ષી પુરતું અણુ-કલ્પ્યા આ પ્રસંગકથને હું આશ્ચર્યમાં ડૂબી ગયો. કહેવાનું કહી નાંખીને ભવિષ્ય માટે ઉદાસીન હોય તેમ. છતની જાણે કારીગરી નિરખતા હોય તેમ—રવીંદ્ર મુંગા બેસી રહ્યા.

અને સરલા! નાજુક તેના હૃદય દેશમાં શા શા ભાવોનું મંથન તે કાળે મંડાયું હશે! મારી એતો ખાત્રીજ હતી, કે આ પ્રસંગ તે ભૂલી ગયેલી, અને એ સ્મરણોની યાદ અત્યારે શા અંતર્દાહ હૈયામાં પ્રગટાવતી હશે? સુલતાન સુલેમાનની મંત્રમુદ્રાથી જંજીરમાં જકડાઇને ઉદધિના અતલ ઉંડાણમાં ડૂબી સ્મૃતિલુપ્ત થયેલો જીન કોઇ માછીના કોઇક કાળમાં હાથે એ મુદ્રાથી મુક્તિ મેળવે, અને કારમો કેર વરતાવે, એમ આ વિસરાયેલો ભૂતકાળ અત્યારે અણચીંત્યો પ્રગટી, તેના સંસારને સળગાવવા —તેની પ્રતિષ્ઠા પદદલિત કરવા ઉદ્યુક્ત થયો હતો. અગાધ ધરતીકંપથી મહાસાગર માઝા મુકે અને તેના ઘેરા નીર પ્રશાંત, એકાકી કે. ટાપુના સદા નિર્ભય લેખાતા પટ પ્રદેશપર પ્રલય રેલે, એમ આ આકસ્મિક ઘટનાના પ્રત્યાઘાતથી તેનો સંસાર અપરિમિત ઉદધિમાં [illegible] દેખાતો હતો. સંસાર [illegible] આધાર મહેલો આ [illegible] [illegible] અનો એક અનભિજ્ઞ બાળા હતી! અને કરુણતા તો એ હતી કે, [illegible] આ [illegible] સહીયર, સખી કે [illegible] નહોતી!

[illegible] અંતરેચ્છા [illegible] અધોમુખ બેઠી રહી [illegible] મૌન [illegible] સમય વીતે તેમ તેની સ્થિતી વધુ [illegible] રવીંદ્ર [illegible] [illegible] મૌન [illegible]

[illegible] આરામથી તેનું શરીર [illegible] [illegible] તેનું શરીર [illegible]

કારમી આ કટોકટીના કાળે તેનો યથોચિત સામનો કરવા સમગ્ર શક્તિઓ એકત્ર કરતી હોય તેમ તેણે માથું સહેજ ધુણાવ્યું, અને જાણે વેરવિખેર પરસ્પર વિરોધી ઉછળતી લાગણીઓને કાબુમાં લેતી હોય તેમ એક ઊંડો શ્વાસ લીધો, અને મોઢું ઊંચું કરીને રવીન્દ્રની સામે જોયુ.

" રવીન્દ્ર, " પોતે ભાગ્યે જ વાપરતી તે સંબોધન તેણે વાપર્યું. "–રવીન્દ્ર, તમારી વાત સાચી છે. હું ભૂલી ગઈ હતી, પણ હવે મને યાદ આવે છે. મેં એક ચુંબન—એકજ લીધેલું ખરૂં. તેનું હવે શું કરવું છે."

— શત્રુનાં દળવાદળ ઉલટે, ચોપાસ કો મુક્તિમાર્ગ ના દીસે, અને અટંક ટેકી યોધ્ધો જીવનઆશા ફગાવી દઈને નિશ્ચિત મૃત્યુને ભેટવાને અજબ ધૈર્યથી તત્પર બને, એવુંજ અજબ મરણીયું ધૈર્ય તેના મૂખ ઉપર તરવર્યું. જીવ ઉપર ઉદાર થયેલા કોક બડભાગી વીરલાજ માણી શકે એવું સ્વાસ્થ્ય તેને સાંપડયું હતું, અને મરણના મુકાબલા માટે સત્વરસજ્જ એવા યોધ્ધાની પરિણામઉદાસી બેપરવાહી વિનયની માત્રા સાચવતા તેના શબ્દોમાં સ્પષ્ટ હતી.

રવીંદ્રની આંખો પહેલેથી સરલા પર મીટ માંડી બેઠેલી હતી. પોતાના અચભુત પ્રશ્નથી ઉપજેલી અકળામણ ભાળી સહેજ અનુકંપા જેવો ભાવ તેમના મુખ પર પ્રસરેલો. પણ સ્થીર, અકંપ સ્વરે ઉચ્ચારાયેલો આ અણધાર્યો એકરાર આવ્યો, ત્યારે પળવાર તેમના મુખપર જરા કઠીનતા આવી ગઈ. સરલાના મનોભાવોને માપતા હોય તેમ તેનાં મુખ પર એક ભેદક દ્રષ્ટિ તેમણે નાંખી, અને પછી એકજ સચોટ સવાલ પુછયો, " હું પણ એજ પુછું છું,–તેનું હવે શું કરવું છે ?"

અત્યાર સુધી હું સ્તબ્ધ બેસી રહ્યો હતો. રવીન્દ્રનો પહેલો પ્રશ્ન અણધાર્યો — અણુસ્ફોટ હતો. તેનો પ્રત્યાઘાત કૈંક શમે,

અને મૂઢ થયેલી વાણી ફરી સાંપડે તે પહેલાં તો સરલાનો અણ-ચિંત્યો એકરાર આવ્યો અને ફરીથી હું બેબાકળો બની ગયો. પણ જો કે આ ચર્ચાતા પ્રસંગનું જરીકે ભાન કે જ્ઞાન મને તો હતું જ નહિ, છતાં જે વિષમ દશામાં સરલા હતી, તેમાં તેને એકલે હાથે ઝુઝવા દેવુ યોગ્ય ન લાગ્યું. સંજોગોનાં શાં પરિબળોએ તે પ્રસંગ સરજાવ્યો હતો, એ પ્રસંગના વિવિધ અંગોમાં શા શા ભાવોએ ભાવ ભજવ્યો હતો, એ સર્વ વિગતો માગથી અજાણી હતી. એના અનુષંગી ગુણદોષોનો તો મને વિચાર આવતોયે નહિ. છતા અજ્ઞાન ભાગ ભજવ્યાથી કંઈ મારી જુમ્મેદારી જતી ના રહે. અને રવીન્દ્રના આ નિર્દય પ્રહાર સરલા એકલીજ સહન કરે એ મને કાયરતા લાગી. આથી કશું ન સમજતો છતા ઇચ્છા શકિતના એક પ્રબળ પ્રકાશથી હું હવે વચ્ચે પુરાયો, અને બોલ્યો, "રવીન્દ્રભાઈ, પણ વાત શી છે તે તો કહો!"

"સબુર, સુરેન્દ્ર ભાઈ." રવીન્દ્રના માર્મિક મહેણાંથી પળવાર બહેર મારી ગયેલી બુદ્ધિને વશ કરવી સરળ હોય એવા દમામથી બોલ્યા. "આ પ્રસંગ હવે તમારો મટી ગયો છે. આ તો હવે મારા અને તમારા ભાઇ વચ્ચેનીજ બાબત રહે છે. હવે જ તમારી ગઇ કાલની વાતનો મને કાંઇ ખ્યાલ આવે છે."

પળવાર શ્વાસ લેવા તે રવીન્દ્રની તરફ ફરી. [illegible] મનુષ્યની પાછળ જેનું તેનું શરીર [illegible] અને [illegible] હતું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આવી હતી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માંડીને તેનું [illegible] [illegible] [illegible] "હવેજ હું સમજ્યું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

અપરાધીનો ખુલાસો સાંભળ્યા વિનાજ શિક્ષા ફરમાવવાની છે જો એમજ હોય, તો નાથ ! હું આ ઉભી. હિંદુ સમાજ પતિને આપે છે તે સર્વ સત્તા તમારી છે. પણ ઇશ્વર જે નિર્બળનેય આપે છે તે સત્તા મારી છે. ફરમાવો, શો હુકમ છે ?" ભયાનક શાંતિથી બોલાયેલા સ્થીર, નિષ્કંપ આ શબ્દોમાં હૈયું ધ્રૂજાવવાની શક્તિ હતી. અજ્ઞાત ભયની આશંકાથી દિલમાં જે ચમકમાટ વ્યાપે છે, તેવો એક લખલખાટ મારા શરીરમાંથી પસાર થયો. સરલાનાં આ ઉગ્ર દીસતા શબ્દોથી કરડા બનતા જતા રવીંદ્રના ચહેરા પર પણ એવા જ કો ભયના ઓળા આવી ગયા.

પળવાર તે બંન્નેનાં નયનો મળ્યાં. અથડાતી તલવારો જેવાં તે નયનોનાં મૂક સંવાદે શા શા ભાવો ઉત્પન્ન કરેલાં, તે તો તે બન્નેને ખબર ! માત્ર સરલાનાં પોપચાં સહેજ ફરકતાં હતાં, અને રવીંદ્રના હોઠ જરા ધ્રુજતા હતા...

અને સંયમ સાચવતા જાણે સહેજ માથું કંપાવીને રવીંદ્રે કહ્યું, "આમ આકળા થઇ ઓશીયાળા કરવાની જરાએ જરૂર નથી. તેમજ મારા કાંઇપણ બોલ્યા કે કર્યાં પહેલાં ગમે તેમ આક્ષેપ કર્યે વસ્તુસ્થિતિ પલટાવાની નથી." પોતાનું વક્તવ્ય સામાનાં મનમાં ઠસે માટે તેઓ પળ થોભ્યા, "અને પતિ તરીકે મારા હક્કો હોય કે ન હોય, પણ માણસ તરીકે મારી પત્ની અને મારા ભાઇની પાસે કોક વખતે ખુલાસો માગવાનો તો મારો અધિકાર છે જ. તે પણ તમે ના કબુલ કરતા હો તો મારે કંઇ કહેવાનું રહેતું નથી."

ઉકળાટને દાબી દઇને મેળવેલી સ્વસ્થતા ને પરિણામે શાંત ...રવથી ઉચ્ચારાએલાં આ શબ્દો એ સરલાને તો ટાઢીજ ...ી દીધી. અણધાર્યા આઘાતથી ગુમાવેલી સ્વસ્થતા હવે ... સાંપડવા લાગી હતી, અને રવીન્દ્રનાં અંતીમ વાક્યમાં ...ભાર ભરેલા સત્યે એને એમ લાગ્યું ખરું, કે પોતે

રવીન્દ્રને અન્યાય કરતી હતી. એટલે સહેજ નરમ પડેલા સ્વરમાં બનતી સાહજીકતા આણીને, ઉકળાટના અલ્પ પણ અંશ વગર, તેણે નમ્રતાથી પુછ્યું, "બોલો, તમારે શો ખુલાસો જોઇએ છીએ?"

થોડી પળ બારી બહાર આંખો નોંધી રવીન્દ્રે કંઇક વિચાર કર્યો. પછી તેમણે અમારી તરફ જોયું, અને કહ્યું. "પરસ્પરના હાલની આકાંક્ષાને જ અંતરમાં અગત્ય આપતા મિત્રો જેમ કોઇ ગંભીર વસ્તુ વિચારે તેમ આ વાત આપણે ચર્ચવાની છે. માટે પહેલા તમે સ્વસ્થ થાઓ. પછી મારું સાંભળો."

પોતે જ જાણે દાખલો બેસાડતા હોય તેમ તેમણે ખુરશીમાં જરી જરા પગ લંબાવ્યા. તેમની સનમુખ આવેલા કોચ પર ઉભડક બેઠેલા મે પણ જરા ઘુંટણ પર કોણી ટેકાવી શરીરનું તંગપણું ઓછું કર્યું. લાગણીઓના ધાંધમાં [illegible] ચડી જેવી બેઠેલી સરલા પણ જરા છોભાની પડી. ખસી ગયેલો છેડો માથા પર ફરીથી ગોઠવ્યો, અને જરાક આગળ આવેલા પગ જરાક પાછા ખેંચીને પાનીને પાલવથી ઢાંકી. આમ શરીરને સ્વસ્થ કરી, હાથા પર કોણી ટેકાવી. તેણે હવે તો તદ્દન સાહજીક, નિસર્ગમધુર સ્વરથી કહ્યું. "બોલો, હું સ્વસ્થ જ છું."

"સરલા," રવીન્દ્રે કહ્યું. "આ અનુગમની બાબતમાં કોઇ પણ વિવાદ ઉત્પન્ન કરતા પહેલાં થોડોક ખુલાસો હું તને કરવા માગુ છું. સુરેન્દ્ર એ નામ છે, અને તેજ હું તને જણાવવા માંગુ છું.

• નિમંત્રણ [illegible] હું ફરીથી [illegible]. [illegible] અમારા સહજીવનમાં [illegible] તેનું [illegible] નહિ [illegible] કામ જ નહિ

" અને તેણેજ મરતાં પહેલાં કિશોરનું હિત લક્ષમાં લઇ તારી સાથે મારાં લગ્ન થાય એ ગોઠવણ કરેલી. મરતી વખતે તારી સાથેજ લગ્ન કરવાનો મારી પાસે કોલ લીધેલો. આમ આપણાં લગ્ન તેની અંતીમ ઇચ્છા--તેના અંતીમ આદેશને અનુસરીને થયાં છે.

" અને તેથીજ નિર્મળાને જે પ્રેમ હું આપી શકયો હતો, તેનો અલ્પાંશ પણ હું તને નથી આપી શકયો. છતાં એક સજ્જન તરીકે જે મારો ધર્મ હું ચૂકયો હોઉં એમ મને લાગતું નથી. તું કબૂલ કરશે કે વાણી કે વર્તનમાં તને જરાએ ઓછું ના આવે એની મેં પૂરતી સંભાળ લીધી છે. એમ છતાં પણ એ મુદો હું સ્પષ્ટ કરવા માંગું છું, કે આપણાં લગ્ન હિંદુ-લગ્નો મુખ્યત્વે હોય છે તેમ સગવડીઆં લગ્નજ છે. આવાં લગ્નોમાં પ્રણય લગ્નની ઉત્કટતા નથી, છતાં ઘણીવાર સહાનુ-ભૂતિભર્યાં સહવાસને અંગે કાળાંતરે એકતા પ્રગટે છે. આપણો સંબંધ બાંધતાં એટલુંજ આશ્વાસન મેં માની લીધું હતું.

" એમ છતાં આવા સગવડીઆ લગ્નને પરિણામે ઘણા કિસ્સામા પતિ કે પત્નીને અસંતોષ રહે એ સંભવે છે. તેમાંયે જ્યારે મારા હૃદયમાં નિર્મળાનું અધિરાજ્ય હતું, ત્યારે તારા હૃદ-યમાં અસ્પષ્ટ, અવ્યક્ત અને તારાથીયે અજ્ઞાત અસંતોષ હોય એ સંભવિત છે.

" આથી જ્યારે મેં એ ચુંબન પ્રસંગ જોયો, ત્યારે મને કોઇ એવોજ વહેમ આવેલો. આપણા સમાજમાં ઘણે ઠેકાણે સમોવડીઆ દિયર ભોજાઇનાં અનિષ્ટ સંબંધોની વાતો સંભળાય છે. અને જોકે સુરેન્દ્રના કે તારા ચારિત્ર્ય વિષે અશ્રદ્ધાને જરાએ અવકાશ નહોતો, છતાં નજરો નજર દેખ્યા પછી શંકાએ ઘર ઘાલ્યું ખરૂં. તેથી પછી રોજ રોજ માસ સુધી મેં તમારાં વર્તન પર નજર રાખી, પણ એ વહેમને પોષણ મળે એવું કાંઇ જોવામાં ના આવ્યું.

" આમ છતાં એ ચુંબન તો સહજ હતું. તેનાં અનુરાગી ઉપચારોનો અર્થ પણ સ્પષ્ટ જ હતો. આવી શંકાનાં વમળોમાં મારા મનની સ્થિતિ કેવી થઇ હશે તે તમે કલ્પી શકો છો.

" અને આપણી વચ્ચેનાં વ્યક્તિગત સંબંધે પરિસ્થિતિમાં વિષમતા ઉમેરી. મારી અને સુરેન્દ્ર વચ્ચે અજબ ભ્રાતૃભાવ જળવાઈ રહ્યો છે. તારે માટે પણ, સરલા, મેં યથાશક્તિ મમતા ધારી છે. આમ સંજોગની સમસ્યા એટલી વિકટ છે, કે જો તેનો શાંતિપૂર્ણ માર્ગ ન લાઘે તો તેના પરિણામો ભીષણ આવે."

પળવાર શ્વાસ ખાવા કે વિચારોને વ્યવસ્થિત કરવા તે થોભ્યા.

" પણ તેમાં..." સરલા બોલવા ગઈ.

હાથના એક સંકેતથી તેને બોલતી અટકાવી રવીંદ્રે કહ્યું, " મને પુરું કરી લેવા દે. સુરેન્દ્રની નાજુક તબિયતને લીધે હું અત્યાર સુધી કાંઈ બોલ્યો નહોતો. હવે જ્યારે એણે મન અને શરીરનું સ્વાસ્થ્ય મેળવી લીધુ છે ત્યારે આ વિષમનું અંતિમ નિરાકરણ કરવાનું મેં યોગ્ય માન્યું છે.

"સુરેન્દ્ર જોડે વાત કરતાં એટલું તો એણે જણાવ્યું છે, કે તમારી વચ્ચે કાંઈપણ અનિષ્ટ વ્યવહાર થયો નથી. પણ એણે એ પણ જણાવ્યું છે, કે આપણાં લગ્ન થયાં તે પહેલાંથીજ ભાઈ ભાભી વચ્ચે ન હોવો જોઈએ એવો ભાવ બન્નેના મનમાં પ્રગટેલો. એણે એ પણ કહ્યું છે, કે તમે બન્ને એકમેકના હૃદયની સ્થિતિ જાણતાં હતાં, અને છેવટે છેલ્લા તો સમજી શકાય એમ મર્જિતરીતે પરસ્પર પરનો પ્રેમ તમે અન્યોઅન્યને સૂચવ્યો છે. મધુ વિચારવાં મને કારણે કારણ છે, કે એ ભાવ હજુએ હયાતી ધરાવે છે. આ સ્થિતિમાં હવે આપણે શું કરવું તે વિચારવું જોઈએ. આ માટે જ તે આ સવાલ પૂછ્યો હતો!"

[illegible] ત્યારે ઉદ્ગાર વિના, સંયમથી સ્થિર અને [illegible] ઉચ્ચારેલા આ ઉદ્ગારોએ પરેશાં

પ્રગટેલું ક્ષુબ્ધ વાતાવરણ પલટી નાંખ્યું. સરલાને સ્વસ્થ થવા પુરતો સમય મળ્યો, અને જો કે ચુંબનની વાતથી અનભિજ્ઞ હું હજી એ પરત્વે મુંઝવાયેલો હતો, છતાં મારૂં ચિત્ત સ્થીર થવા માંડયું હતું.

પાંચેક પળ ત્યાં નીરવ શાંતિ છવાઈ રહી, અને પછી અમારા બન્ને ભાઇમાંથી એકકેની તરફ જોયા વિના સીધી અને સ્થીર નજર રાખીને સરલા બોલી, "પણ હવે વિચારવાનું હોયજ શું ? નાનપણમાં લોકો કંઈ કંઈ તરંગો સેવે છે, પણ વખત જતાં તે મુખ્યત્વે નાશ પામે છે. એવા નષ્ટ થયેલા તરંગો અને પાછલાં જીવનને શું નિસ્બત ? "

" સરલા, " સહેજ કટાક્ષમય સ્વરે રવીંદ્રે કહ્યું, " એ નાનપણમાં સેવેલાં અને પછી નષ્ટ થયેલાં તરંગો જ છે, કે રાખ નીચે ઢંકાયેલાં અગ્નિની ચીનગારી છે ! નષ્ટ થયેલા તરંગોજ હોય તો તો કોઈ કહેવાનું રહેતુંજ નથી. પણ ઢંકાયેલો અગ્નિ હોય તો ક્યારે એ ઝબુકીને દાવાનળ નહિ પ્રગટાવે એ કહી શકાય નહિ. માટેજ આ તમારો ભાવ કેવો છે એની આ ખણખોદ છે. નષ્ટ થયેલો તરંગજ હોય તો પછી તે ચુંબનનું શું ? "

લજ્જાની એક ગાઢી લહરી સરલાની મુખ પર પથરાઈ, અને બીજી જ પળે અજબ કો કંપારી સાથે તેનો ચહેરો ફીકો થયો. ધ્રુજતા સ્વરને સ્થીર કરવાના દેખાઇ આવતા વ્યર્થ પ્રયાસ સાથે તે બોલી, " તે ચુંબન માટે આટલું બધું ! હું સાચુંજ કહું છું. –કહો તેના સમ ખાઇ ને કહું, કે આ ચુંબનમાં કશુંએ નહતું– એમાં પાપની છરિપ નહોતી. તમે નાહકના વહેમાઓ છો. "

નયનોને નીચાં ઢાળીને તે શાંત સ્થીર બેસી રહી. રવીંદ્ર પણ થોડી પળ વિચારમાં મગ્ન રહ્યા. પછી જરા માથું ધુણાવી ધીમે સ્વરે બોલ્યા, " ના, એમ આ પ્રસંગ ને ના અવગણાય. મેં તો એકજ ચુંબન જોયેલું, અને તું કહે છે કે એ એકજ હતું,

તે વાત હું માનું છું. પણ દુઃસાધ્ય રોગોનાં મૂળ સ્વરૂપ ભાસતી વિકૃતિઓમાં હોય છે. ભયાનક પરિણામોવાળી આમમાની આપત્તિઓ નજીવી ભાસતી ભૂલમાંથી ઉદ્ભવે છે. અને અહિં તો બીજી એક વાત છે. તમારી વચ્ચે અમુક વિશિષ્ટ ભાવ અસ્તિત્વમાં હતો. તે ભાવનાં પરસ્પરપણાંનું એકમેકને ગાઢ ભાન છે. એ સત્ય સ્થિતિને સ્વીકારીએ તો એ ચુંબનમાં વિકાર ને અભાવ હતો એમ કેમ કરીને કહેવાય ? સરલા, આ ખોટી કચકચ નથી. આતો મોત જીવનથી એ ગભીર સવાલ છે, અને તેથી જ હું તેની પુરી ખણખોદ કરૂં છુ.

હદ ઉપરાંત લંબાતી આ ચુંબનમીમાંસાથી સરલાના મુખ પર કચવાટ દેખાયો. પ્રેમોપ્રચારની સઘળી ચર્ચા અશિષ્ટ ગણાય છે. એમા આવા રીતે સુગોપ્ય, વિસ્રમ્ભ એક વસ્તુનું વારંવાર પીંજણ થાય તે હરકોઇ સ્ત્રીને જુગુપ્સા ઉપજાવે. તેના હોઠના છેડાઓ કંટાળા અને દુઃખથી મરડાયા. તેની આંખોમાં આછા રોષ અને કંટાળાની ઘેરાશ આવી મહા પ્રયત્ને સાધેલું અને વધારે પ્રયત્નથી સાચવેલું સ્વાસ્થ્ય ઓસરતું લાગ્યું. મંદ છતાં સ્પષ્ટ દીસતા આછા ઉકળાટથી તે બોલી, "વારંવાર કહ્યું કે તેમા કાંઇજ હતું નહિં, છતા એનુ એજ પુછો છે. હવે, માનવું હોય તે માનો. એમાં બધું જ હતું. હવે તમને જે કરવું હોય તે કરો."

મને લાગ્યું કે વાત [illegible]. અચાનક સામે પ્રવાસ [illegible] તેમ સરલાના આ ઉકળાટથી મહાપ્રયત્ને [illegible] મેં [illegible] પણ ગુમાવતા લાગ્યા. [illegible] એક ક્ષણાર્ધ મેં તેમની આંખમાં દેખ્યા, [illegible] સમય [illegible] હું વચ્ચે બોલ્યો, "આમી, ઉકળાટ [illegible] નહિ કરે. એ ચુંબનનું હું તો કહુંએ [illegible] નહિ. [illegible]

કરી સંતોષવાની આપણી ફરજ છે. તમે એમની ખાત્રી કરી આપો ને, કે તે પ્રસંગ નજીવો હતો, એટલે બધી વાતનો નિવેડો આવી જાય."

"પણ એ ખાત્રી કેવી રીતે કરાવું?" ગુંચવણ અને અકળામણથી જરાક તીવ્ર અવાજે તે બોલી, "હું કહું છું કે તેમાં પાપ નહોતું. હું કહું છું, કે ફરી એવો પ્રસંગ નહિ થાય. આથી વધારે હું શું કરી કે કહી શકું? પછી એમને ના માનવું હોય તો કેમ કરીને મનાવાય?"

"સરલા," કંઈક ક્ષુબ્ધ અને ખિન્નસ્વરે રવીંદ્ર બોલ્યા, "તું મને અન્યાય કરે છે. તું કહે તે ન માનવાની વાતજ નથી. પણ તારી માન્યતા ખરી પણ હોય અને ખોટી પણ હોય. આત્મવંચનાની-પોતાની જાતને છેતરવાની ટેવ માણસોમાં ધાર્યા કરતાં વધારે પ્રમાણમાં હાજર હોય છે. ઘણીએવાર પોતાની નિષ્ઠા શુદ્ધ માનનારા પ્રમાણિક માનવીઓ પણ ખત્તા ખાતા હોય છે. આમ મારે તારી માન્યતા નથી જોઈતી. મારે તો એટલુંજ જાણવું છે, કે પરપુરૂષને સ્પર્શ પણ કરવામાં પાપ ગણનારા આપણા સમાજમાં ઉછરેલી તું એ ચુંબન લેવા પ્રેરાઈજ કેમ? તારા પોતાથી અજાણ્યા એવા કયા ભાવે તને પ્રેરી હતી? જે ભાવે તને એટલે સુધી ધકેલી તે ભાવ અજાગૃતિની કોઈક હારમી પળે કે સંયોગોની કોઈક આકસ્મિક, અણધારી ગુંચમાં તને એથીએ આગળ નહિ ધકેલે તેની ખાત્રી શી?"

પળવાર થંભી તેમણે આગળ ચલાવ્યું, "માણસ ભૂલ કરે, લાગણીઓથી દોરવાઈ જાય, સંજોગની ચુંગાલમાં ફસાઈને લપસીયે પડે—એ બધું સમજી શકાય છે. અને એવાં સ્ખલનો તો માનવની માનવતા બતાવે છે. માનવી કંઈ દેવ નથી, અને દેવોને પણ સ્ખલનો કરતાં કયાં આપણે કલ્પ્યા નથી? પણ એ લાગણીઓ ફરીથી નહિ દોરવે—નહિ ઘસડી જાય એતો વિચારવાનું રહ્યુંને, તે માટેજ આ ભાવનું પૃથક્કરણ જરૂરનું છે."

સ્ત્રીસુલભ કંટાળાથી તે બોલી "હું તો આમાં કાંઇ સમજતી નથી. હું કબુલ કરૂં છું, કે મેં પાપ નથી કર્યું, પણ ભૂલ કરી છે. તે ભૂલનું કહો તે પ્રાયશ્ચિત કરૂં, ફરી ભુલ નહિ થાય એવું વચન આપું છું. આથી વધારે શું જોઇએ છીએ ?"

પોતાનું બધુંજ પૃથક્કરણ નિરર્થક ગયેલું જોઇ સ્ત્રીના મુખ પર કંટાળો-ચીડ-મુંઝવણ-અકળામણ વગેરે ભિન્ન ભિન્ન ભાવો આલેખાયા. મને લાગ્યું કે પરિસ્થિતિ વિફરશે એટલે હું બોલ્યો, "પણ ભાભી ! આ બધું છે શું ? તમે સુંઅન ક્યારે લીધેલું અને શા માટે લીધેલું તે તો કહો."

આછો રોષ અને આછો તિરસ્કાર તેની આંખમાં ઝબક્યા. "ક્યારે અને શા માટે ? તમારે પણ આની ચોખાચોખ કરવી છે ? તો લ્યો, તમે માંદા હતા ત્યારે તમે આજીજી કરી માગેલું. અને મરતા માણસની છેલ્લી વાસના અધુરી ના રહે માટે આપેલું. એને માટે આજે જીવ ખાવા બેઠા છો, ને ?"

"મેં માગેલું ? હોયજ નહિ !" સ્મૃતિપ્રદેશમાં નિષ્ફળ નજર નાંખતા મે કહ્યું.

"ત્યારે હું જુઠું બોલું છું, નહિ ?" અસત્યના આરોપના આભાસથી ઉછળી પડતા તે ઉતરી પડી. "ઠીક, ભાઈ, એમનો એમ. આપને ત્યાં સ્ત્રી એટલે જ નીચ, હલકી અને જુઠી. ખરું, ને ? તો ત્યારે એમજ માનો, ને, કે માગથી ન રહેવાયું અને મેં લીધું. હવે શું કરવું છે ? કહો તો મારા દેહ [illegible] નાખું. કહો તો મારો જીવ આપુ." તેના શબ્દોમાં રોષ-ભાવનું સ્પષ્ટ ઝળકતાં હતાં.

"બસ, બસ," તેના [illegible]

" ના, મારે વાત પડતી મુકવી નથી." તેણે જીદ્દથી કહ્યું. " તમારા મનમાંથી એ વાત ભુંસાવાની નથી. માટે મારે એ વાત પડતી મુકવીજ નથી. તેથી તમે હવે શું કરવા માગો છો તે કહો; મારે શું કરવાનું છે તે કહો; એટલે મને સુઝ પડે. હવે મારૂં હૈયું હામ ધરતું નથી. મારાથી હવે આ લટકતી તલવાર જીરવાશે નહિ."

આટલું બોલતાં તેનો સ્વર ગળગળો થઇ ગયો.

મને લાગ્યું, કે કોઇ કરૂણ કટોકટીનો પ્રસંગ ઉપસ્થિત થવાની તૈયારીમાં હતો. સરલાનું ફીક્કું પડી ગયેલું મોં, તેની સુક્કા આંસુથી તગતગતી આંખો, ઉચ્છ્વાસથી ઉછળતી તેની છાતીના ધબકારા, ખાવરાટથી પહોળા થયેલા તેના મુજરી અનુભવતા હોઠ—સર્વે ચિંતા ઉત્પન્ન કરતા હતા. કોઇ અવર્ણ્ય નિરાધારીથી અમે—મેં અને રવીંદ્ર—એકમેક સામે જોયું.

પણ શુદ્ધ, સાત્વિક, સત્ય નિષ્ઠાને કુદરત અકસ્માત અને અણધારી વહાર કરે છે, વાતાવરણમાં ઘેરાતી ગુંગળામણ અસહ્ય બને, લાગણીઓનાં અંતીમ હદ્દ સુધી તણાયેલા તાર તૂટે—તે પહેલાં તો આનંદકારપ્રદ ખલેલ પડી. અત્યાર સુધી મધ્યાહ્ન-નિદ્રા માણતો કિશોર જાગી ઉઠયો, અને રોજની ટેવ પ્રમાણે સરલાને બોલાવવા લાગ્યો, " બા–બેન!"

અને માતૃત્વની મોંઘી ભાવનામાં શાં અમૃત સીંચન સીંચેલા છે! લાગણીઓનો સઘળો આવેગ પળવારમાં શિથિલ થયો. અને રોજની ટેવ પ્રમાણે સરલા સ્વસ્થતાથી ઉઠી. રવીંદ્રે અને મેં નિરાંતનો એક નિઃશ્વાસ મૂક્યો.

જાણે તે નિઃશ્વાસ સાંભળ્યો હોય તેમ સરલાએ પાછું ફરી જોયું. " હજી વાત પતી નથી, હોં. આજે જ મારે બધો તોડ કાઢવો છે. કિશોરને દુધ પાઇને આવું છું."

પણ તેના સ્વરમાંનો સઘળો આવેગ લય પામ્યો હતો. તેનાં મોં પરનાં આવેશનાં નિશાનો ઝડપથી ઓસરતાં હતાં.

વાતાવરણ હળવું પાડવાનાજ આશયથી કદાચ સ્ત્રીદે સહેજ માર્મિક ઢોળથી કહ્યું, "પહેલાં વાત પતાવીએ તો કેમ ? પાંચ મિનિટમાં કિશોરને શું બાટું મોળું થઈ જશે ? "

"એટલે તમારા પગનો ખાર એ બુલપર કાઢું, કેમ ? તમારે શું ? એતો પહેલો મારો છે. પછી તમારો. એને દુધ પાઇને આવું છું."

પ્રેમાળ માતાનેજ સાંપડતી ગરવી ગતિએ તે અંદર ગઈ.

એના હળવા સ્વરને સાંભળી ઇશ્વર તરફ આભારની એક પ્રાર્થના મારા અંતઃકરણે પાઠવી.

× × ×

[૧૮]

પણ કિશોરની બરદાસતમાં સહેજે અર્ધો કલાક ગયો. હું મારું કામ સંતાડવાને એક છાપામાં ધ્યાન પરોવવાનો વ્યર્થ પ્રયાસ કરતો કરતો થોડે થોડે સમયે રવીન્દ્ર પર ત્રાંસી નજરે ચોરીથી જોતો. ખુરસીના હાથાપર કોણી ટેકવી, હથેળી પર હડપચી મુકી દૂર શૂન્યમાં સ્થીર દૃષ્ટિએ જોતા તે બેઠા હતા. સંકોચાઈને પાસે આવતા લગભગ મળી ગયેલી લાગતી તેમની ભ્રમરો તે ગાઢ વિચારમાં લીન હતા એવું જણાવતી. આખરે કાંઇક નિશ્ચય કર્યો હોય તેમ તેમના કપાળ પરથી કરચલીઓ વિખરાઈ ગઈ

સુરેખા આવી. હવે તેને સંપૂર્ણ સ્વસ્થતા સાંપડી હતી. તે [illegible] રવીન્દ્રને નજીક બેઠી.

એક [illegible] બાદ રવીન્દ્ર બોલ્યા, "સુરેખા, મેં વિચાર કર્યો છે. [illegible] હું [illegible] [illegible] કે [illegible] હું [illegible] તે સમજશે, [illegible] [illegible] હું [illegible] તે તમે [illegible] કે [illegible] [illegible]." [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

તેમનાં આગળાં પાંચેક પળ ખુરશીના હાથા પર
બજાવી રહ્યા. આમ વિચારોને એકાગ્ર કરી તેમણે કહે
"જે સિદ્ધાંતો અને જે હેતુઓથી હું આપણો તાત્કાલિક
ધડું છું; તે સિદ્ધાંતો પહેલાં ટુંકમાં સમજાવું તો ઠીક ય

"સંસારમાં ભાઈ ભાઈ વચ્ચે જવલ્લેજ મળે એવો એ
મારી અને સુરેન્દ્ર વચ્ચે છે. આપણો પતિ પત્નીનો અને
દીયર ભોજાઈનો સંબંધ પણ એવોજ મીઠાસ ભરેલો રહ્યો
દુર્લભ એકરાગ જળવાઈ રહે તે માટે આપણો પ્રયાસ છે.

"હવે તમારી વચ્ચે સંજોગવત્ બનેલા બનાવે આ એકર
ભયમાં મૂકયો છે. એ ભય નાબુદ કરવોજ જોઇએ. પરસ્પ
વિશ્વાસ અને એકદીલી સચવાવાં જોઇએ. આ મારા પ્રસ્તાવ
પ્રધાન હેતુ છે.

"હવે થોડુંક નીતિ, અનિતિ, પાપ વિષે સમજી લઈએ
મારી એ માન્યતા છે, કે ભય અને લજ્જા ઉત્પન્ન કર
આત્માને કલુષિત કરે તેવા કાર્યો કે સંકલ્પો તે પાપ. ભય કે
લોભને લીધે જે કાર્યો અનિચ્છાએ પણ આદરવા પડે તે પણ
પાપ. અને જેમાં પોતાની કે પારકાની જરાએ વંચના રહેતી
હોય તે પાપ. આમ હું સરલાની અનિચ્છા છતાં તેની સાથે
સંબંધ રાખું તો બન્ને પાપભાગી બનીએ. મને ઠગીને અને
મારાથી ડરતાં ડરતાં છતાંયે તમે સંબંધ સેવો તો તે પણ
પાપ. બન્ને સંજોગોમાં આપણે આત્માની અધોગતિ નોંતરીએ
છીએ.

"ત્રીજો વિકલ્પ છે. સંયમથી તમે તમારા આચાર વિશુદ્ધ
ખી શકો; અને અભ્યાસ—ટેવથી સરલા અને દંપતિ પત્નીના
બંધને નિર્મળ બનાવીએ. પણ તે માટે પણ આપણી વચ્ચે
પૂર્ણ સમજુતી અને વિશ્વાસ પ્રગટવાં જોઇએ

"અને આચાર શુદ્ધ હોય, પણ મનકે કલ્પનામાં વિરુદ્ધ વિચારો—વિરુદ્ધ કામનાઓ થાય તો તો તે આત્માને દ્રોહ દેવા જેવું છે. માટે આચારશુદ્ધિ પહેલાં ચિત્તશુદ્ધિ અને ચિત્તસ્થૈર્યતા આવશ્યક છે.

"જો આપણી વચ્ચે અવિશ્વાસ કે ઈર્ષ્યાનો જરાએ અંશ રહે તો કલુષિત વાતાવરણ સરજાઈ અધોગતિ આણે. સંયમથી નહિ, પણ દમનથી આપણે આપણા મનોભાવો દાબી દઈએ તો એના પ્રત્યાઘાતો કલેશ ઉપજાવે છે; અને એ કલેશમય જીવન આત્માને જેટલી હાની ઉપજાવે છે, તેટલી હાની આચરેલાં પાપથી પણ કદાચ થતી નથી. કારણ કે આચરેલાં પાપની મલીનતા કદાચ પશ્ચાતાપથી ધોવાય. પણ અસંતુષ્ટ, અતૃપ્ત વાસનાઓથી ઉપજતો કલેશ એ રોષ અને હિંસાત્મક ભાવોનું કારણ છે, અને તેને અંગેજ ભિન્ન ભિન્ન વિકારો રૂપી મન, ચિત્ત અને આત્માની નિર્બળતા દૃઢ થાય છે.

"આથી આ કરોડીને પ્રસંગે આપણે એજ જોવાનું છે, કે ભવિષ્યમાં આત્મવંચના, પરસ્પરને છેહ, ઇર્ષ્યા કે માનસિક વ્યભિચાર ને જરાએ સ્થાન રહે નહિ.

"આ મુદ્દાઓ ધ્યાનમાં રાખીને મેં તમને બેને અહિંથી એકલાં જવાનું નક્કી કરેલું છે."

મને આમા કંઇ સમજણ પડી નહી. મેં કહ્યું. "પણ એથી તો ઉલટું તમે અમોને કફોડી સ્થિતિમા મુકો છો."

"હા, અને તે હેતુપુરઃસર જ કરું છું," રવીન્દ્ર [illegible] મનોજ્ઞ હસતાં જવાબ આપ્યો. "તમારા બંનેને મારે [illegible] તક મળે, તમને એ જીવનને પરિશુધ્ધતાની, [illegible] [illegible] અને એનુ [illegible] માપવાની તક છું [illegible] [illegible] ને આપવું નક્કી કરી લીધું, કે એ [illegible] [illegible] છે, અને આપણે એનાથી ભવિષ્યમાં [illegible]

નથી. અથવા એ જણાઈ આવશે કે એ ભાવનું રૂપ માનીએ છીએ તેથી જુદું છે,–એનું સંયમન શકય નથી, એનું દમન દુઃખદાયક છે, અને એ સંજોગમાં કદાચ તમે એને વશવર્તી બનો તો પણ આપણી ગુંચવણનો તોડ આવે."

"કેવી રીતે ?" આશ્ચર્યથી, ગુંચવાડાથી મેં પૂછ્યું.

"ભાઈ," રવીંદ્રે કહ્યું, "તમે ગુપ્ત કે માનસિક વ્યભિચાર સેવો તેના કરતાં હું જ ખસી જઈને તમારો માર્ગ મોકળો કરી આપું, એ મનેતો મારા મેં જણાવેલાં સિદ્ધાંતો પ્રમાણે ઇષ્ટ લાગે છે. નિષ્ફળ વાસનાના દાહમાં તમને બાળવા કરતાં તમને તૃપ્તિને માર્ગે મૂકી સુખી કરવાનું હું વધારે પસંદ કરું છું. કારણ કે આથી આપણી વચ્ચે જરાએ મનોમાલિન્ય રહે નહિ."

આ વિચિત્ર પ્રસ્તાવથી હું તો સજ્જડજ થઇ ગયો. સરલાનાં મુખ પર રોષ, લજ્જા અને ઉકળાટની લાગણી ભભુકી ઉઠી–"પણ—" તે બોલવા ગઈ

"મેં હજી પૂરૂં નથી કહ્યું." હાથ ઉંચો કરી તેને અટકાવતાં આછું હસી રવીંદ્રે કહ્યું, "કદાચ આ છેલ્લો ઉપાય આદરવો પડે તોયે આપણી વચ્ચેનો સંબંધ મટતો નથી. આપણે એવાજ હેતાળ ભાઇઓ રહીશું. સરલા આવીજ લાડકી ગૃહિણી રહેશે. માત્ર મારી જોડેના ફરજીઆત સંસારને બદલે તે તારી સાથે સ્વેચ્છા પ્રમાણે સંસાર માંડી શકશે. કાયદાની ગલીકુંચીઓમાંથી એ માર્ગ પણ આપણે કાઢી શકીશું."

તે જરા શ્વાસ ખાવા થોભ્યા એટલે સરલા ભભુકી ઉઠી. "હું આ વિચિત્ર પ્રસ્તાવનો અસ્વીકાર કરું છું. આમાં તો મારું ભારોભાર અપમાન છે."

"સરલા," રવીંદ્રે હેતભર્યા સ્વરેથી શાંતિ રેડતાં કહ્યું, "રૂઢીઓએ સરજેલાં અને તેથી સ્વાભાવિક લાગતા દૃષ્ટિબિંદુનો

જગ ત્યાગ કરી મેં કહેલાં દૃષ્ટિબિંદુથી વિચાર કર. આપણાં સર્વેનાં ભવિષ્યનાં સુખ માટે આજ એકલો માર્ગ દેખાશે.”

“નાથ,” હૃદયથી ઊંડું કંપાવતાં તેણે કહ્યું, “આ[illegible] આડકતરા અને અટપટા રસ્તા કરતાં સીધો રસ્તો શો ખોટો છે ? તમારી વચ્ચેનો એકરાગ અતૂટ રહે તે માટે હું જ ખસી જાઉં તો ? હું જ તમને બન્નેને છોડી જાઉં તો ?”

સ્નેહાળ પિતા અકારણ ઉકળતા સંતાનના રોષ તરફ મમતાથી હસે, તેમ હસીને રવીંદ્રે પૂછ્યું, “શી રીતે ? ક્યાં ?”

‘એ માર્ગ તો આજ સૈકાઓથી હિંદુ સ્ત્રીઓ માટે આંકેલો છે.’ તેણે મરડાટથી જવાબ આપ્યો.

રવીન્દ્રના નયનોમાં કોઈ અકથ્ય ભાવો આવી રહ્યા.

‘સરલા, ગાંડી !’ હેતથી તેના હાથ પર હાથ મૂકતાં તેમને કહ્યું, ‘એવા આત્મઘાતના ખ્યાલો કે ગૃહત્યાગના વિચારો જવા દે. તું જાય પછી કિશોરનું શું ?’

સરલાના મુખ પરની તીખાશ વધી ગઈ ‘ પણ તમે આવી અપમાનભરી સૂચનાઓ કરો તે કેમ સહાય ?’ તેણે જરા રીસથી આંસુભર્યાં અવાજે કહ્યું.

‘સરલા,’ તેની આંખમાં આંખો પરોવી રવીંદ્રે મં[illegible] કહ્યું, ‘હું અપમાન કરવા નથી માગતો. દુઃખ દેવા પણ માગતો નથી. હું તો માત્ર આટલું જ માગું છું કે, તું અંતરની [illegible] વિચારસરણી છોડી દે, અને તદ્દન સ્વસ્થચિત્ત અને ઉત્સાહ[illegible] મેં કહેલો નવીન પ્રયોગ થવા દે. મહિના માસને અંતે [illegible] સંયમ [illegible] [illegible] [illegible] [illegible]

અસ. 'આખરી ફેંસલો કરતા હોય એમ તેમણે કહ્યું. ચર્ચા હવે લંબાવવી નકામી છે.'

લજ્જા, ક્ષોભ અને મૂઢતાથી હું આ સંવાદ સાંભળી ર હતો. રવીન્દ્રને પણ ક્ષોભ તો થયો જ હશે. આટલું બોલી ઉઠયા, અને 'જરા બહાર જઈ આવું છું' કહી બહાર ચાલ્યા ગય

પળવાર કોઈ મિશ્ર લાગણીઓથી અમે એકમેકનેની સામે જોયું; અને પછી હું પણ ઊઠીને બહાર ચાલ્યો ગયો.

(૧૫)

પરસ્પરની અનુમતિથી નક્કી થયું હોય તેમ અમે તે આખો દિવસ આ વિષય છેડયો જ નહિ. પણ આ નૂતન પ્રસ્તાવની છાયા તો અમારા પર રહી જ. આમ આખો દિવસ અમે વિચિત્ર સંકોચ જ અનુભવ્યો.

રાત્રે રવીન્દ્ર જવા માટે તૈયાર થયા. કોઈ અજબ આફત આવવાની હોય તેમ મારું હૃદય ધબકતું હતું. મારું મગજ ભમતું તું. સરલાના મુખ પર પણ ખૂબ વિષાદ પ્રસરેલો હતો. તેની આંખમાં પારધિથી ભાગતી હરિણીની બાવરાશ હતી. કદાચ ીન્દ્રે આ જોયું હોય. ગમે તેમ હોય પણ તેમણે નીકળવાના ાંક અગાઉ આ પ્રશ્ન ફરીથી છેડયો.

'સુરેન્દ્ર સરલા,' સ્વાભાવિક મમતાળુ સ્વરે તેમણે કહ્યું, મે મનમાં કોઈ જાતની વિમાસણ રાખશો નહિ. આ મહિનો તમે બીલકુલ સંકોચ વગર વર્તજો. એ મહિનામાં અમે તે થાય તો પણ પરિણામે તો શુભ જ થવાનું છે, એટલી મારામાં શ્રદ્ધા રાખજો. યાદ રાખજો, કે સર્વેનું સુખ શોધવા માટે જ આ પ્રયોગ થાય છે, અને તેના પરિણામે સર્વે સુખી થવાના જ છીએ.'

અથડાતા આવેશોને લીધે અમારી વાચાશક્તિ જડ હતી. અમે બોલીએ પણ શું? થોડા સમયની શાંતિ પછી એમણે કહ્યું. "હું તો એટલું યે ઇચ્છું છું, કે તમે ભૂતકાળને—તાત્કાલિક ભૂતકાળને ભૂલી જાઓ. રૂઢ માન્યતાઓથી ઉત્પન્ન થયેલાં આચાર વિચારના પૂર્વગ્રહોને છોડી દો. સમાજ, શિષ્ટાચાર, લોકાપવાદ વગેરેનો ખ્યાલ જ કાઢી નાંખો. તમે દીયર ભોજાઇ છો એ વાત પણ ભૂલી જાઓ. બે વર્ષ પહેલાં હતાં તેવાં નિર્બંધ, સરળ અને સ્વપ્નમોહના બની તમે આ પ્રયોગમાં પગલાં માંડો. અન્યોન્ય તરફના વર્તનમાં સંકોચ રાખશો નહિ, અને ઇશ્વર તમને જે માર્ગ પ્રેરે—આત્મા તમને જે દિશા ચીંધે—તે તરફ નિઃશંક રહી પ્રયાણ કરજો."

તે જવા તૈયાર થયા અને બોલ્યા, "એક વાત ભૂલી જતો હતો. તમારે એકમેકથી નાસતા ફરવાનું નહિ. કોઈ પણ કૃત્રિમ પ્રકારે જાળવેલો સંયમ મારે નથી જોઇતો. અગ્નિમાં સંપૂર્ણપણે તપીને શુદ્ધ થયેલું સુવર્ણ જ કંચન નામને યોગ્ય છે. આ વસ્તુ યાદ રાખજો, હો. સરલા, યાદ રહેશે, ને?"

સરલાના આંખો ભીની(?) પડી ગઇ. તેણે એક કાતર દૃષ્ટિ મારી તરફ નાખી.

રવીન્દ્રના મો પર પ્રસન્નતા આવી. "સરલા" માયાળુ સ્વરથી તે બોલ્યા, "તું ગભરાય છે શાને? તમે યોગ્ય જ કરો. અને પછીથી સાચ્ચું જ કહેજો, એ શ્રદ્ધાથી તમને એકબીજાને હું સોંપું છું, ને? તો પછી તમને નકામા દુઃખી નહિ કરવાના હેતુથી જ આ સામગ્રી કરું છું. [illegible] જ [illegible] વર્ણવ્યું છે. અને ભવિષ્યનો ભેદ ભગવાન જ [illegible]." [illegible] તેમનો [illegible] હાથ ફેરવ્યો અને કહ્યું, "શુદ્ધ [illegible] હું તને આશીર્વાદ આપું છું, કે તું [illegible] સુખી [illegible]." તે [illegible] અને [illegible]

મમતાથી આંખ ઢાળી મને કહ્યું, " ભાઈ, સુરેન્દ્ર, આપણા માત
પિતાએ તને મારે આધારે મુકયો છે. એ જવાબદારીના પૂર
ભાન સાથે, અને તે પૂરેપુરી અદા કરવાના હેતુથી જ આ પગલું
હું લઉં છું. યથેચ્છ તારા સુખનો માર્ગ તું શોધી લેજે. "

આ અનુપમ સ્નેહદર્શનથી મારી આંખમાં ઝળઝળીયાં
આવ્યાં. સરલાની આંખમાંથી તો ધારાજ વહેવા લાગી. રવીંદ્રને
પણ ક્ષોભ થયો. તે ખુરસી પર બેસી જઈ બોલ્યા, " સરલા,
આમાં અકળાવાનું કે મુંઝાવાનું કારણ નથી. આપણાં લગ્ન
પહેલાં તમારા લોકોના પરસ્પરભાવનો મને જરાયે અણસારો
મળ્યો હોત, તો આ પરિસ્થિતિ ઉદ્‌ભવત જ નહિ. તો તો હું
તમારાં જ લગ્ન કરત. પણ ભૂલ થઇ તે થઇ, પણ બને તો એ
થઇ ગયેલી ભૂલ કેમ ના સુધારીએ? અને છતાં હું તને સ્વતંત્ર
રાખું છું, ને. આ અખતરા પછી યે મારે તો તું કહે તે જ
કરવાનું છે, ને!"

કોઇ કોઇ વાર ઔષધોએ રોગશમનને બદલે રોગવર્ધનનું કામ
કરે છે. આશ્વાસન દેવા બોલાયેલા આ શબ્દોએ તો અમારી વિવ-
શતા અનેકગણી વધારી મૂકી. " ભાઇ, " હું ગળગળે સ્વરે
બોલ્યો, ' ભાઈ, ભૂતકાળને દાટી દઇએ, તો?... "

" ગાંડા, રે ગાંડા, " ' એક આછા હાસ્ય સાથે તેમણે
કહ્યું, ' હજી મારો આશય નથી સમજતો? ભૂતકાળમાં દટવા
જેવું શું છે? મારા આટલા આટલા ખુલાસા પછી પણ હજી
તને પુરૂં સમજાતું નથી! મેં કહ્યું છે જ, અને ફરીથી કહું
છું. કે મનમાં બીલકુલ દુઃખ વગર હું આ પગલું લઉં છું. જો
સાંભળ, મારે નિર્મળાના મરણ પછી પરણવું જ નહોતું તે તું
જાણે છે. તેની એકલી દીકરીને માન આપી મેં સરલા સાથે
લગ્ન કર્યું. નિર્મળાની ઇચ્છામાં અને મેં તે પાળી તેમાં અમારે
ઃ કિશોરને પોતાનો ગણે એવી માતાની જરૂર હતી. તેથી સરલા

સાથે તારાં લગ્ન લીધાં હોત તો પણ એ જરૂર પુરી પડત ને! એટલું જ નહિ, પણ નિર્મળાએ માંગેલા વચનનો વાચ્યાર્થ નહી, પણ ભાવાર્થ તો પળાતજ. આમ સરલા તારી પત્ની હોય કે મારી એમાં મારા મનમા શો ઝાઝો ફેર હોય ? માટે કશાજ સંકલ્પ વિકલ્પો વિના આ મહિનો તો ભેગા રહી જુઓ ! હજી બીજા વિચારો કરવા ખુબ વખત છે. મહિના પછી આપણે પાછાં મળીશુ જ ને !'

એક મમતા ભરી વિદાય લઇ તે ગયા, અને અનેક ઉછંગ વતી ઊર્મીઓ સાથે હું અને સરલા તે મકાનમાં એકલા રહ્યાં.

(૧૬)

કયા સુધી તો તદ્દન મૂઢ જેવાં અમે બન્ને એકબીજા સામે નજર માંડવાને પણ અશક્ત ત્યાં બેસીજ રહ્યાં. પણ શાંત વખતી જતી હતી, અને એમ બેસી રહે પાલવે એમ ન હોતું.

ત્રણ ચાર વાર મે બોલવા પ્રયત્ન કર્યો. પણ જીભ જના ઉપડી; મારું જેના વિચારો એવા ગુંચવાઈ ગયા હતા, કે શું બોલવું તે સૂઝતુ નહોતું.

સામાન્ય રીતે નિર્જીવ દીસતી વસ્તુઓમાંજ વધારે મહત્ શક્તિ અને સ્થિતિસ્થાપકતા હોય છે. વાયુની સૂક્ષ્મ લહેરે આગળ નમી જતા નેતરના છોડવા, હવી પડતી લતાઓ અને [illegible] સેના નમ્રતાઓ પોતાની અમર સ્થિતિ જાળવી રાખે છે. ત્યારે પ્રચંડ ઝંઝાવાત સામે અડગ ઉભા રહેતા વૃક્ષો [illegible] કે ભાંગી પડે. પાણી જેવાં અતિ સૂક્ષ્મ કણ જ સ્થિતિસ્થાપક હોય છે, ત્યારે [illegible] સૃષ્ટિમાં [illegible] જ હોય છે. આ પ્રમાણે વધારે [illegible] અને [illegible] વધારે [illegible] અને

બુદ્ધિપ્રધાન પુરુષહૃદય કરતાં જલદીથી ક્ષોભને જીતે છે, ક્ષોભ ઉપજાવતી પરિસ્થિતિનો સામનો વિચારવાનું સ્વા મેળવે છે. અમારા બેમાંથી સરલાએ જ પહેલી સ્વસ્થતા પ્રાપ્ત ક

"સુરેન્દ્ર," કદાચ મહાપ્રયત્ને સાંપડેલી સ્વસ્થતાને લી ભાવહીન લાગતા સ્વરે તે બોલી, "તમારા ભાઈએ કહ્યું તે ત સાંભળ્યું. હવે તે બાબતમાં તમારો શો વિચાર છે?"

"મારો વિચાર?" અવ્યવસ્થિત વિચાર તંત્રને પરિણામે મારાથી બોલાઈ જવાયું, "જે તમારો વિચાર તે મારો વિચાર —"

પળવાર તેનાં નયનોમાં રોષ અને આછા તિરસ્કારની એક ઝળક આવી. સહેજ ઉત્તેજનાપૂર્ણ સ્વરે તેણે કહ્યું, "આવી ગંભીર બાબતમાં આવો જવાબ ના છાજે. આમતો આપણે સ્વતંત્ર વિચાર કરી વિચારવિનિમય કરવો ઘટે." એક પળ થોભી સહેજ કટાક્ષપૂર્ણ સ્વરે તેણે કહ્યું, "આવા કટોકટીના પ્રસંગે તો હું થોડી સહાયની આશા રાખું?"

એના તાર સ્વરે મારાં ધુમરાયેલાં મગજને સ્થીર કર્યું; એની કરડાકીએ જરા રોષ પણ ઊપજાવ્યો. તદ્દન ટાઢા અવાજે મેં જવાબ વાળ્યો. "જે પ્રસંગને લીધે આ ગુંચવાડો ઉભો થયો છે, એ પ્રસંગથીજ હું બીલકુલ અજ્ઞાન છું. એટલે તમારા ભાવો હું કેવી રીતે કલ્પી શકું? એટલે જ મેં તમને એ જવાબ આપ્યો હતો."

મારા જવાબથી જાણે કચવાતી હોય તેમ એ બોલી, "એ પ્રસંગની મીમાંસા હાલ રહેવા દો. એ પ્રકરણની વિગતો સાવ દુઃખી છે, અને તે હું તમને પાછીથી જણાવીશ. પણ મારા ભાવો જાણવાથી તમને તમારા નિર્ણયમાં શી મદદ મળશે? મારી લાગણીઓ કે ઇચ્છાથી દોરવાઈ તમે તમારો માર્ગ નક્કી કરો, મારા દોરવાયા તમે દોરવાવ, એ મારે નથી જોઈતું. હું તો તમારી પોતાની ભાવના શું છે તે જાણવા માંગું છું."

મારા પોતાના ભાવોએ તો એટલું ધમસાણ મચાવ્યું હતું, કે એનું પૃથક્કરણ કરવા હું તદ્દન અશક્ત હતો. તેથી મેં કહ્યું, " સરલા, છેલ્લા ચોવીસ કલાકમા મારાં મગજને એટલો શ્રમ પડયો છે, કે હું અત્યારે કોઇ પણ પ્રકારનો સ્પષ્ટ નિર્ણય કરવા અશક્ત છું. આપણે કાલે વિચાર કરીએ તો નહિ ચાલે?"

" કેમ નહિ, ચાલશે." તદ્દન સ્થીર ભાવથી તેણે કહ્યું " ત્યારે અત્યારે તો સુઇ જઇએ."

તે ઉઠી અને પોતાના શયન ખંડમાં ચાલી ગઇ. હું પણ શ્રમિત ચિત્તથી પથારીમાં પડ્યો. પણ અસંબદ્ધ વિચારો અને દુર્બોધ્ય ઉશ્કેરાટ ને લીધે લાંબા વખત સુધી ઉંઘી શક્યો નહિ

સ્પષ્ટ જ હતું, કે પરિસ્થીતિનો સામનો કરવાને તે માનસિક સજ્જતા કરીને જ બેઠી હતી, એટલું જ નહિ પણ એની ચર્ચા મારે ઉપાડવાની છે એવી તેની અપેક્ષા હતી.

" સરલા, " સહેજ ખોંખારી મેં શરૂઆત કરી.

" બોલો, શું. કહેવું છે ? " તદ્દન સ્વસ્થ સ્વરે તેણે કહ્યું, " પેલી બાબતનો નિવેડો લાવવો છે, ને ? "

ચેપી રોગો માફક કેટલાક ભાવો પણ ચેપી હોય છે. તેની સ્વસ્થતાનો પાસ મને તરત લાગ્યો, અને મારો સંકોચ ઉડી ગયો.

" હા, " મેં જવાબ આપ્યો, " અને તમને વાંધો ના હોય તો પેલા ચુંબન બાબત ખુલાસો કરશો. "

સંધ્યાનાં વાદળનો રંગ તેનાં મુખમંડળ પર ઝળકયો. પળવાર નયનો નીચાં ઢળ્યાં. પછી તરતજ બિલકુલ નિષ્કંપ સ્વરે પણ નયનો આડાં રાખીને તેણે કહ્યું, " હું માનું છું, કે તેનો ખુલાસો કરવો જ ઠીક પડશે, નહિ તો કદાચ અવળે માર્ગે દોરવાઈ જવાય. લ્યો, ત્યારે સાંભળો. "

નાક સાફ કરવાને મિષે તે બારી પાસે જઇ આવી, અને પછી મારા પર સ્થીર નજર ટેકવીને તે બોલી, " તમારી માંદગીનો અગીઆરમો કે બારમો દિવસ હતો. અગીઆર અગીઆર દિવસથી તમે બીલકુલ ભાન વગર મૂર્છામાં પડયા હતા.

" ડાક્ટરોએ બ્રૅઈનફીવર જણાવેલો. વૈદ્યોએ એને સંન્યાસ —સન્નિપાતનું નામ આપ્યું છે.

" આવા રોગમાં અગીઆરથી તેર દિવસનો સમય ખૂબ બારિક હોય છે, એમ અમને જણાવવામાં આવેલું. કહેલું કે તે વખતે મગજેથી ગરમી ઉતરી જાય તો દરદી બચે, નહિ તો મગજના સ્નાયુ નાશ પામે અને દરદી મરે.

મારા પોતાના ભાવોએ તો એટલું ધમસાણ મચાવ્યું હતું, કે એનુ પૃથક્કરણ કરવા હું તદ્દન અશક્ત હતો. તેથી મેં કહ્યું, " સરલા, છેલ્લા ચોવીસ કલાકમાં મારાં મગજને એટલો શ્રમ પડયો છે, કે હું અત્યારે કોઇ પણ પ્રકારનો સ્પષ્ટ નિર્ણય કરવા અશક્ત છું. આપણે કાલે વિચાર કરીએ તો નહિ ચાલે ?"

" કેમ નહિ, ચાલશે. " તદ્દન સ્થીર ભાવથી તેણે કહ્યું- " ત્યારે અત્યારે તો સુઇ જઇએ. "

તે ઊઠી અને પોતાના શયન ખંડમાં ચાલી ગઇ. હું પણ શ્રમિત ચિત્તથી પથારીમાં પડ્યો. પણ અસંબદ્ધ વિચારો અને દુર્બોધ્ય ઉશ્કેરાટ ને લીધે લાંબા વખત સુધી ઉંઘી શક્યો નહિ.

[૧૭]

બીજે દિવસે સવારે જ્યારે હું ઉઠયો ત્યારે તો સરલા નિત્ય નિયમ પ્રમાણે ગૃહકાર્યમાં ગુંથાઇ હતી. જાણે જ કોઇનીયે સમક્ષ ઉપસ્થિત થઇ હોય એવી વિકટ સમસ્યા જાણે ઉભી જ ના થઇ હોય તેમ તેણે નિત્ય પ્રમાણે મારે માટે ચ્હા, સ્નાન વગેરેની ગોઠવણ કરી, અને અમો જમી પરવાર્યાં ત્યાં સુધી તેના વર્તનમાં દિવસના આગળના બનાવોની સહેજ પણ છાયા આવવા દીધી નહિ.

મને પણ આ પાંચ છ કલાકમાં શાન્ત ચિત્તે વિચાર કરવા અવકાશ મળ્યો. રવીન્દ્રના વિચિત્ર લાગતા આક્ષેપો, અમારાં હૈ[illegible] પત્નીનાં વર્તનની અનેકમુખી પરિણામો, વગેરે બાબતો વિષે હું ટૂંક નિર્ણય કરી શક્યો, અને આથી ભોજનથી પરવાર્યા પછી આ સમસ્યાના સામના માટે કાંઇક પણ લેખ ધારવાની ચર્ચા માટે પણે [illegible] હું મક્કમ થયો.

બપોરાબાદ પાછી સરલા દિવાનખાનામાં આવી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નિંદ [illegible] હતો. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થઇ ગેઇ.

સ્પષ્ટ જ હતું, કે પરિસ્થીતિનો સામનો કરવાને તે માનસિક સજ્જતા કરીને જ બેઠી હતી, એટલું જ નહિ પણ એની ચર્ચા મારે ઉપાડવાની છે એવી તેની અપેક્ષા હતી.

" સરલા, " સહેજ ખોંખારી મેં શરૂઆત કરી.

" બોલો, શું. કહેવું છે ? " તદ્દન સ્વસ્થ સ્વરે તેણે કહ્યું, " પેલી બાબતનો નિવેડો લાવવો છે, ને ? "

ચેપી રોગો માફક કેટલાક ભાવો પણ ચેપી હોય છે. તેની સ્વસ્થતાનો પાસ મને તરત લાગ્યો, અને મારો સંકોચ ઉડી ગયો.

" હા, " મેં જવાબ આપ્યો, " અને તમને વાંધો ના હોય તો પેલા ચુંબન બાબત ખુલાસો કરશો. "

સંધ્યાનાં વાદળનો રંગ તેનાં મુખમંડળ પર ઝળક્યો. પળ-વાર નયનો નીચાં ઢળ્યાં. પછી તરતજ બિલકુલ નિષ્કંપ સ્વરે પણ નયનો આડાં રાખીને તેણે કહ્યું, " હું માનું છું, કે તેનો ખુલાસો કરવો જ ઠીક પડશે, નહિ તો કદાચ અવળે માર્ગે દોરવાઈ જવાય. ઠયો, ત્યારે સાંભળો. "

નાક સાફ કરવાને મિષે તે બારી પાસે જઇ આવી, અને પછી મારા પર સ્થીર નજર ટેકવીને તે બોલી, " તમારી માંદગીનો અગીઆરમો કે બારમો દિવસ હતો. અગીઆર અગીઆર દિવસથી તમે બીલકુલ ભાન વગર મૂર્છામાં પડયા હતા.

" ડાક્ટરોએ ફૅઇનરીવર જણાવેલો. વૈદ્યોએ એને સંન્યાસ —સન્નિપાતનું નામ આપ્યું છે.

" આવા રોગમાં અગીઆરથી તેર દિવસનો સમય ખૂબ બારિક હોય છે, એમ અમને જણાવવામાં આવેલું. કહેલું કે તે વખતે મગજેથી ગરમી ઉતરી જાય તો દરદી બચે, નહિ તો મગજના સ્નાયુ નાશ પામે અને દરદી મરે.

" અને તે રાતમાં તો ડોક્ટરોએ તમારી આશા છોડેલી. તે રાત્રી જો સલામત પસાર થાય તોજ તમારાં જીવનની જરાક આશા ઉપજે એવુ હતુ, પણ દસ હજારમાં એક ચાન્સ આપવા પણ તેઓ તઇયાર નહોતા.

" તેમણે અમને બહુજ સાવચેત રહેવા જણાવેલું, અને રાત્રી કટોકટિની જાહેર કરેલી.

" શરૂઆતમાં જ તમારી માંદગીની ભીષણતા સમજી, સતત અને કુશળ સાવજતનું મહત્વ પીછાની નર્સની ગોઠવણ કરવામાં આવેલી, છતાં થોડે થોડે સમયે અમે તેને આરામ આપતાં.

" પણ આજે તો અમારા મન ચિંતાગ્રસ્ત હતાં. આજે અમને નિરાંતે ઊંઘ આવે એમ નહોતુ.

" રાત્રીએ બે વાગ્યા સુધી અમે અને નર્સ ત્રણે તમારી પથારી પાસે બેઠા હતા. ઉંઘરે તમે જરા શાંત પડયા. અડધો એક કલાક તમારા શ્વાસમાં નિયમિતા જોઇ નર્સે સ્ત્રીઇને કહ્યું, 'તમે જરા આડા પડો. બે ત્રણ કલાક સુધી ગભરાવા જેવુ નથી.

" મે પણ એમને સુઈ જવા આગ્રહ કર્યો. બાર દિવસનાં શ્રમ અને ચિંતાની અસર તેમના મોં પર હતી. આખો દિવસ એડમિ અને રાતના ઉજાગરાથી તેમના શરીરમાં થાક ચોખ્ખો દેખાતો.

" તેમણે આનાકાની કરી, છતાં આખરે અમારા આગ્રહને વશ થયા. ' મને ચાર વાગે જગાડજો, ' તેમણે સૂચના આપી. અને તેજ ખંડમાં દૂર આવેલા એક સોફા પર તે આડા પડયા.

" અડધો કલાક સુધી તમારી સ્થીતિમાં કાંઇ ફેરફાર ન લાગ્યો. નર્સે માન્યું કે મનાવવા માગ્યુ, કે ચિન્હો [illegible] નથી. અને તે [illegible], અને એ [illegible] લાગી. મે એને [illegible] બોલાવી, '[illegible] [illegible] તે તમને જગાડીશ' મે કહ્યુ, 'નહિતો પાંચ વાગે ઉઠીશું.'

" [illegible] [illegible] આવી, [illegible] તે [illegible] [illegible] [illegible] નહિ.

" કલાકેક પસાર થયો. તમારી અસ્વસ્થતા વધતી લાગી. તમારું ઘેન ઘેરું બનતું હતું. મૃત્યુ સાથે જાણે આખરી જંગ ખેલતા હો તેમ તમારું માથું ઓશીકા સાથે તમે ઘસતા હતા.

" હું ઓશીકા પાસે બેઠી. તમારે માથે કોલનવોટરનું પોતું દાબી રાખ્યું.

" ચારના ટકોરા થયા. તમારો સળવળાટ ઓછો થયો. તમે ઘેનમાં જ જાણે કાંઈક બોલવા માંડ્યુ..

" તમારો અવાજ એટલો નબળો હતો કે તે સાંભળવા હું વાંકી વળી.

" 'સરલા, સરલા,' તમે બબડતા હતા, 'હાય ! આખું જીવન આપણે ઝુરવાનું જ !' આવું આવું તો તમે કાંઈ કાંઈ બોલી નાંખ્યું. તમારાં નેત્રોમાંથી આંસુની ધાર નીકળી.

" એ બેભાન અવસ્થામાં કરેલા રૂદનને પરિણામે હોય કે ગમે તેમ હોયઃ તમે પચિક પળ શાંત પડયા, એક ઊંડો નિઃશ્વાસ મૂકયો, અને આંખો ઉઘાડી.

" દયા યાચતી હોય તેવી તમારી આંખો અને તરતા આંસુથી છલકાતી મારી આંખો મળી.

" તમારા હોઠ દયામણા માર્દવથી વળ્યા. હદય ચીરે એવું દયામણું, ભોઠું સ્મિતકરી તમે કહ્યું. 'સરલા, હું જાઉંછું. કોઈવાર સંભારજે.'

" મારાથી ન રહેવાયું. એક ડૂસ્કું અવી ગયું. આંખોમાં રોકી રાખેલા આંસુ તમારા કપાળ અને ગાલ પર પડ્યા. તમે પણ ગળગળા થઈ ગયા, મારા ખભાપર હાથ ટેકવી બોલ્યા. 'સરલા, વ્હાલી ! રો ના. જીંદગી આખી સળગ્યા કરવું એના કરતાં આમ નિરાંત થઈ જાય તેજ ઠીક છે.'

" અજાણતાંરે ધ્રૂસકાં દાબતાં મેં માથું ધુણાવ્યું. 'એવું ના બોલશો. તમને હાસે સારું થઈ જશે.'

"તમે એવુંજ છાસીયું કરી ઊઠું ઘુણાવ્યું, 'ના, મારે જીવવું જ નથી. જીવતરનો મને શાને મોહ હોય?'

આ સ્મરણોથી ઉપજતો ક્ષોભ દાબવાને તે થોભી. સાગુનઃ ઉંડા વતી કપાળ પરનો પરસેવો લુછયો, મારી તરફથી આંખ ખસેડી લીધી, અને પછી આગળ ચલાવ્યું.

"થોડી પળ આપણે મુગા રહ્યા. મારો હાથ તમારા કપાળ પર ફરતો હતો. તમારો હાથ મારે ખભેથી સરકી ખોળામાં પડયો હતો.

"મારી સામે ફરીથી મીંટ માંડી, એક આછો નિઃશ્વાસ મુકી, તમે બોલ્યા.

'સરલા, મારી છેલ્લી ઇચ્છા પુરીશ?'

"શકુન્તીયે છેલ્લી ઇચ્છા પુરી પડાય છે. ત્યારે તમે તો—"

સરલાના અવાજમાં આછો ખડકો થયો. સહેજ ઊંચું કપાવી તેણે એક ઊંડો શ્વાસ લીધો, અને આગળ કહ્યું.

"મેં તરત હા પાડી, અને કહ્યું, 'બોલો, તમારી ઇચ્છા નહિ પુરૂં તો કોની પુરીશ? તમારાથી મારે શું વધારે છે?'

"ખૂબ આતુરતા ભરી નજરે તમે મારા સામું જોયું; અને કહ્યું, 'મને એકજ—પહેલું અને છેલ્લું—ચુંબન આપ. તે વિના મારો આત્મા ટળવળ્યા કરશે.'

"પળવાર ક્ષોભથી મેં આજુબાજુ જોયું. કોઇ હતું નહિ,—એકાંત જ હતું. મને વિચાર કરવા પણ સમય ન હતો. અને તમારી તરફથી ફરમાવેલી આજ્ઞા મને વિચાર કરવા દે તેમ પણ ન હતું."

એક મોટ નિઃશ્વાસ નાંખી તેણે કહ્યું.—"હું જાણું છું કે ... જ હતી. અને આથી વધારે નહિ મેં તમારા કપાળ પર ચુંબન કર્યું ... મારી આંખે મેં ફેરવી લીધી.

...ધ્યાન ટળવળાવે છે? મેં એવું ચુંબન માંગેલું?' તમારો કાકલુદી ભર્યો સ્વર આવ્યો. પત્થર પણ પીગળે એવી તેમાં આર્તિ હતી.

"વિચાર, સંકોચ, મર્યાદા—કશાને હવે સ્થાન નહોતું. દાબી રાખેલા મનોભાવોએ તુમૂલ તાંડવ મચાવ્યું. તમારા થનાગ ચીરવિયોગના દુઃખનો ઉભરો આવ્યો,—તમારો તલસાટ હું ના જીરવી શકી. હું વાંકી વળી અને મેં તમારા ચુંબન લીધું.... તમારા ઓઠ વચ્ચે મારૂં અધર પર અધર મુક્યું."

એ સ્મરણોથી ઉપજતા અનેકવિધ વિરોધી ભાવોનો આવેગ દુઃસહ થયો. તેનો શ્વાસ જોરથી ચાલવા લાગ્યો.

તેની છાતી કોઈ અગમ્ય આવેશથી ઉછળવા લાગી. બન્ને હાથની હથેળીમાં માથું મુકી દઇ તે મુંગી બેઠી.

કોઈ અગમ્ય ભાવોના ઉછાળાથી અવરૂદ્ધ કંઠે મારાથી બોલાઈ ગયું: "પછી?"

નીચુંજ મોં રાખીને તેણે કહ્યું. "પછી તો તમારામાં કોણ જાણે ક્યાંથી બળ આવ્યું. મારી પીઠ પર હાથ નાંખી તમે મને પાસે ખેંચી, એક ગાઢ આલીંગન કર્યું; એક સુખનો ઊંડો નિશ્વાસ મુકયો, અને પછી શ્રમિત થઇ સુઇ ગયા.

"પછી તો તમારી તબીયતે અણુધાર્યો પલટો લીધો. ...ાંચ વાગે મેં નર્સને ઉઠાડી. તમે સ્વસ્થતાથી સુતા હતા.

"૭ વાગે ડાક્ટર આવ્યા. 'અજબ જેવું.' તમને તપાસી ...મણે કહ્યું.

'હવે જરાએ ભય નથી. કોઈ દૈવી ચમત્કાર જેવો આ ...ાર છે.'

"અને પછી તો તમારી તબીયત ઝડપથી સુધરવા ..."

લજ્જા, ક્ષોભ કે સંકોચ ઉપજાવતા વાર્તાલાપ આરંભમાં ખાસ વિકટ હોય છે. પછીતો ઘણું ખરું હૃદયભાર હળવો થતાં સ્વસ્થતા સાંપડે છે. આ પ્રમાણે આ પ્રસંગનું વર્ણન પૂરું થતાં સરલા પણ સહેજ સ્વસ્થ થઇ લાગી, અને મારી સામે જોતાં બોલી, “ આ એક અકલ્પ્ય સંયોગોને લીધે બનેલો બનાવ. તેને માટે જ આ અગ્નિપરીક્ષા છે. બોલો, હવે તમારો શો ઈરાદો છે ? ”

તેની દેખાતી સ્વસ્થતાની કરુણતાનુ માપ હવેજ હું કાઢી શક્યો. બલિદાન માટે દોરાતુ કોઇ ચકોર પશુ વિરોધની નિષ્ફળતા પારખે, અને નિરાશાથી શાંતિ પકડે એવી કારમી એ ટાઢાશ હતી. સંસારના અનુભવ વિનાની, સંસારના આરંભ કાળેજ કારમા આવા સંજોગોનો ભોગ બનેલી, એને માટે મને ઉત્કટ અનુકંપા આવી, અને લાગણીના ઉછાળાના ધક્કે ખુરસી પરથી ઊભા થઇ જતા મેં કહ્યું, “ સરલા ! ”

આપ માગત. આજને જોઇ જેમ પારેવડી છળી ઉઠે, તેમ તે છળી ઉઠી. ભય, આશંકા, ચિંતા, રોષ—સર્વેના સંમિશ્ર ભાવે તે મારા સામે જોઇ રહી. “ સુરેન્દ્ર— ” એકજ શબ્દ તેના મુખમાંથી સરી પડ્યો.

કુદરતી રીતેજ મારા વર્તનનો તેને ભળતો જ અર્થ કર્યો. એ ગેરસમજૂત દૂર કરવાને જરૂર પણ બોલવા પડતાં હું તરતજ બોલી ઉઠ્યો, “ સરલા, ભાભી, હું સમજું છું કે મારે હાથેજ આ વિકટ સમસ્યા ઊભી થઇ છે. જો કે એ બધું મારી બેભાન અવસ્થામાં બન્યું, પણ તેથી મારી જવાબદારી ઓછી થતી નથી. એટલેજ તમારી ઇચ્છાને માથે અનુકૂળ થવા હું માગું છું.”

તે બેચેન બની હતી તેને અટકાવી મેં કહ્યું, “ હું સમજું છું કે મારા આ વર્તન તમને પ્રિય નથી. પણ [illegible] [illegible] અને મારા [illegible] [illegible] [illegible] છે.

"તમારું જેમાં સુખ તેમાં મારું સુખ છે, આપણે પરસ્પર પ્રેમ છે એ વાતનો ઇન્કાર કરાય એમ નથી. ઇન્કાર કરવાનો કંઇ અર્થ પણ નથી, અને પ્રેમનો મહાસિધ્ધાંત એજ છે, કે પ્રણયપાત્રના સુખમાં પ્રણયીએ સુખ માનવું જોઇએ. એમાં એને સુખ ના મળે તો એટલે અંશે એનો પ્રેમ કાચો.

"અને ન્યાય પણ એજ માંગે છે. તમે વર્ણવેલા પ્રસંગમાંથી એક વસ્તુ નિશ્ચિત થાય છે. તૂટતી મારી જીવનદોરી તમે તે ચુંબનથી સાધી હતી. તમારા સ્વાર્પણના સંજીવન સ્પર્શેજ મને અત્યારે જીવતો રાખ્યો છે. મૃત્યુના મોંમાંથી એ સંજીવન રસાયનથી મેળવેલું મારું જીવન મારું નથી; તમારું છે, તમે તે સંરક્ષ્યું છે – પ્રાણથી યે વધારે પ્રિય વસ્તુ હોડમાં મૂકી ને. હવે તે જીવન પર તમારો હક્ક છે. એને તમારે યથેચ્છ દોરવાનું છે.

"અને માનવતા તો મણિ છે, ને, કે પોતાનાં કરતાં પારકાનો વધારે વિચાર કરવો. તેથીજ મેં પૂરેપૂરા વિચાર પછી નિશ્ચય કર્યો છે, કે મારે તમારા વિચારને જ અનુકૂળ થવું."

સ્વસ્થ, નિષ્કંપ અને દૃઢ સ્વરથી બોલાયેલા એ વેણોએ તેને પુરી સ્વસ્થતા આપી. થોડી પળ મારું મન માપતી હોય તેમ વેધક દૃષ્ટિથી તે જોઇ રહી.

જાણે તેના નિરીક્ષણથી તેને સંતોષ થયો હોય તેમ તેણે કહ્યું. "હું થોડુંક પુછવા માંગુ છું. તમારા ભાઇએ પાપની કરેલી વ્યાખ્યા સાથે તમે સંમત છો?"

મેં માથું હલાવી હા પાડી.

"પણ સંસ્કાર, સંજોગો કે કેળવણી અનુસાર પાપ પુણ્યની ભાવનામાં ફેર પડે, ને!"

"અલબત્ત," તેનાં પ્રશ્નનું હાર્દ સમજ્યા વગર મેં જવાબ આપ્યો.

" તો પછી સામાન્ય સંસ્કાર, સામાન્ય કેળવણી કે સાધારણ સંજોગોમાં જે કાંઈ અનિષ્ટ ના હોય–કદાચ ધર્મ્ય પણ હોય તે કાર્ય ઉચ્ચતર સંસ્કાર, સારી કેળવણી કે વિશિષ્ટ સંજોગોમાં અનિષ્ટ બને, એવી શક્યતા તમે સ્વીકારો છો, ને!"

એક સામાન્ય હિન્દુ ગૃહિણીને દુઃસાધ્ય એવી આ તલસ્પર્શી મીમાંસા હતી. પણ અમારા ઘરનું વાતાવરણ અભ્યાસને અનુકૂળ હતું, અને નવરાશના વખતમાં જ્ઞાનચર્ચા અને તર્કનો મને અને રવીન્દ્રને શોખ હતો. અને સરલા એમા ભાગ ક્વચિત્ ક્વચિત્ જ લેતી તો યે વારંવાર સાક્ષી તો રહેતી. એટલે એના શબ્દોથી મને જરાએ તાજ્જુબી ના લાગી. છતાં તેના વાક્યોનું વહેણ કઇ દિશામાં હતું તે હું સમજી શક્યો નહોતો. તેથી મેં સીધોજ સવાલ પુછ્યો, "પણ આથી તમે કહેવા શું માગો છો ? "

એક માર્મિક, આછી સ્મિતભરી નજર ફેંકી તેણે કહ્યું, " જવાબ આપો. પછી કહું. "

"હા, ધર્મ અને નીતિમાં સર્વે તત્ત્વો સ્થિતિચુસ્ત નથી.જ. પાત્ર, સ્થળ અને કાળ પર તે આધાર રાખે છે." મેં એકી શ્વાસે જવાબ આપ્યો.

એક આછું મધુર હાસ્ય તેના મુખ પર રમી રહ્યું. "તો, સુરેન્દ્ર તમને જ નિર્ણય કરવા કહું છું. તમારા ભાઈના વર્તનથી, તેમને કરેલી [illegible] પહેલાં તો મને અપમાન જ લાગેલું. [illegible] પણ વિચાર કરતાં મને તમારા વર્તની અપ્રતીમ ઉદારતા જ દેખાય છે. [illegible] ને બહાર કેમ [illegible] આ [illegible] ની [illegible]! પણ તેને [illegible] [illegible] કેવા [illegible] નહિ [illegible] [illegible] અનુભવ [illegible] [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible] ?"

આ નવા પણ સચોટ દષ્ટિબિંદુનો શો જવાબ હોઈ શકે ? મેં માત્ર ઊંડું હલાવી અનુમતિ દર્શાવી.

"અને," મારી સંમતીથી જાણે ઉત્સાહમાં આવતી હોય તેમ રણકતા સ્વરે તેણે કહ્યું "અને પ્રેમપાત્રના અતિનિકટ સંસર્ગમાં યે માત્ર ભાવનાની ખાતર જ નિષ્ફળ પ્રેમના વિશુદ્ધ અગ્નિમાં તપવાની આપણને અસામાન્ય અને સાધારણ રીતે દુર્લભ એવી કેળવણી મળી છે. સાનુકૂળ સંજોગો અને અદમ્ય આકર્ષણ છતાંયે સંયમીઓનેયે શરમાવે એવો સંયમ આપણે સાચવી શક્યા છીયેઃ પરાર્થે આત્મવિલોપન પર રચાયેલા આર્યસંસ્કારોના વાતાવરણમાં આપણે નાનપણથી ઉછર્યાં છીએ, અને પરાર્થે સમર્પણની અવધિ જેવો બોધપાઠ હજી તો હાલ જ તમારા ભાઈએ આચરીને આપણને શીખવ્યો છે. તો બોલો, એ સંયમ પર પાણી ફેરવવું, એ તપશ્ચર્યા રોળી વાળવી, એ સંસ્કારોને શરમાવવાં,–એ ઉદારતાનો લાભ તુચ્છ વાસનાતૃપ્તિ માટે લેવો એ લાજીમ છે ?– એમાં માનવતા છે ?"

જેમ જેમ એ બોલતી ગઈ, તેમ તેમ કોઠ અપાર્થિવતત્ત્વ જાણે તેનામાં પ્રવેશતું હોય એમ તેનો સ્વર, અદા અને ઉચ્ચારણ અનેરૂં ગૌરવ ધરતા ગયાં. પયગંબરો કે ધર્મઘેલડાંઓના મુખ પર ભાસે એવા અદ્ભુત ઓજસથી દીપતા તેના મુખને હું નીરખીજ રહ્યો. ઉદાત્ત ભાવનાનાં બળથી મનને મ્હોરાવે એવી સ્વાર્થને ઉવેખતી માનવતાની આ પરમ ભાવનાથી હું દીંગજ થયો. ઋષિઓની આર્યત્વની કલ્પના શું ખાલી હતી ? તેથી જ શું પતિમાં સર્વસ્વ માનનારી, પતિ-[illegible]જ સર્વ સમર્પનારી દમયંતી અને અરૂંધતી જેવી સતીઓને [illegible]દલે વિશિષ્ટ ભાવના કે લોકસંગ્રહને અંગે અંતરની [illegible]રમણીઓનો અને લોકપૂજ્ય સર્વમાન્ય સતીત્વનો ભોગ [illegible]પનારી તારા અને મંદોદરી પ્રાતઃસ્મરણીય મનાય છે ? થોડી પળ [illegible]આ વિચારોમાં લીન થઈને હું તેને જવાબ ના આપી શક્યો.

અને જવાબ પણ શું આપું ? આમાં જવાબ એક જ હોય! છતાં મેં કહ્યું, ' પણ, સરલા, રવીન્દ્રની ઇચ્છા શું હશે ? "

ફરીથી ભેદક દૃષ્ટિથી મીટ માંડતાં તેણે કહ્યું, " એમની ઇચ્છા ? એમની ઇચ્છાનો સવાલ જ ક્યાં છે ? એતો અપ્રતિમ માનવતા દાખવીને જગત જીતી ગયા. સવાલ તો એકજ રહે છે. આપણી ઇચ્છા શી છે ? આપણે શું કરવું છે ? આપણે માનવી રહેવું છે, કે પશુ થવું છે ? "

એના કટાક્ષનો ભાર દુસહ હતો. " સરલા, " મેં કહ્યું, " જીવનભરમાં આજે જ મારા આત્માને અભિનવ આહ્લાદનું દર્શન થાય છે. માનવતાના આ મહાભાગ દર્શનથી આજે હું કૃતાર્થ થયો છું. તમારી ઇચ્છા હું સમજ્યો છું, અને તે મને ઘણી જ પ્રિય છે. આપણે પણ બતાવીએ કે રવીન્દ્રના સંબંધને આપણે યોગ્ય છીએ. "

અને જુગજુગની તૃષા છીપાવે, ભવભવના થાક ઉતારે, એવું સુમધુર સ્મિત તેણે વેર્યું.

" સુરેન્દ્ર, તો તો આપણો નિશ્ચય થઇ ગયો, ને ? એ નિશ્ચય અતિપાર પાર ઉતારવા પૂરતી મદદ કરશો, ને ? "

" ભાભા એમાં હું શું અપાડું કરીશ ? આત્મજય કરવાનાં સાહસમાં જ અદ્‌ભુત મધુરતા છે, તો તેજયમાં કેટલી હશે ? "

પછી પણ અમારી વચ્ચે મધુર શાંતિ છવાઇ રહી. કોઇ [illegible] [illegible], [illegible]. [illegible] અમારા હૃદયમાં રેડાઇ રહ્યો હતો. [illegible] [illegible] [illegible]. [illegible] સમાય છે ?

* * *

[illegible]. [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] નિશ્ચયને [illegible]

રીતે આપણો વ્યવહાર યોજવાનો છે. બોલો, આપણો નિત્યનો જીવનક્રમ કેવો ગોઠવીશું ?"

જે સરળતાથી તે પાર્થિવ ભાવોથી પર જઈ શકી હતી, તેવીજ સરળતાથી તે ભાવનાના ઉચ્ચ ઉડ્ડયનો મુકી વ્યવહારનાં પાર્થિવ ક્ષેત્રપર આવી ઉભી. નારીહૃદયને આવી ગજબ દક્ષતા વરેલી હશે ?

–અને અત્યાર સુધી હું શું કરતો હતો ? તેણે પોતાના પ્રશ્નોના મનધાર્યા જવાબો મેળવ્યા,–તેણે પોતે પૂર્વનિર્ણિત ધર્મનિર્ણય મારી પાસે સ્વીકારાવ્યો,–તેણે જ આખું ભવિષ્ય નિશ્ચિત કર્યું, અને હું ?–અકલ્પ્ય ભાવો અને ભાવનામાં ગુચાઇ પડીને, તેના રૂપની મોહિની કરતાંય અનેકગણા વધારે પ્રબળ એવાં તેનાં ગુણનાં જાદુથી વશીભૂત બનેલો, તેની હામા હા મેળવતો રહ્યો હતો. મને લાગ્યુ કે મારે કાંઇક કરવું જોઇએ.

વ્યવસ્થિત અને વ્યવહારૂ વિચાર કરવાનો પ્રબળ પ્રયાસ કરતાં મેં કહ્યું, "ભાભી, સવારે તો તમે ગૃહકાર્યમાં હો છો. જમીને હું લાયબ્રેરીમાં જઇશ. સાંજના હું કાંઇક લખવાનો કે વાંચવાનો નિયમ કરીશ. એટલે તમે તમારા ખંડમાં અને હું મારા ખંડમાં! આ રીતે આપણે એકાંતનાં પ્રસંગ જ નહિ આવવા દઇએ, એટલે વાસનાનાં ઉપદ્રવનો ભય જ ના રહે."

નાનેરાં બાળકનાં અજ્ઞાનથી માતા વાત્સલ્યભર્યું હસે, એવો મધુરો કટાક્ષ તેનાં નયનોમાં હસી રહ્યો. "ભાઇ, તમે હજીયે બાળક રહ્યા. ભય કાંઈ ભાગેથી દૂર થાય ? એ તો એકજ રીતે નાશ પામે, અને તે નિડર સામનો કરવાથી. ભય જીતવાનો એ એકજ માર્ગ છે."

"એ તો ખરૂં," ઝીણી આંખે તેનાં વિચાર મગજમાં ઉતારતાં મેં કહ્યું. મારાં જવાબની અપેક્ષા ન હોય તેમ તેણે ચાલુ રાખ્યું. "અને વાસનાઓથી દૂર રહેવાથી કંઈ વાસનાઓ

છુતાતી નથી. એતો અશ્વબ્રહ્મચર્ય જેવું. એમ નાસતાં ક્યે શું વળે ? એ જય તો વાસનાના સતત વિરોધથી જ મળે. એને જ્યારે નિત્ય દાબી રાખીએ,—અનુકૂળ સંયોગો છતાંયે એને વશ ન થઇએ, અને એમ મનને ટેવાવા દઇ મનોવૃત્તિઓ પર સહજ સામ્ય કાબુ મેળવીએ, વાસનાનાં ઉછળતાં પૂરને ભાવનાનાં બળથી વશીભૂત કરીએ તોજ વાસનાઓ ગુલામ થઇને રહે."

મને રાજર્ષિ ભર્તૃહરીનો શ્લોક સાંભર્યો:

विकारहेतौ सति विक्रियंते ।
येषां न चेतांसि तदेव धीराः ॥

અને સાથે યોગેશ્વર કૃષ્ણચંદ્રના વેણ સાંભર્યા.

इंद्रियाणि च संयम्य य आस्ते मनसा स्मरन् ।
इंद्रियार्थान विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥

સંસારના અમૃત અને વિષના ઘડાઘડ પાન કરીને અમર બનેલા રાજર્ષિના અનુભવબોધ, અને ઉપનિષદોના સારરૂપ એ ભગવાન યોગેશ્વરનાં વાક્યો [illegible] અક્ષરે ન જાણતી, સંસ્કૃતનો સંસર્ગેય ન સેવેલી, આ [illegible] અનુભવી બાલિકા સ્વયંસ્ફુરણાથી ઉચ્ચારતી હતી! નિસર્ગ નારીને કૌશલ આપે છે. તેમ શું [illegible]

[illegible]

લટને આંગળીથી સંકોરી, આસનમાં જરા ફેર કર્યો અને ફરી વાત આગળ લંબાવી.

"તમારા ભાઇના શબ્દો અને વર્તન પર વિમાસણ કરતાં મને લાગ્યું છે તે હું કહું છું. હું માનું છું કે તેમના વર્તનનો આજ ભાવાર્થ છે. જો આ અર્થ ન હોતતો તે આપણને જુદા પડવાની અને વાસનાઓ હોય તે શમી જાય ત્યાં સુધી તદ્દન અલગ રહેવાનું કહેત. અને પોતે તો દૂર જાતજ નહિ. પણ તેમણે જે માર્ગ ગ્રહણ કર્યો છે, તે જોતાં તો આપણને પરિપૂર્ણ કસોટીએ જ કસવા માગે છે, એમ મને લાગે છે."

"સરલા, મને પણ એ ખ્યાલ આવેલો. તમે કરેલી દલીલો અને તેમાંનું સત્ય મારાથી અજાણ્યાં તો નથી, જ. પણ પહેલાં તો આપણી વચ્ચે શરમની દીવાલ હતી. હવે તે દીવાલ તુટી ગઈ છે. રવીંદ્રે અકિલા માર્ગને લીધે હવે કોઇ પ્રકારનો ભય પણ રહ્યો નથી. આમ નીતિને દૃઢ કરનારાં બે બળો,—લજ્જા અને ભય, બન્ને દૂર થયાં છે. એ સંજોગોમાં કોઇ કારમી પળે વાસના આપણને જીતી જાય એ દહેશત છે. માનવનું મન ચંચળ હોય છે, અને તેનો નિગ્રહ વાયુ રોધવા જેવો દુર્ઘટ છે એમ ગીતામાંએ કહ્યું છે. તેથીજ કોઇ અજાગ્રત કે અર્ધ જાગ્રત અવસ્થામાં આપણાં મન છટકે એ ભયથીજ મેં સલામત માર્ગ સુચવેલા."

થોડી પળ તેણે મારાં વચનો પર વિચાર કર્યો. પછી જરા હળવે સ્વરે તે બોલી. "લજ્જા અને ભય નથી એતો ખરૂં. પણ લોકલજ્જા કે સમાજના કે વડીલોના ભયથી જ કે સંજોગોની પ્રતિકૂળતાથીજ જો આપણે સંયમ સાચવી શકીએ. તો તેમાં વાસનાનો જયજ નથી, એ વસ્તુ તો મેં હમણાં કહી જ છે, ને!"

પળવાર મેં તેના શબ્દોનો તોલ કર્યો, પછી કહ્યું, "ઠીક, ત્યારે તમે કહો તેમ કરીએ!" એક આછો નિઃશ્વાસ મારા મુખમાંથી સરી ગયો.

કોઈ કોમળ ઋજુતા તેના મુખપર છવાઈ ગઈ. પળવાર તેનાં ઊંડાં નયનો મારાં નયનોમાં જોઈ રહ્યાં. પછી અજબ મમતાથી તે બોલી. "સુરેન્દ્ર, આપણા નિશ્ચયથી દુઃખ થાય છે?"

તેની આંખોમાં સ્થીર આંખો માંડીને મેં કહ્યું, "ભાભી, આવાં ભીષણ જગતમાં સહભાગી થઇએ છીએ, તો એજ બહેતર છે, કે આપણે અન્તરના આગળા ઉઘાડીનાખવા જોઇએ. આપણી નિર્બળતાનું ભાનજ આપણને જય અપાવે. તેથીજ હું નર્યા નિખાલસ વાત કરું છું. આપણને અન્યોન્ય માટે ઉત્કટ પ્રેમ છે, એ હકીકત છે. એને આપણે લજ્જા, ભય અને પૂર્વસંસ્કારનાં બળથી કાબુમાં રાખી શક્યા હતા, અને પરસ્પરની લાગણીઓ લગનો પણ આપણી વચ્ચે પડદો હતો. એ લજ્જા, ભય હવે નથી, એ પડદો પણ હવે નીકળી ગયો છે.

"તે સાથે તમારો જે નવો પરિચય પ્રાપ્ત થાય છે, તે પણ એટલો જ ભયપ્રદ છે. તમને પરણીને સંસારમાં સ્વર્ગ ઉતારવાના મારે મનોરથ હતા; પણ એ મનોરથો પાછળ તો તમારું દેહ સૌંદર્ય હતું. ગુણ કે સ્વભાવની ઝાઝી પીછાન કર્યા વગર એ મનોરથ રચાયા હતા. હવે જેમ જેમ તમારા ગુણોનો અનુભવ થતો જાય છે, જેમ જેમ તમારું વ્યક્તિત્વ દૃષ્ટિગોચર થાય છે, તેમ તેમ હું વધારે ને વધારે મુગ્ધ બનું છું અને તેમ તેમ જે મેં ગુમાવ્યું છે, તેનું મને વધારે તીવ્ર ભાન થાય છે. આ મનોવિકારમય મનોદશામાં આ કસોટી કપરી કે નહિ, ભા, ને?"

કોઈ કલ્પનાતીત ને મદન વિચારમાં ડૂબી ગઈ. પછી તેણે એક સ્નેહાર્દ્ર સ્મિત કરી કહ્યું, "સુરેન્દ્ર, ભાઈ, કસોટી કપરી

ના હોય તો પછી કસોટી જ શાની ? અને આપણે બે જાગ્રત રહીએ, તો શું એકમેકને આ વ્રત પાર પાડવામાં સહાયભૂત ના થઈ શકીએ ? કોક કારમી પળે મન પરનો કાબુ ઢીલો થાય ! પણ બન્નેની બાબતમાં એકજ વખતે એવું બને એ બહુ સંભવિત નથી. અને, ભાઈ, એકલી વાસનાતૃપ્તિમાં કે દાંપત્યના પ્રણયમાં જ સુખ છે એમ કેમ કહેવાય ? સ્વર્ગ તો આપણે ઉતારત કે ના ઉતારત, પણ કૈલાસ તો ઉતારી શકીએ, ને ? ”

— સ્વર્ગ ! કૈલાસ ! આધુનિક જમાનામાં અવગણાતી આર્યોની ભાવનાસૃષ્ટિયે કેટલી ભવ્ય છે ! એક સુખવિલાસનું રમણ ક્ષેત્ર.—બીજું પરમત્યાગ અને આત્મજયનું તપોવનઃ અને આર્યોની અસીમ વાંચ્છા કૈલાસવાસનીજ છે, સ્વર્ગની નહિ. આ એકજ સુભગ કલ્પનામાં શા સુંદર જીવન મર્મો સીંચ્યા છે ? —

કૈંકપણ એના શબ્દોથી ઉપજતી આવી કલ્પનાનું ઘેન મારા મગજમાં વ્યાપી ગયું, અને કોક ધર્મઝનુનીઓજ માગી શકતા હશે એવા ઉદ્રેકથી મેં કહ્યું, " સરલા, તમે એમ ઈચ્છો છો તો આપણે કૈલાસ ઊતારવા પ્રયત્ન કરીશું. માત્ર માનવસુલભ નિર્બળતા દાખવાય તો ક્ષમા કરજો, અને સાચવી લેજો.

ત્યાગના — સંયમના — સંકલ્પ માત્રથીજ ઉપજતો અવર્ણનીય આહ્લાદ અમે થોડીક પળ માણી રહ્યા. પછી તેણે કહ્યું, " ત્યારે હવે આપણો નિત્યક્રમ વિચારીએ, વાસનાના સંપૂર્ણ ક્ષય માટે એનો સતત સામનો કરવો રહ્યો, અને તેથી આપણે જેમ બને તેમ વધારે સહવાસ ભોગવવો ઘટે. આથી સવાર બપોર અને સાંજ આપણે બને તેટલા સાથે રહેવું. સવારમાં હું રસોઈ પાણીમાં હોઉં છું. તમે વારંવાર રસોડામાં બેસી વાતો કરતા, તેમ હવે પણ કરવાનું. બપોરના નવ

તમે વાંચતા, કે દિવાનખાનામાં કોચ પર આરામ લેતા. હું ત્યાંજ બેસી મારૂં કાર્ય કરતી – હવે પણ એ કાર્યક્રમમાં ફેરફાર કરવાનો નથી. સાંજે ઘણીવાર આપણે બધાં ફરવા જતાં, તેમ હવેથી રોજ સાંજે કિશોરને લઇને ફરવા જઇશું. આમ આટલો કાર્યક્રમ તો ઘણે ભાગે પહેલાંનાં જેવા જ છે. આપણે સંજોગો ગણકારવા નથી, અને જાણે કશું નવતર બન્યું જ નથી એવી દિનચર્યા રાખવી છે. કેમ, બરાબર છે, ને!" મારી સંમતી માગતી હોય તેમ તે બોલી.

"આમાં કાંઇ બદલવા જેવું લાગતું નથી," મેં કહ્યું.

"ઠીક, પણ ખરો મુદ્દો તો હવે આવે છે," મારૂં ધ્યાન એકાગ્ર કરવા તેણે કહ્યું, "રાત્રીનું શું ?"

"રાત્રી ?" કો અણકલ્પ્યા ભયની આગાહીથી ત્રાસી ઉઠ્યો હોઉં તેમ મેં કહ્યું "રાત્રીએ તો તમે તમારા ખંડમાં અને હું મારા ખંડમાં."

કોઇ અણગમતી કે અયોગ્ય વાત વદવાની હોય એવા સહજ કાતર, સંકોચ સ્વરે તે બોલી, "ના, સુરેન્દ્ર, હું માનું છું કે રાત્રીએજ આપણી ખરી કસોટી છે. દિવસે તો ચિત્તને રોકી શકે. એકાંતની અનુકૂળતામાં વિક્ષેપનો ભય ઉભો રાખે એવા પણ પ્રસંગો બને છે. દિવસે અન્ય પ્રવૃત્તિઓ પણ વિકારને અટકાવે છે. સામાન્ય દંપતીઓમાં પણ રાત્રીઓ જ વિકારને પ્રેરે છે. મા? રાત્રીનાં અનુકૂળ એકાંતની અચાનક પ્રેરણામાં અનુપમ ભાગ? અને છતાં આપણે અવિચળ રહી શકીએ તોજ આપણે વિજય કર્યા સમજીએ. હું તો માનું છું, કે હવેથી રાત્રી આપણે એકજ ખંડમાં ગાળવી પડશે. મારા અને તમારા ખાટલા સામસામે જે ગોઠવીશું, અને વચ્ચે દિવેની બત્તી રહેશે."

"વાહ. આ તો અજબ રમત છે. આગ સાથે રમત જેવું છે." જરા વિચિત્ર સ્મિત કરી. આશ્ચર્ય મનમાં મેં કહ્યું.

"સુરેન્દ્ર, કરવું તો પુરૂં કરવું, નહિ તો આરંભવું જ
વાસના પુરેપુરી જીતાયાની એજ કસોટી છે. અલબત્ત સહ
આકરી અગ્નિ પરીક્ષા હું સૂચવતી નથી. એ કારમી કસો
જડ પશુ કે સિદ્ધ યોગી માટે છે, અને આપણે એ બેમાંથી એકે
માનવી છીએ. નૈસર્ગિક શક્તિ, નૈસર્ગિક ભાવના અને નૈસ
લાગણીઓ આપણામાં અસ્તિત્વ ધરાવે છે. પણ એ મનુષ
કસોટી ત્યજી દઇએ, તો પણ એક ખંડમાં શયનનું જોખમ
ઉઠાવવું જ જોઇએ. એક ખંડમાં ભાઇ બહેન સૂએ તેથી
વાસના ઉશ્કેરાતી નથી, તો માત્ર એકજ ખંડમાં સુવાથી જ પ
થવાની બીક લાગે તો આપણો સંયમ નકામો છે.

"માટે જો આમ સંયમ ના કેળવવો હોય, દિવસે સંયમ
અનુકૂળ કાર્યોથી, અને રાત્રીએ બબ્બે બારણાના અવરોધથી
બાહ્ય સંયમ પાળવો હોય તો બહેતર છે, કે આપણી પામરતા
કબુલી લેવી."

સ્વાર્પણની ઘેલછા જાણે લાગુ પડી હોય તેમ તેણે
ઉત્સાહથી ઉમેર્યું, "એ પણ આપણે યાદ રાખવાનું છે, કે આપણે
સ્વતંત્ર છીએ. આપણે વાસનાને વશ થઇએ, તો પણ તેમાં
બહારની કાંઇ નથી. આપણે ભૂલીજ જવાનું છે, કે તમે દિયર
છો—હું ભાભી છું. જાણે સંસાર માંડવાની અનુકૂળતા કે પ્રતિકૂળતાની
પરીક્ષા કરતાં હોઇએ, એવું મોકળું અને ક્ષોભહીન આપણું વર્તન
જોઇએ. સમાજ કે રવીન્દ્રનો ડર રાખવાનો નથી."

અપાર્થિવ ઉદ્રેકથી તે દૂર આકાશમાં નિહાળી રહી. વાણીનો
વેગ વધતાં કોઇ અદ્દભૂત સૌંદર્ય તેના મુખ પર ઝળકવું,
દૂરથી નજર વાળીને તેણે આમગ્ર ચલાવ્યું, "રવીન્દ્રનાં વચનને
લીધે હવે હું તો મુક્ત જ છું. આપણા સહચારને તેમણે
અનિષ્ટ નથી લેખ્યો. વિશ્વ સમાજની દૃષ્ટિએ જોતાં રવીન્દ્રે
અનુમોદેલું આપણું લગ્ન અનીતિમય નહિ હે.ય. અને ધર્મ અને

નીતિનાં તત્વોનાં રૂઢીરૂઢ સંકુચિત અર્થો ત્યાગી, આધ્યાત્મિક મૂલ્યાંકન કરીએ તો ઇશ્વરનોયે ડર રાખવાનો નથી.

"આમ સ્વતંત્ર, નિર્બંધ અને નીડર આપણે સદૈવ રહેવો જોઇએ. સમાજ, ધર્મ કે ઇશ્વરનું બંધન નથી. આપણે બંધન છે એક ભાવનાનું. અન્યોન્યનાં તલસાટને જાણતા.— અન્યોન્યને મળવા તલસતાં, ચકવા જેવાં ભૂખ્યાં હૈયાને અંકુશ છે એક જ – અન્યોન્યની પવિત્રતાને સ્પર્શથી દૂષિત ન કરી, અન્યોન્ય પરના પ્રેમને ઉર્ધ્વગામી કરી વિદેહી, સાત્વિક સ્નેહમાં ફેરવવાનો સંકલ્પ: અને એ સંકલ્પથી ચળીએ તોયે પસ્તાવાનું જરાયે નથી એ વાત ધ્યાનમાં રહે. આ ખ્યાલથી સર્વે પ્રલોભન વધારે પ્રબળ બને, અને વાસનાજયનાં સર્વે પ્રસંગ વધારે શક્તિ આપે.

"આ સિદ્ધાંતો સમજી ને આચરીએ તેજ આપણો સંયમ અને સંયમ કહેવાય. એનું સંપૂર્ણ પાલન આપણને તારી દેશે. અલ્પ પણ પાલન આપણો અદ્ભુત વિકાસ સાધશે."

સ્વૈરવિહારીએ અગ્નિમાં પગ ધરતી આ વિચિત્ર ધર્મસૂત્ર જોઈ હું તેની સામે જોઇ રહ્યો. કોઈ અપાર્થિવ, ભવ્ય ભાવ કરુણ દિપ્તિથી તેની મુખમુદ્રા ઝબકતી હતી. સ્ત્રીઓનાં સૌંદર્ય જેવી ગરવી કો પ્રતિભા તેના અંગાંગમાંથી નીતરતી હતી

અને વસ્તુસ્થિતિના તેના પૃથક્કરણમાં અમલનો અભાવ હતો. અને હોય તોયે, આજ આત્માની સાધના માટે આત્માનો આ અનુભવનો વિરોધ કેમ કરીને થાય ? અને નિર્ભય [illegible] હૃદયમાં વિચારી [illegible] [illegible], મનમાં [illegible] [illegible] [illegible] સર્વે [illegible] [illegible] [illegible]. અને પણ તેના [illegible] [illegible]. અને [illegible] મેં સ્વીકારી લીધો..

(૧૮)

થોડાક દિવસ તો અમારૂં કામ સરળતાથી ચાલ્યું. રોજ સવારે છાપું આવતું, અને દેશ દેશાવરનાં સમાચાર હું વાંચતો અને તે રસથી સાંભળતી. એ દરમ્યાન એ કિશોરની પરિચર્યા અને રસોઇની તૈયારી કરતી. પછી કિશોર જોડે હું રમતો, અને એ અમારી રસોઈ બનાવતી.

જમી પરવારી હું આરામ લેતો. એજ ઓરડામાં એ વાંચતી કે ભરતી ગુંથતી. બપોરે ચ્હા પી કરીને અમે કાં તો કોઈ રમત રમતાં, કે બન્ને પોતપોતાનું કાર્ય એકજ ઓરડામાં કર્યાં કરતાં. રોજ સાંઝે સાયંકાળના કોઈક કલાક પહેલાં અમે સમુદ્રતટે લટાર મારવા નીકળતાં, અને રાત્રે વાળુ પછી પણ વાર્તાલાપમાં વખત ગાળતા.

આમ પરસ્પરના વધારે નિકટ સહવાસથી સરલા તરફની મારી વૃત્તિઓ બદલાતી લાગી. અત્યાર સુધી તો દેહનીજ ભૂખ હતી એમ ગણવું જોઇએ. એનાં શારીરિક સૌંદર્યથી ઉપજેલો ભાવ તેને વિલાસભાગી કલ્પીને, એ વિલાસનાં ચિત્રો મનની ભૂમિકા પર આલેખીને મેં પોષેલો. એની સિદ્ધિના વિરોધના પરિણામે એ ભાવે અકુદરતી બળ મેળવેલું, અને મિલનની, સહયોગની ઉત્કટ આકાંક્ષા પ્રગટેલી. આમ દેહથી ઉપજેલો, વિરોધથી પોષાએલો, અને કલ્પનાએ ઉત્તેજેલો એ ભાવ સ્થૂળ અને દૈહિકજ હતો. એના મનનો ભાવ પણ આવા પ્રકારનો હોવો જોઇએ. આમ અમારા ભાવોમાં પરસ્પરના ગુણની કદર હતી જ નહિ. એટલે એ માં પ્રે મ ક ર તાં મો હ નું ત ત્વ જ પ્રધાનપણે હયાત હતું. વિચારોના વિનિમયથી જ પરસ્પરના ગુણનાં દર્શનથી જ, પરસ્પર માટે સહન કર્યાંથી જ આ સ્થૂળ ભાવ સૂક્ષ્મતાને પામે છે. આમાનાં કોઈ પણ કારણ. આ પ્રસંગના પ્રારંભ પહેલાં અમને મળ્યાં જ નહોતાં.

પણ હવે નિત્ય વિચારવિનિમય થવા માંડ્યો. તેની ગરવી આનન્દસૃષ્ટિનાં મને દર્શન થવાં, અને અન્યોન્યને ઉર્ધ્વગામી

કરવાનો તો અમારો જાગ્રત પ્રયાસ સતત ચાલુ હતો. અને લીધે મારા ભાવનું કાંઇ સૂક્ષ્મ રૂપાંતર થવા માંડ્યું.

હવે મને તેને માટે તાલાવેલી રહી નહિ. તેના સહવાસમાંથી રોમાંચ, સંકોચ, તલસાટ જતાં રહ્યાં. એને સ્થાને કોઇ અજબ આનંદ રહેવા લાગ્યો. દર્શનની ઇચ્છા હતી, પણ પ્યાસ નહિ. સ્પર્શથી આનંદ થતો, પણ રોમાંચ નહિ.

અને આ રૂપાંતરથી ઉત્પન્ન થતી મધુર લાગણીઓએ થોડાક દિવસ તો અજબ ઉલ્લાસ પ્રગટાવ્યો. નવા અનુભવોમાં આટલું જ જાદુ હોય છે. તે માત્ર નૂતનતાથી જ તૃપ્તિ ઉપજાવે છે. એવી જ કો પરમ તૃપ્તિની લાગણીએ મારાં ચિત્તને સ્વસ્થ બનાવીને વાસનાનો ખ્યાલ સરખો યે ઉત્પન્ન થતો અટકાવી રાખ્યો.

અને સરલા! અજબ સ્નેહથી તે વાર્તાલાપને ઉચ્ચ ભાવનાઓ તરફ જ દોરતી—અજબ મમતાથી આત્મામાં ઝીણી ઝીણી [illegible] રાખતી, છતાંયે તેની મમતામાંથી પવિત્ર માતૃત્વ જ કે નિર્મલ ભગિની ભાવની ફોરમ ફોરતી.

આ પ્રમાણે ધીરે ધીરે જૂનની વાત જ ભૂંસાવા લાગી. અને એક નવું સ્થાન, અદ્ભુત, પવિત્રતાનું વાતાવરણ સુભગ રીતે [illegible]

* * *

[illegible]

બપોરના ભોજન પછી અનુભવાતું શૈથિલ્ય અનુભવતાં હત
વાંચતાં વાંચતા મારો પગ બેઘ્યાનમાં સાહજીક આળસથી લંબાયે
અને મારાં તળીઆને સરલાની નાજુક આંગળીઓનો આછેરૂ
સ્પર્શ થયો.

નિત્યસાધિત સંસ્કારોનાં બળથી હું ચમકી ઉઠયો. તેણે
પગ પાછો ખેંચ્યો, મેં પણ પગ પાછો ખેંચ્યો. પણ કોઇક અનેરો
ક્ષોભ મારા મનમાં ઉત્પન્ન થયો. તેનું શીર પણ જરાક નમ્યું—
ભાવને ઢાંકતું હોય તેમ.

બીજી એક વાર બીજુંજ બન્યું. હાથમાં કોઇક બોજા સાથે
સરલા ઓટલાનું પગથીયું ચડતી હતી. હું નીચે ઉભો હતો.
લીસા પગથીઆ પરથી તેનો પગ લપસ્યો, અને તે પડી. પાછળ
ઉભેલા મેં તેને હાથમાં ઝીલી લીધી. અણમાંગ્યું આ અધુરૂં
આલીંગન પણ અમારા દીલમાં ઝણઝણી ગયું.

અને એકદા મધ્ય રાત્રીએ સરલા સ્નાનાગારમાં હતી. ઉંઘ
માંથી તાજેજ ઉઠીને, એ વાતથી અજાણ્યો હું સ્નાનાગાર તરફ
ગયો. દ્વાર ઉઘાડવા હાથ મુકયો ત્યાં અંદરથી તે ઉઘડી ગયું.
પરિણામે સમતા ગૂમાવી મેં એક અડગડીઉં ખાધું, અને
અંદરથી આવતી સરલાના અંગ ઉપર મારૂં અંગ હળી પડયું.
નીરવ રાત્રીની ઘોર ભયાનકતામાં આ અણધાર્યાં અમારા મિલને
સંકોચભર્યો ક્ષોભ પ્રગટાવ્યો, અને તે પછી અડધો પહોર તો
બન્નેનાં ચિત્ત અસ્વસ્થ હતાં.

આવાં આવા નાનાં છમકલા કોઇ દાવાનળ પ્રગટાવે, કે ?
ઉલટું એ તો ઉપકારક નીવડયાં. મનનું વિસ્મરણ ભયકારક બને,
આત્માને સ્વસ્થ કરી કોઇક કારમી કાળપને વાસનાનાં વમળમાં
ખીંચે એની સામે આવા પ્રસંગ અમને સવિશેષ જાગ્રત કરી
અમારી નિષ્ઠાને દૃઢ કરવામાં ખરેખર સહાયભૂત હતાં.

છતાં આત્મજયના અઘરા માર્ગે પ્રયાણ જરીયે સહેલાં નથી, અને કુદરતના પરિબળો માનવ પાસે નમતાં પહેલાં કોઈ આખરી પ્રયત્ન આદરે છે.

× × ×

(૧૯)

રવીન્દ્રને ગયે પંદરેક દિવસ થયા હશે. નિત્ય નિયમ પ્રમાણે અમે સૂર્યાસ્તની દોઢેક કલાક અગાઉ દરીઆકાંઠે ફરવાં નીકળ્યાં. નાના કિશોરને બાબાગાડીમાં બેસાડી વારાફરતી એ ગાડી ચલાવતાં અમે ગામગપાટા ગબડાવતા લહેરથી ચાલ્યા જતાં હતાં. અર્ધાએક કલાકમાં અમે દોઢેક માઇલ પહોંચી ગયાં હશું. ત્યાં અચાનક વાદળાં ઘેરાયાં. શીઆળામાં વરસાદની કલ્પના જાગવે ન હોય, એટલે વરસાદ સામે અમારી પાસે કાંઈ રક્ષણ ન હોતું. આથી વાદળનો ઘટાટોપ જોઈ અમે તરત પાછાં પગલાં માંડયાં, વાહનનો પનું જરીકે જોગ કરવામાં આવ્યો નહિ, અને અમારા ઘરથી અમે એકાદ માઈલ દૂર હશું ત્યાં વરસાદ ધોધમાર તૂટયો. માવઠાંઓમાં મુખ્યત્વે બને છે, તેમ દશ જ મીનીટ એ ઝાપટાં રહ્યાં, અને પછી તો જેવાં આવ્યાં હતાં તેવાં એ વાદળાં વિદાય થયાં. સદ્ભાગ્યે કિશોર એની બાબાગાડીની છત્રીથી રક્ષિત હોવાથી તદ્દન કોરો રહી ગયો હતો. એક ગાડીને આથે રહીને અમે ગાડીનો ભાર ઝીલેલો, છતાં અમને બન્નેને તો અણધાર્યા સ્નાનનો અનુભવ હવે મેઘરાજાએ આપ્યો હતો.

અમે ઝડપથી પગ ઉપાડયા. પવન જોરથી ફૂંકાતો હતો અને આખી વસ્તી અનિવાર્ય સપડાઈ ગયા હતા. ઝડપથી [illegible] [illegible] અત્યન્ત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પ્રકૃતિને [illegible] [illegible]

મોહકના અર્પતા. વનસ્પતિયે આ સ્નાનથી પ્રફુલ્લતાથી પમરતી હતી, અને તાપતરસી ધરણી પરનાં પહેલા વરસાદનાં છાંટણથી તેમાંથી પ્રગટે છે તેવી મધુર છતાંય ઉત્કંટ સુવાસ ચોપાસ રેલાતી હતી. પ્રથમ વર્ષાની પ્રસન્નતા, શરદની મોહક સુંદરતા અને વસંતનો ઉત્તેજક પમરાટ હેમંતની આ રમ્ય સંધ્યાએ અજબ મિલન પામ્યા હતાં.

અને સૂર્યનું એક સુનેરી કિરણ ટપકતાં જળ બિંદુઓની મુક્તાસરથી વિભૂષિત સરલાના મુખમંડળ પર પડ્યું:—અને કોક કારમી પળે મારી નજર ત્યાં પડી. ભાગ્યવશાત્ એજ વખતે સરલા પાણીથી ભીંજાયેલો માથા પરનો છેડો હાથવતી નીચોવતી હતી, એટલે એનું માથું અને અંબોડો ખુલ્લાં હતાં; ખભાનો ભાગ પણ માત્ર અર્ધઢાંક્યો હતો.

ઝડપથી ચાલવાને લીધે તેમજ પવન અને વરસાદથી ઉપજતી ઠંડીથી વધેલા તેના રૂધિરાભિસરણથી તેના મુખ પર શુદ્ધ સોઢીની લાલીમા હતી, અને ગોરા, રતુંબડા કાનની કેસરવર્ણી લટ ઉપર કંપતું એક જળબિંદુ સૂર્યના પ્રકાશથી મેઘધનુષ્યની હસરો કેંકતું. દિવસોથી તેના ચિત્તસૌંદર્યથી લુબ્ધ બનતા જતા મનને લીધે દેહસૌંદર્યને ભૂલતા જતાં નયનો આ રૂપરાશિ નિહાળી રહ્યાં, જન્મોજન્મની રૂપતૃષ્ણા છીપાવતા હોય તેમ એ સૌંદર્યને ચસચસી પી રહ્યાં, અને એ પાનથી પે અતૃપ્તિ જાણે રહી હોય તેમ એનાં સમગ્ર દેહનાં લાવણ્ય પર રમવા લાગ્યાં. અંગે અંગે ચોટેલા વસ્ત્રોને બળથી દૂર કરવા મથતા પવનના સપાટાને લીધે સંકોચાતી દેહવલ્લીથી રમ્ય મુંઝવણ અનુભવતાં સુંદર નયનો, મિજ મુંઝવણને ઢાંકવા મથતાં સ્મિતને અને સહેજ ઉંચી ચડેલી ભૂકુટિ—જરાક કંપતા નસકોરાથી રમ્યતર બનતી સુરેખ નાસિકા, ઠંડીનો સીસકારો દાબવા કે મુંઝવણને મચડી રાખવા દાંત દાબેલા મોહક અધર પર આછાં દીસતાં બે સુંદર દંત,

અને વસ્ત્ર નીચોવતાં નમી પડેલી દેહલતાને લીધે ઝૂકતી હંસની સુડોળ ગ્રીવા પર વિરાજમાન એ નાનો ચિબુક—એ ચિત્ર હજીએ વિરામવેળા સ્મૃતિપટ પર ખડું થાય છે:

અને ત્યાંથી ભવભૂખ્યાં નેત્રો વિશાળ અંબોડાને સ્પર્શી સુરમ્ય ઝૂકતા સ્કંધ પ્રદેશથી નીચે ઉતર્યાં; સુડોળ, નાજુક દેહલતા પર સપ્રમાણ મોહકતાથી શોભતાં અને ભીનાં એ આછાં વસ્ત્રોમાંથી લગભગ સ્ફુટ દીસી આવતા એના સુઘટિત ઉચ્ચાવચ્ચ અવયવો પર એ રમી રહ્યાં. શ્રમજનિત ઉચ્છ્વાસથી કે અસ્પષ્ટ કો મુઝવણથી ઉછળતો આકર્ષક એ ઉરપ્રદેશ, જરાક નમેલાં સુગોળ સ્કંધો, અને વસ્ત્ર નીચોવતાં વાંકી વળેલી કટી;—ચોંટેલા વસ્ત્રોમાંથી સહજ સરકતો નિમ્ન ભાગ—અને પવનથી ફરફરાટમાં લપેટાયેલા સુંદર પગ—એનાં અંગેઅંગનાં લાવણ્યોથી નમેનસમાં કો ચેતનામય, દર્દભરી છતાં આહ્લાદક ઝણઝણાટી ઝબકી રહી.

અંગાંગની મર્યાદા સાચવતાં છતાં, અંગાંગના સૌંદર્યનું અસ્ફુટ અને તેથીજ સચોટ સૂચન કરતા ગુજરાતણના સર્વાંગ-સુંદર વેશની કલામયતા મેં ત્યારેજ જાણી, અને હેડકી પાનીથી માંડી હવે અર્ધઢાંકેલા ચીરમાંથી સ્પષ્ટ તરી આવતા કેશપાશ સુધી ફરીથી એક નજર નાખી......

ભવભૂખ્યા આ દૃષ્ટિપાતનો સરખાને ખ્યાલ નહિ હોય. [illegible] વ્યવસ્થિત કરીને તે નિત્ય જોવાય [illegible] [illegible] લાગી. તેના [illegible], [illegible] દર્શનથી [illegible] ચિત્રની સમ-[illegible] પણ અસ્પષ્ટતાના [illegible] ગઈ, અને અસ્તવ્યસ્તતા [illegible] પણ રહી નહિ. તે [illegible] જુવા ત્યારે તે રૂપપાનની [illegible] સ્મૃતિને ચિત્તપટની [illegible] અમર [illegible] રહી. હવે એને [illegible] નિહાળવા નહિ, અને નિત્યનાં [illegible] [illegible] હું નિદ્રાને આધીન થયો.

* * *

રાત્રીના ચારેકનો સમય હશે, અને અચાનક મારી આંખ ઉઘડી ગઇ. 'નથી ગમતું,' એવા શબ્દોથી વર્ણવાતી અસ્પષ્ટ અસ્વસ્થતા મને લાગતી હતી. સંપૂર્ણ શ્રમશાંતિને લીધે શરીરમાં સ્ફુર્તિ હતી. અનુભવીઓની માન્યતા છે, કે જેમ મનનાં થાક ચડે ત્યારે, તેમ તનના થાક ઉતરે ત્યારે વાસનાઓ પ્રાબલ્ય ધરે છે. ગમે તેમ હોય તો પણ, અચાનક કાંઈ પણ સ્પષ્ટ બાહ્ય કારણ વિના, સમુદ્ર તટપરનું ચિત્તલોભવતું સુંદર દશ્ય મારી આગળ ખડું થયું. લુગડાંના છેડા નીચોવતી સરલાની લોલવિલોલ છબી ના ચિત્રે કટિ કાઢતી શકુંતલાની ઝૂલતી દેહલતાને નીરખીને દુષ્યંતને થયો હશે એવો રોમાંચ મેં અનુભવ્યો. નસેનસમાં રૂધિરનો વેગ પ્રતિક્ષણે વધતો ગયો, અને અસામાન્ય આવેશના આવેગથી મારી અસ્વસ્થતા વધી ગઈ.

મેં એ સ્મૃતિ ભુસી નાખવા એક પ્રબળ પ્રયાસ કર્યો. ચિત્તને બીજા વિચારોમાં પરોવવા પ્રયત્ન આદર્યો, અને વર્ષો પર શીખેલી ભૂમિતિના સિદ્ધાંતો પહેલેથી સંભારવા માંડયા!

પણ આવા થીંગડાથી કંઇ ચાલે? જો કે કલ્પનાથી રચાયેલાં તે ઉત્તેજક દશ્યને ઘણે ભાગે નેત્રો આગળથી દૂર કરવામાં હું ફાવ્યો, પણ દેહની ભૂખભરી અસ્વસ્થતા તો વધતી જ ગઈ. મેં ધાર્યું કે સહેજ ફરી આવવાથી શાંતિ મળશે, અને તેથી હું બીજાઓની નિંદ્રા ન બગડે એવી સંભાળ રાખીને ઓરડામાંથી બહાર નીકળીને અંધારાનાં કંપાઉંડમાં ગયો.

શિતળ સમીરનું સેવન એ ચિત્તને શાંતિ આપે છે, અને શરીરને શ્રમ દેવાથી વાસનાનાં પૂર ઓસરે છે. આવું ક્યાંક વાંચેલું એટલે હું અર્ધા કલાક સુધી સમુદ્ર તટ પર રાત્રીના શિતળ સમીરમાં ઝડપથી ચાલ્યો, અને ચિત્ત શાંત થયેલું માનતાં પાછો ફરી અમારા ખંડમાં દાખલ થયો.

હવે પછી શું થયું તે સમજવા અમારા શયન ખંડનો ખ્યાલ આપવો જરૂરી છે. એ ખંડ લગભગ વીસ ફૂટ સમચોરસ હતો, અને તેની ઉત્તર અને દક્ષિણ બાજુએ વીસ ફૂટ લાંબી અને દસ ફૂટ પહોળી બબ્બે ઓરડીઓ હતી. પૂર્વ અને પશ્ચિમે, બન્ને બાજુ, વચ્ચે મોટા બારણાં હતાં. બન્ને બારણાંઓને બન્ને પડખે જાળીવાળી બારીઓ હતી. બન્ને બાજુએ વરંડા હતા. ઉત્તર દક્ષિણ આવેલી ઓરડીઓમાં જવાને આ ખંડમાંથી બારણાં હતાં, અને એ ઓરડીઓમાંથી પણ વરંડા પર નીકળાતું.

મારો ખાટલો પશ્ચિમ દિવાલની ઉત્તર તરફની બારી પાસે હતો. સરલાનો ખાટલો પૂર્વ દિવાલની દક્ષિણ તરફની બારી પાસે હતો. અને ઓશીકાં દક્ષિણ તરફ રાખ્યાં હોવાથી હું સૂતો હોઉં ત્યારે, કે પથારીમાંથી બેઠો થઉં ત્યારે મારી નજર સરલા પર પડવાનો સંભવ હતો નહિ, જ્યારે તેની નજર સુતાં સુતાં મારા પર પડી શકતી. વળી મારી પાગત પાસે ઉત્તર દિશાની બે ઓરડીઓમાંની પશ્ચિમ તરફની ઓરડીનું બારણું હતું. અને એ ઓરડીમાંથી પણ ઓટલા પર જવાતું. એટલે પાંગતે થઈને એ ઓરડીમાંથી બહાર નીકળવું હોય તો મારી નજર મુખ ફેરવ્યા વગર સરલા પર પડે જ નહિ. કંઈક હેતુપૂર્વક અને કંઈક રોજની ટેવ પ્રમાણે મેં બહાર જતી વખતે આ બારણાંનો ઉપયોગ કર્યો હતો, અને એ રીતે એની તરફ મારી પીઠ જ રહેતી. પણ હું પાછો આવ્યો ત્યારે એ પાગત તરફના [illegible] બારણેથી જ આવવું પડ્યું, અને તેથી આખા ખંડ પર મારી નજર પડતી ફેરવી સુતેલી સરલા ઉપર પણ પડી.

સામાન્ય રીતે એકબીજાના પૂરક તેવી ભિન્ન પ્રકારના [illegible] [illegible] ભૂમિ પર [illegible] વસ્તુઓ [illegible] રીતે છે. [illegible] [illegible] અને [illegible] આ વિશેષી [illegible] [illegible] પર [illegible] છે. પણ એક [illegible] [illegible] નિષ્કર્ષ, [illegible] અને [illegible] નું [illegible]

કે ચાંદી જેવી શ્વેત ધાતુના સાજમાં દીપી ઊઠે છે, એટલું સુવર્ણમાં દીપતું નથી; શ્વેત ધાતુની ભૂમિકામાં એ શ્વેત રત્ન અદ્દભૂત પ્રકાશ આપે છે, અને એમાંથી પરિવર્તન પામતા કિરણો અનેકગણા મોહક હોય છે. આ સત્યની પ્રતિતિ મને તે વખતે થઇ. શ્વેત, બારીક વૉયલના સાળુમાં વીંટળાયેલી, પલંગની ઉજળી દૂધ જેવી સફેદ ચાદર પર સમુદ્રનાં ફીણ જેવાં ઉગતાં ચંદ્રનાં અજવાળાંની પારદર્શક બિછાતથી લપેટાયેલી તે સંગેમરમરની નાજુક પૂતળી જેવી શોભતી હતી.

તે ડાબે પડખે સુતી હતી. આછી બાંયનાં પોલકાને લીધે લગભગ ઉઘાડો લાગતો તેનો ડાબો હાથ તેના ગાલ નીચે હતો, અને તે હાથની ટચલી આંગળી પરની માણેકની વીંટી તે આંગળી પાસે આવેલા હોઠના રંગ સાથે મળી તેની દિપ્તિમાં અજબ ઝળક ઉમેરતી હતી. તે ડાબા હાથની સુંદર, ગોળ ચંદ્ર આકારની કોણી તેના ગાલ નીચેથી નીચે આવતી ડાબા સ્તનને ભેટી રહી હતી. જમણા કાનમાં ઝગારા મારતી પોખરાજની બુટ્ટીની પાછળ, માથાનો છેડો ખસી ગયો હોવાથી ગરૂ ભીના વાળનો ઉતાવળમાં બાંધેલો ઢીલો, મોટો અંબોડો તેની ચળકતી કાળાશને લીધે તેની કાંતિમાં અજબ ઉમેરો કરતો હતો.

એક તરસી નજરે હું તેના મોંઢાનું અવલોકન કરતો રહ્યો. અર્ધચંદ્ર જેવા વિશાળ કપાળ પરનાં આછી, સુરેખ ભમરો વચ્ચે મંગળના તારા શા દીપતા હિંગળના ચાંદલા પર મારાં નયનો ઠરી રહ્યાં. પછી લગભગ પારદર્શક પોપચાં નીચેના અર્ધ મીંચેલા લાંબા નયન પરથી ધીમાં, નિયમિત હલનચલનને લીધે એના નાજુક, નાના, નસકોરાંના આછા સ્પંદન પર મારી નજર ઠરી; અને નાનાં એ ટેરવાંના ઉપર નાની નાની સુતીમાંથી રેલાતા પ્રકાશથી દોરવાઇ, ગુલાબી સોપારીની નવી કૂંપળ જેવા કોમળ અને જાસૂદીના

પુષ્પ જેવાં રાતાચોળ તેના હોઠપર ઉતરી, પળવાર એ કામદેવનાં નાનકડાં ધનુષ જેવાં વક્ર સંપુટ પર તાકી રહી; અને છેવટે તેની નાની, નાજુક, છતાં દૃઢતા સુચવતી શ્વેત ચિબુક પર થંભીને વીંટીનાં માણેકનાં ઝગારામા તરી આવતા, તે ચિબુક પરનાં એક નાનકડા તલ પર મંત્રમુગ્ધ થઇ ચોંટી રહી.

ત્યાં પવનની એક આછી લહેરી આવી, અને વાળની એક છૂટી રહી ગયેલી લટ તેના કપાળ પર થઇ ગાલ પર જરા સરકી. મારી નજર તે તરફ ખેંચાઇ, અને એક ઊંડો નિઃશ્વાસ મારા મુખમાથી સરી પડ્યો.

મુખદર્શનથી હજીએ અતૃપ્ત રહેલાં નયનો મેં ત્યાંથી બળપૂર્વક ખસેડ્યાં, પણ તેમણે હઠાગ્રહ આદરી તેના દેહને નિરખવાનુ ચાલુ રાખ્યું. બારીક વસ્ત્રમાં ઢંકાયેલો તેનો સુડોળ ઉર પ્રદેશ ઊંડા શ્વાસને લીધે લાંબે અંતરે ઊંચો નીચો થતો હતો. અને ખુલ્લા આસમાની પોષાકનો રંગ બારીક એ સાળુમાંથી રેલાતી ચાંદનીમાંયે ઉર પ્રદેશના વળાંકોને મોહક આકર્ષણ આપતો. અને એ ચાંદનીમાં બારીના સળીયાની છાયાથી પડતી ભાત શ્વાસોચ્છ્વાસના હલન ચલનથી આછો કંપ અનુભવતી, [illegible] ઢંગઢંગનું દૃશ્ય ખડું કરી, અજબ દૃષ્ટિભ્રમ ઉપજાવતી એ આકર્ષણમા ઉમેરો કરતી હતી. નારીત્વના અનોખા [illegible] અમોઘ આકર્ષણ એ પ્રદેશના અવલોકનથી ઘુમરાતા [illegible] મગજને માંડ શાંત કરી, મેં નયનો બળપૂર્વક ખસેડ્યાં.

[illegible] !
[illegible]

[illegible]

નીચે ચણીઆની બારીક ઝુલા નીચે ડાબા પગની એડીને અડીને જમણા પગનો અંગુઠો પડામે હતો, અને એ રીતે પણ મનોહર દશ્ય ખડું થતું હતું.

બારણામાં ઉભાં ઉભાં જ મેં આ ચિત્તહારક દશ્ય નિહાળ્યું. શીળી ચાંદનીમાં એ દશ્યમાં શીળી સાત્વિકતા હતી, છતાં પણ એ શીળા સૌંદર્યના પાનથી શાંત તૃપ્તિ થવાને બદલે જાણે શિરાઝની કો ઉત્તેજક સુરા છલાછલ મેં પીધી હોય, તેમ મારી રગે રગમાં ઝણઝણાટી વ્યાપી ગઈ, અને અદશ્ય કો આવેગથી માગ ઓક ધ્રૂજવા લાગ્યા.

પણ જોરથી માથું ધુણાવી એ આવેગ મેં ખંખેરી નાંખ્યો, વિધ્રુત બનવા માંડતાં હૈયાને રખે તે બધ પડે એ ભયથી એક હાથે જોરથી દાબ્યું, અને તૂટવા તત્પર નાડીતંત્રને ઉંડા ઉચ્છ્વાસથી સાચવી લઇ, બળાત્કારથી દેહ ધકેલી હું પર્યંકમાં બેસી પડ્યો. અનિર્વચનીય એ આકર્ષણનો તાર સાંધતાં નયનોને જોરથી બંધ કર્યાં, ધબકતાં લમણાં પર હાથ દાબ્યા અને પાંચેક મિનિટ એમ સંયમ મેળવવાનો પ્રયત્ન કરી મેં પથારીમાં લંબાવ્યું, અને મોટે ઓઢી નિદ્રાની આરાધનાનો મિથ્યા પ્રયત્ન આરંભ્યો.

પણ બીનતારી સંદેશામાં અદશ્ય અને અગોચર રહી વિદ્યુત પ્રવાહ રેલાય છે. શરીરનાં નેત્રો મેં બાળ્યાં, પણ મનનાં નેત્રોને બંધ કરવાનું દુર્ઘટ છે!

છતાં પડખાં ઘસતાં ઘસતાં પાએક કલાક મેં કાઢી નાંખ્યો, અને પછી હીસ, દેહ અને આત્માના થાકથી અર્ધ તંદ્રામાં પડી ગયો.

અને સુતેલા આત્માની અશક્તિનો લાભ લઈ જાણે મન-માંકડાએ તોફાન માંડ્યું. પાંચેક કલાના નાદે કોઇક ભયાનક સ્વપ્નથી ઝબકો હોઉં એમ મારાં નયનો ઉઘડી ગયાં, કોઈ

અણસમજ્યા આવેશથી હું પથારીમાં બેઠો થયો, અને એ છતાંયે તલસી રહેલાં નાફરમાન મારાં નયનો ફરી એના તરફ ફર્યાં.

આ સમયના ગાળામાં તેની દેહ સ્થીતિ બદલાઈ હતી. પડખેથી તે ચત્તી થઈ હતી. એનો જમણો હાથ પડખે અર્ધવર્તુળ રચતો હતો. માથાં નીચેનો ડાબો હાથ શરીર સાથે કાટખૂણે લંબાવીને પડયો હતો. અને તેનો જમણો પગ પહેલાં વાંકો વળીને ડાબાને આલીંગી પડયો હતો. તે હવે સ્થીતિ પલટાને પ્રતાપે હજીએ વાંકોજ રહીને ડાબા સાથે દીર્ઘ ત્રિકોણ જાણે રચતો હતો. અને ડાબા પગ ઉપરના આછેરા ઝાંઝરને તેની એડી હળવેક સ્પર્શ કરતી હતી.

બે પગ વચ્ચેના આ ત્રિકોણભાગમાં બે સેંથક વચ્ચે શાંત વહેતી નદીના કાંપ પટ જેવો તેનો પાલવ વિખરાયેલો હતો. અને પડખેથી ફરતી વેળા ઉર પ્રદેશ પરનો છેડો અર્ધ ઉપરાંત સરી ગયો હતો. અને લાંબી ડોક નીચે આવેલા ગળાના ખુલ્લા ભાગમાં માળાનો નાજુકડો છેડો ચાંદનીમાં ચમકતો હતો.

પાંચેક પળ એ ઉઘાડા ભાગ પર મારી નજર ઠરી રહી. અને પછી તેના મુખમંડળ પર ચઢી. કુસુમાયુધનું પ્રેર્યું કામ કે જાદૂના વિધિના રમતની ચાહને લીધે તેજ ઘડીએ કોઈ મધુરા સ્વપ્નને અંગે ઉંઘમાં ને ઉંઘમાં તેણે મધુર સ્મિત વેર્યું.

......અને મારા મગજમાં ઝબકારો થયો, હૃદયમાં ગભરાટ આવ્યો, અને જાણે તેના ધબકારાથી કોઈ અદ્રશ્ય ભાગ મને [illegible]-ધકેલતુ હોય એમ હું ઊભો થઈ ગયો.

અને વિચારો [illegible] હોય તેમ તેજ વખતે [illegible] બહારી આવી. અને [illegible] [illegible] તેમ તેણે [illegible] [illegible]. [illegible] એજ [illegible] [illegible] [illegible].

પાંચ પગલાં–દસ પગલાં–પગલે પગલે પગમાં બોજો વધતો જતો છતાં યે–હું ઘસડાતોજ ગયો, અને કિશોરની ખટુલીની પાંગત વટાવી તેના ખાટલાની પાંગતથી પાંચેક કદમ દૂર સ્થંભી ગયો.

અને ફરીથી?—એજ પળ જાણે સાધવાની હોય તેમ ઉંઘમાંજ તેણે જમણો પગ લંબાવ્યો. ઘુંટણ આગળથી વળેલો હતો તેથી અર્ધો ઘુંટણ સુધી તે ખુલ્લો થઇ ગયો, અને તેની આરક્ત પહાની, તે ઉપરનાં પાતળાં સાંકળાં, અને શ્વેત, સુદૃઢ, સુકોમળ પીંડી મારા હૈયાને હલમલાવી રહ્યા.

મારાં અંગેઅંગ ધ્રુજી ઊઠયાં. કપાળે પરસેવો વળ્યો. હૃદય તો કાનમાં સંભળાય એવું ધબકતું હતું: અને કોઇ અદૃશ્ય બળ મને આગળ ધકેલતું હતું.

છતાં અણુપારખેલા અને અંતરનાં ઊંડાણમાં સુઇ રહેલા સંસ્કારોએ બળ કર્યું, અને અનિચ્છા છતાંયે અજાણતાં હું ધીમે ધીમે પાછો હઠવા લાગ્યો.

પણ સાપની આંખો જોડે પક્ષીની આંખ મળે પછી પક્ષી ગમે તેટલું મથે પણ તેનાથી આંખ ફેરવાતી નથી, તેમ આંખ તો તેના દેહ પર ભમતીજ રહી.

અને એટલામાં એણે ઊંઘમાંજ જમણો હાથ જરા ઉંચો કરી જાંઘ નીચેના ભાગ પર જરા ખંજવાળ્યું, અને પછી તે હાથ નીચે સરી ઉરોજ ભાગને સ્પર્શી રહ્યો. ડાબો હાથ પણ સહેજ સળવળતો લાગ્યો.

અને જાગતા મટેલા મારા અંતર્ગત સંસ્કાર ફરીથી અદૃશ્ય થયા. હું ફરીથી ખેંચાઇને તેના ખાટલાની પાંગતે આવી ઊભો.

હજીયે એ તો કોઇ સુંદર, સુખદ સ્વપ્નામાં મહાલતી હની એમ લાગતું હતું. તેનું સ્મિત વિકસ્યું, હોઠ જરા પહોળા થયા,

અને શ્વેત. એકસરખી દંતપંક્તિનો ઝળકાટ મુખમંડળને આવરી રહ્યો.

અખાત્રીજની ભરતી જેવું પૂર મારા લોહીમાં આવ્યું, અને હું તેના ખાટલામાં, પાંગત પર, પગ પાસે, જમણે પડખે બેસી પડયો.

પણ શુદ્ધ સંકલ્પો અને પવિત્ર જીવનમાં અણકલ્પી અને અમોઘ શક્તિ હોય છે. એના પગ પાસે બેસતાંજ મારા લોહીનો ઉકળાટ શાંત થવા માંડયો, પણ તેને સ્થાને ગભરાટની આછી ધ્રુજારી ચડી આવી. એને સ્પર્શ કરવાની મારી ઇચ્છા ઓસરવા માંડી, હિંમત તો ચાલીજ નહિ, અને આવી લાગણીઓના આઘાત અને પ્રત્યાઘાતને પરિણામે વિરોધીબળો જેમ સમન્વય સ્થાપે, તેમ આછી અધુરી સ્વસ્થતા મેં મેળવવા માંડી હોય એમ લાગ્યું.

પણ હજી કમોડી અધુરી હશે—હજી તાવણી બાકી હશે. ઊંઘમાંજ તેનો જમણો હાથ ઉરપ્રદેશ પરથી સરકી કટિપ્રદેશ પર સ્થીર થયો. સ્વપ્નમાંજ તેના મોમાંથી ધીમો શબ્દ નીકળે, "સુરેન્દ્ર...સુરૂ!"

અને લાગણીઓનું તુમુલ તાંડવ મારા જ્ઞાનતંતુઓમાં નાચી રહ્યું. જ્વાળામુખીનો ધોધ મારી નસોમાં રેડાઈ રહ્યો. દિશ, કાળ અને સંબંધોની સર્વ સ્મૃતિઓ એ પ્રલય સમ રણકારમાં ડુબી ગઈ, અને હું તેના તરફ ઝુકયો.

—મેનુ અનુવંશિક આમન્યાની આણ હોય—સંસ્કારે સંઘરેલી સજ્જનતાની શક્તિ હોય—અંતરમાં ઊંડા ઉતરેલા આર્યત્વની પ્રબળ હોય—સાથે સંકળાયેલ સુનીતિમય જીવનની સિદ્ધિ હોય—ગમે તેમ પણ મારાથી તેના એક અંગને સ્પર્શ થઇ શકો નહિ. કારણ વચ્ચેને અસ્પર્શ અને પાળ હાથને આવરી હું ક્ષિતિજની ... અનુભવતો હતો એમ લાગ્યું.

પણ વિધાતાની રમણુઇચ્છા આટલાથી સંતોષાય નહિ. માનવોની મનોયાતનાથી કદાચ રાચતું તેનું હૃદય હજી મારી આ યંત્રણાથી ધરાયું નહોતું. તેણે રમત આગળ ધપાવી.

સ્વપ્ન પ્રદેશમાં જાણે સહચાર સેવતી હોય તેમ તેનો અધર જરા સંકોચાયો, તેના મોં પર આછી લાલાશ સ્ફુરી, તેના મુખમાંથી હેતાળ, હૈયા સારતો શબ્દ નીકળ્યો, "સુરૂ, સુરૂ!" અને કોઇ આરંભિક પ્રેમોપચાર થતો હોય તેમ તેનો જમણો પગ લાંબો ફેલાયો, અને મારા બારિક વસ્ત્રથી આચ્છાદિત સાથળને સ્પર્શ્યો.

—અને ઋણ અને ધન વિદ્યુતના સંસર્ગથી ઉપજતો સળવળાટ મારી રગેરગમાં રેલાયો, રોમે રોમ ખડાં થયાં અને તલસાટની તમન્નાએ દેહ તંત્રને તંગ બનાવ્યું.

આવેશોનો ઉદધિતો ક્યારથી ઉછળતો હતો. પણ તેણે હજુ સુધી માઝા મુકી નહોતી. હવે તો તેણે સીમા છોડી.—

—તેને ભીંસી કચડી નાખવા હૃદયે ઉછાળા ચર્ કર્યા, બાહુઓ પણ લંબાયા, અને હૈયાની આગની ઊની વરાળ ધમણુશાં ધમતાં નાકમાંથી વેગથી નીસરવા લાગી.

—પણ મરતો યોદ્ધો છેલ્લો ઘા ખેલે તેમ કદાચ એ આવેગ મેં રોધી રાખ્યો, અને માત્ર કોમળતાથી તેના પગ ખોળામાં સરકાવી લીધા, અને કંપતો મારો હાથ ધીમા માર્દવથી તે પર ફેરવ્યો.

તે સ્પર્શથીજ તે સળવળી ઉઠી. પણ હજી તે સ્વપ્નનું ઘેન તેના મગજ પર સ્વાર હતું. છતાં સાહજીક, કોમળ પ્રશ્ન આવ્યો, "કોણ એ?"

મારો હાથ થંભી ગયો. હૃદય ને એક ધબકારા ચુક્યું, છતાં નાગીના ધબકારા આગળવાને તેના અંગેને સહેજ ઝુલાવી રહ્યા.

તેની ઉંઘ ઉડી ગઇ. આંખ ચોળતાં તેણે પ્રશ્ન પુછ્યો, "કોણ સુર ? સુરેન્દ્ર !"

મિશ્ર આ સંબોધનથી તે અર્ધ સ્વપ્ન-અર્ધ જાગ્રત દશામાં હતી એ સ્પષ્ટ હતું. હબક ખાધી હોય એમ હું મુંગો જ બેસી રહ્યો.

ઝડપથી કોણી પર ટેકવાતાં તે બોલી, "સુરેન્દ્ર" તેની આંખમાં આછું આશ્ચર્ય હતું. તેના સુરમાં અણસમજ હતી.

દયા યાચતો હોઉં એવા મુખે અવાક, જડ હું જોઈ રહ્યો.

તેણે બેઠા થતા મારા ખોળામાંથી પગ સંકોરી લીધા. જડ બનેલા સ્નાયુઓવાળો મારો હાથ તેના પગને અડકી જ રહ્યો.

ધીમેથી તે હાથ ખસેડતાં તેણે સીધો સવાલ પૂછ્યો, "સુરેન્દ્ર, શું છે ?' તેના સ્વરમાં આછી તિખાશ હતી, તેની આંખોમાં આછી નિરાશા હતી.

તેના હાથના સ્પર્શે મારા સાનભાન વિખેરી નાખ્યાં. મારાં અંગો વિવશ બન્યાં.

તેણે જરા તીવ્ર નજરે મારી સામે મીટ માંડી-

અને તેની આંખ સામે મારી આંખ નમી પડી. પણ એ ! નીચે સરતા તો તે તેના ઉરોભાગ પર અટકી ગઈ. અચાનક મારા ઉરના તેના ઉંઘે સરી ગયો હતો, અને આછાં કરતાં નજરે ક્ષણમાં તેનું લાવણ્ય કેવું ઉન્માદક હતું !

મેં સર્પીને સ્પેશ અનુભવ્યો. મારા અનેભાગ પ્રુજી ઉઠ્યા. જાણે તેનું શરણુ યાચતો હોઉં તેમ તેના પગ પકડી મેં ... આવેગોએ આંખમાંથી આંસુનું રૂપ લીધું, અને પગ પર ... અનુકંપા ભરની આશાથી હું તેના સામે જોઇ રહ્યો.

... અને મથામણમાં મુંઝાતા મનને ... ... હાથે તે પણ મને જોઈ રહી.

એ તારામૈત્રકમાં શા શા ભાવો—શી ભાવનાઓ—કેવી લાગણીઓ અને કેવા મંથનની રમઝટ થઈ ગઇ તે કેમ કહી શકાય ?

અપાર કોમળતાથી કે આર્દ્ર કો સ્નેહભાવથી તેણે મારે માથે હાથ મૂક્યો, ' સુરેન્દ્ર, સુરભાઇ, આ શું ? ' ખૂબ ઋજુતાથી તેણે પૂછ્યું,, અને માથેથી હાથ કપાળ પર ફેરવ્યો— ' અરે, તમારું શરીર આટલું ગરમ કેમ છે ? ' ચિંતા, વિસ્મય અને આશંકાથી બદલાયેલે સ્વરે તે બોલી.

મેં જોરથી બે હાથમાં તેનો હાથ પકડી લીધો. ' સરલા, સરૂ ! ' ધ્રૂજતા, આવેશમય સ્વરે મારાથી બોલાઇ ગયું, અને તેનો હાથ છાતીએ દાબી મોં તરફ મેં ઉંચો કર્યો.

પણ હાથ પાસે હું હોઠ લાવ્યો, પણ મારાથી ચુંબન થઇ શક્યું નહિં. શા માટે ? કોણ જાણે ? મેં તે હાથ મારી આંખો સાથે દાબી દીધો.

તેણે મમતાથી બીજો હાથ મારા માથા પર ફેરવ્યો. કલ્પના કે ભ્રમણા હશે, પણ મને તે હાથ કંપતો લાગ્યો. પણ તરતજ સ્થીર થઈને માથા પર એ ટકી રહ્યો, અને કંપતા છતાં મીઠાશથી છલાછલ છલકાતા સ્વરે મારાં કાનમાં અમૃત રેડ્યું, ' સુર, સુરભાઈ, આમ ગાંડા શું કરો છો ? '

અને આ પવિત્ર મમતાના પાવનકારી છંટકાવથી મારાં હૈયાનો ઉકળાટ ઠંડો થયો, મારી નસોમાં નાચતો ઉન્માદ ધીમો પડવા લાગ્યો. મગજમાં શાતાનાં છાંટણાં છંટાયા. ઓસરેલા સંયમના જળ અંતરનાં ઉંડાણમાં આછાં આછાં આવવા માંડ્યાં.

જીવનની સર્વે શક્તિઓને સામટી વાપરી નાંખવી હોય, પ્રાણના સૌ પરિબળોનો અંતીમ ઉપયોગ કરવો હોય તેમ આયુષ્ય આખું હોડમાં મુકતાં મેં એક સબળ અને સફળ પ્રયત્ન કર્યો,

અને " સરલા, ભાભી " એટલા શબ્દો રૂંધાતે સ્વરે બોલીને તેના પગને મૂકી દઈ પાંગતેથી હું નીચે ઉતર્યો અને અસ્થીર ડગલે મેં મારા ખાટ તરફ પગ દોર્યા.

પણ કાંતો સાંજે પડેલા વરસાદ કે કાંતો પડતી પરોઢ સેરેલી શિતળતાની એ અસર હોય, કે કાંતો માંદગીમાંથી ઉઠયા પછી અધુરી સાપડેલી શક્તિનો સંચય ક્ષય પામ્યો હોય, કે કાંતો હું માનું છુ તેમ વિરોધી લાગણીઓના ભયંકર યુદ્ધનો આઘાત અંતર પર અસહ્ય આઘાત પહોચ્યો હોય—ગમે તેમ પણ એક બે ડગલાં ભરતાં તો સમગ્ર શરીરમાંથી ચેતન ઉડી જ ગયેલું હોય તેમ મેં લથડીયું ખાધુ, ચકરાવે ચડેલી આંખો તો ચકળ વકળ થઈ બંધ થઈ ગઈ, તંમર ખાતાં મગજને જાણે બળાત્કારથી પકડી રાખતુ હોય તેમ જોરથી લમણે ને લલાટે હાથ દીધા. અને અંતરિક્ષમા આધાર શોધતો હોઉં તેમ ડોકું ઉંચું કરી આગ-ડીયું ખાઈ તેના પલંગની દાંસને ટેકે ઉભો રહેવા વ્યર્થ મથીને તેના પગ પાસે ફસડાઈ પડયો.

સમુદ્રના અતલ ઊંડાણના કાળા પાણીમા જાણે ઊંડો ઉતરતો હોઉં એમ મને થવા લાગ્યું. 'ઊંડા ઊંડા, ગેહેરા ઉતરે છે,' એ ભાવ એને કહેના હશે?

અને સાગર પારથી કે પરભવને ઓવારેથી આક્રંદના આલિંગન સાથે આવતો હોય તેવો સ્વર આવ્યો, " સુરે, સુરે, તમને શું થાય છે ? "

એ શબ્દની જોડે મમતાએ મારા ચિત્તની જડતા જાણે હરી લીધી. એમાંના લીનું હૈયે જે ઊંડાણમાં હું સરતો હતો, તે ઊંડાણને વીંધી નાંખી, આત્મ-મુગ્ધતાના અંધકારને જાણે ભેદી નાખ્યો.

—અને કે. [illegible], [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] ! [illegible] [illegible] [illegible]. [illegible], [illegible] [illegible] [illegible] [illegible]

મારા ખભાને હલાવવા લાગ્યા, અને ભવોભવની આત્માની યાતનાનાં ચિત્કાર જેવો આતુર એક ઉચ્ચાર સંભળાયો, "સુરુ, સુરુ, આમ શું કરો છો ? મારા સામે જુઓ. સુરુ, સુરુ, હું સરુ, તમને બોલાવું છું !"

એ સંજીવન સ્પર્શથી મારું ચેતન પાછું ફરતું લાગ્યું. એ અગાધ વેદનાના આવિર્ભાવ જેવા અંતરના અણુઠાંકય! ઉદ્ધારનાં આહ્લાદનથી અનંતમાં સરવા માંડેલો મારો આત્મા પાછો આકર્ષાયો.

અને ફરીથી, આભના અંતરાપો ચીરી વિધાત્રીનાં નિષ્ઠુર ઉરને વલોવવા વહાતો હોય, યમરાજની જયયાત્રાને અધવચ્ચે પાછી ફેરવવા આત્મ વિલોપન,–આત્માર્પણની આણ દેતો હોય તેવો, આર્જવ, આરથા અને આગ્રહનાં અજબ કો રણકાર ભરેલો સરલાનો આક્રોશ આવ્યો—"સુરુ, સુરુ, આમ ના જવાય હો. હું સરુ, તારી સરુ, તને ના પાડું છું !......સુરુ, સુરુ, પાછો આવ."

અને ભવ ભવનાં આ આમંત્રણ માટે ગઢ જોઇ રહેલો આત્મા વીંટાઈ વળેલા નિરાશાનાં ચીકણાં કફનને ભેદી નાંખી ફરી કલેવરમાં આવ્યો. પાંખ પ્રસારી પલાયન થવા ઉત્સુક થયેલા પ્રાણ પણ પ્રાણેશ્વરીની આ આજ્ઞાનો અનાદર કરવા અશક્ત હતાં. ઊંડો એક નિઃશ્વાસ મુકીને મેં આંખો ઉઘાડી અને વિવિધ ભાવથી તગતગતી તેની આંખોમાં ન્યાળ્યું....

...મારું માનવું છે, કે જ્યારે મને તમ્મર આવ્યાં, અને હું હસડાઇ પડ્યો. ત્યારે ભગાભગરીથી વાસી ગએલા સરલાનાં હૃદયના દ્વારના આગળા ઉઘડી ગયાં. એકવાર જેમ પ્રેમકથાના આવેશના પ્રત્યાઘાતે મને મરણમુખમાં ધકેલ્યો હતો, તેમ આ વખતે તો એથીએ અનેક ગણા આઘાતથી મૃત્યુમુખમાં હું પડ્યોજ હતો, એવું એને નિશ્ચય લાગેલું.

અને તેથીજ સંયમ, ત્યાગ, વાસનાજયના સર્વે સંકલ્પો એનાં પ્રિયકરના જીવન સામે હોડમાં મુકાતાં હાર્યો, અને સ્ત્રી હ્રદયનું અણમોલ ધન-સંરક્ષા અને સંજીવનની જન્મપ્રાપ્ત ઇચ્છા અને શક્તિ–ઉપર તરી આવ્યું. અને તેણે સર્વસ્વને ભોગે પણ મારા પ્રાણ રક્ષવા નિરધાર કર્યો.

અથવા એમ પણ હોય, કે નિષ્ફળ પ્રણયની પરાકાષ્ટા મૃત્યુમાં પરિણમતી જોઈ, એ પ્રણયના પ્રદર્શનથી તેના ઉરમાં રોપેલો નારીસહજ પ્રેમભાવ સંયમ માત્રને ઉવેખીને અદમ્ય રૂપે બહાર ઉભરાયો, અને નેનોએ તત્કાલ, કૃત્રિમ બંધનો તુટી જતા, મારો ત્રણ આટની કક્ષાએ પહોંચ્યો.

'કેમ?' તેના શબ્દોનો ભાવાર્થ ન સમજવાથી મેં પુછ્યું.

'એટલી હપ ઓછી!' ડહાપણભર્યા લહેકાથી ડોકું નચાવી તેણે કહ્યું, 'અને તારા જેવીને તરદી ઓછી.'

'મારે શું? મને શી તરદી પડત?' મેં જરા નવાઈથી પૂછ્યું.

'કેમ, અમારે ત્યાં જો રહે તો તું બેઠી બેઠી હવાઈ તુક્કા ગબડાવે ને?' તેણે ટોણો માર્યો. 'હવે તારા મગજને એવા કલ્પનાનાં કિલ્લા નહિ દોડાવવા પડે, અને ભણતરમાં તેનો સદુપયોગ થશે.'

મને હસવું આવ્યું, અને આળસ મરડી હું ઉભી થઈ. 'બાપ, તું તો મને પઢેલાં નહિ જોખવા દે.'

"હવે બસ છે," હું ઉભી થઈ એટલે હાથ ખેંચી નીચે બેસાડતાં તે બોલી, "હમણાં પછી આવશે એટલે આપણે જઈશું."

પછી એમની કામ કરનારી હતી. હું જરા મુંઝવાઈ જોઈ રહી

"એવડું મોટું ઘર!" બે હાથ પહોળા કરી લટકો કરતાં તે બોલી, "અને બાપરે! કેટલા દહાડાનો કચરો! એને આપણે વાળવાનાં હતાં?"

"તો પછી મને જરા આડાં પડવા દેવું હતું, ને?" જરા કચવાટથી કહ્યું.

"હા," હાથ અને મોનો કોક ચાળો કરતાં તેણે કહ્યું, "અમે અહિંઆ બેસીએ, અને બેનબા પોઢે! જો વાત લાવ્યા છે,

હસતાં હસતાં મેં એને ટપલી મારી, તેણે મારો હાથ આમળ્યો. આમ પંદર વર્ષની વયે આઠ વર્ષની છોકરીઓ જેવું અમે તોફાન કર્યું.

અને પછી આવી ત્યારે કુંચી આપી એને મોકલી. "આપણે ચા પીને જઈશું!" નિરંજનાએ દરખાસ્ત કરી, ત્યાં તો કદાચ સાંજ પડશે; એલારપેલારની વાતો કરી, બે વાગે ચા બનાવી, પી, અમે ગયાં. પછી તો પરવારી ગઈ હતી. પણ અમારે નિરીક્ષણની ફરજ બજાવવી ખરી, ને! અમે કલાક આખા ઘરમાં ફર્યાં, હિંચકા ખાધા. અને પાછા આવ્યા.

અને બીજે દિવસે રમેશ એ ઘરમાં રહેવા આવ્યા.

મારે કહેવું જોઇએ, કે એમનું ઘર મારા ઘરની બરાબર સામેજ હતું.

× × ×

તે પછીનાં બે વર્ષ ખાસ નવાજૂની વગર પસાર થયાં. [illegible] જોવાને આતુર, કુશળ અને [illegible] અમારા નાનકડા સમાજને પણ નિરંજના અને રમેશ વચ્ચે કોઈ ખાસ [illegible] જેવું કંઈને સમજ્યું નહેતું.

રમેશને [illegible] મહેન્દ્ર સાથે [illegible] મહેન્દ્ર એમની [illegible] રહેતો હતો. એ [illegible] અને [illegible] એ મેળવતો રહેતો હતો.

બીજે વર્ષે મારાં અને મહેન્દ્રનાં માતાપિતાએ અમારાં વેવિશાળ ગોઠવ્યાં. તે વખતે હું સીક્સ્થમાં હતી. મહેન્દ્રની ઈચ્છા મુજબ અમારાં લગ્ન તો હું મેટ્રીક પુરી કરું પછીથી થવાનાં હતાં.

પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનાં આપણે ત્યાં મંથન ચાલે છે. એનાં એક પરિણામ રૂપે દરેક યુવાન અને યુવતી સંવનનની ઇચ્છા રાખે છે.

અમારી ન્યાત સુધરેલી ગણાતી, પણ છેલ્લા દસકાથી જે પ્રગટ સંવનન થાય છે—ભાવિ દંપતિ સાથે ફરવા જાય, એકમેકને છૂટથી મળે કે પ્રગટ પત્રવ્યવહાર કરે, એટલી હદ સુધી અમે નહોતા પહોંચ્યાં. અલબત્ત, વેવિશાળ નક્કી થતાં પહેલાં અમે બન્નેએ એકમેકને આઘેથી દીઠેલાં ખરાં, અને મહેન્દ્રના કોઈ સગાંને ત્યાં અમે એકવાર મળેલાં ખરાં. પણ અમારાં વેવિશાળમાં પશ્ચિમના પ્રણયીઓની માફક મુક્ત સંવનનની ભૂમિકા જરાએ રચાઈ નહોતી. પણ માનવહૃદય તો સદા સર્વદા સરખું જ હોય છે. સ્પષ્ટ અનુમોદિત પ્રગટ સંવનનને બદલે આંખઆડા કાન કરીને નભાવી લેવાતા ગુપ્ત સંવનનને સુમાર્ગે એ પોતાની ભૂખ સંતોષે છે.

ધીમે ધીમે રમેશને ત્યાં મહેન્દ્રે પગપેસારો કર્યો. અવાર-નવાર એમની બારી પાસે બન્ને બેસી વાતો કરતા, છતાં એમની નજર તો સામે આવેલા અમારા ઘર પર રહેતી. હુંયે કોઈ ને કોઈ નિમિત્તે બે-ત્રણ આંટા એટલે દેતી, અને અર્ધપળનાં શુભમિલનથી અંતરને ઠારી લેતા.

પણ વચ્ચે પીરી માર્ગ હોય, અને બે બાજુ ઉભેલાં પ્રણયીને નેત્રપત્રી કરવામાં કાવટ કેવી રીતે આવે ? શરૂઆતમાં અંતર ઠારતાં એ નેત્રમિલનથી તો મહિનામાસમાં ઉલટાનો વધારે અસંતોષ પ્રગટ્યો. પણ કુદરત અનુકૂળ હોય તો એનાંયે રસ્તા કાઢે છે.

એક નમતે પહોરે નિરંજના આરે ત્યાં આવી, અને સંગાથથી એક સીડી મરડાતી ગઈ. પછી તો અમારી ટપાલસાંકળ

નિયમિત કામ કરવા લાગી. મહેન્દ્ર—રમેશ–નિરંજના અને હું એમ એ સાંકળનાં અંકોડા અઠવાડીઆમાં એક બે વાર બન્ને બાજુથી કામ કરતા. આ રીતે અમો ચારની વચ્ચે સગપણ કે મૈત્રી કરતાં યે વધારે આત્મીયતાની ભાવના ઉદ્ભવવા લાગી.

અને પછી ?—પણ પ્રણયચર્યા તો ગુપ્ત જ હોય ને !

એ તમને કેમ જણાવાય ?–અને હું એ ભૂલકણી છું ને ! મારા સહેજ સ્નેહનાં સંભારણાંથી કેવી આડે રસ્તે જતી હતી ! આ લેખનનો હેતુ કંઈ મારી કથા કથવાનો નથી. એકબારી એ સુહાગી વાતમાં કહેવા જેવું યે કંઇ નથી, અને હોત તો પે એ તો આડકથા જ થાય. આપણે વાત તો નિરંજનાની કરવાની છે.

* * *

અમારા વચ્ચેનું દૂતકાર્ય એ લોકો ચલાવતાં હતાં, ત્યારે બે ચાર વાર મેં નિરંજનાને હસતાં હસતાં ટપારીને રમેશ વિષે પુછેલું. પણ કોઈક પુરૂષ પ્રકોપથી સળગતી હોય તેમ તેણે મુગ્ધ થઈને એમનાં સંબંધને નકાર્યો હતો. એવી માફકથી એક વાર એમણે એમના ભાવોને અમારાથી ગુપ્ત રાખ્યા હતા. કે મને તો એમ જ લાગેલું, કે એ બન્નેની વચ્ચે ભાઈ બહેનનો નિર્દોષ ભાવ જ હતો.

પણ મેટ્રીકનું પરિણામ આવ્યું, અને અમે બન્ને ફર્સ્ટ ક્લાસ થયા. પરિણામનો બેગો તાર મારે ઘેર આવેલો હતો, એટલે હું નિરંજનાને ત્યાં તેનું પરિણામ જણાવવાને ગઈ.

ગરજ, ભારે, વડીલો કોઇ પરમાર્થમાં બધિરની ભાગ [illegible] અનુભવતા હતા. પહેલી વધામણી તો નિરંજનાને મળવી જોઈએ ને !

તેથી હાંફતે પગલે દાદર ચડતી હું ત્રીજે માળ ગઈ. [illegible] [illegible] [illegible] આસમાન પર નજર નાખીને [illegible] [illegible] [illegible] [illegible] બેઠી હતી. [illegible] [illegible] [illegible] તેને [illegible]

પડ્યો હોય એમ લાગ્યું નહિ. છેલ્લે પગથીએ ચડી અને મેં બૂમ મારી—"નિરૂ!"

કૈંક ચોરતાં બાળક ઝલાય એમ છળી ગઈ તે મારી તરફ ફરી. એક પ્રયત્નથી સંયમ લાવતાં તે બોલી. "તું બહુ ખરાબ છે, અનુ, તેં મને ચમકાવી દીધી!"

પ્રયત્ને આણેલું આવકારનું સ્મિત તેના મોં પર હતું. પણ મારી ઝીણી નજરે તરત નોંધ્યું કે તે ઉદાસ હતી. લૂંછેલાં આંસુનાં તદ્દન આછા લીસોટા તેના ગાલ પર દેખાતા હતા. છતાં એ વિષે કૈં કહેવું તે તે વખતના સંજોગોમાં મને મુનાસીબ ના લાગ્યું.

કશું જાણે જોયું ના હોય તેમ મેં વધાઈ ખાધી, અને પછીથી અમે બન્ને સખિમંડળને સત્કારવાની તૈયારી કરવા માંડી.

પણ એ સત્કારની વિધિ દરમ્યાન નિરંજના આનંદમાં દેખાતી, છતાં મને તેનાં વર્તનમાં કૃત્રિમતા ભાસતી. ઘણીવાર તેની આંખો વિચારઘેરી બની જતી, અને કદીક ધ્રૂજતા નીચલા હોઠને તે બળથી દાબી દેતી.

પણ કાર્યસિદ્ધિના ઉત્સાહમાં આવા વિચારને ઓછો અવકાશ હોય છે. મેટ્રીકની મુશ્કેલ ગણાતી પરીક્ષા પહેલે વર્ગે પસાર કર્યાના આનંદમાં બીજા વિચારો રહે જ શેના? પહેલાં એને ત્યાં, પછી મારે ત્યાં અને બીજી સફળ બનેલી સખીઓને ત્યાં મળવામાં તે દિવસ નીકળી ગયો.

પણ બીજે દિવસે મેં જાણ્યું કે રમેશ હવે કાયદાનો અભ્યાસ કરવાની અમદાવાદમાં સવડ ન હોવાથી મુંબાઈ રહી ભણવાના હતા. આગલા દિવસે નિરંજનાનો વિષાદ આને અંગે જ હતી, ને.

પણ તેનું પેટ માપવાનાં મારાં પ્રયત્ન નિષ્ફળ ગયાં. અથવા કદાચ તે કહેતી તેમ એમની વચ્ચે કાંઈ નહિ હોય!

મેટ્રીક અમે પાસ કરી, પણ કોલેજનાં દ્વાર મારાં માટે નહોતાં સર્જાયાં. મારાં તો લગ્ન લેવાનાં હતાં, એટલે ગૃહિણી-પદની તાલીમને બહાને મારો અભ્યાસ બંધ કરવામાં આવ્યો.

ખરી વાત તો એ હતી, કે કન્યાઓને લગ્નબજારમાં ખપાવવાને જ કેળવણી અપાતી હતી. મારો ઉપાડ થઈ ગયો હતો. નિરંજનાનો બાકી હતો, એટલે તેણે મહિલા વિદ્યાલયમાં આગળ વધાર્યો. આમ અમારે મળવાનું ઘણું ઓછું થઈ ગયું, અને મારાં પોતાનાં સંવેદનોમાં હું વધું ઊંડી ઉતરતી ગઈ, તેમ તેમ દેવો પ્રસંગ સ્મૃતિશેષ જેવો બનવા લાગ્યો.

વાર તહેવારે અમે મળતા, એકબાર પેલારની વાતો કરતાં, અને રમેશની વાત નીકળે ત્યારે એ તે તો નફ્ફટ સ્વસ્થ જ રહેતી.

આમ છ સાત મહિના વીત્યા, અને માગસરમાં મારાં લગ્ન લેવાયાં.

એ વખતે મહેન્દ્રના આગ્રહથી રમેશ અમદાવાદ આવ્યા હતા, અને નવનીધગવજીને ત્યાં જ ઉતર્યા હતા. કોલેજને મળું હોવાથી એ મુલાકાત ટુંકી હતી, પણ થોડા દિવસમાં તો તે બન્નેનાં હૈયાનાં આગળા ઉઘડી ગયા.

વરસ પછી મારા ખોળામાં પડીને રડતા રડતા નિરંજનાએ કહેલી આ કથની છે. એમાં હું સાક્ષી નહોતી, છતાં એમાં અક્ષર હોવાનો સંભવ હું માનતી નથી.

રમેશ લગ્નને દિવસે વરનગરથી આવવાના હતા. પણ [illegible] જ દાપદીપનો તેમને ખૂબ શોખ હતો. તેમાં ભાગ લે અનુસાર થવાનાં હતાં. એટલે જરા મોડેથી એ [illegible] હતા. [illegible] કરવાની [illegible] નિરંજનાએ [illegible] કહ્યો [illegible] "[illegible]. લગ્નમાં [illegible] છે. [illegible] લગ્નમાં તો શું કે [illegible]!"

હાજરજવાબી રમેશે તરત જવાબ આપ્યો, "મારાં લગ્નમાં ? તેમાં તો તારે પસંદ કરવાનું રહેશે !"

નિરંજના જરા છોભીલી પડી ગઇ. છતાં તંત ચાલુ રાખ્યો. "તમારું લગ્ન ક્યારે છે ?"

"તારું થાય તે જ વખતે," રમેશે માર્મિક જવાબ આપ્યો.

શરમથી લાલ બની જઈને નિરંજનાએ આડું જોયું. "આવું તે શું બોલતાં હશો ?" તે મંદ સ્વરે બોલી.

રમેશે તેનું માથું ફેરવી મોં પોતાની સામે આણ્યું. "સાચું કહું છું," આંખમાં આંખ પરોવી, એટલું કહ્યું.

અને કોઇ અકથ્ય ઉર્મિથી નિરંજના દોડી ગઈ.

તે પછી જે ઝડપી ગતિએ એમનું સંવનન વધ્યું તેની વીગતો જણાવવી એ ઠીક નથી અને શિષ્ટ પણ નથી. એટલું જ જણાવવું પુરતું છે, કે રમેશ વિદાય થયા પહેલાં એકમેકને પરણવાના કોલ અપાઇ ચૂક્યા હતા.

પછી માર્ચમાં કોલેજો બંધ થઇ, અને રમેશ અમદાવાદ આવ્યા. એલ. એલ. બી. નું છેલ્લું વર્ષ હતું, એટલે મારા પતિ પાસે થોડોક અભ્યાસ કરવાનું બહાનું તેમણે કાઢયું હતું, અને નવનીતરાયને ત્યાં ઉતર્યાં હતા.

અલબત્ત અમને વહેમ તો હતો, પણ તે વખતે તો બન્નેયે એ વાતનો દૃઢતાથી ઇન્કાર કર્યો હતો, અને કદી જો મારે ઘેર બન્ને ભેગા થતાં, તો યે જાણે સામાન્ય ઓળખાણ હોય તેમ એકમેકથી અળગા રહેતા.

પોતાનાં લગ્ન થવામાં કાંઇ પણ વિઘ્ન આવશે એવી તેમને જરાએ શંકા નહોતી. પણ વૈવિધ્યાની ઉતાવળ નહોતી. કારણ કે વેવિશાળ જો થાય તો અત્યારે થતું સંવનન લોકાચાર પ્રમાણે ના થાય. એ સંવનનની મજા માણવા તેમણે પોતાની વાત સર્વથી છુપી રાખી.

પછી રમેશ ચાલ્યા ગયા અને બન્ને વચ્ચે પત્ર વ્યવહાર મારફત સંવનની ધારા મુક્ત પ્રવાહે વહેવા લાગી.

પણ તેમના આશાઆકાશમાં આછું એક વાદળું આ આનંદ અને ઉલ્લાસને લીધે ઝડપથી વિકસતા જતાં નિરંજ નારીત્વને લીધે તેના માતાપિતાએ તેને માટે યોગ્ય પ તપાસ શરૂ કરી દીધી હતી. અનેક યુવાનોની ચર્ચા તેના ઘ થતી, અને નિરંજના તે સાંભળીને સળગી ઉઠતી. કારણ કે એ વાર રમેશનું નામ પણ સૂચવાતું નહોતું.

પણ હજી કાંઈ નિવેડો આવ્યો નહોતો, કારણ કે અમ કુટુંબના કોઈના મરણનો શોક હતો. છતાં એટલું ચોક્કસ હ કે બીજા ઉનાળામાં એનું ચોકઠું ગમે ત્યાં બેસાડશે.

નિરૂ અને રમેશ વચ્ચે અમારાથી તો ગુપ્ત જ રીતે પ વ્યવહાર ચાલતો હતો. કોલેજના પટાવાળાઓ એવી સગ કરી આપતા હશે. નિરંજનાએ રમેશને પોતાના વેવિશાળ િ થતી સઘળી ચર્ચાનાં સમાચાર લખ્યા તો હતા. પણ નિરંજન એક ઉંડી શ્રદ્ધા હતી, કે માતપિતા જે પ્રેમથી તેની સ સદા વર્તતા, તે જોતા તેની અનુમતિ વેવિશાળમાં જરૂર મ આ શ્રદ્ધા અસ્થાને પણ નહોતી. છતાં હવે તેમનું લગ્ન વચન ગુપ્ત રાખવામાં તેમને જોખમ જણાવા લાગ્યું.

એટલે એલ. એલ.બી. ની પરીક્ષા આપી, રમેશ અમ આવ્યા, અને બન્ને પ્રેમિકોએ પોતાના આદર્શની સિદ્ધિ ચર્ચા કરી.

માતપિતાની બન્ને ધારણાઓ હતી, અને ઉભયને ખબર હતી કે તેમની આ ઇચ્છા આડે એકોના વડિલો આવશે નહિ.

નિરંજનાએ પહેલાં સૂચવ્યું, કે રમેશે પહેલાં પોતાનાં માતપિતાને પત્ર લખાવવો, અને એમાં આખી વાતનો ફોડ

સ્ફોટ કરવો. પણ રમેશે માન્યું, કે નિશ્ચિત આવી વસ્તુમાં કદાચ બહારનાંને નાંખવાથી વડીલોને ઠીક ન લાગે.

એથી પશ્ચિમની વાર્તાઓમાં આવે છે તેવું પગલું રમેશે શ્રદ્ધાથી ભર્યું. એણે ઘેર જઇને સીધો નવનીધરાયને પત્ર લખ્યો, અને તેમાં નિરંજનાના હાથને-માટે માંગણી કરી.

ઉભય પ્રેમીને ભાન જ નહોતું, કે તેમની ઇચ્છા આડે સહસ્રો વર્ષથી રોપેલી વજ્રઝાડ ઉભેલી હતી.

નવનીધરાયને પત્ર મળ્યો. તે વાંચી ને તેમણે તરત યશોદા ફોઇને ઉપર બોલાવ્યાં. પત્રની વાત જાણવી નિરંજના કમારનીયે સાવધ હતી. તે હળવે પગલે અડધી સીડી ચડી, અને સરવા કાનને માતપિતાની વાત સાંભળવા સજ્જ કર્યા.

"રમેશનો કાગળ આવ્યો છે." નવનીધરાયે કહ્યું.

"હા, સાજો સમો તો છે, ને ?" યશોદા ફોઇએ પૂછ્યું.

"હા, પણ આમાં એક વિચિત્ર વાત છે."

"શી ?"

"તે નિરંજના સાથે પરણવા માગે છે."

"એ કેમ બને ?" યશોદા ફોઇ પુકારી ઉઠયાં. "એ તો આપણાં પિત્રાઇ થાય !"

"હારેઠો." નવનીધરાયે કહ્યું. "એ જ મોટો વાંધો છે, ને !"

"અરેરે," જરા દીલગીર થતાં હોય એમ યશોદા બોલ્યાં, "છોકરો સારો, ઘર સારું, મનુભાઈ પણ ના ના પાડે અને બન્ને ને ગમે છે પણ ખરું. પણ શું થાય ?"

"એ જ છે, ને." નવનીધરાયે નિઃસાસો મૂક્યો. "આજ કાલનાં જુવાનીઆ, દેશકાળનું ભાન ન રાખી, આંધળીયા વિચાર

કરે. હવે બન્નેને ખરાબ લાગશે. વાત આટલી વધી જશે એવે મને યે ખ્યાલ નહોતો."

"પણ હવે ?" યશોદાએ પૂછ્યું.

"કશું નહિ. આ ના બને." નવનીધરાયે ફરમાવ્યું.

માતાને ઉપર બોલાવી ત્યારે નિરંજનાના હૈયામાં આનંદના ઓઘો ઉછળ્યા હતા. તેને એમ જ લાગેલું, કે સામાન્ય દૃષ્ટિએ સ્તુત્ય આ સંબંધથી આનંદ પામી, પિતા માતાને બોલાવે છે. તેથી માત્ર આતુર હૃદયની ઉત્સુકતાને આનંદનાં સમાચાર શાંત કરવા પૂરતી એ તો દાદરમાં ઊભીઊભી ચર્ચા સાંભળતી હતી. પણ જ્યારે એણે આ સાંભળ્યું, ત્યારે એ નવલાં નિશ્ચયી હૈયું એનું દબાઇ ગયું, અને પિતાના છેલ્લા શબ્દોએ આશાના કિરણોને હુકમ ફરમાવ્યો, ત્યારે તેના હૃદયના બંધ તૂટવા લાગ્યાં. માત્ર એક ડૂસકું દાબી, તરબતર ખાના દેહને મનોબળથી માંડ ટકાવી ઉતાવળે પગલે તે દાદર ઉતરી ગઇ, અને ખડકીની એક [illegible] પર ઢગલો થઇને બેસી ગઇ.

સામાન્યતાને ભોળાપણાને લીધે જડ જેવા લાગતા [illegible] કૌઇને કાંઇ વહેમ ગયો. તેમણે ઊંડા દાદરમાં નજર કરી. [illegible] નિરંજના તો ઉતરી ગઇ હતી.

"આજે ને આજે જવાબ ના લખશો," તેમણે [illegible] સૂચના કરી, અને ધીમે પગલે દાદરો ઉતર્યાં.

ખડકીમાં બેઠેલી નિરંજના પર આછી નજર [illegible] દીઠું ન દીઠું કરી તે અંદર ગયાં, અને પુત્રીનું ધ્યાન [illegible] બેઠેલા કાંઇ પર કામ કરવા લાગ્યાં.

[illegible] ને લીધે તેઓ આવાસોમાં [illegible] હતા. [illegible] પત્રોમાં રોકાતા હતા. [illegible] [illegible] ની [illegible] રહેતી.

મધરાતની લગભગ યશોદા ફોઇએ ઉઠીને નિરંજનાને આછો સાદ કર્યો. વિચારભાર અને મુંઝવણથી નિંદ્રા ગુમાવી બેઠેલી નિરંજનાએ જાગતાં છતાંયે ઉંઘવાનો ડોળ કર્યો. કુદરત કેવી કેવી લુચ્ચાઇ માણસ જાતને શીખવે છે! છેતરાયેલી માતા પછી નવનિધરાયની પાસે ગઇ, અને ખાટલાની પાંગતે બેસી બોલી, "જાગો છો, કે?"

વૃદ્ધ વયની આછી નિંદ્રામાં સરવા પડેલા નવનીધરાય જાગી ઉઠયા. "શું છે?" તેમણે ધીમેથી પુછયું.

"મને લાગે છે, કે નિરંજનાએ બપોરે આપણી વાત સાંભળી છે," યશોદા ફોઇએ કહ્યું.

"એમ?" જરા તીખાશથી નવનીધરાયે કહ્યું.

"હા, પણ તેમાં એનો શો વાંક?" દીકરીના બચાવમાં માએ કહ્યું. "જુવાન છોકરાંઓને આવી જીજ્ઞાસા હોય પણ ખરી. પણ મને લાગે છે, કે તેને બહુ લાગ્યું છે. આખો દિવસ તે વિચારમાં બાવા જેવી દેખાતી હતી, અને મોંઢા પર શોકની આછી છાયા હતી."

"પણ શું થાય?" નવનીધરાયે જવાબ આપ્યો, "આઘાત છે, તે લાગે. પણ આપણી નિરૂ સમજણી છે. એની ઝાઝી ચિંતા ન કરીશ."

"ના, એમ તો મને ફીકર નથી," યશોદા ફોઇએ કહ્યું, "પણ તમે જરા નરમાશથી કામ લેજો."

બીજે દિવસે નવનીધરાયે નિરંજનાને બોલાવી, આખી વસ્તુસ્થિતિ સમજાવી. ધર્મ, આચાર, ન્યાતની રૂઢી આ લગ્નની વિરુદ્ધ હતા, એ વિગતની આગળથી તેમણે દિલગીરી સાથે દર્શાવ્યું, અને પોતાના હૃદયને કઠણ કરવા સલાહ આપી.

પછી નવનીધરાય મનવંતરાયને મળવા ગયા. ખૂબ સંકોચનાથી અને ચતુરાઇપૂર્વક તેમણે આખા પ્રસંગની ચર્ચા કરી અને

રમેશને તેના પિતાએ સમજાવ્યું, કે રૂઢી, કાયદો અને સમા[illegible] તેમના લગ્નની વિરૂદ્ધ હતાં.

અજબ પરિસ્થીતિ ઉભી થઈ હતી. બન્ને પ્રણયીના [illegible] તેમના વડીલોનો સ્નેહ અપાર હતો એ સ્પષ્ટ હતું. તેમને સુખી જો[illegible] એ તે વડીલોની આકાંક્ષા હતી. તેમની ઇચ્છા ન પૂરવાથી એમને ખુ[illegible] દુઃખ થતું હતું. પણ જીવનભરની માન્યતાઓ અને ખરા હૃદ[illegible] માનેલા સિદ્ધાંતોને અવગણવાનું બળ જીવનની આખર અવસ્થા[illegible] તેમનામાં નહોતા. તેમજ સમાજને અનુકૂળ થઈ ગયેલાં જીવન પલટો દેવાનું પણ તેમનાથી શકયજ નહોતું. સમાજમાં મેળવેલ પ્રતિષ્ઠા ગુમાવવાનો ડર પણ હતો. આથી જો આ અંતરાય ના હોત તો જે લગ્નને બન્ને આનંદથી અનુમોદન આપત, તેની આ[illegible] તેમણે સ્નેહ, કર્તવ્ય અને આમન્યાની આણ મુકી દીધી.

સંતાનોને દુઃખી કરતા તેઓ દુઃખી થયેલા એ નાર્[illegible] હતું. નિરંજનાના પિતા તો પદર દિવસમાં પાચ વર્ષ વધુ ઘરડા થયા, અને તેની માતાએ તો મહિનાની પથારી ઝાલી. [illegible] ચાર દિવસ તો ભોજનને પાણુ કેરયુ હતું. જીવનમાં કદાચ એમણે સમાજ સામે બંડ કરવાના સ્વપ્ને આણેલાં નહિ. એટલે એ બન્ને તો સર્વાંશે લાચાર જ હતા.

પહેલા તો પ્રણયીઓના હૈયા પોતાને લાગતા [illegible] ચાર સામે ઉકળી ઉઠયાં. પણ વડીલોના વાત્સલ્યભર્યાં [illegible] તેમજ તેમને દવેલા [illegible] દર્શનથી શરૂઆતમાં તો તેમના મનમાં પણ સ્વાર્થત્યાગની ઘેલછા [illegible] ગઈ! [illegible] દુઃખ [illegible] એક પ્રસંગે [illegible] [illegible] [illegible], એ પ્રમાણે એ [illegible] [illegible] [illegible] [illegible] એક પ્રસંગનું આવાહન તેમણે [illegible].

[illegible]
[illegible]

વિહારને લીધે એ ભાવનું ઉર્ધ્વીકરણ થયેલું યે કદીક તો લાગે. ચિત્તને અન્ય વ્યાપારમાં રોકતાં એ ભાવ નષ્ટ થયા લાગે. પણ હૃદયનાં વ્રણ રૂઝવતો સમય આવા પ્રસંગોમાં વણરૂઝ્યા વ્રણોને ઉખેળે છે. નિરાશાના આઘાતની જડતા સમય જતાં નાશ પામે છે, સ્વાર્પણનું ઉત્તેજક ઘેન સમય જતાં ઉતરી જાય છે, અને પલટાઇ ગયેલા કે નાશ પામેલા લાગતા ભાવો ફરી પાછા સજીવન થાય છે.

આમ આ બન્નેના ઉરમાં બે માસના ઓટ પછી ફરી પ્રણયની ભરતી આવી. આશાનું કોઇએ ચિહ્ન નહોતું. છતાં યૌવનનો આશાવાદ રેતીના પાયા પર પણ ભવ્ય ઈમારત રચી શકે છે. નિરંજનાની માન્યતા હતી, કે માતપિતા આખરે અનુકૂળ થશે. રમેશની તો શ્રદ્ધા હતી, કે અટવાવતી આ રૂઢીજાળમાંથી છટકવાનો કોઈ રસ્તો મળી આવશે, અને ઉભય એમ ધારતાં હતાં, કે સમય વીતતાં સઘળું સમું થશે.

આમ આશાનાં અંકુરો ફરીથી વિકસવા માંડતાં તેમની વચ્ચેનો પત્રવ્યવહાર ફરીથી ગુપ્તપણે શરૂ થયો.

પણ કોઇ અકસ્માતથી આ પત્રવ્યવહારની વાત એમનાં વડીલોએ જાણી. વડીલોએ માનેલું, કે બાળપણનો આ ભાવ તરંગ-જન્ય આવેશ જ હતો, અને સમયના વહેવા સાથે અને એમનો સહવાસ નષ્ટ થતાં એ આપોઆપ શાંત થશે; અને જગતમાં બને છે તેમ ધીમે ધીમે મન મરતાં, વળતાં, ઉભય પ્રેમીઓ અન્ય-પાત્રને પ્રણયસ્થાન બનાવીને ભૂતનાં સ્મરણોમાંથીયે દુઃખજ્ઞાન નિચોવી લેશે. પણ આ સ્થિતિ લાવવા માટે ઉભય વચ્ચેનો સર્વ સંબંધ દૂર કરવાને માટે તો જાપ્ત દાબ એ જરૂરનું હતું. આથી રમેશને તેના પિતાએ પેઢીના હવાલાની કામગીરીમાં નાંખ્યો હતો, જેથી તે રીતે ત્યાંથી અમદાવાદ ન આવી શકે. વળી 'જવાં મનનાં નબળાં મળ્યાં માટે અભ્યાસમાં મન રોકવે ધીમે

ધીમે આવા તરંગો વીસારે પડશે એમ ગણેલું. નવનીતલાલે પણ તેથી નિરંજનાને વિદ્યાલયમાં મોકલવાનું જારી રાખેલું, પણ જ્યારે તેમની આ બધી ગણત્રી નિયમિત પત્રાલેખનથી ઉંધી પડતી તેમને લાગી ત્યારે વધારે કડક અને આગ્રહ વલણ લેવામાં આવ્યું. ઘરકામને મિષે પછી તો નિરંજનાને અભ્યાસ છોડવો પડયો, કારણ કે યશોદાફોઇએ અણકહ્યા કો વ્યાધિનું સરળ શરણ સ્વીકાર્યું, અને આખો દિવસ દીકરીને પરિચર્યામાં ગુંથી રાખવા માંડી. પણ નારી કરતાં નરને સ્વાતંત્ર્ય વધારે સાધ્ય છે, તેથી રમેશ પર કાઇ એવા બંધનો મુકી શકાયાં નહિ.

પણ બીનઅનુભવી યુવાનો કરતાં જમાનો ખાઈ પચાવી ગયેલા વૃદ્ધોમા કાર્યશક્તિ વધારે હોય છે. ધીમે ધીમે એવું બન્યું કે રમેશનો એકકે પત્ર નિરંજનાને મળતો નહિ. નિરંજનાને તો પત્ર લખવા જવલ્લેજ લાગ મળતો, છતાં કદીક કદીક એ લખતી તોયે તેનો જવાબ આવતોજ નહિ. એમેક માસ આમ વીતી ગયા ત્યારે ગુપ્ત રાખેલી પોતાની પ્રેમકથાનો ઇતિહાસ નિરંજનાએ રડતાં રડતાં મને કહી સંભળાવેલો.

એ અરસામા મારા પતિ બેંગ્લોરની વિજ્ઞાનસંસ્થામાં વિશેષ અભ્યાસ કરવા ગયા હતા, એટલે એમની સલાહ કે મદદનો અમને આધાર નહોતો. બીનઅનુભવી અમે બાલિકાઓ આ નિરાધારીમાં શું કરીએ એ પ્રશ્ન હતો. છતાં મેં આશ્વાસન આપ્યું, અને મેં પોતે રમેશને આગ્રહ અને ઠપકા ભર્યો પત્ર પાઠવ્યો. એમણે બુદ્ધિમત્તાથી સરનામું મેં મારા નામનું કરાવ્યું હતું, જેથી ફુઆ આગળ હવે એ પત્ર અટકાવશે નહિ.

પણ ચોથે દિવસે એ પત્ર પણ વણફોડેલો પાછો આવ્યો. ઉપર માત્ર એટલું જ હતું—'ધણી નથી.'

ફરી એમેક વાર મેં પત્ર લખ્યા. ફરી ફરીને એ જ જવાબ કે પત્ર પાછા ફરતા હતા.

એમ ચારેક માસ ગયા. હવે રમેશને મેળવવાની નિરંજનાની સૌ આશા અવસાન પામી, અને પિતાની શોકભરી અને માતાની આક્રંદભરી દશા સહન કરવાને અસમર્થ તેણે નસીબને આધીન થવા અનુમતિયે આપી દીધી. હિંદુઓની કહેણી છે, ને કે “દીકરી ને ગાય, દોરે ત્યાં જાય!” એમ હતાશ થઇને તેણે માતપિતાની ઇચ્છા મુજબ પોતાનું બલિદાન દેવા તૈયારી દેખાડી દીધી.

અને કર્તવ્ય કર્યાથી કોઇક અનેરી શાંતિ અંતરમાં જન્મે છે, તેથીજ કદાચ આ નિર્ણય પછી નિરંજનાના મુખ પર શાંતિ વિલસતી હતી, અને ધીમે ધીમે વચ્ચે કરમાતાં મંડેલું તેનુ શરીર ઠેકાણે આવવા લાગ્યું.

પ્રણયપાત્રની અવગણના છતાં આટલી સરળતાથી હૃદય સિંહાસન પરથી તેને ઉખેડી ફેંકી દેવાય અને તેનાં નામોનિશાન પણ સદંતર ભૂંસી નંખાય એ મારાથી સહન ન થયું, અને તે પરથી મેં પે નિરંજના સાથે હળવું મળવું સાવ ઓછું કરી નાખ્યું.

અને તેથી મારા પતિ પરપ્રાંતથી પાછા આવ્યા ત્યારે આ કડવો પ્રસંગ તેમને સંભળાવવાની સ્મૃતિ મને જરાયે ન હોતી રહી. લગ્ન પછીના સહજીવનમાં પડેલા અંતરાયનો પુરો ખંગ વાળવાના કાર્યમાં મશગુલ હું હતી, અને તત્કાળ તો મારા પતિ ખૂબ વ્યવસાયમાં મગ્ન હતા. વારંવાર નજીકના ગામે કામ-કાજે સંચરતા. આ બધા અમારા સહજીવનમાં આવતા અંતરાયો પણ નિરંજના પરત્વેની મારી ઉદાસીનતાનું કારણ હતા.

છતાં વાત પહેલી ખરી. એમણે સાહજીક પૃચ્છા કરેલી અને મેં ટૂંકમાં આખી વાત સંક્ષિપ્તમાં સંભળાવેલી. એમણે સાંભળી કહેલું, કે ‘ઘણી વખત યૌવનના ઉન્મ સમયે ઉપજેલો આવો ભાવ પ્રેમ કે મોહ હોતો નથી. એ માત્ર નવલિકા કે કાવ્ય વાંચીને ઉપજેલી કલ્પનાએ મન રમાડવા ઉભુ કરેલું એક

જાતનું રમકડું છે, પછી તેમાં માનવીની અહંતા એ રમકડાંનિ ચેતન અર્પી પ્રેમ માનવા લલચાય છે. તેમાં એને પરસ્પર સાથે પ્રસંગ પાડવાની અનુકૂળતા મળે તો એ અહંતા મમત્વનું રૂપ ધારણ કરે છે. પછી જો અંતરાયો આવે તો તેજસ્વી હૃદયની એ મમતા જીદનું રૂપ ધરે છે, અને એમ માત્ર મનોવિલાસને હૃદયંગત પ્રેમ માનીને વળગી રહેવાનું જોમ આપે છે. પણ એ જેમ ઓસરતા, કલ્પનાએ રચેલા એ ભીંતચિત્રોનાં ચિત્ર ધીમે ધીમે અદૃશ્ય થાય છે, અને જરાએ દુઃખ વિના માનવી નવાં રમકડાં તરફ વળે છે. નિરંજના અને રમેશનો આવો પ્રસંગ આવ્યો છે, એવી મારી માન્યતા છે." અને એમના આ વાક્યો મને સર્વાંગે સાચાં લાગ્યાં.

અને એવામાં જ નિરંજનાના વેવિશાળનું નક્કી થયું. અને પછી એની બાબતમાં અમને જરાએ રસ ના રહ્યો.

પણ આજે જ્યારે જાણ્યું કે તેના લગ્ન લેવાયા છે, ત્યારે સગપણને દાવે, નાનપણાના સહીપણાના સ્મરણો ખાતર, અને નિરંજના આ સમાચારથી કેવા ભાવ અનુભવશે, એવા કૌતુકથી હું એને ત્યાં ગઈ હતી અને ત્યાં તો મેં જોયું કે નથી, અદકું એ જૂના ભાવો હજી જીવતા જાગતા હતા, અને એને છેલ્લાં તદ્દન વિમારી હતી તેને લીધે ગતપરનો નિરંજના પણ સહકાર્યા સાથે જોગો મળ્યો, અને દયા અને દુઃખ થયું મારું હૈયું ભારે બન્યું.

પણ નિઃસહાય આમ નારીઓની મહકંપામાં [illegible]? [illegible] [illegible] [illegible] તેમાં [illegible] [illegible] [illegible] [illegible] રમતા હતા?

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નાખ્યું. [illegible] એવામાં [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હું તેમને [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible]

ધ્યાનમાં એ હું ચૂકી, અને એમણે બારણું ઠોક્યું ત્યારે સફાળી ચોંકી ઉઠી.

બારણું ઉઘાડી તેઓ અંદર આવ્યા. રોજની ટેવ પડેલી એટલે યંત્રવત્ મેં ઉઠીને કપડા બદલવામાં તેમને હાથ આપ્યો, હાથપગ ધોવડાવ્યા ને વાળુની તૈયારી કરી.

વાળુ પત્યું અને એ ઉઠ્યા અને રોજ પ્રમાણે ઝુલે બેઠા, ઠીકણુંકણુ પુરૂં કરીને હું પણ દીવાનખંડમાં ગઈ.

કુતૂહલથી એમણે પૂછ્યું, 'કેમ, આજ તબીયત ઠીક નથી?'

મને જરા આશ્ચર્ય થયું, 'તબીયત ? કેમ આવો સવાલ ?'

સહેજ હસીને તેમણે કહ્યું, 'આજ રોજનો ઉમંગ નથી. રોજ ઓટલે દર્શન થતા, આજ ઘરમાં બેસી રહી. રોજ સ્મિતથી સત્કારતી, અને આજ મનમાં જાણેઉંડું શલ્ય કૈંક ખૂંચતું હોય તેમ મોઢું ભારે લાગે છે. વાળુ વખતે પણ હળવો વિનોદ આજે તો ગેરહાજર હતો.

ઝીણી ઝીણી વિગતો જોવાની વિજ્ઞાનીની ટેવ તેમણે ઘરસંસારમાં યે પેસાડી. મને સહેજ હસવું આવ્યું

'ઘેર આવો ત્યારે વિજ્ઞાની મટતા હો તો ?' સહેજ કટાક્ષથી મેં કહ્યું.

'ચાલો, ત્યારે એમ કરીએ.' સહેજ હસીને એ બોલ્યા, "વિજ્ઞાનને તરછોડીને કવિતાનો આશરો લઈએ.' અને તેમણે ગાવા માંડ્યું:—

"આવ્યો આષાઢ માસ આભમાં છવાયાં,
આંસુડે નીર કો ભીંજવ્યા, સુહાગી દેર !
એવાં શા આજ, રાજ, માથા ઉતારી ?"

મારું હસવું માયું નહિ. 'બસ કરો, બસ કરો,' હાથમાંનો રૂમાલ મેં તેમના પર નાખતા કહ્યું, 'કરમો આના લાજતા નથી !'

'આ ગરબો છે ?' જાણે અજાણ્યા હોય તેમ તેમને પુછ્યું, 'મેં તો જાણ્યું હતું કે રાસ હશે!'

'રાસ અને ગરબામાં શો ફેર ?' મેં હસતાં હસતાં પુછ્યું.

'એમ ? લો, ત્યારે ગીત ગાઈએ.' તેમણે ચલાવ્યું.

'ઉર બોલ સખે–મુખ બોલ સખે–હૈયાકું કયું દુઃખ લાવત હૈ ?'

અને આટલું બોલતાં તે હિંચકેથી કુદકો મારી મ. પાસે આવ્યા, મને બે હાથમાં ઉપાડી લીધી અને...પછી હિંચકે બેસાડી બોલ્યા, 'મનચોરી ક્યારથી શીખી છે?'

'મનચોરી શેની ?'

'તો ખોટું ખોટું હસી મનના ભાવ કેના છુપાવે છે?'

તેમણે મારો હાથ આમળવા માંડ્યો, 'બોલી નાંખ. શું છે ? મને ના કહેવાય એવું તો નથી ને ?'

"છોડો—હાથ તુટી જશે,' મેં કહ્યું અને એમના હાથે બચકું ભરવાનો ડોળ કર્યો.

એમણે હાથ છોડી દઇ ને મારું મોં પકડી લીધું. "બોલું છે, કે કાન આમળું ?"

કૃત્રિમ ભાવાવેશ કેટલી વાર ટકે ? મેં તેમના [illegible] માથું નાખ્યા થોડુંક રડી લીધું.

હવે એ ખરેખર ચોંક્યા ! મારો વાંસો પંપાળતા તેમને કહ્યું, "શું છે આવું ! આટલું બધું ?"

મનનો ઉભરો શાન્ત થતાં સુધી હું પડી રહી. [illegible]

[illegible]

ચિંતાભારે આંખો રોવા છતાં ધીરજથી તે મારી વાટ જોઇ રહ્યા હતા. મેં તેમના ખોળામાં હાથ મૂક્યો. તેમણે તે પંપાળવા માંડ્યો.

—અને મેં લાગણીથી છલકાતાં સ્વરે નિરૂની ખરી લાગણી. અને તેના દેખાદાટ રૂદનની વાત તેમને સંભળાવી.

સુણતાં સુણતાં તેમનું મુખ ગંભીર બનતું ગયું, અને વાત પુરી થયા પછી, પાંચેક મિનિટ તે ઊંડા વિચારમાં બેસી રહ્યા. પછી બોલ્યાઃ "તારી વાત પરથી તો એક વસ્તુ નિશ્ચિત થાય છે. નિરંજનાને તો રમેશ પર એવો ને એવો ઉત્કટ પ્રેમ છે."

મેં અનુમતિ દર્શાવી. "બીચારી એતો ઝૂરે છે," દયા દાખવતાં મેં કહ્યું, "એનું કશું થઇ શકે એમ છે ?"

બે મિનિટ એ મૂંગા રહ્યા. "રમેશ પર સઘળો આધાર છે. આવાં છાનગપતીમાં કરે એટલે આપણને શી ખબર પડે ? કેટલીય વાર મેં પુછ્યું હતું, પણ દરેક વખત તે નામુકરર જતો.. અને વરસથી કાગળ નથી, ને ?

"ના," મેં જવાબ આપ્યો.

"તો પછી શું થઇ શકે ? જે કરવાનું તે એને કરવાનું છે"

પણ મને રમેશમાં શ્રદ્ધા હતી." રમેશભાઈના ઉલ્લા કાગળો નિરંજનાના કહેવા પ્રમાણે પ્રેમ અને નિશ્ચયથી પૂર્ણ હતા.. આ તો બન્નેનાં કાગળ પર સખત જાપતો રખાયો છે, અને નિર્મળા ઉપર તો અખંડ ચોકી બેસી છે. કોને ખબર કેટલા કાગળો અધવચ્ચે રોકાયા હશે."

મેં લખેલા પત્રોની અને તેના ઘરેલા દેરજની વાત પછીથી. મેં તેમને કહી. વિચારપેરી તેમની આંખોમાં તરતા ભાવોમાં. એ વાત સંભળતાંથી કોરતા આવી, તેમના હોઠ જરા ભીડાયા. "એમ ?" તેમણે કહ્યું, "ત્યારે તો આ પ્રકરણોને જુદા.

પાડવાનું કાવતું છે ! ઠીક. " બોલી ફરી પાંચ પળ એ વિચારમાં ગૂંથાયા.

પોતાને કહેતા હોય તેમ પછી એ ધીમેથી બોલ્યા, " આટલે સુધી વાત આવી પણ બેરફુરોએ કહ્યુંયે નહિ. બહુ ડાહ્યા બહુ ખરડાય." તેમણે દીલગીરીથી ડોકું ધુણાવ્યું, "જરાકે પહેલાં જણાવ્યું હોત— "

મારા મનમા આશા બંધાય. પોતાની બાબતમાં જ મસ્ત પારકી બાબતમાં કદીક જ તે માથું ઘાલતાં. પણ જ્યારે એ મન પર લે ત્યારે અધરી વસ્તુઓ અને અટપટા કોયડાઓનો નિકાલ લાવી પછી જ જંપતા. મેં તેથી વચ્ચેથી કહ્યું. " હશે, હવે મેં જાગ્યા ત્યારથી સવાર ગણીએ. હજી નિરંજના પરની નથી, તે !"

ધીમેથી ડોકું ધુણાવી તેમણે કહ્યું, " એનું લગ્ન કયારે રાખ્યું છે ? "

મેં દિવસ જણાવ્યો. " આઠ જ દિવસ !" એજ હવે એમણે કહ્યું. " બહુ ટૂંકો વખત."

પણ એમને હું છેતરતા હઈશ એમ કયાં હતી ? કોઈ[illegible] સમજ્યા કર્યા વગર એટલું તો હું સમજી ગઈ, કે કોઈ [illegible] યોજના તેમના મનજમાં રમી રહી છે. અને મારી એ વિર સખિની આશાનો છેલ્લો આધાર આમ જતા હું દઈશ જ કેમ ?

આનંદથી મેં તેમના હાથ મારા હાથની પકડમાં, [illegible] પરોવી અને કહ્યું, " ના—એક પ્રયાસ તો કરો જ પ[illegible] થાય નહિ તો મારે ખાતર !"

પ્રિયતમના આવા વેણ પ્રિયતમ કદી કહેતી હશે ?" એ[illegible] એટલું બધું બને છે ? " એમણે મમતાથી પૂછ્યું.

" ના બને ? " તેમના ખોળામાં માથું મૂકી દઈ, [illegible] મેં કહ્યું, " [illegible]

અમારો સંબંધ વધારે રહ્યો છે.' એ બીચારીને આજે સગાં બધાં શત્રુ થયાં છે, ત્યારે મારા વિના કોણ છે? અને મારે તમારા વિના કોણ?"

મારા વાળની લટ જોડે પાએક ઘડી તે રમી રહ્યા, પણ યંત્રવત એ રમત હતી. મનમાં તો બીજા વિચારો દોડધામ કરતા લાગ્યા.

"એતો ખરું, પણ શું થાય?" તેમણે ઉકેલ્યું સુણાવી દીધું

"તમે ધારો તો બધુંયે થાય!" મેં પોરસ ચડાવવા માંડ્યું. "તમારાથી અશક્ય કશુંયે નથી."

ખુશામદ ખુદાને પ્રિય હશે. પ્રિયતમાની આવી પ્રશંસાથી પુરુષોની છાતી ફુલતી હશે. પણ મહેન્દ્ર તો હસી પડયા. "મસ્કો છાંટવાની જરૂર નથી. અનુ! પણ તું ધારે છે એટલું આ કામ સહેલું નથી."

"સહેલું હોત તો અમારાથી થયું જ નહોત?" હું એમને કેમ છટકવા દઉં! "અઘરું છે માટે તો તમારી ગરજ કરવી પડે છે ને!"

ફરીથી હસી પડયા. 'વનિતાનાં બધાંયે શસ્ત્ર સરસ રીતે તું વાપરે છે-રુદન, યાચના, સમજાવટ, ખુશામત, અને આખરે આવો છણકો. બોલ હવે કોઈ શસ્ત્ર બાકી છે?"

એમના હળવા થતા મદિલા સ્વરથી મને આશા બંધાની હતી. "હા, છે. પણ તે હજી કદી વાપર્યું નથી. વાપરવાની ગરજ પડી નથી.",

"કયું?" તેમણે પુછ્યું.

"આલિંગન." મેં સહેજ કટાક્ષથી કહ્યું, "અને પછી ચિમકાર!" એટલું બોલી અવાજ બદલી મેં કહ્યું. "પણ હવે મશ્કરી રહેવા દો, ને! આ કામ કરવાનું છે, તમારે જ કરવાનું છે. પછી વિમાસણ શાની હોય?" વાતાવરણ જરા શાંત થયું. "ઠીક" તેમણે પ્રેમે કહ્યું, "કાલે વાત. આજે બહુ મોડું થયું છે."

"ના; કાલે વાત નહિ," મેં તંત પકડી રાખ્યો. "કાલે તો કામ શરૂ કરવાનું!"

"રાણીજીની આજ્ઞા કે ઉલ્લંઘાશે?" તેમણે મસ્તી માંડી. "તમે કહો છો તે કબુલ."

પછી પારકાંના વિચારો અમારાંથી અળગાં થયાં.

(૬)

બીજી સવારે તેમણે મને પુછ્યું. 'રમેશ ક્યાં હશે?'

"છ મહિના પર તો તેમના પિતાશ્રી પાસે હતા." કહ્યું. "અને કદાચ હજીએ ત્યાં હશે. પણ એના પર પત્ર લખ તો એને મળશે ખરો?"

"ના," તેમણે કહ્યું. "છતાં એને બોલાવવો તો પડે જ ને!"

પછી તે બહાર ગયા. બે કલાકે પાછા આવ્યા. "રમેશ બોલાવ્યો છે." તેમણે મને સમાચાર આપ્યા.

હું નવાઈથી જોઈ રહી. 'પણ મનુકાકા કેમ આવવા દેશે?' મેં શંકાથી પુછ્યું.

એ મુછમાં હસી પડ્યા. 'મનુકાકા જાણે તો ને! મેં તો રમેશની બહેન ઉપર આનો સંદેશો મોકલ્યો છે, અને મનુકાકા ને નામ તો મુકામ બાબત મોકલ્યો છે. હવે કે પાંચ દિવસે રમેશ અહિં આવ્યો જાણો."

મારું હૃદય આનંદથી ધબકી ઉઠ્યું. એમની કાંઈ હિંમત! અને એટલી ખબર હતી કે આ વાતને નહિ માનવાનો વિચાર કરવો આવે નહિ. "હું આજે નિરાંતે કહીશ." મેં ઉત્સાહથી કહી નાંખ્યું.

તે એકદમ ગંભીર બની ગયા. "ના, એને કંઈજ કહેતી નહિ," ચેતવણી આપતા હોય તેમ હાથ ઊંચા કરી તે બોલ્યા, "રમેશ આવે ત્યાં સુધી કશુંએ કહેવાનું નથી."

"કેમ?" જરા ગુંચવાતાં મેં પુછ્યું.

"રમેશની ઈચ્છા નાયે હોય." તેમણે મુદ્દા કહેવા માંડયા. "કદાચ તેની હિંમત ના ચાલે. સમય ઓછો છે, તેથી કદાચ આપણી તૈયારી ઓછી પડે. આ સંજોગોમાં એનાં મનમાં ખોટી આશા ઉભી કરવી, અને પછીથી નિરાશ કરવી એ આઘાત કેમ કરી અપાય?"

હું એમનો મુદ્દો સમજી. છતાં મારાં નારીહૃદયને બબ્બે દિવસ આવું રહસ્ય અંતરમાં દાટી રાખવું કેટલું મુશ્કેલ પડયું હશે, તે સર્વે નારી સમજી શકશે.

(૭)

ત્રીજા દિવસની બપોરે રમેશનો તાર આવ્યો. તે રાતની ગાડીએ અમદાવાદ આવતા હતા.

મારા પતિને મેં ખબર આપ્યા. અને રાત્રે તે ગાડી પર ગયા. મોડી રાતે બન્નેની વાટ જોતી હું બેસી રહી હતી, ત્યારે એ એકલાજ આવ્યા.

"રમેશ ક્યાં છે? નથી આવ્યા?" એ કપડાં ઉતારે તે પહેલાં અધિરાઈ અને આશંકાથી ઉભરાતા હૃદયે શબ્દ કાઢ્યા.

"આવ્યો છે," તેમણે કહ્યું. "મેં એને ધરામાં ઉતરવાની ગોઠવણ કરી આપી છે"

"આપણે ઘેર,—?" મેં સાશ્ચર્ય પ્રશ્ન પૂછ્યો.

સદા સ્વસ્થ તેમના ચહેરા પર જવલ્લે જ દેખાતો કંટાળો અત્યારે ચોખ્ખો દેખાતો. "હું માનતો હતો," તેમણે કહ્યું,

" કે રમેશ થોડો વેદીયો છે. પણ તારી પાસેથી થોડી વધારે અક્કલની આશા મેં રાખી હતી."

કદી ન સુણેલાં આવાં વેણ હું જરા છોભીલી પડી ગઈ, પણ વાતને પલટો આપતાં મેં કહ્યું, " તેમણે હા પાડી ?"

બે જ પળમાં એ કંટાળો એમના મુખ પરથી અલોપ થયો. આરામ ખુરશીમાં બેસીને પગ લંબાવી તે બોલ્યા, " હા. હવે કેટલુંક સમજી લઈએ, અનુ. હવે તારે જ ખરી કામગીરી બજાવવી પડવાની છે, માટે એક ધ્યાનથી સાંભળ."

એક આસનીયું ખેંચીને હું તેમના પગ પાસે બેઠી.

" જો, જે કામ આપણે ઉપાડયું છે, તેમાં જરાએ ઢીલ થાય એ લગારે પોષાય નહિ. એક જ ભૂલ જો આપણે કરી તો કદાચ આખી રમત મારી જાય."

પુરેપુરૂં સમજ્યા વગર હું તદ્દન ગમાર બની ગઈ, તેમણે આગળ કહ્યું, " નિરંજનાનાં માતપિતામાં આખરની ઘડીએ કૈં હૃદય પલટો થાય એવી આશા તમે રાખતા નથી, ને ?"

" ના," મેં ખાત્રીથી કહ્યું

" તો પછી જો નિરંજનાને રમેશ સાથે પરણવું હોય તો પોતે ઘર છોડી દેવું, અને રમેશની સાથે ચુપચુપ પરણી જવું એ જ એક રસ્તો છે, !"

" હા," મેં કહ્યું, " એ સિવાય કૈં રસ્તો નથી."

" ઠીક," તેમણે આગળ કહ્યું, " હવે નિરંજનાને પગ રાજખુશીથી કે સહેલાઈથી નીકળવા દે એવું તું માને છે ?"

હવે હું એમના સવાલો અને વર્તનનું હાર્દ સમજી.

" ના," મેં કહ્યું, " એટલું જ નહિ, પણ જો એ જરા પણ અનુસારે. હવે તો નિરંજનાને સમજાવું એ મારે હાથ

તેમના મુખ પર સ્મિત આવ્યું. "હવે તેં જાતે વિચારવા માંડયું, ખરૂં." તેણે કહ્યું, "હવે રમેશ આપણે ત્યાં હોય તો એ જણાયા વગર રહે ખરૂં?"

"ના," મેં જવાબ આપ્યો, "એટલું જ નહિ, પણ પછી તો આપણા પર પણ વહેમ આવે, અને આપણાથી યે કશું કામ થઈ શકે નહિ."

"બરાબર છે." તેમણે કહ્યું, "માટે જ મેં રમેશ માટે શહેર બહાર પરામાં ઉતરવાનું ગોઠવ્યું છે."

× × ×

બીજી સવારે તેમણે પોતે ઘડેલી યોજનાની મને સમજ પાડી.

જે વખતે આ પ્રસંગ બન્યો તે વખતે અમદાવાદમાં જાહેર કે ખાનગી મોટરો હતી નહિ. ધનાઢયોનો વૈભવ પણ ઘોડાગાડીથી દર્શાવાતો.

આ સમયે સ્નેહલગ્નો તો યુવક-યુવતીની કલ્પનામાં જ હતાં અને માતપિતાની અનુમતી વગરનાં ભાગેડું લગ્નો તો કદાચ એકાદ બે થયા હોય તો કોણ જાણે. આથી આવાં લગ્નોમાં સરળતા પડે એવી સંસ્થાઓ હતી જ નહિ. સીવીલ લગ્નનો પ્રચાર પણ ઓછો હતો.

એટલે અમારે બધી રીતે અમારી મેળે જ ફોડી લેવાનું હતું.

આથી એમની યોજના એવી હતી, કે નિરંજના જો આ રીતે લગ્ન કરવા રાજી હોય તો નિર્ધારિત કરેલે સમયે તેણે ઘર છોડી દેવું અને એને વાહનની સગવડ કરી આપવામાં આવે તેની મદદથી નક્કી કરેલાં ત્રણેક સ્થળમાંથી જે તે વખતે અનુકૂળ લાગે ત્યાં ચાલી જવું. એક વાર એ કામ બન્યું એટલે પછી રમેશને ત્યાં રજુ કરીને પરણવાં લગ્ન કરી નાંખવાં.

વાત આમ દેખાવે તો સાદી સુતરી હતી, પણ લક્ષ્મી ધમાકવાળા ભર્યાભાદર્યા ઘરમાંથી કન્યાને જ ખસેડવી એ જેવી તેવી વાત નહોતી. ધીમા વાહનોનાં તે જમાનામાં કન્યાને ખસેડ્યા પછી ગીચ વસ્તીવાળા લત્તાઓમાંથી છુપી રીતે નસાડવી એ પણ ઘણું મુશ્કેલ હતું. તે પછી પણ લગ્નવિધિ પતી જાય ત્યાં સુધી ગુપ્તતા જાળવવી, એ કદાચ એથીએ દુષ્કર હતું.

મેં આ મુસીબતોની વાત કરી. "બધું થઈ રહેશે," મહેન્દ્રે માત્ર ટુંકામાં કહ્યું. "પહેલાં તો નિરંજનાનું મન જાણવું જોઈએ."

"તેનું મન?" મેં કહ્યું, "અરે, તે તો આ સાંભળી ગાંડી થઈ જશે!"

"ના," મારા પતિએ કહ્યું, "એવું પણ બને કે તે કદાચ ના પાડે."

"શા માટે?"

"એની હિંમત ચાલે નહિ. પોતાનાં કુટુંબ જોડેના બધા સંબંધો એકદમ તોડવાનું કામ ગમે તેના હૈયાને ધ્રૂજાવે એવું છે. તેની ઈચ્છા માટે મને શંકા નથી. પણ એકલી ઈચ્છાથીજ કામ સરતાં નથી. હિંમત, દૃઢતા અને સમયસૂચકતા અને નિશ્ચય—જ્યારે તો આવતાં બધાં પરિણામો સહન કરવાની તૈયારી—આટલી વસ્તુઓની જરૂર છે. માટે પહેલાં તો તારે એને મળીને આ મુદ્દો નક્કી કરવાનો છે."

"વારુ, હું અત્યારેજ ઉની ઉની જઈ આવું છું." મેં અત્યંત તત્પરતા દેખાડી.

ફરીથી મહેન્દ્રનું સ્મિત તેમના હોઠ પર અને આંખોમાં રમી રહ્યું.

" આવી ગંભીર વાતની ચર્ચા કરવા માટે એકાંત અને ફુરસદ જરૂરનાં છે. તું માને છે, કે એ ધમાલભર્યાં ઘરમાં આવાં એકાંતની જરાએ અનુકૂળતા હશે, અને નિરંજના સવારના પહોરમાં વાતો કરવાને નવરી હશે ?"

" તો શું કરવું છે ?" કામનાં કપરાપણાનો વધારે ખ્યાલ આવતાં મેં પુછ્યું.

તેમણે એક નાનકડી ચીઠ્ઠી મારી સામે ધરી.

" જો, રમેશ અમદાવાદ આવ્યો છે, તે કદાચ કોઈએ જોયું હોય. તેનાજ ડબ્બામાં ન્યાતના એક વૃદ્ધ સજ્જન હતા, અને તે નવનીધરાયનાં નાનપણનાં ગોઠીયા છે. સ્ટેશન પર પણ સંભવ છે, કે અમને કોઇએ દીઠા હોય. આમ હશે તો તારા પર પણ શંકાની નજર રહેશે.

" આથી નિરંજના સાથે વાતચીતની તક ના શોધીશ. એથી વહેમ વધારે મજબુત થાય. માત્ર રમેશની આ ચિઠ્ઠી સિફતથી તેને પહોંચાડજે."

" એમાં એને સૂચનાઓ આપી છે ?" મેં અમસ્તું જ પુછ્યું:

" ના, એની ઇચ્છા પૂછી છે. એ એકવાર હા પાડે, તોજ કામ આગળ ચાલે, ને! એ હા પાડે, પછીજ જે જે મિત્રોની મદદની જરૂર લાગે તેમની સાથે વાત કરાય."

" પણ દિવસ બહુ ઓછા છે," મેં ચિંતા દર્શાવી. "હવે અમને ચાર જ દિવસ રહ્યા, અને જે થાય તે આવતી કાલે કે ...ને, એટલે આપણી પાસે તો ત્રણજ દિવસ છે."

તે વિચારમાં પડી ગયા, પણ 'થઈ પડશે', એટલું જ કહ્યું.

મેં ચીઠીને સ્વસ્થાને એક સાધ સફેદ રૂમાલમાં વીંટી ... તેને પરશાળમાં બેસી, નિરંજનાને ત્યાં ...

"યાદ રાખજે," હું નીકળતી હતી તે વખતે એમણે ફરીથી સૂચના આપી, "તારી જુમ્મેદારી મોટી છે. તારા પર શક ના જાય તે સંભાળજે."

"જરૂર, જરૂર," મેં ખાત્રી આપી.

"અને એક વાત તને પૂછવાની," હજી રોકી તેમણે પુછ્યું "આ પ્રસંગને અંગે તારા પર કદાચ બદનામી આવે, બધાં સગાઓ શત્રુ થાય, એ તો લગભગ ચોક્કસ છે. આપણે સફળ થઈશું તોયે આપણને જરા ઓછો જ મળશે. અપજશ તો મળવાનો જ છે. આ સર્વ માટે તારી તૈયારી છે, ને, ખરું?"

એક પળ અમારી આંખો મળી. ઉત્સાહથી મેં જવાબ આપ્યો. "તમારી જોડે તો નહિં બગડે, ને!"

સહેજ હસી તેમણે કહ્યું, "ના!"

હું યે હસી. "તો પછી બીજાનું મારે કામેય શું છે?" અને તેમને એક સખ્તી ટપલી અડાડી હું દોડી ગઈ.

× × ×

નિરંજનાને ઘેર તો ખૂબ ધમાધમ હતી. તે સવારે માતૃકા-સ્થાપન કરવાનું હતું, એટલે ચોક અને પરસાળ ઓવમંથી ભર-ચક હતો. વળી ઘરના ખંડેખંડમાં ઓળખીતી વસ્તી હતી. એકાંતની જરાએ આશા આજે તો સંભવતી નહોતી.

મારે તો ઘરનું લગ્ન હતું, એટલે ત્યાં પહોંચતાં જ હું સમારંભની તૈયારીની વિવિધ ક્રિયામાં ગૂંથાઈ ગઈ, અને એ રીતે ઘરમાં ઘુમતાં, ઉપરની એક નાની મેડીમાં બેઠેલી નિરંજના પર મેં તેજ એ ગલીમાં કંઈક ફેરવવાને વિષે હું ગઈ ત્યારે તેની પાસે બેઠેલી તેની નણંદ બેન્ને હાથ ભેગા નીચે મોઢાંને પાસે રાખે પેઠે કેમ ય નિરંજનાના કાનમાં મૂકે. હાય આતો જ તેમ કામ છે એ એવો સમજી ગઈ.

જોકે પ્રારંભિક તૈયારી વગર આવી વસ્તુની આશા તેણે રાખી નહોતી. પળવાર એણે માન્યું, કે કનકગાયે કદાચ આમ પ્રેમ બતાવવા પ્રયત્ન કર્યો હશે. આછો અણગમો તેના મુખ પર આવી ગયો. ' કોણ, કનક ? ' તેણે પુછ્યું.

એક ખાલી ડબ્બો જોરથી અફાળી બંધ કરતાં ધીમે સાદે મેં કહ્યું, ' રમેશ! '

અને લજ્જાની એક સુરખી અને આશાની એક લહેરી તેની મુખમુદ્રા પર ફેલાયાં. ઝડપથી વસ્ત્રમાં તેને છુપાવતાં એક આછો નિઃશ્વાસ તેના મુખથી સરી પડયો. ' આટલા મોડા કયાં જાગ્યા ? ' અસ્ફુટ સ્વરથી તે બબડી.

એટલામાં નીચેથી મારા નામની બૂમ આવી. "આવું છું," એમ ઝટ જવાબ દઇ, જાણી જોઇને બારણા સાથે અફળાઇ બે ચાર સુણાવતાં ધીમેથી મેં તેને કહ્યું " જવાબ ? "

ત્યાં તો તેની બહેન આવી. નિરંજનાને પળભર બ્હીલી કોઇ મુકે એમ લાગતું નહિ. કાગળ વાંચવાને માટે એકાંત તે કયાંથી મેળવશે ?

કશું જ બન્યું ના હોય તેમ નીચે જઇ સમાવહાલાં અને મહેમાનો મારેનાં સવારના લઘુભોજન માટે રસોડાઓને મિજવસ્તુ આપવામાં હું ગુંથાઇ. પંદરેક મિનિટ પછી નિરંજના ધીમેથી દાદરો ઉતરી પાયખાના તરફ વળી. મારા હૃદયમાં ઉદ્વેગનો-પરાધીનતાના રોગનો એક ઉછાળો આવ્યો. એકાંત મેળવવા માટે કેવો રસ્તો તેને લેવો પડયો !

દશેક મિનિટ તે અંદર રહી. પછી બહાર આવીને તેણે હાથ, પગની સાથે સાથે મોઢું પણ ધોઇ નાંખ્યું. છતાં પત્ર વાંચીને રડી હશે એ તો એનાં પોપચાં અને નાકનાં ટેરવા પરથી જણાઇ આવતું.

તે ઝટપટ દાદર ચઢી ગઈ, અને માથું દુઃખવાને બહા[illegible] એક ચટાઈ પર ચાદર ઓઢી સુઇ ગઇ.

પછી સર્વા સાગલાં પતાવીને અમે લઘુભોજન માટે બે[illegible] ત્યારે શિર દુઃખવાનું બહાનું કાઢી એ નીચે ઉતરી નહિ. એ[illegible] આગ્રહ કરવાને મિષે હું ઉપર ચડી. પણ ત્યાં તો યશોદા દે[illegible] ઘસવાનો બામ લઇને એની પાસે આવી પહોંચ્યા, અને એ[illegible] મેળવવાની અમારી યોજના ધુળમાં ગઇ.

પ્રણયમાર્ગમાં આવાં કેવાં કંટકો વિધાતા વેરતી હશે?

માતા પાસે બામ લગાવી, નિરુ નીચે જમવા ઉતરી અ[illegible] કદાચ આવતો હોય તેમ આછું આછું જમી. પછી અમે સૌ[illegible] હાથ ધોતાં હતાં, ત્યાં પડખે ચઢીને બબડી, 'સાંજે આવજે[illegible] અનુ!" સાંજે નહિ આવવાની જ હતી, પણ તેના આ શબ્દે [illegible] હું જવાબનો સંકેત સમજી.

પછી ચોકમાંની સીડી પાસે હું લગીરેક ઉભી રહી, [illegible] ધીમે પગલે તે સીડી ચડતાં મારે ખભે હાથ દઇને [illegible] "આટલો વખત શું કરતાં હતા? ઠીક, એ તો!" [illegible] કોઇ સુણે તો એ શબ્દોનો જુદો અર્થ તરત ઘટતી [illegible] પણ મને તો કાગળનો એમાં જવાબ મળેલો લાગ્યો.

[illegible] મિનિટ હું ઉપર ચડી. પરગામનાં સગાંઓ [illegible] એવી નિરુને કહ્યું, 'જાઉં છું. સાંજે આવીશ!" જવાબ [illegible] તેને માત્ર 'વારુ' એમ કહ્યું. પણ ચેહરાનો જવાબ [illegible] તેને હજાર કહી ગયો.

[illegible] હું ઘેર આવી, અને મારા પતિને સપના[illegible] કર્યા. એમાં મોહનો રંગ હતા. તે અનુમોદન આપતી હ[illegible]

સાંજે ફરી હું એને ઘેર ગઇ. કોઇને આ વારંવારની [illegible] [illegible] ન લાગે. કારણ કે હવે તો આખો દિવસ [illegible] [illegible] હતી.

તે સાંજે મોડે અમે દરેક પળ એકાંતની મેળવી. પ્રસંગ પ્રસંગે પહેરવાનાં તેના વસ્ત્રાલંકારો ગોઠવવામાં તેણે મારી મદદ માગી, અને આ કાર્યમાં વચ્ચે આટલું એકાંત મળી ગયું. "મહેન્દ્ર?" એટલો અધુરો સવાલ એણે પુછયો. "સોએ ટકા—" મેં પણ હુંકારી જવાબ આપ્યો. "વારૂં, ત્યારે!" એણે એટલું જ કહીને કોઇનો પગરવ સંભળાતાં ફરી કામમાં ચિત્ત પરોવ્યું.

હવે તો અમને ખાત્રી થઇ. મોડી રાત્રે મહેન્દ્રને મળી મેં સઘળી વાત કરી, અને તેજ રાત્રીએ અમે બન્ને એ આખી યોજના સમજી લીધી.

× × ×

બીજે દિવસે શુક્રવાર હતો. રવિવારે સાંજે તેનાં ગોધૂલિક લગ્ન હતાં. શનિવારની રાત્રીમાં તેણે પલાયન કરવું જોઇએ.

શાહિબાગના કોઇ મિત્રના ઉનાળાની રજાને અંગે ખાલી [..]ડેલા બંગલાને અમારા મિત્રે માગી લીધો હતો, અને ત્યાં [શ]નિવારે રાત્રીએ રમેશ અસારવાથી જાય એવી વ્યવસ્થા હતી. [..]। જ લગ્ન માટેની સઘળી વ્યવસ્થા તે રાત્રીમાં જ ગોઠવી [..]ાની હતી.

શનિવારની રાત્રી બારે નિરંજનાની જોડે ભાગવી, એવું [..] નક્કી કર્યું. આથી એને હિંમત રહે, અને જરૂર પડે હું [..]કરું. બીજે દિવસે વહેલી પરોઢથી મદદાતી અને બીજી [..]ઓની દરમ્યાન થવાની હતી. એટલે એ નક્કી હતું કે [..] સર્વે માણસો તમામ દિવસની ધમાલથી થાક્યાં દસ [..]્યે સુઈ જશે. બધાં ઝંપ્યાં લાગે ત્યારે મધ્ય રાત્રીને સુમારે [..]કોઇ મિત્ર ફરતી અમે બે સખીઓએ ઓટલે આવવાનું [..]રના ઘરમાં કમ્પાઉન્ડમાં ઓટલથી જ જવાનું એટલે [..]ના તો સહેલું હતું.

તે ઝટપટ દાદર ચઢી ગઈ, અને માથું દુઃખવાને બહાને એક ચટાઈ પર ચાદર ઓઢી સુઇ ગઇ:

પછી સગાં સાગવાં પતાવીને અમે લઘુભોજન માટે મોડું ત્યારે શિર દુઃખવાનું બહાનું કાઢી એ નીચે ઉતરી નહિ. એને આગ્રહ કરવાને મિષે હું ઉપર ચઢી. પણ ત્યાં તો યશોદા ફોઈ ધસવાનો બામ લઇને એની પાસે આવી પહોંચ્યા, અને એકાંત મેળવવાની અમારી યોજના ધૂળમાં ગઇ.

પ્રણયમાર્ગમાં આવાં કેવાં કંટકો વિધાતા વેરતી હશે?

માતા પાસે બામ લગાવી, નિરૂ નીચે જમવા ઉતરી અને કટાળો આવતો હોય તેમ આછું આછું જમી. પછી અમે સૌ હાથ ધોતા હતા, ત્યાં પડખે ચઢીને ગણગણી, 'સાંજે આવજેને, અનુ!" સાંજે તહિં આવવાની જ હતી, પણ તેના આ શબ્દોમાં હું જવાબનો સંકેત સમજી.

પછી ચોકમાંની સીડી પાસે હું લગીરેક ઉભી રહી, અને ધીમે પગલે તે સીડી ચડતાં મારે ખભે હાથ દઇને ગણગણી, "આટલો વખત શું કરતા હતા? ઠીક, એ તો!" કદાચ કોઇ સુણે તો એ શબ્દોનો જુદો અર્થ તરત ઘટાવી શકાય. પણ મને તો કાગળનો એમાં જવાબ મળેલો લાગ્યો.

[illegible] મિનિટે હું ઉપર ચડી. પરગામના સગાથી વીંટાયેલી નિરૂને કહ્યું, 'જાઉં છું. સાંજે આવીશ!" જવાબ [illegible] તેને માત્ર 'વારૂ' એમ કહ્યું. પણ [illegible] જવાબ [illegible] તેને હકાર દર્શાવ્યો.

હળવે હૈયે હું ઘેર આવી, અને મારા પતિને સઘળી હકીકત કહી. એમાં મજાનો રસ હતો. તે અનુમોદન આપતી હતી.

સાંજે ફરી હું એને ઘેર ગઇ. કોઇને આ વર્તણૂંકની [illegible] [illegible] ન આવે, કારણ કે હવે તો અમારો નિયમ [illegible] [illegible] હતી.

/

તે સાંજે માંડ અમે દશેક પળ એકાંતની મેળવી. પ્રસંગ પ્રસંગે પહેરવાનાં તેના વસ્ત્રાલંકારો ગોઠવવામાં તેણે મારી મદદ માગી, અને આ કાર્યમાં વચ્ચે આટલું એકાંત મળી ગયું. "મહેન્દ્ર?" એટલો અધુરો સવાલ એણે પુછ્યો. "સોએ ટકા–" મેં પણ ટૂંકાક્ષરી જવાબ આપ્યો. "વારૂ, ત્યારે!" એણે એટલું જ કહીને કોઇનો પગરવ સંભળાતાં ફરી કામમાં ચિત્ત પરોવ્યું.

હવે તો અમને ખાત્રી થઇ. મોડી રાત્રે મહેન્દ્રને મળી મેં સઘળી વાત કરી, અને તેજ રાત્રીએ અમે બન્ને એ આખી યોજના સમજી લીધી.

× × ×

બીજે દિવસે શુક્રવાર હતો. રવિવારે સાંજે તેનાં ગોધૂલિક લગ્ન હતાં. શનિવારની રાત્રીમાં તેણે પલાયન કરવું જોઇએ.

શહિબાગના કોઇ મિત્રના ઉનાળાની રજાને અંગે ખાલી પડેલા બંગલાને અમારા મિત્રે માંગી લીધો હતો, અને ત્યાં શનિવારે રાત્રીએ રમેશ અસારવાથી જાય એવી વ્યવસ્થા હતી. ત્યાં જ લગ્ન માટેની સઘળી વ્યવસ્થા તે રાત્રીમાં જ ગોઠવી દેવાની હતી.

શનિવારની રાત્રી મારે નિરંજનાની જોડે ગાળવી, એવું અમે નક્કી કર્યું. આથી એને હિંમત રહે, અને જરૂર પડે હું મદદ કરૂં. બીજે દિવસે વહેલી પરોઢથી ગ્રહશાંતી અને બીજી વિધિઓની શરૂઆત થવાની હતી. એટલે એ નક્કી હતું કે ઘરનાં સર્વે માણસો ત્રણત્રણ દિવસની ધમાલથી થાકેલાં દસ સાડા દસે સુઇ જશે. બધાં ઝોખાં લાગે ત્યારે મધ્ય રાત્રીને સુમારે અમે તે ગોઠ મિત્ર કહાડી અમે બે સખીઓએ ઓટલે આવવાનું હતું. નિરના ઘરમાં પાયખાનામાં ઓટલેથી જ જવાતું એટલે આપું ફિર તો સહેલું હતું.

એના ઘરથી પોળ નાકુ પચાસ કદમ દૂર હતું. અને નાકાની બન્ને બાજુ મકાનોની પછીતો હતી. એવું અમે નક્કી કર્યું કે મારા પતિએ રાત્રે કોઇ સ્નેહીને લેવા જતા હોય એમ સ્ટેશન પર જવું. છેલ્લી ગાડી સાડાઅગીયારે આવે છે, એ વખતે નક્કી કરેલી બે ઘોડાગાડીઓ સ્ટેશન પરથી લાવવી. એકમાં એ બેસીને પોળનાકાથી ત્રીસેક કદમ દૂર ઊભી રાખે. બીજી ગાડી પોળનાકે ઉભી રહે.

એ ગાડીની ઘંટડી એ અમારો સંકેત હતો. એ સાંભળતાં મારે નિરૂની સાથે નીચે ઉતરવું, અને નિરૂએ ઝટપટ એ પચાસ કદમ વટાવીને આગલી ગાડીમાં બેસી જવું. પાછળ નાની રાંકા બને તેટલી મોડી ઉઠે, એ માટે મારે તો ફરી બારણું અટકાવી ઉપર ચડી જવાનું હતું.

નિરૂ ગાડીમાં બેસે એટલે મારા પતિવાળી ગાડી પાછી ચાલે, અને તેની ગાડી આગળ જાય. આડાઅવળા ફરી લઇને એકાદ કલાકમાં તો તેઓ શાહિબાગ પહોંચી જાય.

પછી પરોઢના ચાર વાગે ગમે તે બહાનું કાઢી મારે પોતાને ઘેર જવાનું હતું. અને ત્યાંથી મારા પતિની એ.ડી.સી.ને પગારવાળાને સાથે લઇ સ્ટેશન પરથી ગાડી કરી શાહિબાગ પહોંચવાનું. આ રીતે સૂર્યોદયે એમના લગ્નમાં હું હાજરી આપું. સંકેતો અજવાળાં પડે, અને કદાચ કોઇને વહેમ આવે તો એ લગ્ન વખતે રહેવાનો બોજ મારે જતો કરવાનો.

[illegible] ભગિનીનો [illegible] પણ મેં પતિ સાથે [illegible] [illegible]. "વનીતા જાગતાં હોય છે, પણ સપનાં નથી હોતાં," તે [illegible] મેં પૂછેલું ત્યારે તેમણે મને જણાવ્યું હતું. 'રમેશ, નિ[illegible] [illegible] છે પણ એ એમાંથી કોને પણ [illegible] [illegible] [illegible] છે તો એ નિત્ય [illegible] છે. અને [illegible] તો [illegible] નિર્મિતીને [illegible] નહિ. [illegible]

કે ગમે તેવા નિષિદ્ધ લગ્ન પણ એકવાર ક્રિયા કરવાથી પછી ફોક કરાતા નથી. એક વાર હૈયનિ હાથમાં લઇને એ બે જણાએ મારા જેવાની મદદ માંગી હોત, અને સપ્તપદીના સાત પગલાં લીધા હોત, ચાર મંગળફેરા, ફરી નાખ્યા હોત તો પછી કશુંએ થાત નહિ." અને નિરૂને અશાઢ પુરાં થયાંજ હતા. એટલે કાયદાની કોઇએ બારીકી એમને નડતી નહોતી.

શુક્રવારે સવારે ફરી હું નિરૂને ઘેર ગઇ. દિવસે અમારી યોજનાની ટુંકી રૂપરેખાવાળી એક ચીઠ્ઠી આગલા દિવસ પ્રમાણે નિરૂને મેં સેરવી દીધી.

તે આખો દિવસ નિરૂ કુદરતી ઉલ્લાસમાં હતી, અને બપોરે યશોદા ફોઇએ એ વસ્તુ મનમાં નોંધેલી. આગલે દિવસે સવારના માગું દુઃખવાને મિષે એ ખાવા નહોતી ઉતરતી, ત્યારથી યશોદા ફોઇનું મન ચિંતાથી ઘેરાયું હતું. પણ આજ તો એમને હૈયે ધરપત હતી. સાંજે જરાક નવનીધરાય નીચે પાટ પર બેઠાં હતાં. સગા સાગવાં ન્યાતમાં બીજે લગ્ન હતું ત્યાં ગયા હતા. નિરંજના પણ બહેનો સાથે એ લગ્નમાં ગઇ હતી. માત્ર હું કાંઇ કામને અંગે જરા રોકાઈ હતી.

તે વખતે યશોદા ફોઇએ નવનીધરાયને વધામણી આપી. "આજ નિરૂ આનંદમાં છે. કાલે મને ભય લાગ્યો હતો, કે જૂનું ભૂત હજી મનમાં છે."

નવનીધરાયે નિરાંતનો નિશ્વાસ મૂક્યો. "હું તો માનતો હતો જ, કે એવા જુવાન મનનાં તરંગો અનુભવ વધતાં ઉડી જાય છે. ચાલો, જે થયું તે ઠીક જ થયું."

પરસાળમાંથી મેં આ શબ્દો સુણ્યા, અને મને જરા હસવું આવ્યું.

તે રાત્રીએ જમતી વખતે કપડાં બદલવાને માટે હું એક પેટી લઇ બેઠી. ખાલી આખી જાર દેમાં નિરંજનાએ ફૂલ કપડાં સેરવી દીધા હતા.

આમ શુક્રની રાત્રીએ અમોને અમારા કાર્યમાં ક્યાંએ અંતરાયો દીસતા નહિ. આ અહેવાલ સાંભળીને રમેશે બીજો આખો દિન કેવા ઉલ્લાસમાં ગાળ્યો હશે ?

શનિવારે સવારનાંજ યશોદા ફોઇ પાસે સિફતથી એમને ઘેર રહેવાની માંગણી મેં કરાવી લીધી, અને બપોરે ચાર વાગે પતિ પાસેથી રજા લઇને, છેલ્લી સૂચનાઓ સમજી લઈ, કોઈ આફત આવી પડે તો કેમ વર્તવું તે નક્કી કરી, હું નિરંજનાને ઘેર ગઈ.

હું પહોંચી ત્યારે નિરંજના ચોકમાં પાટ પર બેઠી હતી. મને જોતા તેનો નયનોએ આછો મુંગો પ્રશ્ન પૂછ્યો. 'સબસલામત' ની સીગ્નલ મેં આંખ અને ડોકથી આપી, અને ઉજાસના કિરણ ભાવ તેના મુખ ઉપર અંકાયા, આંખોમાં અનોખું તેજ આવ્યું. પછી તેની દષ્ટિ ઘર પર જાણે ફરી વળી. જે ઘરમાં અઢાર વર્ષ ગાળ્યાં તેની જાણે છેલ્લી વિદાય તે લેતી હોય તેમ એક આછો નિસાસો નીકળી ગયો, આંખના ખૂણામાંયે આવ્યું આંસુ સરકી ગયું. પણ મોં પરનો આનંદ જરાએ ઓછો થયો નહિ.

પછી તેને પીઠી ચોળી. તે વખતે તેના મુખપર અવિધ આનંદની દિપ્તી હતી. સમવયસ્ક સાહેલીઓની મર્માળી નર્મોક્તિઓ શરમાતાં અને હસતાં હસતાં તે ઝીલી રહી હતી.

અરે, આ પીઠી તો અમારના લગ્નમાં એ ચોળતી હતી, ને!

એમ કરતાં સંધ્યાકાળ આવી. વધૂ વેશમાં દીપતી નિરંજના માતા પિતાને પગે લાગી, સહીઓરોને સાથે લઈ માતાનાં દર્શન કરી આવી. એ વખતે હું ઘર કામમાં ગુંથાયેલી હતી, અને આવતી [illegible] વરરાજાને ત્યાં મોકલવાની ધમાલમાં હતું. જાણે [illegible] હતું. આથી જ્યારે હું નિરાંતે બેઠી ત્યારે [illegible] ક્યાંય પત્તો લાગ્યું નહિ.

એમ કરતાં રાત્રીના આઠ વાગ્યા, રાત્રીના જમણ માટે હું તૈયારી કરતી હતી, ત્યાં અચાનક નિરૂ આવી. એપળનું એકાંત મળતાં 'ચારજ કલાક !' એવું વદી, સકરૂણ સ્મિત કરી જતી રહી.

તે પછી ઓટલા ઊપર સગાં વહાલાંનાં જમણ પર દેખરેખ રાખતી હું બેઠી હતી. નિરૂ પણ કોઇ કામ ન હોવાથી ઓટલે આવી ઊભી હતી. ત્યાં પોળના નાકા પાસે બેચાર ગાડીઓ આવી, અને એમાંથી બહારગામનાં મહેમાનો ઉતરવા લાગ્યાં

રાજવંશી કો પરોણા હતા. સ્ટેશન પર એમને લેવાને ગયેલા સંબંધી આવ્યા, અને અમુક ગઢના રાજકુમાર અને અમુક સુબા કે પ્રધાન એમ ઉતારે જતા એ લોકની અમને ઓળખ આપવા લાગ્યા. તે લોકોને ઊતારે પહોંચાડીને નવ વાગે તે ગર્વ ઉછળતા આવી પહોંચ્યા. મહેમાનોને આવતાં જોઇ–ઓટલે આવી ઉભેલા યશોદા ફોઇને તેમણે કહ્યુ, " નિરૂ નસીબદાર છે. આવા રાજવંશી પરોણા કોના લગ્નમાં આવે છે ? હજી તો કાલે બીજા આવશે. " અને તેમણે ચાર પાંચ નામાંકિત વ્યક્તિનાં નામ ગર્વથી અમને સંભળાવ્યાં.

કાલે કેવો રૂઆબ થશે એવા ખ્યાલથી જરાક હસતું મને આવી ગયું, પણ તે દાબી નિરૂ ઊપર આ સંબોધનની અસર નોંધવા મેં આડી નજરે જોયું.

ઉંઘમાં ચાલતો કોઇ માણસ ખાડાની ધાર સુધી ચાલી આવે, અને અચાનક આંખ ઊઘડતાં પગ પાસેની ઊંડી ખાઇથી ડરી ઊઠે, તેમ તેના મુખ ઉપર કોઇ અનામી આઘાતની પીળી છાયા પથરાઈ હતી. આખું અંગ આખું ધ્રુજતું હતું, અને કપાળે પરસેવાનો રેલો ઠરી ગયો હતો.

અચાનક જ તમ્મર આવ્યાં હોય તેમ તે બેસી પડી, અને મોં ફેરવીને બ્હાર ગઇ.

અનામી કોઇ ચિંતાએ મારા મનમાં ઉચાટ મૂક્યું.

અડધે કલાકે સ્વસ્થ થઇ તે પાછી આવી, અને કામની ધમાલમાં મેં એના ભાવને વિશ્વાસુ પિતા માતા ને દેશના છેહને લીધે ઉત્પન્ન થયેલા માની લીધા.

દસ વાગ્યામાં સૌ પરવાર્યાં, અને સવારના ચાર વાગ્યામાં ઉડવાનું હોવાથી સૂતા.

આગલી મેડીની પાસેના ખંડમાં મારી અને નિરંજનાની પથારીઓ નાખેલી હતી. પડી પડી હું ભદ્રમાં થતાં પા પા કલાકે બજતા ઘડીઆળના ટકોરા ગણતી હતી.

અમારા ઘરની ઘડીઆળ પણ ટક ટક કરતી સમય સરતા જતા પ્રવાહને સુચવતી હતી.

સાડા અગીઆરનો ડંકો થયો. પાણી પીવાને મિષે હું ઉઠી અને આગલી મેડીમાં કોઇનો સળુસારો નહોતો એ જોઇ કંઇક

ટ્રેઇન પરથી આવતી ઘોડાગાડીઓનો અવાજ રાત્રીની નીરવ શાન્તિીમાં સંભળાવા લાગ્યો. થોડીવારે સોનેની ઝણુ-ઝણ-ઝણ એમ ગાડીની ટોકરીઓ સંભળાઇ.

અસ્વસ્થ મનોદશામાં, અર્ધજાગૃત અવસ્થામાં, પડખે પડેલી નિરંજનાને મેં ધીમેથી સ્પર્શ કર્યો, સફાળી તે બેઠી થઇ.

મેં ધીમેથી મારા ઓશીકા તળેથી ઘેરી તપખીરીઆ રંગની કાશ્મીરી કામળ બગલમાં લીધી, અને અમે બે ધીમેથી ઓરડીમાંથી બહાર નીકળી વચ્ચેની મેડીમાં આવ્યા.

ત્યાં સુતા હતા પણિયા કોઇ. હમેશા શાન્તિરમાં સુનારા તે આજે પુત્રના અમને લીધે ધબધબાટ ઉંઘતાં હતા-ધીમા દિવસ કરીને આખું અજવાળું તેમના ચહેરા, ... સહેજ પ... પડતું હતું. ઉંઘમાં હસતાંપણી તે શાંત ભાસ મેના હતા.

એક મિનિટ એ મુખમંડળ પર નિરંજનાએ પ્રશાન્ત નજરે લીધી. બીજી મિનિટ મારી આંગળીના સ્પર્શથી ફિરકી તે ધીમેથી ડગલાં ભરવા લાગી.

ચોરપગલે દાદર ઉતરી અમે ખડકીમાં આવ્યા. બધા સુતાં પછી બારી બારણા તપાસવાને મિષે મેં એકજ સાંકળ લગાવી હતી. તેથી અવાજ વગર બારણું ખોલી અમે બે ઓટલે આવ્યા.

ખડકીમાંથી નીકળતા અકસ્માત કો પૃચ્છા કરે તે માટે મેં પાણીનો લોટો હાથમાં લીધો હતો.

ઓટલે ઊભા રહીને મેં નિરંજનાને મારી તપખીરીઆ કામળ આપી. એમાં લપેટાતાં રાત્રીમાં ઓળખાયા વિના એ જઇ શકે એવું હતું.

ફરી સંકેતની ટોકરી વાગી. ધ્રુજતા, અચકાતા પગલે નિરંજના પગથીઆં ઉતરી.

પણ નીચે ચોગાનમાં જ નવનીધરાયજી સુતા હતા. ઉનાળામાં તાપને લીધે તે ઉઘાડા પડયા હતા, અને તેમના મુખ ઉપર શેરીનું મ્યુનિસિપલ ફાનસ આછું અજવાળું નાખતું.

અને ચોકઠાની સામી બાજુ રાજવંશી મહેમાનોને આપેલો ઉતારો હતો. એમના ગણવેશધારી પહેરેગીરો ઓટલે સુતેલા હતા.

નિરંજના અચાનક અચકી—ઓટલે ઉભેલી હું ચોંકીને જોઇ રહી. પિતા સામે મીંટ માંડીને પાંચ પળને ત્યાગી રહી. મેં ફેરવી પછી તેણે મહેમાનોના ઉતારાપર એક નજર નાંખી, અને આસમાનના પડ ચીરે એવો, કંપિત આક્રંદથી ઉછળતો એક ઊંડો નિઃશ્વાસ મુકી તેણે પાછાં પગલાં માંડ્યાં.

હું અવાકી બની જોઈ રહી. જરાએ આડઅવળું વગર સીધું ત્યારે પહોંચી જતું અમારી યોજનાનું વહાણ આ કયા, અણદેખ્યા અંતરાયના ખરાબા પર અથડાતું હતું?

પંચવનામાં તે વળી આવી પાછી પગ પાસે ફસડાઈ પડી, અને કંપિત કાનથી મુંઝવણના સ્વરે બોલી, 'હાય મને!'

ગભરાટ, ઉશ્કેરાટ, ઉકળાટ થી મેં તેને હચમચાવી નાંખી. "નિરૂ નિરૂ, સ્વસ્થ થા. જીવન વેડફી નાંખવું છે?" કોઈ અવાજ સુણે નહિ માટે કાનમાં ઉચ્ચારાતા આ શબ્દોમાં વાસનાં વનમાં વીંઝાતા વાયુનો સુસવાટ હતો.

'મારા બાપ–તેમની આબરૂ–કાલે એમને ઝેર ખાવું પડે.' બે હાથથી માથું દાબી એટલું તે બોલી અને લાગણીઓના પ્રત્યાઘાતે બેભાન બની ઢળી પડી

પાસેના લોટામાંથી ઝડપથી તેના મુખ પર મેં પાણી છાંટવા માડયું, અને તેને જાગ્રત કરી.

'નિરૂ, રમેશ વાટ જુએ છે, તારો રમુ,' તેના કાનમાં ઉત્તેજનાનો આખરી બોલ મેં પાડ્યો.

હીસ્ટીરીઆ જેવા આવેગથી તેણે માથાનાં વાળ પકડીને ખેંચી નાખ્યા. "મારો રમુ! ના, ના, ના,, મારા સ્વાર્થ ને કાજે પિતા, માતા, ભગિનીઓને જીંદગી સુધી શરમની આગમાં સળગાવું? બહેતર છે, કે હું એકલી જ જીવતા સુધી સળગ્યા કરૂં."

આત્મભોગની ભાવના આપે છે તે બળ તેને મળ્યું. એક પ્રચંડ ઉચ્છ્વાસ કરીને, એક જબરૂં આગમ ભરણી, જાણે જીવનનો એક અંચળો ઉતારી નાંખતી હોય તેમ તેણે આખા શરીરે ધ્રૂજતી દીધું, અને પછી મને કહ્યું. "કહેજો રમુને કે મોટું પાપ આડ દિવસ જ મોટું પડ્યો. આજ આ મહેમાનો છે. કાલે લગ્ન આવવાનું છે. એ સર્વેની સામે મારા બાપની જીંદગીની કમાણી ધૂળ કરીને, તેમનાં હાથનાં શાપ ઉપર મારે જીવન રચવું નહિ. કહેજો તેને આવતે વર આટલી રીસ તે ન કરે."

અને કામનો મને સોંપી, દેવનાં આવેશને તે બળ કરીને દબાવી ગઈ, અંદર ઓરડીમાં ચાલી ગઈ.

પરિસ્થિતિના અણધાર્યાં પલટાથી ત્રણે કાળ ભૂલેલી હું હાથમાં કાગળ પકડી રાખી હતચેતન થઇ ઉભી રહી.

ફરી સંકેતની ટોકરી વાગી. જડ થઇ ગયેલાં મારા જ્ઞાનતંતુઓમાં અણચીંતવી આવેલી આફતે વિજળીનો ધક્કો વાગ્યો સચેતન થઇ હું દોડી.

કટોકટીની વેળાએ મનની—આત્માની સુતેલી શક્તિઓ કેવી જાગ્રત થાય છે! પ્રત્યેક વિપળનું મૂલ્ય હતું. છતાં—બુદ્ધિ ને બહેર મારે એવા સખત આઘાત છતાં મારી સાવચેતી જરાયે ઘટી નહિ અને હું અમારા સુવાના ઓરડામાં આવી. :

હતચેતન થઇ હોય તેમ નિરંજના આંખો મીંચીને પડી હતી. માત્ર તેનાં બે હાથનાં આંગળાં જોરથી એકએક સાથે બીડાયેલાં હતા, અને તે એકમેકને આમળા દઇ દેવાની અગાધ વેદનાને માર્ગ આપી, રૂદન કે અન્ય પ્રકારનો ચિત્કાર રોકી રાખતા હતા.

મેં તેને માથે જરા સ્પર્શ કર્યો. બંધ આંખેજ તે સ્પર્શ ઓળખી તેણે તદ્દન આછો ઉચ્ચાર કર્યો, "હું ન. મારાથી નહિ જવાય!"

એવાજ ધીમા અવાજે મેં કહ્યું. "પણ ભવિષ્ય ?"

"એમાં તો પૂરો મુશ્કેલ હતો,—એમના પત્ર બંધ થયા ત્યારથી."

"પણ "-

તેણે આંખો ઉઘાડી. કોઇ મરણતાની વેદનાભરી આનંદ તેમાંથી ઝરતી હતી. "મને માફ કર, બહેન. મારાથી નહિ બને. મા બાપ અને નાની બહેનો મરે તે કરતાં મારે મરવું જ ઠીક છે."

અતિશયતાને અવકાશ નહોતો. વિચારવાને વખત નહોતો મારે તરત પગલું ભરવું હતું.

સંજોગોથી ધકેલાતી, હજી યે સંજોગો પર સરસાઈ મેળવવાની આછી આછી આશાથી મે ઉભા થઈ પેટી ફાયદો લીધી, અને ફરી ચોર પગલે નીચે આવી. સાચવીને દ્વાર બંધ કર્યો, કામળ લપેટી, અને પોળના દરવાજે ગઇ.

પોળ આગળ આપેલા નંબર વાળી ગાડી ઉભી હતી. બારણું ઉઘાડું હતું. ગાડીવાન ઘોડા પાસે ઉભો ઉભો ઘાસ ખવડાવતો હતો. મુંગાં મુગાં મેં બેઠક લીધી. સ્ફુર્તીથી તેણે બારણું બંધ કર્યું. અને ઝડપથી ગાડી મારી મૂકી.

પચાસ કદમ દૂર અમારી પાછળ બીજી ગાડી પણ ચાલવા લાગી. પોણા કલાકમાં અમે શાહીબાગ પહોંચ્યાં.

દૂર દૂર બંગલાઓવાળો એ લત્તો સાવ નિર્જન હતો. અમદાવાદમાં તે વખતે વિજળી દાખલ થઇ નહોતી, એટલે ઘણું ખરા બંગલામાં અંધકાર જ હતો.

માત્ર રસ્તાથી સહેજ અંદરના ભાગમા આવેલા એક બંગલાના દિવાનખાનામાં બત્તી બળતી હતી.

મારી ગાડી એ બંગલાના કંપાઉન્ડમાં દાખલ થઇ. ગાડીનાં પર એનાં પૈડાનો ક્રિચુક ક્રિચુક અવાજ રાત્રીના ઘેર વગડાની શાન્તિમાં કાનને કઠોર આઘાત પહોંચાડવા લાગ્યો.

એ અવાજ થતાં જ દિવાનખાનાનું બારણું ઉઘડ્યું. અને કોઇ બહાર આવ્યું.

એ બારણા પાસે મારી ગાડી ઉભી રહી. એ વખતે પેલી ગાડી કંપાઉન્ડમાં દાખલ થઈ.

એટલામાં પેલી રમેશે કુદકો માર્યો, અને મારી ગાડીનું બારણું ખોલતાં આનંદથી ઉભરાતા સ્વરે કહ્યું, "નિરુ, નિરુ!"

અનિવાર્યપણે નથમલ તેના હાથ બાંગથી ઉતરતી [illegible] આનંદવિભોર બની હસ્ત મેં ગાડીમાંથી પગ બહાર

ગાડીના પગથીયાં પર ટેકાવતાં કામળી ખભેથી સરકાવી નાંખી. "રમુભાઇ, નિરૂ નથી આવી." મેં આસ્તેથી કહ્યું.

વીજળીના આઘાતથી નિમિષ માત્રમાં ઢળી પડતા ઝાડને તમે કદી જોયું છે? વૈશાખના ઘામ ધખતા હોય ત્યારે ખરે બપોરે કોઈ ઠંડા મુલકમાં ઉછરેલા પહાડી પહેલવાનને એક જ દેસ કે તંમર સાથે ભોંય ઢળતો દેખ્યો છે! એ દેખ્યું હોય તોજ રમેશના થયેલા હાલ તમે સમજી શકશો.

એક પણ શબ્દ, એક પણ ચિત્કાર, તેમણે કર્યો નહિ. શ્વાસ જાણે રૂંધાતો હોય તેમ એક પળ એમના હાથ ઉંચા વીંઝાયા, એમનું માથું ધુણી ઉઠ્યું, અને જાણે ઘુંટણ અને કેડના અંકોડા અલોપ થયા હોય તેમ તે ઢગલો થઇ બેસી પડ્યા.

ગાડીના પગથીયાં પર હજી તો મેં મારા પગ ટેકાવ્યા હતા, અને હાથ તો બારણાની કિનાર પર હતા, ત્યાંતો તેમને પડતા દેખી હું કુદી. નીચે બેસતાં ઢળી પડેલું તેમનું માથું ભૂમીએ પછડાય તે પહેલાં મેં ઝીલી લીધું, અને બુમ મારી 'મહેન્દ્ર!'

પાછળની ગાડી ઉભી તો રહી હતી. તેમાંથી માગ પતિએ હસીને મારી પાસે આવતાં પુછ્યું, 'શું છે!'

પણ કોક પુરુષોના દેહમાં વિધિએ પોલાદની તાકાત અને સ્થિતિસ્થાપકતા મુકેલાં છે. એક પણ ઉદ્ગાર કે આવર્દર્શન કર્યા વગર રમેશ ઝડપથી માગ ખોળામાંથી બેઠા થયા, એકજ વિપળમાં ઉભા થયા, અને મને સુજનતાથી હાથ આપી ઉભી કરતાં મહેન્દ્રને જવાબ આપ્યો, "કાંઈ નહિ. અંદર આવો."

અને તેમના અદ્ભુત ધૈર્યથી અજાયબ થયેલી હું એમને ટેકો દેવાને બદલે એમનોજ ટેકો લઇને બંગલામાં દાખલ થઇ।

માહેન્દ્ર તો અસલ સ્વભાવ પ્રમાણે ઉતાવળાજ હતા, એટલે માગ પતિ પણ અમારી જોડે અંદર આવ્યા.

દિવાનખાનું મોટું અને વિશાળ હતું. તેના એક થોડી ખુરસીઓ એક ટેબલ પાસે પડી હતી. ભય ઉપજાવે એ સ્થીરતા અને શાંતિથી રમેશ તેમાંની એક ખુરશી પાસે લઇ ગયા, તેમાં બેસાડી, પોતે બીજી ખુરશી પર બેઠા અને બો “બોલો, શું થયું!”

એમની કારમી સ્વસ્થતામાં આગામી તોફાન પહેલાં પ્ર ધારણ કરે છે એવી ભયાનક શાંતિ હતી. નિરાશાથી ઉપજ આવેશનો જે ઉકળતો જ્વાળામુખી એમણે હૃદયમાં દાબી દી હતો, તે ફાટતા શું થશે, એના વિચારમાત્રથી હું કંપી ગ અણધાર્યા આશાછેદક સમાચાર લાવવાનું જે દુર્ભાગ્ય મને પ્રા થયું હતુ તે માટે મને વિધાતા પર પણ રોષ આવ્યો.

છતાં પ્રસંગો જ માનવને કદીક કદીક નવી શક્તિ આપે છ માતાના જેવાજ વ્હાલથી મેં એમને માથે હાથ મુક્યો, અ કહ્યું, “રમેશભાઇ, શાંત થાઓ.”

“હું શાંતજ છું,” તગતગતી આંખો અને ધ્રુજતા હો છતાંયે એકધારા અવાજે તેમણે કહ્યું. “નિરૂ કેમ ન આવી ?

“એનાથી ના અવાયું.” દુઃખદ સમાચારનો આઘ ઓછો કરવા મેં [illegible] જવાબ આપ્યો.

મારા પતિ પણ અધિરાઈથી સાંભળતા હતા. તેમની યોજના ધૂળભેગી થતાં તેમને પણ આઘાત લાગેજ ને! “પણ કારણ શું?” એમણે પુછ્યું. “કાંઇ બની ગયું? વાત જલ્દી કરો!”

“હા,” મેં કહ્યું. “એ ઉપરથી નીચે આવી. એ પહેલી એકલી ઉતરી. કામળી લપેટી પણ ખરી. પણ કમેક કદમ પડી એની હિંમત ખુટી ગઈ હોય, કે પછી [illegible] [illegible] [illegible] એમને [illegible] ન [illegible] હોય, તે [illegible] પછી આવી અને [illegible] [illegible] [illegible]”

રમેશના મુખ પર ક્રોધની કપરી કાળાશ છવાઇ. "પિતાને છેહ ન દેવાય અને મને દેવાય, નહિ?" સરાણ પર ઘસાતી છરીના અવાજ જેવી તીખાશ તેમના અવાજમાં હતી. "ઠીક,"

સદાયે સ્વસ્થ મારા પતિએ સ્વસ્થતા મેળવી લીધી હતી. રમેશનો આઘાત હળવો કરવાનો હતો. તેને નિરાશા કલેશકર ક્રોધમાં ન બદલાય એ સમાલવાનું હતું. તેમણે તેને ખભે હાથ મુકતાં કહ્યું, "પહેલીવાર બાપણ કરતાંયે ભલભલાને સભાક્ષોભ થાય છે. ગમે તેમ તોયે નિરંજના હજી તો નાનું બાળક કહેવાય. આવું આખરી પગલું લેતા કદાચ ક્ષોભ થઇ ગયો હશે."

"પણ તેમાં બાજી મારી ગઇ તેનું શું?" રમેશે ચીડાઇને કહ્યું

"બાજી કાંઇએ મરતી નથી," મારા પતિએ સ્વસ્થતાથી કહ્યું

મને નવાઇ લાગી. "કાલે તો તેનાં લગ્ન છે." મેં કહ્યું, "હવે તે વિચાર ફેરવે તોયે શું!"

"કાલે કેમ? આજે!" રમેશે કહ્યું."મધરાત તો વીતી ગઇ છે"

"હા," મારા પતિએ કહ્યું, "આપણે એક દિવસ મોડા પડયા. આ અખતરો કાલે થઈ શક્યો હોત તો નિરંજના ફરીથી સ્વસ્થતા મેળવત, અને આજે અહીં આવી ગઇ હોત."

રમેશ કટાક્ષભર્યું હસ્યા. "ત્યારે શાને કહો છો, કે બાજી મરતી નથી! હવે એમને પરણીને નહાવાનું જ છે, ને!"

"ના," મારા પતિએ હસતાંથી કહ્યું. "જ્યારે નિરંજના સ્વસ્થ થાય તો આપણા હાથમાં આખો દિવસ છે."

હું નવાઇથી મુંઝાઇ રહી. હવે પછીને દિવસે શું થાય? રમેશની મુંઝવણ પણ એટલી જ હતી. "એટલામાં શું કરશો?" તેણે પુછ્યું "આજે રવિવાર છે. કોર્ટો બંધ છે!" એના મનમાં અનર્થ દુઃખ બેવડાયાનો ખ્યાલ આવ્યો.

"એ મને ખબર છે." મહેન્દ્રે કહ્યું, "જો કે તેનો રસ્તો નીકળે. પણ એ રસ્તામા ઝાઝો માલ નથી. નિરંજનાના મન પર એના પગલાનો પ્રત્યાઘાત કેવો થયો છે તે જાણવું જોઈએ. પણ એની ઈચ્છા હશે તો નાગી તલવારોયે એને આપણા હાથમ આવતી રોકી શકશે નહિ." કોઈ કારમા નિશ્ચયનો રણકાર એમના શબ્દોમાં હતો.

હુ ગભરાઇ, મારા પતિનો સ્વભાવ હું પુરો પિછાણતી હતી ઠરેલ, શાન્ત અને સ્વસ્થ છતા જો એ મમતે ચડે તો ગમે તેવુ સાહસ કે જોખમ ખેડતાં અચકાતા નહિ. "કાંઇ ખોટું સાહસ કરશો નહિ," મેં જરા ગભરાટથી કહ્યું.

એમના જે વ્યક્તિત્વનો હું હજી યે પાર પામી નથી, તે તેમનામાં આ વખતે ઝળકયુ. "સાહસ તો માણસની જીવનની પળેપળે જ અનુભવાય છે," તેમણે કશાથી ન ડરતાં હોય તેમ કહ્યું "અને સાહસના ઝણઝણાટ વગર જીવન જ મોળું બની જાય છે." પછી વાત પતાવતા હોય તેમ અવાજ ગંભીર કરી તેમને કહ્યુ, "વાતો માટે અત્યારે જરાયે ફુરસદ નથી. હવે કામ શરૂ કરીએ. તુ પાછી ગેરહાજરીનું ગમે તે બહાનું કરી ઘરમા ઘુસી જજે. સવારે નિરંજના જોડે વાત કરી જોજે. અને રમેશ, તું આઠ વાગે રેવાબાઇ ધર્મશાળામાં જજે. એક ખાસ ઓરડી ભાડે લઇ લેજે. હું ત્યાં બારથી બે વચ્ચે આવીશ કે માણસ મોકલીશ."

કડપથી ગોઠવાતાં કાર્યક્રમ વિશે મુંઝવણમાં માથુ નહિ રમતના પ્યારા જેવી હું ઉર્મા થઈ ગાડીમાં ગઇ, મારા પતિ પણ મારી સાથે બેઠા—બીજી ગાડી ત્યાંજ ઓરડામાં આવી.

આખે રસ્તે મારા પતિ વિચારમાં હતા. પોતે શું કરવા માગે છે, એ મેં પુછ્યું ત્યારે "કાંઇ નક્કી નથી." એટલું બોલ્યા. પણ નિરંજનાના વર્તન વિશે એમણે જરા [illegible] [illegible] તપાસ કરી.

અમે અમારા ઘરમાં પહોંચ્યા ત્યારે ભદ્રના ટાવરમાં ત્રણના ડંકા વાગતા હતા. હું...તેમની જોડે અમારે ઘેરજ ગઇ.

હવે સુવાનો સમય નહોતો. તે સ્નાનાગારમાં ગયા. મેં સ્ટવ ચેતાવી કીટ્ટી મુકી, એ અને બહાર આવતાં અમે કડક કીટ્ટીથી ઉજાગરો હળવો કર્યો. પછી હું સ્નાન કરવા ગઇ.

સ્નાનથી પરવારી હું બહાર આવી ત્યારે મારા પતિ આરામખુરશીમાં લંબાઇ થાક ઉતારતા હતા. મેં કપડાં બદલ્યાં એ અરસામાં તેમણે પોતાનું કબાટ ખોલી પૈસા કઢાડયા. "આજે બેંક પણ બંધ છે." પોતાના પાકીટમાંના પૈસા ગણતાં જરા મુંઝવણથી કહ્યું.

હું સમજી. કોઇ નવી યોજના તે ઘડી રહ્યા હતા. "કેટલા પૈસા જોઈએ છે ?" મેં પુછ્યું.

"તારી પાસે કેટલા છે !" તેમણે મને પુછ્યું.

"પોણોસોએક હશે." મેં કહ્યું.

"ઠીક, જોઇએ તો લઇશ," એટલું કહી તેમના પાકીટમાંથી આશરે બસો રૂપીઆ તેમણે લીધા, અને બે પ્યાલા ચાહ મુકવાનું કહી કપડાં પહેરવા લાગ્યા.

મને કુતૂહલ ખરું થયું, પણ જ્યારે કાંઈ ગંભીર વિચાર કે યોજનામાં એ મશગુલ હોય ત્યારે એમની એકાગ્રતા કે વિચાર-સાંકળને તોડવાનું મને ગમતું નહિ. એટલે જીજ્ઞાસા દબાવી મેં ચા મૂકી, અને કહ્યું "હું પાંચ વાગે ત્યાં પહોંચી જઇશ. પાછી ક્યારે આવું ?"

આડકતરી રીતે તેમની યોજનાનો ખ્યાલ મેળવવાનો આ પ્રયાસ હતો. એ જરા હસ્યા, "એ મારા મગજમાં ચાર પાંચ યોજનાઓ પેચીદી છે, અને વખત થોડો છે એટલે જલદી મારે તૈયારી કરવાની છે, પણ અત્યારે કાંઇ ચોક્કસપણે કહી શકાય

નહિ. છતાં બને તો દસ વાગે, અને નહિ તો બારવાગે જરૂરથી આવી જજે."

"વાહ!" મેં કહ્યું, "બીજું કાંઇ મારે કરવાનું છે?"

"અત્યારે તો ત્યાં પણ કામ હશે, ને?" એમણે પુછ્યું.

"હા, ગૃહશાંતિ થવાની છે. અને પછી આજે લગ્ન એટલે પરચુરણ કામ તો ખરું જ ને!"

"ગૃહશાંતિને અંગે નવનિધરાય વગેરે સવારે કામમાં હશે અને નિરંજના પરનો ચોકી ઓછી હશે ખરું ને!" તેમણે પુછ્યું.

"હા. જો કાલની વાતની ખબર ન પડી હોય તો!" મેં જવાબ આપ્યો

તેમનાં ભવાં એકદમ ભેગાં થઇ ગયાં. એક સીસોટી તેમના મુખમાંથી નીકળી પડી. પછી કાંઇ નિશ્ચય પર આવતા હોય તેમ તેમણે કહ્યું, "જો હું સાત વાગે બહાર નીકળીશ. કાલ રાતની વાતની જો ખબર પડી ગઇ હોય તો ગમે તે બહાનું કાઢી મને મળી જજે, અને ત્યાં શા હાલ છે તે જણાવજે. તું નહિ આવે તો હું માનીશ કે કોઇ ને કશી ખબર નથી પડી. "બરાબર છે, ને!"

"હા," મેં કહ્યું.

"વારુ, પછી તારે એટલું કરવાનું છે. નિરંજનાને સમજાવ કે સમજાવજે. એવો લાગ ન મળે તોયે ગમે તેમ કરી એટલું કરજે, કે આજ બપોર બાર સુધીમાં એ છોડે. ત્યાગ આપે. લાગણીઓથી દોરવાયા વગર એ નિર્ણય કરે. પછી એની ઈચ્છા. જો રમેશ સાથે પરણવાની હશે તો હું બધું સંભાળી લઇશ."

"કેવી રીતે?" મેં કહ્યું. "આજે તો ઘર આખું ભર્યું ભર્યું હશે. એમાં આપણાથી શું થાય એવું છે?"

તેમના મોં પર કઠોર સંકલ્પની આભા આવી.

" સ્ત્રીઓના સ્વમાન માટે, સ્ત્રીઓના રક્ષણ માટે યોદ્ધાઓ માથાં મુકતાં." તેમણે જવાબ આપ્યો. " એ જમાનો ગયો છે. છતાં એના કોઈ કોઈ અવશેષો તો હજી રહ્યા હોય ને!"

મારા મોં પર ચિંતા–ગભરાટનાં ચિહ્નો જોઈને તે હસી પડયા. "ગભરાતી નહિ, અને તલવારો અને ગુંડાશાહીનો જમાનો ગયો છે, પણ નવા જમાનાએ નવાં હથીયાર આપ્યાં છે. તું નક્કી તો કરી આવ–એટલામાં મારા મનમાં પણ એકાદ બે યોજનાઓની ગોઠ બેસી જશે."

વિવાદ કે ચર્ચાને સ્થાન જ નહોતું. પાંચના ટકોરા કરી ઘડીઆળ પણ બોલતી કે એ માટે વખતે ન્હોતો.

હું જવા નીકળતી હતી ત્યાં કાંઈ નવો વિચાર આવતાં તેમણે કહ્યું " તું સાત વાગે નહિ આવે તો સમસલામત ગણી હું બહાર જઈશ, અને કદાચ ત્યાં આવી પે જઉં."

" આજે સવારે આપણે ત્યાં જ જમવાનું છે." મેં કહ્યું. "તમને પણ નોતરૂં છે."

" હું એજ વિચાર કરતો હતો. ઠીક, હું ત્યાં જમવા આવીશ. પછી જોઈશું."

અને હું નીકળે ત્યાં મધ–

× × ×

(૯)

હું નિરાંતે ત્યાં પહોંચી ત્યારે ત્યાં તો કાંઈ રાતના સાતની હજુએ મારખુની અસર હતી. માત્ર ઘરનો જૂનો નોકર મધુ ઓટલે બગાસાં ખાતો હતો.

મને જોઈને એ હસ્યો. અને રોજની ટેવ પ્રમાણે ફેરવા ફેરવવા માંડ્યો.

એના પગરવથી ધીમે ધીમે બધા ઉઠયા. હું તો સીધ
નિરૂની રૂમમાં જ ગઈ.

આંસુથી ભીનાં તકીઆ પર શોકભરી મુખમુદ્રાથી
તંદ્રામાં પડી હતી. અથડાતા ભાવોના અકથ્ય દબાણથી ભરાયેલ
હૃદય સાથે હું થોડી વાર પાસે બેઠી. પછી નીચે ઉતરી

એવામાં બધા જાગ્રત થઇ કામમાં પરોવાવા માંડયા હતા
મને ખાત્રી થઇ કે રાતનાં અમારા પરાક્રમ (!) ની કોઇને શંકાએ
નહોતી આવી. મેં આખી રાત બહાર વિતાવી હતી તેની
કોઇને જાણ પણ ન હોતી

હું ફરીથી ઉપર ગઇ. નિરંજનાના ઉના કપાળ પર, તેના
ફુલેલા પોપચાં પર ધીમેથી હાથ ફેરવ્યો, એને ધીમે સાદે
બોલાવી ઉઠાડી.

કોઇ ભયાનક સ્વપ્નમાંથી જાગતી હોય તેમ ભયચકિત
આંખો સાથે તે ઉઠી. મને જોતાંજ રાતનો પ્રસંગ તેને યાદ
આવ્યો, અને મારા ખોળામાં તેણે માથું નાંખી દીધું

દસ પળ એ મુંગું રૂદન ચાલ્યું. તેના માથા, વાંસા અને
ખભા પર હેતથી હાથ ફેરવ્યા કરીને મેં મુંગું આશ્વાસન આપ્યું.
એમ કરતાં તે સ્વસ્થ થઈ, એટલે મેં કહ્યું, "ઉઠ, મહેન બધાં
જાગ્યાં છે. ચાલ, દાતણ પાણી કરીએ."

નિયમિત ટેવોનો એ ફાયદો છે, કે ઉત્પાતથી અવ્યવસ્થિત
થયેલા મનને એ બીજા વિષયમાં દોરી સ્વસ્થ થવા સમય આપે છે.
તે ઉઠી. [illegible]
[illegible] અને નીચે આવી દાતણ કીધું. મેં પણ જોડે દાતણ કીધું

[illegible]
[illegible]
[illegible]

મેં એટલું પુછી લીધું, "કોઇને વહેમ ગયો નથી, ને?"

તેણે ડોકું ધુણાવ્યું. મને એક બાબતની નિરાંત થઇ. પછી મોં ધોતાં ધોતાં તેણે પુછ્યું, "શું થયું?"

મેં પણ સાવચેતીથી જણાવ્યું "પછી વાત કરીશ,"

જલદી જલદી ચાહ પી લઇને અમે ઉપર ચડ્યાં. બે ચાર મિનિટ એકાંતનો જોગ હતો "નિરુ," મેં ઝડપથી કહ્યું. "મેં તો માત્ર એટલુંજ જણાવ્યું છે કે અવાય એમ નહોતું, એટલાથી જ 'ર'...ને આઘાત પહોંચ્યો,એટલે મેં વધારે નથી કહ્યું. મહેન્દ્રે કહાવ્યું છે, કે હજી વખત છે. પૂરો વિચાર કરી બાર વાગે જવાબ દેજે

દયા યાચની હરિણી જેવી આંખો તેણે મારા પર ઠેરવી! "હવે શો વિચાર કરવાનો?"

મેં વાત દાબી દીધી "કરવા જેવું લાગે તો કરજે. મહેન્દ્ર અને હું ગમે તે ભોગે તારી ઇચ્છા જે હશે તે–પુરી પાડીશું."

એવામાં અંતરાય આવ્યો. ભર્યા ભાદર્યા એ ઘરમાં અવર જવરની ક્યાં ખોટ હતી?

પછી મેં યશોદા ફોઇને કહ્યું. "જરા ઘેર જઇ કપડા બદલી આવું છું."

કામમાં ગુંચાયેલા તેમણે સામે જોયા વિનાજ કહ્યું: "જલદી આવજે. આઠ વાગે તો બધું ત્યાર થઈ જશે!"

ઉતાવળે પગલે હું ઘેર ગઈ. સાડાબાર થઈ ગયા હતા, અને મારા પતિ કપડાં પહેરી મારી વાટ જોતા હોય તેમ ખાટલીમાં તકિયા પર બેઠા હતા.

તેમણે મારા સામું જોયું. તેમની આંખમાંનો સવાલનો ડોકાથી જવાબ આપી મેં સમજાવ્યું કે બધું બરાબર છે. પછી પાસે જતાં મેં કહ્યું "નિરને ખૂબ લાગ્યું છે. આખી રાત રડી."

"અત્યારે કૈં વાત થઈ!" તેમણે પુછ્યું.

મેં થયું હતુ એટલું જણાવ્યું.

તે ઉંડા વિચારમાં પડી ગયા. એટલામાં દૂધવાળો આવ્યો એટલે હું દૂધ લેવા ઓટલે ગઈ, અને દુધ લાવી ગરમ કરવા સ્ટવ ચેતવ્યો.

એ વિચારમાં હિંચકતા હતા.

"ચહા બનાવું?" મેં જરા અચકાતાં પુછ્યું. એમની વિચાર સાંકળ તોડતાં મને બીક લાગી.

"હા," તેમણે જવાબ આપ્યો.

પહેલા ચહા મુકી, મેં ઘરમાં જરૂરી સાફસુફી કરી નાંખી ચાહ ઠરતા સુધી, સ્ટવ પર દુધ મુકયું, અને દુધ તૈયાર થતાં ચાહ ઠરી ગઈ, એટલે ગાળી.

તે હિંચકેથી ઉઠી ચોકમાં આવ્યા, અને પાટલા પર બેઠા મેં ચાહ અને નાસ્તાનો ડબ્બો તેમની પાસે મુકયો.

"મને લાગે છે કે," નાસ્તાની શરૂઆત કરતાં તેમણે કહ્યું "કે નિરંજનાના મન પર બે બાજુનું સરખું આકર્ષણ છે રમેશને છોડાતો નથી, અને આવે વખતે માતપિતાની આમાન્યા ચાનકને ધક્કો લાગે તે સહેવાતું નથી."

"હું પણ એમજ માનું છુ." મેં કહ્યું.

"બાર વાગે એ આપણને જવાબ આપશે ને?" એમણે પૂછ્યું.

"હા," મેં કહ્યું.

"ઠીક," તેમણે કહ્યું. "હું રમેશ વાતે ત્યાં જતી [illegible] [illegible] માટે. તે વખતે મને કંઈ સમજ પડે તે ઠીક."

"પણ, [illegible] શું?" મેં પૂછ્યું.

"હા," તેમણે કહ્યું. "કન્યાને માહ્યરામાં પધરાવતા પહેલાં સ્નાન કરવા મોકલે છે, ને!"

"હા," મેં કહ્યું, "તે વખતે એકાંત સ્નાન અને એવીજ અવસ્થામાં દેવપૂજન કરી પછી વસ્ત્રધારણ કરવાનાં હોય છે."

"આ વખતે તે તદન એકલીજ હોય છે, ને?"

"હા, અંદરના ઓરડામાં એકલીજ હોય–બહાર એકાદ સખી કે બહેન ઉભી રહે. ગોર પણ બહારથી જ પૂજન કરાવે છે."

"ઠીક, માતાની સ્થાપના કર્યાં છે તે જરા હું જોઈ જોઈશ."

મારી આંખો અજાયબીમાં પહોળી થઈ. મારા પતિ કાંઇ ઊંડી રમત કરવા માંગતા હતા એની મને ખાત્રી થઈ. "પણ તે ઓરડીમાંથી કાંઇ નાસી છૂટાય નહિ," મેં કહ્યું.

તે જરા હસ્યા. "એ તો મને ખબર છે" તેમણે કહ્યું, "એ ક્રિયા કેટલે વાગે થશે!"

"ચાર વાગે" મેં કહ્યું.

"એની સખી તરીકે તારે જવું હોય તો તું જોડે જઈ શકે છે, ને!"

"હા," મેં કહ્યું, "એવું ગોઠવી શકાય ખરું!"

"વારુ, નિયમે બાર વાગે જવાબ આપવા કહ્યું છે, પણ ત્યાં સુધી તમે વાત કરી શકશો?"

"ના, બેચાર બોલ બોલાય એટલું જ," મેં જરા વિચાર કરતાં કહ્યું. "પણ એટલે ત્યાં સુધી બધા જણ જાગ્યાં હશે. તે આશામાં લાભ મને ખરો."

તેમણે જરા પણ વિચાર કર્યો. "વારુ, દશે વાગે હું આવીશ મંદિર—ઠાકોરજીના દર્શન કરવા. અગીયાર વાગે લગભગ સાજન ખરી જશે, ને!"

"હા–"મેં કહ્યું. "આજ તો જેમ આવશો તેમ બધાંને જમાડી દેવાનાં છે."

તેમણે ચાહ પૂરી કરી, કોટ કાઢયો હતો તે ફરીથી પહેર્યો, પાકીટમાંના પૈસા ફરીથી ગણી જોયા, અને કહ્યું, "હું ત્યાંથી આવું, પછી બને તો આવી જજે."

મેં હકારમાં ડોકું હલાવ્યું. તે ગયા. એવામાં કામવાળી આવી તેને જરૂરી સૂચનાઓ આપી, હું પણ બહાર નીકળી.

નિરંજનાને ઘેર હું પહોંચી ત્યારે સાડા સાત થયા હતા. ઘરમાં બધાં પરવારી ગૃહશાંતિની ધમાલમાં હતાં. મારે પણ તરત કામમાં ગુંથાવું પડયું. માત્ર નિરંજના નવરી હોવાથી દેખાતી નહોતી. ઘણું કરીને તે ઉપર રાતનો થાક ઉતારતી હશે, કે મનના મંથનમાંથી નીપજતું ઝેર પચાવવા મથતી હશે!

સગાંવ્હાલાં અને નાતીલાં તેમજ ઓળખીતાઓ આ વખતે આવે જાય, એટલે મારાથી ખસાય એમ નહોતું. આથી મારાથી દશ વાગ્યા સુધી એને મળી શકાયું નહિ.

દશ વાગ્યે પૂર્ણાહુતિ હતી તેના થોડા જ સમય પૂર્વે એ આવ્યા, અને પૂજામાં બેઠેલા નવનિધરાય અને સરોજ દેવ્યને 'જયજય' કરી પુરૂષ મહેમાનો પાસે બેઠા.

સરોજ દેવ્યએ એમની નાની દીકરી સુહાસિનીને મોકલી કહ્યું. "મહેન્દ્રરાયને કહેજે, જમ્યા વગર જાય નહિ."

સુહાસ એમની પાસે ગઇ અને સંદેશો પહોંચાડયો.

મેં આડી આંખે એમની તરફ જોયું. તે હસીને સુહાસને કંઇક કહેતા હતા.

સુહાસ હસતી હસતી પાછી આવી. "ના,ના." એણે એની બા...ને કહ્યું, અને પાછી એમની પાસે ગઇ.

એ બંને ઉઠયાં, અને ઉપર ગયા. હું સમજી કે એમણે ગ્યુહરચનાની પ્રાથમિક તૈયારી કરવા માંડી છે.

એમને ઉપર ગયાને દસેક મિનિટ થઈ એટલે સુહાસ હસવું ટાળતી હોય એવી આંખોથી નીચે આવી–ચાર વરસની અલક બાલિકા હોવા છતાં ખૂબ ડાવડાયથી એ મારી પાસે બેઠી, અને ધીમેથી મને ચૂંટી ખણી. મેં એનો હાથ આમળ્યો, એટલે ફરીથી ચૂંટી ખણી. એણે મને કોણી મારી. હું સમજી ગઈ, અને મેં કાન એનાં મોં પાસ લીધા, એટલે તેણે કહ્યું; "પુછાવે છે, કે બપોરે બારવાગે ઘેર જવાશે ?" મેં ડોકું ધુણાવી હા કહી, એટલે એ ચાર મિનિટ છાનીમાની બેસી રહી, તે ઉઠીને પાછલે દાદરેથી ઉપર ગઈ.

નિરૂ જોડે એ પાંચ મિનિટ મેળવવાજ મારા પતિએ આ હિકમત કરેલી, એ હું સમજી.

સુહાસનાં ઉપર ગયાં પછી પાંચેક મિનિટમાં તો મારા પતિ અને એ બન્ને આગલે દાદરેથી નીચે ઉતર્યાં. આ વખતે પૂર્ણાહુતિ થવા આવી હતી, એટલે તે સોફા બહારમાં જ બેઠા.

પૂર્ણાહુતિ થતાંજ વડીલ હોઈની સૂચનાથી હું મહેમાનો વગેરે ને લઈ ભોજન કરાવવા પાસે આવેલા મંદીરમાં ગઈ. ત્યાં આવાં જમણની વ્યવસ્થા કરી.

બધાં જમતાં હતાં. એ પણ જમી પરવારી ઘેર ગયા. એ જમતા હતા ત્યારે હું પીરસવા ગઈ, અને પુરી મુકતાં સહેજ વાંકી વળી. "જાણી જજો." એટલા ધીમેથી બોલાએલા બોલ મેં ઝીલી લીધા.

લગભગ સાડા અગીઆરે હું જમવા પામી. પછી ત્યાર- [illegible] કામ જેવું ન હોવાથી હું ધીમે પગે ઘેર ગઈ.

તે વખતે આરાધ્ય ખાટી વાળી ને બેઠા ઘર હતા. હું ધીમેથી બારણું ઉઘાડી હળવે થકી તે એમના પ્રવેશ ખંડમાં

ટેબલ પાસે કાંઇ મિશ્રણ બનાવતા. બળેલી રાઈ, હીંગ કે બગડતાં લસણનાં ફોતરાં જેવી કાંઇ વાસ મારા નાકમાં આવી.

મને ધ્રાસકો પડયો. વિજ્ઞાનની કોઈ ઘોર ક્રિયાની એ સહાય લેવા માગતા હતા ? મને વિજ્ઞાનનું ઝાઝું જ્ઞાન ન હોતું, છતાં મારૂં દીલ ધડકી ઉઠયું.

તેમણે એક નાની બાટલીમાં એ મિશ્રણ ભર્યું. પછી બીજી બે બાટલીમાંથી દવાઓ ભેગી કરી. કોઇ મિઠી છતાં અપ્રિય ગમો આવે એવી આછી સુગંધ ફેલાઇ. તે બીજી બાટલીમાં ભર્યું.

હું હજી દાદર પાસથી ડોકાતી હતી. મોઢું ફેરવ્યા વગરજ એમણે કહ્યું, " અંદર આવ. "

હું જરા છોભીલી પડી ગઇ. હું ચોર પગલે ઉપર ચઢી હતી છતાં એમણે કેમ જાણી લીધું ? હું અંદર ગઈ.

તે મારી તરફ ફરીને હસ્યા. " માગ જેવા ધંધા કરે તેમણે બધી ઈંદ્રિયો સાવધ રાખવી પડે. " તેમણે એક ડબીમાં કોપરા પાક જેવી લાગતી મીઠાઇ કહાડી. તેમાં અડધા પર વરખ હતો બાકીનો વરખ વગરનો હતો.

ત્રણે વસ્તુ લઇ તેમણે કબાટ બંધ કર્યું. એક આરામ ખુરશી પર તે બેઠા, અને મને સામે બેસવા કહ્યું.

" નિરૂ જોડે કાંઈ વાત થઇ. ? " તેમણે પુછ્યું.

" ના, " મેં કહ્યું, " તમારે થઇ ? "

તેમણે જરા માથું ધુણાવ્યું. " ના. પેલી સુલાકને દૂર કરી ખરી, પણ એ મધ જેવાં ડેઘને કોઈની અવરજવરનો અંદાજ તો હતો જ. માત્ર મેં નિરૂને એક ચિઠ્ઠી મોકલી છે અને તને જવાબ આપવા કહ્યું છે—એની ઇચ્છા વિરુદ્ધ કાંઈ નહિ બને એવું વચન કહ્યું છે. "

"વારૂ, મારૂં કાંઈ કામ છે? હું તો એમને એમ સરકી આવી છું."

"ઠીક, સાંભળી લે. મેં માતાની ઓરડી જોઈ. તેની જોડે ચોકડીવાળી ઓરડીમાં કન્યાને નહાવાનું હશે, ખરૂં?"

"હા," મેં કહ્યું.

"વારૂં," તેમણે કહ્યું "હવે મારી એક યોજના સમજી જા. નિરૂ જો ઘર છોડવા તૈયાર થશે તો આજે આપણને ખબર મળશે. તે પછી ત્રણ સાડા ત્રણે તને બોલાવી તારી જોડે હું એક મહેમાનને લગન જોવા મોકલીશ."

"કોણ!" મેં પુછ્યું.

"આપણા બાળકૃષ્ણની વહુ!" તેમણે કહ્યું. બાળકૃષ્ણ પરન્યાતનો એમનો મિત્ર હતો. તેની વહુ કરૂણા અમારે ત્યાં કોઈક વાર આવતી.

"વારૂ પછી?" આ ગોઠવણ ન સમજવાથી ગુંચવાતાં મેં પુછ્યું.

"અને આપણી ન્યાતના રિવાજ બતાવવાને બહાને કન્યા નાહ્ય અને પૂજા કરે ત્યારે કપડાં લઈને તું જાય ત્યારે સાથે લઈ જજે. એટલે સાથે કોઈ બીજું હશે નહિ, માત્ર ગોર સિવાય."

"હા," મેં ડોકું હલાવતાં કહ્યું

"પછી કન્યા નાહતી હોય એ અરસામાં તમે ત્રણ આગલા ઓરડામાં રહેજો. તે વખતે કરૂણા આ ડબી ઉઘાડી અંદરથી ચીઠ્ઠી કાઢે ત્યારે પણ થોડી ભૂકી લેવી, અને થોડી ગોરને આપવી. એ ક્રિયાની વિધિ છે કહેવાથી એ બહાનું જરૂર લઈ શકાશે.

હું મૂંગી મૂંગી સાંભળતી જ રહી. મને આટલી ભેદભરી હરકતથી મુંઝવણ થતી હતી. એનું પરિણામ શું છે, તેનો વિચાર કરતી

ખાવાની છે. ગોર તો પૂજ્ય પુરૂષ. એને વરખવાળો કકડો આપવો. એમાં એવી દવા છે, કે માણસ બધું ભાન ભૂલી જાય. છતાં મશીન માફક કામ કર્યા કરે."

"વારૂ પછી ?" હબ્જીએ ગુંગળાતાં અને ગુંચવાતાં મેં યંત્ર માફક પૂછયે રાખ્યું.

"પાંચ મિનિટમાં ગોર ભાન ભૂલી જશે, એટલે તમારે નિરંજનાને બહાર બોલાવવી. કરુણા ના કપડાં પહેરી એ દાદર ઉતરી ઓટલે આવે. ખાજે ઓટલા પર પડતો જીનો ઉઘાડો છે."

હું હવે આ યોજનાની ગૂઢતા તેમ કાર્યક્ષમતા સમજ્યો. કરુણાનું કદ, ઉંચાઇ, બાંધો અને રંગની શ્યામતા નિરંજનાને મળતા આવતા હતા.

"પણ ઓટલે આવ્યે શું વળે ?" મેં શંકા કરતાં કહ્યું, "ત્યાં તો તે વખતે ઘણા માણસો હશે."

"મને ખબર છે." જરા આછા કટાક્ષ સાથે તેમણે કહ્યું. "અને હું પણ ત્યાં ઉભો હોઇશ."

"પણ નિરુ ઓળખાયા વગર રહેશે ?"

"કોઈ ધાર્યું હોય અને તે તરફ ધારીને જુએ તો જરૂર ઓળખાય," તેમણે કહ્યું. "પણ જરા આઘું ઓટે, અને મોંપર રૂમાલ રાખે, જરા ચાલ બદલે તો કોઈ ઓળખે નહિ, અને અડધી મિનિટમાં તો ખેલ પૂરો થશે !"

"કેવી રીતે ?" મેં નવાઈ પામતાં કહ્યું.

તે દરમ્યાન ખૂબ મોટેથી ભજનિક કીર્તન: ઉત્તરાથી ની સાથ અંદર મારી મધુ છે, કે પ્રબંધની મંજીરાંની આવ ... છે. ને, ઓટલા પર હું ઉભો રહીશ, અને મારી ... ... મ.બ.ઘ ... સુરમાં કોઇમાં કુલ ... છે. ...

નિરૂ નીચે આવતાંજ હું તેને કરૂણા કહી સંબોધીશ, અને બાલકૃષ્ણ હાથ આપશે. તરત બન્નેએ ચાલવા માંડવાનું છે. પાસેજ ગાડીમાં તેઓ બેસી સામી પોળમાં જશે, અને ત્યાંથી તો બહાર નીકળવાની પાંચ ગલીઓ છે."

આટલી ઝીણી છતા સચોટ યુક્તિથી મારા મનમાં આફરીન નો ઉદ્ગાર ઉઠયો ને વિકટ પરિસ્થિતી હતી, તે જોતાં આ યોજના સિવાય બીજો કોઈ રસ્તો હતોજ નહિ, એટલુંજ નહિ પણ જો નિરૂ બરાબર પાઠ ભજવે તો આ યુક્તિ પુરેપુરી કામયાબ નીવડે અને તે પણ તદન સરળતાથી.

પણ મને શંકા આવી "પછી શું? કન્યા ગયા પછી શું?" એ સવાલ પુછયો.

"એ ત્હારે સમાલી લેવાનું છે, અને તે તને આવડશે." તેમણે હસતાં હસતાં કહ્યું "નિરૂ ઉતરે પછી બે મિનિટે નીચે ઉતરવું તારે અને કરૂણાએ. કરૂણા પરન્યાતની છે. બહાર મંડપ જોતાં હો તેમ જરા ફરી, આપણા ઘર તરફ સરકી આવવું."

"પણ એટલામાં ત્યાં ઉહાપોહ થશે તો ?"

"નહિ થાય. કન્યા પૂજાથી પરવારતાં પંદરવીસ મિનિટ તો લાગે, ને ! ત્યાં સુધી કોઈ ઉપર ન જાય. અને જાય તોયે શું? કન્યા ગયા પછી એમનાથી શું થવાનું હતું ? અને એમ છતાં હું ત્યાં હઈશ જ, ને ! તું અને હું એમને નહિ જરી પીએ ?" તેમણે જરા આંખો નચાવતાં કહ્યું.

હું અને તે અવાક્. બે બેના હૃદયે તો ક્રમે ક્રમે પરોણાગતે એ ભારી પણ મદદ બની જાને છે.

છતાં હજી એક શંકા રહી ! "પણ એર મેળ ન આવે, તો ?"

"એમ થાય તો જરા વધારે તકલીફ પડશે; અને ત્યારે જરા હિકમત વાપરવી પડશે." તેમણે પોતાની પાસેની એક સીસી બતાવતાં કહ્યું "કરુણા મિલાઇની ડબ્બી લાવશે. તારે આ સીસી સાથે રાખવાની છે. ગોર મીઠાઇ ના ખાયતો આ સીસામાંથી થોડું એક રૂમાલમાં નાંખી તેને સુંઘાડવું."

"ના સુંઘે તો ?" મેં પુછ્યું.

તેમની આંખો જરા કઠોર થઇ. "ના કેમ સુંઘે? તમે બબ્બે જુવાન છોકરીઓ જો એટલું ના કરી શકો—છેતરી, પટાવી કે ખરી રીતે તો અચાનક બળજબરીથી—તો પછી તમારી કિંમતે શી છે ?"

મને જરા શરમ આવી, "બળજબરી ?." છતાં માંથી પુછાઇ જવાયું.

"હા, ચાલાકી ભરી બળજબરી!" જરા ભવાં ચડાવી દાંત પીસી તેમણે કહ્યું, "એકજણી એનું ધ્યાન રોકે, ત્યાં બીજીએ રૂમાલમાં દવા નાંખી, તેના નાક પર દાબી દેવો;—જરૂર પડે તો માથું પકડીએ રાખવું જેમ તો એ પાડી જ નહિ— અને એક મિનિટમાં તો એ બેભાન થશે. આટલું જો તમારાથી ના થાય તો થશે શું ?"

શરમની મારી મારી આંખ નીચી ઢળી ગઇ. આટલું તો હવે જ જોઇએ. "એ તો થશે." એમનો ક્રોધ [illegible] શાંત કરતાં મેં કહ્યું, "પણ પછી એ એ બધું બહાર પડશે ત્યારે આબરૂની!"

"[illegible] તે રીતે નિરુ બની રહે તો [illegible] છે. જ, એ [illegible] કે તને કહી છું!" એમના [illegible] [illegible]

"હા, જો," તેમણે કહ્યું, "નિરૂ જો હા પાડે તો યોજના બધી સમજાવજે, અને કહેજે કે કદાચ આમાં પણ વિઘ્ન નડે તો પણ હું તેને માટે રસ્તો કરી દઈશ."

"શો ?" મેં ઉભા થતાં જીજ્ઞાસાથી પુછ્યું.

તેમણે બીજી સીસી બતાવી. "આમાં સો માણસોને બેભાન કરવાનો જાદુ છે," તેમણે કહ્યું "માંહ્યરામાંથી જ કન્યા ઉપાડી જઈશું. માણસો તૈયાર રહેશે."

મારા મોં પર ફીક્કાશ આવી. આતો હદ ઉપરાંત જવાનું હતું.

"એની જરૂર નહિ પડે," મને ધીરજ આપતાં તે બોલ્યા, "એ તો તું મીઠાઇ પણ ન ખવાડે. રૂમાલ પણ ના વાપરે, તો આ છેલ્લો ઉપાય મેં તૈયાર રાખ્યો છે. કદાચ પોલીસ કોર્ટનો મામલો થાય—પણ તે તો ઠીક. બે જણનાં જીવન સામે એનો શો હિસાબ છે ?"

મને લાગ્યું, વાત ખરી હતી, બેજણ—બે શરણાંગત જીવોને માટે થોડી પોલીસ કોર્ટની હવા ખાવી પડે તોયે શું ? લગ્ન ફરી થવાનાં હતાં ? અને કેસમાં થઇ થઇ નેયે શું થવાનું હતું ?

ઘડીઆળમાં એક થયો, અને હું ચમકી. એક નાનો કાગળ અને નાની સરખી પેન્સીલ લીધી.—કદાચ નિરૂને જરૂર પડે. માબાપ પર સહેલી તો મુકાશે ને ! અને ઝડપી પગલેનિરૂને ત્યાં ગઇ.

ઘરમાં બધાં થાક ઉતારતા હતા. નવનિધરાજ સાજન માટે ...જા કરેલા શ્રીમાનાનામાં થતી ઓરડા પર દેખરેખ રાખતા હતા. ...રીયા હોય અંદર ઓરડામાં છોકરીઓ માટે કપડાં. રાત્રીનું ...ગેરે કાઢતાં હતાં. મહેમાનો ... માટે મહેલો નિરૂ-...નો રાહ : જોઇ રહ્યા હતા. આખા ઘરમાં બધા ...

લાગતા હતા. માત્ર માધુ એક મોટા તપેલામાં પાણી ભરી, તેમાં ચાહ ખાંડ નાખી, તેને ચૂલે ચડાવવાની તૈયારી કરતો હતો.

હું ઉપર નિરૂની પાસે ગઇ. એક સાદડી ઉપર સોડીયું વાળીને તે ઓશીકા પર માથું મુકી જરા કાગનિંદ્રામાં પડી ગઇ હતી. બે દિવસમાંજ કરમાઇ ગયેલા તેના ગાલ પર સુકેલાં આંસુની આછી આછી નિશાની હતી. પ્રકાશને ખાળવાને તેણે એક હાથ મુઠ્ઠીવાળી કપાળ પર નાંખ્યો હતો. પણ તેની નીચે સહેજ ઉઘાડા રહેલા ઓઠમાંથી બે સુંદર દાંત જરા જરા દેખાતા. આખી મુખમુદ્રા કરૂણ અને ગ્લાન હતી. કાલ રાતના આઘાતથી કે આજના વિચારોના ધમસાણથી તેનો સમગ્ર દેહ મને તો ચીમળાયેલી મોગરાની કળી જેવો લાગ્યો.

અલબત, બીજાંઓ આ ગ્લાનતા નોંધે એ સંભવિત હતું, પણ આજે તો લગ્નને દિવસે વરકન્યાને ઉપવાસ હોય, એટલે ઉપરછલી નજરે જોનારને એમાં કાંઇ નવાઈ ના લાગે, પણ હું તો સાચું સમજતી હતી, ને !

પચેદસ પળ હું એને ધીમા ઉચ્છ્વાસ લેતી જોઈ રહી. ઉદ્વેગકમાં ઉદ્વેગજનક રોગ કે જ્ઞાનતંતુઓને શિથિલ કરી નાંખનાર ઉત્તેજક દ્રવ્ય કરતાંયે નિંદ્રામાં માનવીને વધારે શાંતિ, વધારે વિશ્રાંતિ સાંપડે છે. ત્રિવિધ તાપને વિસારીને માનવ ઉરનાં રણે રેલવનાર નિદ્રા માતાનો ખોળો માના ખોળા જેવો સંજીવની-શક્તિ પૂરે છે. એવા મધુરા ખોળામાંથી એને જગાડતાં મારો જીવ ના ચાલે.

પણ તેના [illegible] ખૂણાએમાં ભરાયું [illegible] ઉઘાડ એ શું સ્વપ્નમાં ઉપસ્થિત થયેલા [illegible] તે સ્વપ્ન જોતી હતી?

મેં હવે તેને [illegible] [illegible] [illegible] [illegible]

"કોણ ?" અર્ધ નિદ્રામાં તે બોલી, પણ મને જોઈ મુંગી થઇ ગઈ.

બેઠાં થઈ તેણે જરા વસ્ત્ર, કેશ, સમારી લીધા, અને મારા હાથમાં વસ્ત્રમા છૂપાવી રાખેલી ચબરખી આપી.

મેં જોયું. એક બાજુએ નાનકડું એક સૂકત હતું—'અણી-ચૂક્યો સો વર્ષ જીવે.' અક્ષરો મહેંદ્રના હતા.

સમજ્યાં વગર મેં એની સામે જોયું. તેણે કાગળ ઉલટાવ્યો.

પાછળ હતું સંસાર મંથનનાં વિષ જીરવી અમૃત પીનાર મહાનામ રાજર્ષિ ભર્તૃહરીનાં એક શ્લોકનું ચરણ:-

तेऽमी मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये ॥

(તે તો માનવરાક્ષસો પરહિત સ્વાર્થાર્થ જેઓ હણે !)
અક્ષર નિરૂના હતા.

શો સાંકેતિક વાર્તાલાપ ! પળવાર હું મુગ્ધ જ બની ગઈ.

હું ઉઠી, બારીએથી ઊંકોઇ ચોકમાં જોયું, બારણામાંથી મેડીમાં જોયું. કોઇ નહોતું.

ચીઠ્ઠી ગજવામાં સંતાડતાં મેં કહ્યું, "નિરૂ ! કવિતા કે ભાવનાના ઉડ્ડયનોમાં વિહરવાનો સમય નથી. વાસ્તવિક પરિસ્થિતિનોજ વિચાર કરવાનો છે. એ વાર્યા-કરવું હોય તે ચાર વાગે કરવાનું છે. માટે જલદી વિચાર કરી લે. મને આખરી જવાબ આપ"

"આ જવાબ પુરતો નથી ?" દયામણા તે મોંઢ પર સ્મિત લાવવાનો કરૂણ પ્રયાસ કરતાં તેણે પુછયું.

"ના," મેં કહ્યું. "કારણ કે તે લાગણીના ઉભરામાં કે ત્યાગના મોહથી દુઃખ શુરાઓને ચડતા ઘેનમાં થયેલો નિર્ણય છે એમ હું માનું છું." પળવાર રહીને મેં ફરીથી બહાર નજર નાખી દીધી. મેં વિચાર કર્યો કે નવલકથાઓ કે નાટકોમાંથી જન્મેલ જાજ્વલ્ય સ્વદેશદાઝે પેદા કરેલી એને ત્યજવાની ટીક પાડી.

કોણીપર બે હાથ ટેકાવી, તેની હથેલીમાં હડપચી રાખી, શૂન્ય નજરે તે અધુકડી, પગ લંબાવી, પડી હતી. મેં ચાહ મૂકતા કહ્યું, " બે તો થયા. અઢી વાગે મારે જવું છે. " અને તરત હું પાછી ફરી.

સામગ્રી, હાવડી ભત્રીજી માફક યશોદાફોઈ પાસેથી મેં નિરુને સ્નાન પછી પહેરવાનાં પાનેતર વગેરે વસ્ત્રો માંગી તૈયાર કરવા માંડયાં. એના આભૂષણો તૈયાર કરાવી એક નાની પેટીમાં મૂકી, તેમને જ સાચવવા આપ્યા. પૂજા સામગ્રી તૈયાર કરી. આ રીતે તેમને બહારથી રાહત આપી, સ્નાન વખતે મારે હાજર રહેવાનું મેં નક્કી કરી લીધું. તે પછી માતા આગળ બળતા અખંડ દીવામાં ઘી પૂરવાને બહાને હું ફરીથી ઉપર ચડી.

ઘડીઆળમાં તે વખતે અઢીનો ડંકો વાગ્યો.

મારી જ જાણે વાટ જોતી હોય તેમ નિરુ પોતાની ઓરડીમાંથી બહાર આવી. મેં માતાનો દીવો પૂર્યો ત્યાં સુધી પાસે જ ઊભી રહી, અને પછી હું ઉભી થઈ, એટલે એણે નાની ઘડીમાં વાળી મુકેલા કાગળ મને આપ્યા.

એ વાંચવા ફુરસદ નહોતી. એ મારે માટે પણ નહોતા. મેં પૂછ્યું, " શું, હા કે ના ? "

તેણે મોં જરા ફેરવી લીધું. " ના. બહુ મોડું થયું. "

મારું હૈયું બેસી ગયું. મારું મગજ ઉકળી ગયું. આટઆટલું કર્યાં છતાંયે આ કોઈ હરખ પીરસ્યું નહિ!

પણ વાદવિવાદને અવકાશ નહોતો. હવે તો ઉપર પણ અવરજવર થવા માંડી હતી. ઘેર પણ પતિ વાટ જોતા હતા.

છતાં મેં છેલ્લો પ્રયાસ કર્યો-આંસુ લોઈ ઉમેરી તેને જોરથી એક આંચકો મારતાં મેં કહ્યું, "હજી બે મિનિટ વિચાર કર. હાથે કરી ક્યાં ત્યાં સત્યાનાશ વાળે છે!"

તેણે મારી તરફ મોં ફેરવ્યું. અમારી આંખો મળી, તેની વિશાળ, ઘેરી આંખો તેના દેહમાં સૌથી સુંદર હતી. ખરું જોતાં એનું આકર્ષણ આ આંખો અને તેના કોયલ જેવા મીઠા સ્વરમાં હતું. તે ઘેરી આંખોમાં અત્યારે આકાશ નહિ પણ જલધિની અગાધતા હતી. તેના હોઠ જરા કંપતા હતા. છતાં મોં પર કો ભવ્ય સ્વાર્પણની દિપ્તી હતી. "અનુ, તારો પાડ નહિ ભૂલું. મહેન્દ્રનો પણ નહિ. કહેજે મને માફ કરે. હું કંચન ના નીવડી–કથીર છું. વળી બીજું શું કહું?" અને આંસુભર્યા અવાજે અને જરા લથડતી ચાલે તે પોતાની ઓરડીમાં જતી રહી.

વિરોધી ભાવોની અથડામણથી વિચારશૂન્ય બનેલી હું બે પળ તો મૂઢ જેવી ઊભી રહી. પછી ધીમે પગલે દાદરો ઉતરી, નીચેનું કામ પતાવી દીધું, અને કપડાં બદલવાને બહાને ઘેર જવા નીકળી.

હું ઘેર પહોંચી ત્યારે ત્રણ વાગ્યા હતા. આંગણામાં એક હલકી છતાં મજબૂત ટોંગાટ હતી. શોખીન ખાસ ઘોડાશોખીને વસાવેલા બે તગવરતા ઘોડા એને જોડ્યા હતા. મેં એ ગાડી ઓળખી. એ અમારા એક મિત્રની ગાડી હતી. કહેવાતું કે એક દિવસમાં એ ગાડીમાં તે અમદાવાદથી ડાકોર પહોંચતા. આ ગાડી ઘર પાસે જોઈ હું જરા વિચારમાં પડી.

પણ અંદર એ તો એકલા જ હતા. કદી મધ્યમનું હોય જ નહિ, તેમ આરામખુરશીમાં લંબાવી મેરી કોરેલીનું એક પુસ્તક એ લહેરથી વાંચતા હતા. મને આવતી જોઈને પણ એમણે પોતાની સ્થિતિ બદલી નહિ.

મેં પાસે જઈ પ્રશ્ન કરવાની [illegible] એમના પર નાખી. [illegible] તેમને તે [illegible], અને [illegible]

એમને [illegible] મિસિસ [illegible] હતી.

“ આ તો રમેશની છે, ” અંદરની ચીઠ્ઠીની ઘડી પર ‘ર’ અક્ષર જોઈ તેમણે કહ્યું. “ આ મારા પર છે. ”

તેમના પરની ચિઠ્ઠી ટુંકી હતી. “ પ્રેમશૌર્યનો—મરદાનગીભરી દીલાવરીનો જમાનો નથી ગયો તે જાણી જેટલો આનંદ થાય છે, તેટલોજ ૫૨ કલાકનો તફાવત પાડી એનો લાભ લેતાં મને વિધાતાએ રોકી છે, એથી ખેદ થાય છે. બીજા મને નહિ સમજે, પણ તમે તો સમજશો જ. એક બાજુ લોકો જેને પરમ સૌભાગ્ય ગણે છે, બીજી બાજુ માતપિતાની મૃત્યુથી ભયંકર નામોશી,—કદાચ મૃત્યુ—અને નાની બહેનોનું બગડતું ભવિષ્ય—તે બે વચ્ચે મેં પહેલાને જતું કર્યું છે. તમેજ એકવાર કહેલું, ને, કે તપ અને બલિદાન એ માનવતાનાં લક્ષણ છે !

મારું કરજો અને કરાવજો. વિશેષ શું કહું ? નાની બહેન ગણી છે તો સદાએ ગણશો એમ માગું છું. ”

રધવાટ છતાં યે સ્વસ્થતાથી ઝીણે અક્ષરે લખેલી આ ચિઠ્ઠી હતી. મારા પતિએ તે વાંચી મને આપી. પછી રમેશ પરની ચિઠ્ઠી હાથમાં લીધી. ‘ ઉઘાડું ? ’ તેમણે મને પૂછ્યું.

મેં હા પાડી, “ રમેશભાઈને ઓછામાં ઓછો આઘાત કરવો હોય તો આપણે આ ચિઠ્ઠીમાં શું છે, તે સમજી લઈએ. ”

તેમણે તે ઉપાડી. આંસુથી ભીના લાગતા તે કાગળ પરના અક્ષરો પણ આંસુથી રેળાયેલા હતા. પણ શબ્દો બહુ ધીરા હતા. “ ૫૨ કલાકના વિયોગે વિધિએ એક ભવનો અંતર પાડ્યો છે. શું લખું ? શું કરું ? મારું કરજો અને ભૂલી જજો......અને સુખી થજો. મારે ખાતર સુખી થવા મથજો. તમને સુખી જાણી હું મન વાળીશ. ”

મારા જીગમાં એક ડુસકું આવી ગયું. મારા પતિની આંખમાં પણ ઝળઝળીયાં આવ્યાં. પાંચ મિનિટ અમે મુંગા મુંગા બેઠાં રહ્યાં.

તેમણે મુગા મુગા ઉઠીને કૂજામાંથી પાણી લઈ પીધું, અને મને આપ્યું. મેં ઘોઇ, નાક નસીકી, થોડું પાણી પી મેં સ્વસ્થતા મેળવી;

તેમણે ઘડીઆળ પર નજર નાંખી. સવા ત્રણ થયા હતા.

"હવે સમય નથી, અનુ." તેમણે કહ્યું. "પાંચેક મિનિટમાં બાલકૃષ્ણ અને કરૂણા આવશે. સાડા ત્રણે રમેશ આવશે. તે પહેલાં આપણે થોડી વાત કરી લઇએ."

મેં સ્ટવ ચેતાવી પાંચ પ્યાલા પાણી ભર્યું. "બાલકૃષ્ણ-ભાઇ બધું જાણે છે ?" મેં પૂછ્યું.

"હારનો," તેમણે કહ્યું, "કરૂણાને ભજવવાનો પાઠ જોતાં એમને આજ સવારે કહેવું જ પડયું, ને ! પણ એમનું તો ઠીક, પણ રમેશનું શું ?"

મને પણ વિચાર થઇ પડયો. "કાલે રાત્રે જ એમને ના કહી દીધી હોત તો ઠીક થાત," મેં કહ્યું "પણ તે વખતે એમને આઘાતથી બચાવવા મેં જરા મોળી વાત કરી, નહિ તો નિશ્ચે કાલે ચોખ્ખી ના કહી હતી, ને !"

"ના," તેમણે કહ્યું. "કાલે એને અસાધારણ સંજોગોમાં ના પાડેલી. આજ વિચાર બદલે એવો જરા પણ સંભવ હોય તો આપણાથી પ્રયત્ન ના છોડાય. હું તો હજીએ નિર [illegible] વિચાર બદલે તો કાંઇ કરી છૂટું."

"શું ?" મેં કહ્યું.

"[illegible] બદલે [illegible] વરઘોડામાં એકલા રહી [illegible]," મેં કહ્યું. "એટલે [illegible] કહાડ બને."

"એ વાત [illegible] નહિ" મેં કંટાળાથી કહ્યું, "હવે નિર [illegible] [illegible] ?"

તેમણે ડોકું ધુણાવ્યું. "ના. હવે મનાવવાનો અર્થ જ નથી." પછી તે મૂળ વાત પર આવ્યા. "જો આવું જ કાંઇ થાય એ ખ્યાલમાં રાખી મેં બાલકૃષ્ણને વહેલો બોલાવ્યો છે. એ આવશે એટલે ગાડીમાં પાછો ઘેર જશે, અને સાડા ચારે આવશે. રમેશ સાથે તે પહેલાં પતાવી લઇશું. પછી બાલકૃષ્ણને લઇ હું ત્યાં આવીશ. બરાબર !"

"હા," મેં કહ્યું, "મારે ચાર વાગે તો જવું પડશે." મેં ચહા ગાળી તપેલીમાં ભરી એટલામાં બાલકૃષ્ણે બારણું ઠોક્યું; અને બન્ને દાખલ થયા. અમે અંદર ચૉકમાં આવ્યા.

"ખેલ ખલાસ," મારા પતિએ હસતાં હસતાં કહ્યું, મેં બે પ્યાલા ચાહ પતિ પત્નિ પાસે મુકી.

"શું થયું ?": બાલકૃષ્ણે પૂછ્યું.

"કન્યાએ ના પાડી. ઘેર રાજવંશી પરોણા–માબાપને ઝેર ખાવું પડે–એ કરતાં પોતાનું બલીદાન એણે ઠઇ ગવ્યું.' મારા પતિએ ઝડપથી જણાવી દીધું. "એ કહે છે, કે આપણે ત્રણ દિવસ મોડા પડયા."

"ભિખારી !" કરૂણા બોલી ઉઠી.

"હવે ?" બાળકૃષ્ણે પુછ્યું.

"તમે બહાર ગાડી છે, તેમાં બેસી જરા બહાર ફરી આવો. સાડા ચારે આવજો. તે પહેલાં રમેશ જોડે પતાવી નાખું ને ?' મારા પતિએ સમજાવ્યું.

"હા." બાળકૃષ્ણે કહ્યું. 'તે વખતે અમે હાજર ના હોઇએ, એજ ઠીક છે.'

જમણીથી પતાવી મારી સાથે શિષ્ટાચાર પ્રમાણે અભિવાદન કરી બન્ને મારા પતિ જોડે બહાર ગયા. ત્યારે ઉપાડી જમાની ગાડીમાં બન્ને બહાર ફરવા ઉપડી ગયા.

[illegible]

[illegible]

[illegible]

"[illegible] મારા પતિ પાસે જઈ બેઠી [illegible],"

"[illegible]," મારા પતિએ [illegible] પી."

"[illegible] પાસે પ્યાલા મૂક્યા, અને સામે જ [illegible] પીવા માંડી.

"[illegible] પાણી ?" [illegible] પ્યાલાને [illegible]

"પહેલાં [illegible] પી," મારા પતિએ કહ્યું. "પછી [illegible] આપું છું."

હું એક [illegible] પૂરી કરું, તે પહેલાં તે પ્યાલો [illegible]

"બોલો, શું છે ?" તેમણે અધિરાઈથી પૂછ્યું.

[illegible] રાખી મહેન્દ્રે કહ્યું. "[illegible] આપો."

[illegible] અને તેની [illegible]

વાંચતાં વાંચતાં એમનો ચહેરો ધોળા પુણી જેવો થઇ ગયો. તેમનું આખુ શરીર ધ્રૂજવા લાગ્યું. અને ભય લાગ્યો કે તે ચક્કર ખાઈ નીચે પડશે.

પણ બીજી જ પળે કોક કારમા રોષની લાલાશ તેમના મોં પર દેખાઈ. "નાચનારી ને આંગણુ વાંકુ.' તેમણે ગુસ્સાથી કહ્યું. " આમ હતુ તો પહેલાં શું કામ હા પાડી હતી ?"

મેં જરા નરમાસથી કહ્યુ, " એમણે પહેલેથી જ કહ્યુ હતું કે આપણે મોડા છીએ; એણે કહ્યુ હતું કે 'આટલા દિવસ ક્યાં હતા?' હવે પણ એજ કહે છે ને!"

પણ માણસ પર જ્યારે ગુસ્સો સ્વાર થાય છે, ત્યારે વિવેકબુદ્ધિ નાસી જાય છે. મારી સામેથી આંખ ફેરવી લઈ, એ મુંગા મુંગા પાંચેક મિનિટ હિચકા પર બેસી રહ્યા. મારા પતિ તેમના પલટાતા મુખભાવ ધ્યાનથી નીરખતા હતા, અને ગમે તે પરિસ્થિતિનો ઉકેલ લાવવા શકિત એકત્ર કરતા હતા.

વાતાવરણમા કોક અકથ્ય ઉકળામણ હતું.

રમેશનાં ભવાં વધારે અને વધારે ગુંથાતાં ગયાં. તેમના હોઠ વધારે અને વધારે ભીંસાતા ગયા. તેમની આંખોમાંની નીરસતા વધારે અને વધારે કઠોર થતી ગઇ.

તેમણે તેમના પરની નિરની ચીઠ્ઠી લીધી. "સુખી થજો—મન વાળીશ!' એટલુ તે બબડયા અને તેની ચીઠ્ઠી ખિસ્સામાં મુકી, અને ઉભા થયા.

"હું જાઉં છું." તેમણે કહ્યું.

કોક ભાગદોડ થઈ, અને અચાનકથી મારું હૃદય ધ્રૂજવા લાગ્યું. મારા પતિની આંખમાં અચાનક તેજ આવ્યું.

"ક્યાં જાવ છો?" તેમણે જરા ઉગ્ર થતાં પૂછ્યું.

"મને? અને બધાએ હક્ક છે?" મહેન્દ્રે કહ્યું, "તારા કુઈ ગયેલા પ્રેમને મેં જાગ્રત કર્યો. તારા હતાશ હૃદયને આશા-વંત કર્યું, પણ મારા હાથમાં નહિ એવા સંજોગોને લીધે એ આશા હું પૂરી કરી શક્યો નહિ. આને મારો અપરાધ ગણવો હોય તો ગણ. પણ તારે એ ના ભૂલવું જોઈએ, કે એ આશા ઉત્પન્ન કરવામાં મારો સ્વાર્થ નહોતો. એ આશા ફળીભૂત કરવા માટેના પ્રયત્નમાં બુદ્ધિ, ધન કે સાધનની જરાએ કચાશ નહોતી. એને માટે હું અને મારી પત્ની ખૂબ ગંભીર જોખમો ખેડતાં હતાં, અને અમારી યોજના પણ જેવી તેવી નહોતી. એ યોજના નિષ્ફળ જાય એમાં અમને સ્વાર્થ નથી. ઉલટું અત્યારે તો એક સુંદર નિઃસ્વાર્થ મૈત્રી ગુમાવ્યાનું નુકસાન થયું છે. આમ તારો આક્ષેપ ખોટો છે તે તારે કબુલ કરવું જોઈએ."

અધિરાઈથી આ લાંબુ ભાષણ સાંભળી રહેલા રમેશે કહ્યું, "વાર, એમ હશે. પણ હવે તો તમારાથી કાંઈ થાય એમ નથી, ને! હવે મને મારું ફોડી લેવા દો." તેમણે બે પગલાં બારણા તરફ ભર્યાં.

મને ગભરાટ થયો. નિરાશાના માર્યા એ કાંઈ જાત પર રી બેસે તો, હું તરત આડી ફરી. "એમ નહિ જવા દઉં, મેરુભાઈ. અકળામણમાં તમે શું નું શું કરી બેસો. તમને મારા સમ છે. નીચે બેસો, સ્વસ્થ થાઓ. મર્દ થઈ આમ શું ... છો?"

મારા પતિથી જે ના થઈ શકત તે મારા શબ્દોએ કર્યું. ... આવેશ જોઈ જરા હસવું આવ્યું. પોતે અપઘાત ... એવા મારા વચનથી એમને જરા હસવું પણ આવ્યું. ...ની નજરમાંની તીખાશ ઓછી થઈ.

મેં એમનો હાથ પકડ્યો. "રમુભાઈ, રમુભાઈ," આજંરવી કહ્યું. "મને વચન આપો. કદી જાત પર નહિ કરો!"

"તેની જોડે તમારે હવે શી નીસ્બત છે?" કડવાસઅ તીખાસથી છલકતા સ્વરે રમેશે કહ્યું, 'મને આજે આખો દિવ તમે અંધારામાં રાખ્યો. કાલ રાત્રે ચોખ્ખું કહ્યું હોત, કે ભા તુ ગોળને પાણીએ નાહિ લે તો આજે આખો દિવસ હતો. અમે તે કરત. પણ મને ખોટી આશા આપી તમે લોકોએ રોઇ રાખ્યો અને એ રીતે તમે એની સલામતી સાચવી લીધી.

આ ખોટા, હડહડતા ખોટા આક્ષેપથી મારા પતિના મોં પર એક ક્ષણ જ્વાળામુખીની જ્યોત પથરાઈ ગઇ. તેમના જમણા હાથની મુઠી વળી. તે હાથની નસો ફુલી ઉઠી.

મારા હૃદયમા પણ રોષ ઉભરાયો, "આટલું કરતાંયે?" મે જરા કડવાસથી મારા પતિને કહ્યુ, "હુ તો કહેતી હતી જ કે જગમા જુતીઆ મળશે. લ્યો, સાંભળો."

આટલા વખતમાં સ્વસ્થતા મેળવી ચુકેલા મહેન્દ્ર બોલ્યા, "અનુ શાન થા, રમેશ, તેં એવો ખગાબ આક્ષેપ કર્યો છે કે તારી આવી વિષમ પરિસ્થિતિ ના હોત તો તે કદીયે માફ કરાય નહિ. દુઃખના આવેગથી તને ક્રોધ થાય, અને તું પણ ભૂલી જાય એ હુ સમજું છું, માટે જ નિસ્વાર્થ મૈત્રીથી જ કરેલા કાર્યનો આવો બદલો હુ યાદ રાખવાનો નથી.'

જવાબ આપવાની પરવા કર્યા વગર રમેશે ચાલતા જવા માટે પુંઠ ફેરવી.

"મને ? અને અધિયે હક્ક છે ?" મહેન્દ્રે કહ્યું, "તારા સૂઈ ગયેલા પ્રેમને મેં જાગ્રત કર્યો. તારા હતાશ હૃદયને આશાવંત કર્યું, પણ મારા હાથમાં નહિ એવા સંજોગોને લીધે એ આશા હું પૂરી કરી શક્યો નહિ. આને મારો અપરાધ ગણવો હોય તો ગણ. પણ તારે એ ના ભૂલવું જોઈએ, કે એ આશા ઉત્પન્ન કરવામાં મારો સ્વાર્થ નહોતો. એ આશા ફળીભૂત કરવા માટેના પ્રયત્નમાં બુદ્ધિ, ધન કે સાધનની જરાએ કચાશ નહોતી. એને માટે હું અને મારી પત્ની ખૂબ ગંભીર જોખમો ખેડતાં હતાં, અને અમારી યોજના પણ જેવી તેવી નહોતી. એ યોજના નિષ્ફળ જાય એમાં અમને સ્વાર્થ નથી. ઊલટું અત્યારે તો એક સુંદર નિઃસ્વાર્થ મૈત્રી ગુમાવ્યાનું નુકસાન થયું છે. આમ તારો આક્ષેપ ખોટો છે તે તારે કબુલ કરવું જોઈએ."

અધિરાઈથી આ લાંબુ ભાષણ સાંભળી રહેલા રમેશે કહ્યું, "વારુ, એમ હશે. પણ હવે તો તમારાથી કાંઈ થાય એમ નથી, ને! હવે મને મારું ફોડી લેવા દો." તેમણે બે પગલાં બારણા તરફ ભર્યાં.

મને ગભરાટ થયો. નિરાશાના માર્યા એ કાંઈ જાત પર ...રી બેસે તો, હું તરત આડી ફરી. "એમ નહિ જવા દઉં, ...મેશભાઈ. આવેશમાં તમે શું નું શું કરી બેસો. તમને ...રા સમ છે. નીચે બેસો, સ્વસ્થ થાઓ. મરદ થઈ આમ શું ...ર છો?"

મારા પતિથી જે ના થઈ શકત તે મારા શબ્દોએ કર્યું. ...ા આવેશ જોઈ જરા હરખ ઓછું જન્મ્યું. પોતે આપઘાત ...રે એવા મારા વચનથી એમને જરા હસવું પણ આવ્યું. ...ની નજરમાંની તીખાશ ઓછી થઈ.

મેં એમનો હાથ પકડ્યો. "રમુભાઈ, રમુભાઈ," આનંદથી કહ્યું. "મને વચન આપો. કશું અનર્થ જ નહિ કરો!"

પ્રેમ (કે મોહ) જ્યારે વેરનું રૂપ લે છે ત્યારે એ કિન્નો કેવી કાતીલ ક્રૂરતામાં પરિણમે છે એ મેં ત્યારે અનુભવ્યું. એક દાઝનું લખલખું મારા અંગેઅંગમાં આવી ગયું, પણ સાથે સાથે જાણે સૂર્ય સોળે કળાએ તપતો હોય અને પવને રજા લીધી હોય અને જેવો પરસેવો થાય એવા પરસેવાના રેલા મારા શરીર પર રેલાયા.

મારા પતિનો તો સૂર જ બદલાઈ ગયો. યુદ્ધનું આહ્વાહન આપતા હોય એવા મક્કમ સ્વરે એમણે કહ્યું, "એ હરગીઝ ન બને, રમેશ!"

'કેમ ના બને?" માથું જરા પાછળ ફેંકતાં રમેશે પુછ્યું.

"મેં તને પહેલે દિવસે કહ્યુંજ હતું," મારા પતિએ એવેજ અવાજે કહ્યું, "કે નિરંજનાની ઈચ્છા હશે તો તમારાં લગ્ન ગોઠવવાની જવાબદારી મારી છે. એટલે એની ઈચ્છા એ મુખ્ય વસ્તુ છે."

"અને મારી નહિ?" રમેશે જરા ભવા ઉંચકતા કહ્યું.

"ના." મહેન્દ્રે કહ્યું, "આપણા સમાજમાંની ઓની સ્થિતી જોતાં સ્ત્રીઓ તરફ સુજનતા દાખવવી એ ફરજ છે."

"એ તો ઠીક," રમેશે કડવાશથી કહ્યું.

"અને," તેના બોલને ન ગણકારતાં મહેન્દ્રે કહ્યું, "અને મેં એને વચન આપ્યું છે, કે, એની ઈચ્છા પ્રમાણેજ થશે.

રમેશની આંખમાં ખુન્નસ સાથે કટાક્ષ ચમક્યો. "મેં નથી આપ્યું, ને?'

માનવમનની એ વિચિત્રતા છે, કે જે લોકો ખૂબ [illegible] યોજનાઓ ઘડે છે, [illegible] અંતરાયોની [illegible] વિઘ્નો વિચારી સર્વ પ્રતિક્રિયા તૈયાર રાખે છે, તે લોકો અણધારી પરિસ્થિતિ આવતાં [illegible] [illegible] રમેશનો મારા સ્વભાવ

ગુમાવતા હશે ? મને લાગ્યું કે મારા પતિની વૈજ્ઞાનિક તટસ્થતાને લીધે સદા જાગ્રત સ્વસ્થતા ઓસરતી હતી. નાડીનો એક પણ ધબકારો ના વધ્યો હોય એવી શાંતિથી વિકટ સંજોગોમાં ઘણીયેવાર જળવાયેલું ધૈર્ય ખૂટવા લાગ્યું હતું. સમજાવટ, દલીલને પડતાં મુકી કદાચ બળજબરી પર વાત જાય એમ મામલો હતો.

'એટલે ?' એમણે ભયંકર શાંતિથી કહ્યું.

જરા ઓઠ મરડી રમેશે કહ્યું, 'એટલે એમ કે એની ઇચ્છા પ્રમાણે તમારે વર્તવાનું. મારા વર્તન માટે હું સ્વતંત્ર છું.'

પરિસ્થિતિ વણસતી અટકાવવા માટે હવે મારે વચ્ચે પડવું જ જોઈએ એવું હતું. કારણ, કે જે પ્રચંડ ભાવોની અથડામણમાં વંશાનુગત, સ્વાભાવગત, અને શિક્ષણસિદ્ધ સંસ્કારો લોપ થઇ માનવ આદીમાનવ જેવો થઈ જાય છે, એવી અથડામણ ઉભી થતી હતી.

પછીથી પસ્તાવો પ્રેરે એવો કોઇ કડવો બોલ મારા પતિના ઓઠ પર ન આવે તે પહેલાં હાથના એક સંકેતથી એમને વારી હું બેની વચ્ચે આવી. 'તમારું કહેવું સાચું છે, રમુભાઈ,' તદ્દન શાંત, શામક અવાજે મેં કહ્યું, 'પણ તમારા પક્ષપાતી નિર્ણના સંભારનું શું થશે એ વિચાર્યું છે ?'

તલવાર સામે તલવાર અથડાય તો તણખા ઝરે, પણ તલવાર સામે રૂનો ગાભો હોય તો તલવારનો વાર નકામો જાય છે. તદ્દન સ્વાભાવિક અને હળવા મારા અવાજથી જ વાતાવરણ જરા હળવું થયું. અને પુરુષ સામે પુરુષને બદલે સ્ત્રી આવી હોવી, કે કદાચ તેમનો મુદ્દો મેં સ્વીકાર્યો તેથી રમેશના મોંપર પડેલી તંગ રેખાઓ ઢીલી પડી.

"કયો સંભાર ભાભી અને એ તમે વિચાર્યું છે ?" [illegible]

દર્શું, 'મારા આખા જીવનને એક સળંગ વેદનાનું એણે રૂપ આપ્યું ત્યારે એણે કાંઈ વિચાર કર્યો હશે ?'

'કેમ જાણ્યું કે નહિ કર્યો હોય ?' મેં અવાજમાં મૃદુતા સાથે આર્જવ ઉમેરતાં કહ્યું. 'જે આંખોની વિશાળતા, ગહનતા અને નિર્મળતાને તમે વખાણતા હતા, જે આંખોને લીધે જ તેનું આકર્ષણ હતું, તે તમે આજે જોઈ છો ? ફૂલીને ટેટા થયેલા પોપચા, હિંગળોક જેવો ડોળો, ઝાંખી પડેલી કીકી,—એ બધું શું સૂચવે છે ? કોયલના ઘૂંટાયેલા ગળામાંથી નીકળતો હોય તેવો અવાજ તો વરસોથી અલોપ થયો છે, અને આજે તો ફેકડી જેવો કર્કશ છે, અને નેતરની સોટી જેવી એની દેહલતા તો હવે લબડી ગઈ છે. કાલે થોડી વાર માટે એ આંખમાં ઓજસ આવ્યું હતું, એ સ્વરમાં માર્દવ આવ્યું હતું, એ દેહલતામાં તરવરાટ આવ્યો હતો—

કરોકટીને વખતે કુદરત કેવી કવિતા સ્ફુરાવે છે ? વાક્યે વાક્યે એમના અંતરને હું સ્પર્શતી હતી. એ દેખાતું ગયું તેમ તેમ હું ઉત્સાહથી આગળ વધી. 'રાત્રે પણ કેવા ઉમંગથી ઉઠી તે નીચે ઉતરી હતી પણ પિતાને નચિંતાઈની નિદ્રામાં નિરતિ પોઢેલા જોયા અને તેના પગ લથડી ગયા.'

તેમની વેદના વધતી હતી, પણ તેના પ્રત્યાઘાતનું ઝેર ચડતું હતું.

મારા જ વર્ણનથી મારું હૃદય ભરાઈ ગયું હોય તેમ ગળગળે સાદે છેલ્લું વાક્ય હું બોલી, અને જાણે એ દર્દના રમણની રેખના પણ અમથા હોય તેમ આંખો પર પાલવ દાબી દીધો, અને મોઢામાં પડેલી એક ખુરશી પર હું બેસી પડી.

કુદરતપ્રેમી આ અભિનયની ધારી અસર થઈ. તેમના મો પર ખેદના કરતાં બે વિચારની છાયા પથરી, તેમની આંખમાં નારાજી આવી.

પ્રિયપાત્રના અવદશાના સ્મરણથી કયા પ્રેમિકને આઘાત થતે નથી ?—

[illegible] સાચું [illegible] [illegible] પોતાને [illegible] આત્મજ્ઞાનને પોતાને હાથે સહાર [illegible] એને [illegible] [illegible] પણ સવારે [illegible] ત્યારે [illegible] અશ્રુથી એમ [illegible] ગયું હતું

[illegible] માની [illegible]

[illegible]

અને [illegible] કહ્યું [illegible] અપેક્ષા [illegible] પ્રેમ [illegible] છે અને પોતે [illegible] નથી

[illegible] આત્મવિલાસનો [illegible] એનામાં [illegible] પોતાના માતપિતાની [illegible] અવસ્થા [illegible], [illegible] ભવિષ્ય [illegible], પોતાની [illegible] અભિલાષનું [illegible] [illegible]

[illegible] સ્પષ્ટ હતું. [illegible] પુરું [illegible] હતું [illegible] રીતે વેર [illegible]

[illegible] પૂરી [illegible], [illegible] અને [illegible] [illegible] પણ, અને [illegible] હાથ [illegible]

[illegible]

શત્રુસેનાની લોખંડી દીવાલમાં જેમ જરાએ માર્ગ મળતાં કેસરી સેનાની વિના વિલંબે દમામ વધારી મૂકે, તેમ મેં પણ હવે આગળ ધસારો કર્યો.

'ભાવિએ ઢાંકેલા પડદા કોણ ચીરી શકે છે ? કદાચ જે થયું છે તે ઠીક જ હશે ! એની એ સ્વાર્પણની ભાવના પરાસ્ત ના થઈ હોત, એણે કુટુંબના ઇજ્જત અને સુખ કરતાં પોતાનો સ્વાર્થ વધારે ગણ્યો હોત તો એનાં પ્રત્યાઘાતો ભવિષ્યમાં શાએ હોત ! આખા કુટુંબની બેહાલીથી તેને પોતાને પોતાના સંસારમાં શો સ્વાદ રહેત ! કોણ જાણે ? અને અનેક કરતાં એક જ હોમાય એમાં યે શું ખોટું છે ? પણ ઓસહજ આ આત્મ-વિલોપન કલ્પવું અઘરું તો ખરું !'

જાણે વિચારમાં સરતી જતી હોઉં તેમ મારો અવાજ ધીમો અને અપાર્થિવ થતો ગયો હતો. મારા પતિના મુખ પર પણ એની વિદારક અસર દેખાતી હતી.

અને રમેશના હૃદયે ધીરે ધીરે માર્ગ લેવા માંડયો. ખુરસીના હાથા પરથી રેલાતાં મુંગા આંસુઓ મારા ખોળાને ભીંજવવા લાગ્યાં.

જરીપુરાણી એક સામાજીક રૂઢીના આ અત્રોસહણાં બલિદાનનાં મજાપીતાં આ આંસુના સ્પર્શથી મારા ગળામાં યે ડચુયો બાઝયો.

પુણ્યશાળાઓ જ અનુભવે એવી પાવનકારી કરુણતામાં સ્નાન કરતાં અમે પતિપત્નિ પણ કોઈ પરમ પરિશુદ્ધિ પામવા લાગ્યાં.

મહેન્દ્રનો હાથ મૌનની આશ્વાસક સહાનુભૂતિથી તેમના ખભા પર રેલાયો. મારો હાથ આપોઆપ સરી, હાથ પર ઉતરી, તેને ધીમે ધીમે પંપાળી, આશ્વાસન આપવા અને સહાયો દાખવવા લાગ્યો.

એ જ પળ અમારી આંખો વચ્ચે એક પ્રકારની ખેંચતાણ ચાલી. છેવટે મારી ઇચ્છાશક્તિ આગળ એ નમ્યા. એમણે આંખ ફેરવી લીધી.

તેમણે એક ઉંડો નિસાસો મૂક્યો. મારું હૃદય ડોલી ઉઠ્યું, પણ મારો નિશ્ચય ડગ્યો નહિ.

ઉંઘતાં બાળકને સાચવીને ઘોડીઆમાંથી કાઢ્યું હોય એવી નરમાસથી તેમણે અંદરના ખીસ્સામાંથી લવંડર રંગના રેશમી રૂમાલમાં લપેટેલું એક નાનુંશું પોટકું કાઢ્યું. પ્રિયજનની છેલ્લી વિદાય લેતા હોય એમ એને એકાદ પળ નીરખી, હાથથી જરા પંપાળીને તે મારા હાથમાં મૂક્યું.

સ્વલ્પ પણ ત્યાગનાં દર્શનમાં હૈયાં હલાવતી ભવ્યતા હોય છે. ભૂતકાળની મધુરી આશાઓની આશ્વાસક, દાહક છતાંયે મીઠી સ્મૃતિનાં છેલ્લાં અવશેષનો ત્યાગ કરવાનાં તેમનાં આ વર્તનથી પરાણે જાળવેલા મારા સંયમમાં આવેશનું એક મોજું આવ્યું. બોલવાને અશક્ત એવી મેં જોરથી તેમનો હાથ પકડી લીધો, અને મારી આંખો પર દાબ્યો.

" ભાઈ, ભાઇ, " રૂદનથી રૂંધાતો કંઠ વધારે બોલી શક્યો નહિ.

—કહે છે, ને, કે રૂદન તો હૃદયની ગ્રંથીઓ ઓગાળે છે, અને એ ગ્રંથીઓ ઓગળતાં, આત્માને નિર્મળતા સાંપડે છે.—

જેમ તેમ હોય-પાંચ પળ નવા સંબંધે જોડાયેલાં અમે બે ભાઈ બહેને આત્માનાં એ નીરને વહેવા દીધાં. તેમનો હાથ ભીંજાઈ ગયો. મારા હાથ પર એમનાં ઊંના આંસુ પડતાં હતાં.

અને એવામાં બહારથી [illegible] ગયેલા કોઈને ખોંખારીને મોકલો કરી મારા પતિ પણ પાસે આવ્યા. મારે અને હાથ મૂકી દેવો. " [illegible]. "

રમેશના ખોળામાં તે પત્રોનું બંડલ મુકી નાક નસીકવા ઉઠી, અને મેં ધોઇ સ્વસ્થતા મેળવી. પછી એક અલમારીમાંથી લીલી મખમલની એક ખાલી ડબ્બી કાઢી, અને રમેશ પાસેથી એ પત્રો લઈ લીધા.

—નિર્મળ પ્રેમની ઉષ્માનાં પાવક સ્પંદન શું હવોનેય સ્પર્શતાં હશે? ગમે તેમ હો, ઉર્મિનો ઉછાળો શમતાં સ્વસ્થ થયેલા મારા મગજને કોઇક મહાભાગ સત્ત્વ તરફથી એક ધન્ય પ્રેરણા મળી—

બન્ને પક્ષે ઉત્કટ બલિદાનથી પરમ પુનિત બનેલાં પ્રેમની એ ભવ્ય સંભારણીને હૈતાળમાતા બાળકને મહારે તેમ ડબ્બીમાં મુકતાં મને એ પ્રેરણા પ્રાપ્ત થઇ. લમણે હાથ દઇ બેઠેલા રમેશ તરફ હું ફરી.

"તમે આનું શું કરવા માગતા હતા, તેનો ખ્યાલ આવે છે, ભાઇ? તમે આ કનકને આપત. ઘણુંખરું તો કનક એ દાબી રાખત, અને પછી પુરુષોને સુલભ ક્રૂરતાથી નિરૂને આખી જીંદગી સારત!"

તેમના હોઠ ધ્રુજી ઉઠયા. તેમની મુખમુદ્રા ફીકકી પડી. તેમની આંખમાં કોઇક અગમ્ય અકળામણ—ભય કોધની—કદાચ દેખાઇ.

"અને કદાચ......" એક વેધક દૃષ્ટિ નાખતાં ભાંગે અવાજ હળવો રાખી મેં કહ્યું, "કદાચ કનક પત્નુ(?) ના પાતન—કદાચ અસંભવિત સંભવિત બનત, અને એ રીતે રખડી પડેલી નિરૂને નવનિર્માણ ન છતાં તમારી જોડે પરણાત. તે શું? કહ્યુંખરું સેકન્ડની દેખાં સારની હતિમાં અનેકનું રૂપ પામેલી નિરાશ વિદરી કંપ તેના જીવનને મેલી કરી નાંખત, વધુમાં તેને ભરેલાનાં જીવિત મિળાય. કાં અનુ—ભવ દેખત. મનવિતામે જીવેલ રેત ભાગી તેમનાં નષ્ટ

સ્નેહનો યાદ વણુછીપી તૃષાના આતશથી હૈયાને સતત પ્રજાળત, અને તમારા સંસારમાં પ્રેમનાં હજળેલા કોલસામાંથી ઉપજતો કાળો ધિક્કાર અને કડવાસ વ્યાપી રહેત !"

ભિન્ન ભાવોથી ઉપજતી પશ્ચાતાપ અને આત્મઘૃણાની, લાલ-કાળી વાદળીઓ તેમનાં મુખ પર સાતતાળી રમવા લાગી. કરમાયેલા મુખભાવ સાથે વાંકા વળતાં મારાં ઘુંટણને જરા સ્પર્શી તેમણે એટલું જ કહ્યું, "અનુ બહેન, તેં મને આજે એક ભયાનક પાપમાંથી બચાવ્યો છે."

"પાપ શેનું, ભાઇ ?" હેતથી તેમનું માથું પસવારતાં મેં કહ્યું. "જીવનનાં ઝેર જીરવવાં દુષ્કર છેઃ તમારા જેવા કોક જ વીરલા આવા આઘાત જીરવી શકે."

"ખરી વાત છે," મારા પતિ બોલ્યા, "તારા વર્ણનમાં કોઈ દોષ ન કહાડી શકત." ખુરસી પાસે ખેંચી તેમણે રમેશના ખભે હાથ મુકયો.

"અને હવે હું એક જ વસ્તુ માગું છું. સ્વાર્પણના આ અમોઘા મંદીર પર એથી યે અમોલો સુવર્ણકળશ ચડાવી દો." રમેશના વાળની જોડે રમતાં મેં મારો પ્રસ્તાવ રજુ કર્યો.

કોક કારમી કંપારી તેમના દેહમાંથી પસાર થઈ ગઇ. "હજીએ કાંઈ બાકી છે, બહેન !" આકલિત આશંકા અને અજ્ઞાત ભયની મુંઝવણથી ઉપજતી વ્યથાનીમાં પ્રયત્નસબ્ધ કૃત્રિમ સ્મિત લાવી તેમણે પૂછ્યું.

મારું હૈયું જરા કંપ્યું. શા માટે હું એમને વધારે કહું? શા માટે એ આરાધેલા દેવનાં મનમાં ફરીથી કલંકોના સંશયો પોતાને હાથોને અત્યારે જ વહેતા જખમ કરેલા એ ઘાને વહેતો અને વધારે ઊંડો કરું શું ?

પણ બળવું તો આછેરૂં શાને? દેવું તો અધુરૂં શા માટે? દુઃખનો કટોરો પીવો તો શા માટે એક ટીપુંયે કટોરામાં રહેવા દેવું?

એક જ પળમાં આ વિચારો મગજમાંથી પસાર થયા. એક સ્નેહભરી, યાચતી મીટ તેમનાં મુખ ઉપર માંડી મેં કહ્યું, "હા, આ કાગળો તમે તમારે હાથે નિરૂને લગ્નની ભેટ તરીકે આપો."

મારા આ પ્રસ્તાવથી મારા પતિને જે આંચકો લાગ્યો તેનાથી જ રમેશને શું થયું હશે તે સમજી શકાશે. ખુરશીની બેઠકમાંથી જાણે વીંછીએ ડંખ દીધો હોય એમ મારા પતિ સફાળા ઊભા થઇ ગયા. "શું?" લગભગ બરાડતા હોય તેમ તે બોલી ઉઠયા.

થોડી ખેંચતાણ માટે તો હું તૈયાર હતી જ. "તમે જ વિચારો," મેં મારા પતિને કહ્યું, "રમેશભાઇ અહિં છે. નિરૂ જાણે આ પ્રસંગ ના બન્યો હોત તો એનાં લગ્નમાં એમને હાજર રહેવું જોઇએ. એમની ગેરહાજરીના કેવાં કેવાં અર્થ ઘટાવાય તે તમને જણાવવાની જરૂર છે? શા માટે નિરૂને માટે ગમે તેવાં ગપાટાં વહેતા મુકવાની બદબોઇપ્રિય ન્યાતીલાઓને તક આપવી?"

"એ વિચારવા જેવું તો ખરૂં જ!" તેમણે જવાબ આપ્યો.

રમેશના મોં પર વેદનાની ઝાંખ રેખાઇ રહી. "ના, મારાથી નહિ બનાય." તેમણે કહ્યું.

"અભાગી, ભાઈ, અભાગી," મેં કહ્યું, "હું સમજું છું. કે એ જાણી કિયા વખતે તમારા હાથને એક હજાર વીંછી ડંખ્યા હશે. પણ છેલ્લા ચોવીસ કલાકમાં તો તમે લાખો વાર મરી ચૂક્યા છો. એની આગળ એ બાબત શી વિસાતમાં છે! અભાગી, અભાગી, ભાઈ!" એટલું કહેતાં મારાથી રહેવાયું નહિ. મેં હાથ તેમના ખભા પર મૂકી, હૃદયભરી આંખમાં મેં આંસુ ભરી.

એમની આંખોમાં યાતનાનો મહાસાગર હતો. મારી આંખોમાંયે આંસુ તો છલકાતાં હતાં જ. બન્નેનાં અંગેઅંગ કંપતાં હતાં. મારા હૃદયના ધબકારા યે સુણાતાં હશે.

"આવજો,ને! આ બહેનની એટલી માંગણી પૂરશો,ને?"

તેમનાં ગાલ અને હડપચીના સ્નાયુઓમાં કોક જબરો વળાંક આવ્યો, અને તેમણે ભગીરથ પ્રયત્નથી કાબુ મેળવી મોં ફેરવતાં કહ્યું, "આશીશ, બહેન, પણ એ નહિ બને! મારાથી ભેટ નહિ અપાય!" ને ખુરસીમાં બેસી પડ્યા.

એ જ ખુરસીના હાથાપર બેસી મેં તેમનું માથું છાતીસરસુ લીધું, અને માતાના હેતથી દાબ્યું. 'આપવી જોઈએ, ભાઈ." એક હાથ તેમના ગળામાં પરોવી, બીજે હાથે ગાલ પસવારતાં મેં કહ્યું, "નવાણું ભર્યાં તો એક માટે જ કાં બાકી રાખો છો? અને જરા વિચાર તો કરો. તમને થયેલા દુઃખનો ખ્યાલ નિરૂને કેવો ભારરૂપ હશે? તમે એને માફી આપો છો, એના સુખમાં સુખ જોતા મથો છો એટલાથી એના ભડકે બળતા હૃદયને કેટલી શાતા વળશે? ભાઈ, ભાઈ," લગભગ રડી પડતા અવાજે મેં કહ્યું, 'આટલું તો કરો. હું જાણું છું તમારા ભાવિમાં ધ્રુવ પ્રદેશનું ઠારતું શીત લખાયું છે. તેના જીવનમાં સહરાનું બળબળતું રણ છે. પણ શું થાય? તમે માનવતાની પરમ દશાએ પહોંચ્યા છો. આટલું કરો તો દેવ થશો! તમારા ક્ષમાના આશ્વાસન પર તો એનો જીવનતંતુ ટકી રહેશે."

મારા પગ પર માથું રાખી એ દસેક પળ બેસી રહ્યા. એમના મનમાં ચાલતા ભયાનક યુદ્ધમાં મારે શાંત જ રહેવું યોગ્ય હતું.

મારા પતિ પણ ભાવોના સંઘર્ષથી મુક્ત નહોતા. તેમણે પાછળથી પોતાનો હાથ સ્નેહના હાથમાં સેરવ્યો.

એ બે પુરુષોના જે અનિરુદ્ધ પૌરુષની પરાકાષ્ઠા મેં અનુભવી છે, તેણે [illegible] એકમેકને [illegible]

અને [illegible] જ્યારે [illegible] ત્યારે [illegible] અદ્ભુત [illegible]

[illegible] એ [illegible] સ્વસ્થતા [illegible]

[illegible] અનુભવે [illegible] હાથને [illegible]

[illegible] સાથે [illegible] તુલના [illegible]

[illegible] આવજાવ [illegible] પુરુષોને [illegible] મહીના [illegible] અહીં [illegible] જહાર આવી.

[illegible] મૌનમાં [illegible] એક છે.

[illegible] એમની [illegible] એને [illegible]

અને [illegible]

• • •

કન્યાસ્નાન માટે હું દસેક મિનિટ મોડી હતી, પણ ગોર તો વીસ મિનિટ મોડા હતા. હિંદુસ્તાનમાં કોણ ઘડીઆળને ક્રે ચાલે છે,–નિશાળો સિવાય! એટલે હું મોડી થઇ તેમાં કાંઈ થયું નહિ.

એ બધી ક્રિયા પતી ગઈ. ૭ વાગે વરરાજા આવ્યા. તે પહેલાં મહેન્દ્ર અને રમેશ આવી પહોંચ્યા. સાજન માટેનાં માંડવામાં તેઓ ગોઠવાઇ પણ ગયા હતા.

સાત વાગે હસ્તમેળાપ થયો.

રીવાજ મુજબ તો લગ્નવિધિ પુરો પતે વરકન્યા વડીલોનો આશીર્વાદ માંગતાં. વય, શોક કે બીજા કારણથી લગ્નમંડપમાં ગેરહાજર રહેલા વડીલોને ઘેર તો લગ્ન પછી જ જવાનું હોય છે. પણ પરગામથી આવેલા મહેમાનોમાંના જો કોઈ લગ્ન પછી તરત જવાનાં હોય તો તેમને પગે લાગવાનો વિધિ તે દિવસે કરી લેવાય છે. આ પ્રમાણે સાડા સાતે નવપરિણિત દંપતીને લઈ હું નીકળી.

પણખરાં આ મહેમાનો સામેજ આવેલા અતિથિગૃહમાં હતા. એ લોકો પાસે દંપતી ગયાં, નમ્યાં, આશિર્વાદ અને કંઇક પુરસ્કાર પામ્યાં. આ સમય દરમ્યાન એ ગૃહની એક અટારીમાં મહેંદ્ર રમેશ સાથે બેઠા હતા, એ મેં જોઇ લીધું હતું. આમંત્રિતો ભેટો વિધિ પતાવો, મેં જમાઇરાજને એમના નક્કી કરેલા સ્થળે પહોંચાડયા, અને નિરૂને મહેંદ્ર પાસે લઇ જવાને મિષે અતિથિગૃહમાં પાછી લાવી.

નવપરિણિતની લજ્જાના ઓથામાં હૃદયની ઉદાસીનતાને સંકોરનારો રસ્તો મારી સાથે ચાલી, પણ જ્યારે અટારીમાં દાખલ થતાં મહેંદ્રના સાથીને જોઈ લીધા, એટલે એ ... [illegible] ... અસ્ફુટ ઉદ્‌ગારથી તેના

પીડીચોળ્યા મુખ ઉપર લાલ અને ધોળા રંગની તડકી છાંય: હેરાફેરા ખાવા લાગી. વધી ગયેલાં શ્વાસોચ્છ્વાસથી છાતી ઉછાળ મારી રહી, અને મન ઉપરનો કાબુ ગુમાવી તેણે લથડીયું ખાધું

મેં તરત હાથથી ટેકાવી લીધી, "નિરૂ, સ્વસ્થ થા."

અનિયમિત ચાલે તે મહેંદ્રની પાસે ગઇ, અને હાથ જોડ નમી ગઇ.

"આત્મા જીતે તેને શું આશિર્વાદ અપાય ?" મમતાયં તેને માથે હાથ ટેકવતાં મહેન્દ્રે કહ્યું, "એટલું જ પ્રાર્થું છું, કે ભવાટવીના દુર્ગમ પંથની કઠોર આપત્તિઓ સહન કરવાનું ધૈર્ય જળવાઇ રહો !"

તે પાછા હટ્યા, એટલે મેં કહ્યું, "નિરૂ, આ રમેશભાઇ! વયે અને સગપણે તે તારા વડીલ થાય છે. તેમને નમસ્કાર કર."

અનેક વિયોગોની નિરવધિ યાતનાઓનાં એક સામટા સરવાળા જેવી આ સંયોગની વેદનાથી ઉપજેલા ભાવ વર્ણવવાનું મારૂં ગજું નથી. એ જોવાની યે મારી તાકાત નહોતી. માનવ-હૃદયની સહનશક્તિની સીમાઓ તો બન્નેએ ઓળંગી હતી. પણ એથી વધારે સહન અત્યારે તે કરતા હતા. એ અકલ્પ્ય વેદના નિહાળી મને આ મેળાપ કરાવવા માટે મારી જાત પર ઘૃણા ઉપજી. એના ભાવો નિરખવા અશક્ત મારી આંખો મેં ફેરવી લીધ.

હૃદય અને મગજ બન્ને જ્યારે મારે ત્યાં [illegible] હાથ શું કરી શકે ? નિરંજનાએ વાંકા વળી રમેશના ચરણ સ્પર્શ્યા.

અને અનેક લોકના [illegible] વચ્ચે ધર્મ[illegible] [illegible] જે પોતાની [illegible]. [illegible] [illegible] હાથ મુક્યો, અને કહ્યું, "નિ, [illegible], [illegible]."

મેં એક ઢુરકું દાબી દીધું, અને તેમની તરફ જોયું. "લે, બહેન," રમેશે કહ્યું, અને પેલી પેટી સામે ધરી.

ઉપર મહેન્દ્રે સોનેરી શાહીથી લખેલી એક ચીઠ્ઠી ચોઢી હતી.-તેમાં લખ્યું હતું, "બહેન નીરૂને,

રમેશ તરફથી—

લગ્નની ભેટ."

સીમાપાર ગયેલી સહનશક્તિને પે બીજી સીમા નડતી હતી, યંત્રવત્ નિરૂએ એ ડબી હાથમાં લીધી, અને પછી જમીન પર ફસડાઇ પડી. રમેશ પણ લથડીઆં ખાતા ભીંત પાસે જઇ ઊભા રહ્યા.

સદાયે સમયસાધક મહેંદ્રે રમેશને પાણી આપ્યું. જડ જેવી બનેલી મારામાં પે અકસ્માત ચેતન આવ્યું. નિરૂને મેં ખોળામાં લીધી, અને મહેંદ્રે આપેલું પાણી તેને પાયું.

એક પ્રયાસથી બન્નેએ સ્વસ્થતા સાધી, અને નિરૂને લઇ હું પાછી વળી. પણ દ્વાર પાસે જરા અગાડી નિરૂએ મને કાંઇ [illegible]. માગ મનને ઠીક ના લાગ્યું, છતાં હું ફરી.

રમેશ અમને અનિમિષ આંખોથી જોતા હતા. મહેન્દ્ર તેમને પડખે ઊભા હતા.

ધીમે સ્વરે મેં કહ્યું, "રમેશ ભાઈ, આજે અહિં જમીને જજો."

"મને માફ કરો, બા" રમેશે કહ્યું "એ વધારે [illegible] છે."

"નિરૂની [illegible] છે, એક જ [illegible] અને [illegible]" મેં આનંદના અને દુઃખના [illegible] કહ્યું.

" રમેશ, થવા દે. " મ્લાન હસીને મારા પતિએ કહ્યું. " હૃદયના રહ્યા સહ્યા તંતુઓની આહુતીની હોળી સળગ્યા બાદ બન્ને માપી લે. "

" રમેશે ઉત્તર આપ્યો નહિ, પણ એમની સંમતિ માની અમે ચાલ્યાં ગયાં.

× × ×

પછી મહેમાનોના મંડળમાં જ મહેન્દ્ર અને રમેશ જમવા બેઠા. હું અને નિરૂની સખીઓ પીરસતા હતા. છેલ્લે છેલ્લે નિરૂને અમે અહીં લાવ્યા. હૃદયના ભાવો છુપાવી દઇ એણે સહજ કૃત્રિમ સ્વાસ્થ્યથી થોડું થોડું પીરસ્યું. પ્રિયતમાના છેલ્લા પિરસણના બે ચાર ગ્રાસ ગળે ઉતારી રમેશ ઉભા થઇ ગયા.

અને રાતની ગાડીએ જવાનું કારણ આપી તે મહેન્દ્ર સાથે ચાલી નીકળ્યા.

અનિચ્છિગૃહના ઓટલા સુધી અમે બે સાથે આવ્યા. આંખ મેળવ્યા વગર વિધિએ વિખુટાં પાડેલાં આ પ્રેમીઓએ 'આવજો' ના અસ્પષ્ટ ઉદ્‌ગાર સાથે અંતીમ વિદાય લીધી.

' રમેશ—ભાવના ભવથી મારા ભવોભવના નાથ ! ' ભ.ગે. અસ્ફુટ ઉદ્‌ગાર કરી નિરંજનાએ આત્માને ભટેરી આંખ મીંચી.

ઉપર સમુદ્રના હીમગ્રહમાં અથડાઈ ગયેલી નૌકા જેવું તેનું નિશ્ચેતન ભાવિજીવન તેની આંખ સામે તરવરતું હશે ?—

—અને જીવનમરણના વેગનમાં જીવનની ગાડી દેશ જતાં જાણીતા મુસાફર જેમ રમેશને ઉતારી પડ્યો મારા પતિની આશા જતી હું નિરખી રહી......

સમાપ્ત

જે પુરુષે માટીમાંથી મર્દો સર્જ્યા એવા મહાસભાના 'લોખંડી પુરુષ'ના જીવનને સ્પર્શતું 'સંદેશ'નું

અભિનવ—પ્રકાશન

અમારા સરદાર

કિંમત રૂા. ૫—૮—૦ (ટ. ખ. ૮ આના)

લેખક : શ્રી. દયાશંકર ભ. કવિ

* સરદારશ્રી વલ્લભભાઈના તેજસ્વી જીવનની સુરેખ વિગતો આકર્ષક શૈલીમાં પહેલીજ વાર આ પુસ્તકમાં રજુ થાય છે.
* બાલ્યકાળના તોફાનોથી માંડીને આરઝી હકૂમતે હિંદના ગૃહસચીવની ગંભીર જવાબદારીઓ સુધીના સરદારશ્રીના જીવનના રસિક પ્રસંગો.
* જેમાં સરદારશ્રીના વીરત્વનાં, કુનેહ અને રાજકૌશલ્યનાં પ્રત્યક્ષ દર્શન થાય છે, એવાં અનેક સંભારણાં અહીં સંગ્રહાયાં છે.

લગભગ ૩૫૦ પાનાં ઉંચા અમેરીકન કાગળો, સરદારશ્રીની લાક્ષણીક તસ્વીરો અને બીજી અનેક તસ્વીરોથી ભરપુર.

પ્રત્યેક ગુજરાતીના ઘરમાં આજના ગુજરાતના ઘડવૈયાનું આ પુસ્તક હોવું જ જોઇએ.

પ્રકાશક : ધી સંદેશ લિમિટેડ

ગારડપુર—અમદાવાદ.

સોલ એજન્ટ : એન. એમ. ઠક્કરની કું.

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨

લગ્નની ભેટ



લેખક

શ્રી. મંજુલાલ સાકરલાલ દેસાઇ બી. એ.

સંદેશ લિમિટેડ વતી

પ્રકાશક

નંદલાલ ચુનીલાલ બોડીવાળા

અર્પણ

ગુર્જરી સાહિત્ય વાટિકાના માળી:

ફકીર

હાજીમહંમદ અલારખીઆ શીવજીને

અધુરાં, ઓછાં છતાં અમુલ

એકજ દિવસનાં સંભારણામાં

તેમજ

જેનાં નિર્વ્યાજ, ત્યાગતત્પર સ્નેહે

રવીંદ્ર—સુરેન્દ્રની જોડલી શક્ય બનાવી

એ

મારા કનિષ્ઠ ભ્રાતા પુષ્કરને

આ કથાગુચ્છ અર્પું છું.

મંજુલાલ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અર્પણ

ગુર્જરી સાહિત્ય વાટિકાના માળી:

ફકીર

હાજીમહંમદ અલારખીઆ શીવજીને

અધુરાં, ઓછાં છતાં અમુલ

એકજ દિવસનાં સંભારણામાં

તેમજ

જેનાં નિર્વ્યાજ, ત્યાગતત્પર સ્નેહે

રવીન્દ્ર—સુરેન્દ્રની જોડલી શક્ય બનાવી

એ

મારા કનિષ્ઠ ભ્રાતા પુષ્કરને

આ કથાગુચ્છ અર્પું છું.

મંજુલાલ

નિવેદન

: ૧ :

ગુજરાતને ચરણે આ છઠ્ઠું પુસ્તક હું રજુ કરું છું.

'હસ્તમેળાપ' નાં આમુખમાં નરનારનાં પ્રણયસંબંધ લગતાં 'જીવનનાં મર્મ' અને 'મનનાં મેળ' નામનાં બે કથાગુચ્છો ગુર્જરીને ચરણે ધરવાનો અભિલાષ મેં દાખવ્યો હતો. એમાંથી 'જીવનનાં મર્મ' નામનાં કથાગુચ્છમાંથી ત્રણ કથાએ અહિં રજૂ કરી છે. બાકીની યથાવકાશે રજુ કરવાનો સંકલ્પ તો છે જ.

: ૨ :

સર્જન અને સાહિત્ય વિષે મેં મારાં છેલ્લાં ત્રણે પુસ્તકોમાં કહેલું છે એટલે અહિં લંબાણ કરતો નથી. માત્ર ખૂબ ટુંકાણમાં આ પરત્વેના મારાં સિદ્ધાંતોની પુનરૂક્તિ કરૂં છું.

સર્જન માત્ર સહેતુક હોવું જોઈએ. સાહિત્ય માત્રનો પ્રધાન હેતુ પ્રજા જીવન ને ઉર્ધ્વગામી કરવાનો છે. તે માટે તેણે વાંચકનાં મન હૃદય કે બુદ્ધિ ને સંવેદના પ્રગટાવવી જોઇએ, અને વાંચકનાં અંતરમાં ઉર્ધ્વગમનની આકાંક્ષા પ્રદિપ્ત કરવી જોઇએ. વાંચકના ચિત્તને સ્પર્શ કરવા માટે સાહિત્યે કલાનો આશ્રય લેવો પડે છે, અને જે કલા કલ્યાણાત્મક નથી તે કલા વિપથગામી છે; તે કલાના નામને યોગ્ય નથી.

કોઈ કહેશે, વાર્તાનો હેતુ રંજન સિવાય શો હોય? અલબત્ત વાર્તા (આમાં હું નવલકથા અને કથાકાવ્યોથી ટૂંકા ટુચકા સુધીનો સમાવેશ કરૂં છું.) એ વિશિષ્ટ પ્રકારનું અને સૌથી વધુ લોકભોગ્ય સાહિત્ય છે અને રંજન સિવાય વાર્તા દ્વારા વાંચકનાં ચિત્ત પ્રદેશને સ્પર્શવાનો લેખકનો હેતુ સરળ થતો નથી. માટે રંજન આવશ્યક છે.

પણ રંજન સાધન છે, સાધ્ય નથી. હા, એટલા કાળક્ષેપ-માટે માત્ર રંજનપ્રધાન સાહિત્ય કામ લાગે ખરૂં. પણ આ પ્રમાણે ઉપરછલા રંજનથી નથી વાંચકને લાભ, કે નથી સમાજને લાભ. એ રીતે કાળક્ષેપ કરવા કરતાં વાંચક નિદ્રાનું સેવન કરે, તો કઠોર જીવનકલહના આ વખતમાં એની શક્તિ વધારે ફળદાયી બને..

અને એમ જ કાળક્ષેપ કરવો હોય, તો ઝાકળના બિંદુ જેવાં સુંદર અને ક્ષણભંગુર વાંચન રોજ-બ-રોજનાં વર્તમાનપત્રમાંથી ક્યાં નથી મળતું ?

એથી જ, સમર્થો વિરોધ કરે તોયે મારૂં નમ્ર મંતવ્ય અડગ રહે છે. સત્ય, શિવ અને સુંદર ના હોય તે સર્જન વ્યર્થ. જેટલે અંશે આ ત્રણ વસ્તુઓમાંથી એક પણ સધાય તેટલે અંશે લેખકની મહેનત સફળ થઈ ગણાય.

: ૩ :

હવે પ્રસ્તુત વાર્તાગુચ્છ પર આછી નજર નાંખીએ. આમાં બીજી વાર્તા 'પ્રતિષ્ઠા' તો ટૂંકી વાર્તાના વર્ગમાં આવી જાય. બીજી બે વાર્તાઓ નવલિકા કરતાં મોટી છે, અને નવલકથા કરતાં ટૂંકી છે. તેમજ નવલકથામાં જોઈતું પાત્રોનું વૈવિધ્ય એમાં નથી. પ્રસંગોનો સંભાર પણ નથી, એટલે એને નવલકથા તો ના કહેવાય એટલે એ જરા લાંબી નવલિકાઓ ગણી શકાય.

હવે એ વાર્તાઓમાંના રંજન સિવાયનાં ઈતર તત્ત્વનો વિચાર કરીએ. સવાલ ઉપસ્થિત થાય જ, કે આ વાર્તામાં લેખકનું વક્તવ્ય શું છે ?

: ૪ :

માનવતાના બે જ વર્ગ છે—નર અને નાર. એમના સહકાર અને સહચાર પર જ વ્યક્તિગત, કુટુંબગત, સમાજગત, અને સમષ્ટિગત સુખનો આધાર છે. એથી જ જગતના પ્રત્યેક લલિત સાહિત્યમાં નર નારનાં સંબંધને મહત્ત્વનું સ્થાન આપ્યું છે; અને તેમાંયે એ સહકાર અને સહવાસના મૂળમાં રહેલાં જાતિય

આકર્ષણ-(પ્રેમ, મોહ, વાસના કે ગમે તે પ્રકારે એ આવિ
પામે તોયે) સૌથી અગત્યનું સ્થાન ધરાવે છે. આમ પ્રણયકથા
એ દરેક સાહિત્યનું અગત્યનું અંગ છે, જો કે એકલો તેના પર
ઝોક રાખનાર સાહિત્ય સમય જતાં નમાલું થાય છે, એટલું
નહિ, પણ સમાજને પણ વિકળ, વિહ્વળ અને નિર્બળ મનો
તરફ ઘસડી જાય છે.

જીવનનાં સર્વે પાસાંઓને પડવેધક દૃષ્ટિથી નિહાળી
સ્પર્શી મીમાંસા કરનારા આપણા પૂર્વજોએ નરનારની પ્રણયગા
ને અનેકરંગે ચિતરી બતાવી છે. આમાં રાધાકૃષ્ણ અને રા
સીતાના પ્રણય પ્રસંગોમાં એમનું નિરૂપણ સર્વોત્કૃષ્ટ કોટિ
પહોંચ્યું છે.

જગતના બીજા સમર્થ સહિત્યકારોએ પણ પ્રણયગી
ગાયાં છે, પ્રણયકથાઓ રચી છે.

અને દરેક સમર્થ સંસ્કાર સૃષ્ટાનું મંતવ્ય છે કે, પ્રેમ એટ
આત્મવિલોપન. પ્રણય પાત્રના સુખમાં સુખ, પોતાની ઈચ્છા
સર્વાંશે લોપ, એ પ્રણયનું પ્રધાન ચિહ્ન છે. બે પાત્રમાંથી
વ્યક્તિ એ વિલોપન સાધશે તેટલે અંશે તેનો આત્મા ઉર્ધ્વગતિ
પામે છે: તેટલે અંશે તે તો જગત જીતી જાય છે.

અને જ્યારે બન્ને પક્ષે આ આત્મવિલોપન મળી આવે છે
ત્યારે સંપૂર્ણ પ્રણય-દાંપત્યની પરાકાષ્ઠા-અનુભવાય છે. પ્રણયથી માટે
આ આત્મવિલોપન પરાવર્તન પામીને પરાર્થે આત્મવિલોપન
રૂપ લે એજ માનવના હૃદયવિકાસની એક અંતીમ કક્ષા છે.

આર્યત્વ એટલે જ વૃત્તિમાત્રનું—આચાર અને વિચારમાં
ઉર્ધ્વકરણ: ભોગેચ્છા એ સર્વથી બળાઢ્ય વૃત્તિ-એનું ઉર્ધ્વીકરણ
દેખાડવા આ વાર્તાઓમાં પ્રયાસ છે. તે કેટલે અંશે સફળ થયે
છે. એ મારે વિચારવાન નથી

તે ઈ. સ. ૧૯૧૧ માં લખાયેલી. તેમાં રાજપૂત યુગનું વાતાવરણ લાવવા પ્રયત્ન કરેલો, પણ તે કૃત્રિમ લાગવાથી હાલનું રૂપ ૧૯૧૩ માં તેને આપ્યું. એટલે સુરેન્દ્રની ભૌતિક સિદ્ધિઓ અને જીવનચર્યા પુરતાં એકાદ પાના જેટલો ફેરફાર કરેલો. મૂળ વાર્તાની ૧૯૧૨ માં એક મિત્રને હાથે લખાયેલી એક Fair નકલ હજી એ મારી પાસે પડી છે. તેમાં તારીખ પણ નાંખેલી છે.

આ સંગ્રહમાંની બીજી વાર્તા—'કસોટી'—મારી સૌથી પ્રિય વાર્તા છે. તેનો આરંભ થયેલો ઈ. સ. ૧૯૧૫ માં. જોકે વાર્તાનું બીજ અમુક કાલ્પનિક સ્વાનુભવમાં તો ૧૯૧૨ માંજ રોપાયું હતું. એ સ્વાનુભવને ૧૯૧૫ માં કોઈક માનસિક આઘાતના પ્રત્યાઘાત રૂપે અક્ષરદેહ આપ્યો. પહેલીજ બેઠકે હું સુરેન્દ્રની માંદગી સુધી પહોંચ્યો. તે પછી લેખનને પહેલેથીજ જીવનમાં ગૌણ ગણેલું હોવાથી, અને લલિતેતર વાંચન અને અભ્યાસમાંજ સઘળો સમય જતો હોવાથી એ વાર્તા ત્યાં અધુરી રહી. તે પછી ૧૯૨૫ માં 'મંથન' માસિકમાં એના બે હપ્તા આપ્યા, પણ વિધિવશાત એ માસિક બંધ થતાં વાર્તા પણ આગળ વધતી અટકી. ૧૯૩૦ માં એક પ્રકાશન સંસ્થાએ કથાગુચ્છ માટે માંગણી કરી. તેને 'જીવનના મર્મ' નામે કથાગુચ્છ આપવા નક્કી થયું. એમાં 'પ્રતિજ્ઞા' છપાઈ. 'સરલા' (કસોટીનું પહેલું નામ)નાં ત્રણ ફર્મા પણ છપાયા. એવામાં એ પ્રકાશન સંસ્થાને રાજકિય કારણોસર અમદાવાદ છોડવું પડ્યું, અને જો કે તેણે બહારગામથી પ્રકાશન ચાલુ રાખ્યું, પણ તેમની ઉઘરાણી બંધ થવાથી વાર્તાલેખન પણ બંધ રહ્યું. આ વખતે મૂળ વાર્તા લગભગ અંતિમ કક્ષાએ પહોંચી હતી.

પણ ઘણાં ખરાં મૌલિક સર્જનોમાં બને છે, તેમ વાર્તાનું સળંગ કલેવર લેખકના ચિત્તમાં પહેલેથી સ્ફુરતું નથી. આમ ૧૯૩૦ માં સુરેન્દ્રને સરલાને ચરણે લાગી વાર્તા અધુરી રહી હતી. વાર્તાના અંતિમ ઉકેલનાં બે ચાર વિકલ્પોમાંથી એક પણ ઉકેલ મનને ગમતો નહિ.

આખરે ઈ. સ. ૧૯૪૨ માં મારા મિત્ર શ્રી. રમણિક માણેકલાલ દેસાઈ સાથે ચિત્રપટ માટેની સામાજિક વાર્તાઓ વિષે ચર્ચા થતાં, આ વાર્તા મેં તેમને સંભળાવેલી અને તેમણેજ ચિત્ર દિગ્દર્શકની દૃષ્ટિએ મને આખરી ઉકેલ સૂઝાડયો હતો. આમ ૧૨ વર્ષથી સુરેન્દ્રને સરલાના પગ પાસે ઢાળી થંભી ગયેલી લેખિનીને વેગ આપી, વાર્તાનો ઘણોજ સુશ્લિષ્ટ અને સુંદર અંત આણવા માટે મારે મારા એ બાળપણના સ્નેહીનો આભાર માનવાનો છે.

: ૭ :

ત્રીજી વાર્તા 'લગ્નની ભેટ' નો ઇતિહાસ એથી વિચિત્ર છે. એ વાર્તા **લગભગ** બનેલા ખરા પ્રસંગ પરથી લીધી છે. આત્મજયની એ મહાકથામાં સાક્ષીભૂત અને કેટલેક અંશે સહાયભૂત થવા માટે હજીએ હું મારી જાતને ધન્ય માનું છું.

૧૯૨૧ માં એ પ્રસંગની કરોકટી આવી પૂર્ણાહુતિ થઈ ગઈ. ૧૯૧૭ થી ૧૯૨૧ સુધી એમાં પહેલાં પરોક્ષ અને પછીથી પ્રત્યક્ષ ભાગ ભજવતો હું એને વાર્તાનું રૂપ આપીશ એવી તે વખતે તો મારી કલ્પના યે નહોતી. પણ ૧૯૨૧ માં જે સિદ્ધાંતોયે એ વાર્તાની કરુણાંત પરાકાષ્ઠા રચી, તે સિદ્ધાંતોને અક્ષરદેહ આપવાનો સંકલ્પ થયેલો. ૧૯૩૦ માં 'જીવનના મર્મ' નું પુસ્તક છપાવા માંડયું, ત્યારે આ પ્રસંગને અક્ષરદેહ આપવા સંકલ્પ કરેલો. પણ ઉપર કહ્યું છે તેમ લેખન પ્રવૃત્તિ ઠેઠ ૧૯૪૪ સુધી મારાં જીવનમાં ખૂબ ગૌણ હતી.

એટલે આ વાર્તાને જરાએ અક્ષર દેહ મળેલો નહિ. ઈ. સ. ૧૯૪૫ માં શ્રી. વિજય ભટ્ટ સાથે ચિત્રપટ માટેની વાર્તાઓની ચર્ચા કરતાં મેં મારા ચિત્તપ્રદેશમાં ઘડાયેલી અને ઘડાઈ રહેલી કેટલીક વાર્તાઓ સુણાવેલી. તેમાંથી તેમણે આ પસંદ કરી, એટલે મેં વાર્તાનું ખોખું લખી કાઢયું, પણ તે ચિત્રપટ પુરતું જ હતું.

અને આ સાલમાં મે મહિનામાં સદેશ પ્રકાશન મંદિરના વ્યવસ્થાપક શ્રી. લક્ષ્મીપ્રસાદ આચાર્યે 'ગુજરાતી પંચ' ના

ભેટ પુસ્તક તરીકે ૨૦૦—૨૫૦ પાનાની સામાજિક નવલકથા કે નવલસંગ્રહ માટે માંગણી કરી. અન્ય વ્યવસાયોમાંથી પ્રત્યાઘાત રૂપે ઊર્મિના આવેશ વખતે લખેલાં અધુરાં પુસ્તકો તો ઘણાં હતાં. પણ 'પ્રતિષ્ઠા' અને 'કસોટી' તો પૂરી લખેલી હતી. અને 'લગ્નની ભેટ' નું તો સાદ્યંત ખોખું તૈયાર હતું. એટલે ૨૧ મી મેને દિવસે આ વાત થતાં 'પ્રતિષ્ઠા અને કસોટી' તેમને આપ્યાં, અને 'લગ્નની ભેટ' લખવા માંડી. ગુરુકૃપા કે સાધનાનું ફળ કહો, પણ પાંચજ દિવસમાં એ વાર્તા આરંભથી અંત સુધી લખાઈ ગઈ, અને અપાઈ પણ ગઈ.

: ૮ :

આ છે આ વાર્તાગુચ્છનો આછેરો ઇતિહાસ. હવે યથાશક્ય ઋણુ સ્વીકાર કરી લઇએ.

'પ્રતિષ્ઠા' લખે એટલો સમય થયો છે, કે તેના પર કોઈ પરભાષી લેખકની છાયા છે, કે કેમ તે મને યાદ નથી. મને એટલું યાદ છે, કે અમારાં ઓળખીતામાં કોક કુમારીને આ વાર્તામાંની કમળા જેવી વિષમ પરિસ્થિતિ પ્રાપ્ત થઈ હતી, અને તેનો આ વાર્તા પ્રમાણે જ તોડ કાઢવા પ્રયાસ થયેલો. છતાં ૧૯૦૯ થી ૧૯૧૯ સુધી રોજનાં લગભગ ૩૦૦–૪૦૦ પાનાનાં હિસાબે અંગ્રેજી નવલો, નવલિકાઓ, માસિકો વગેરેનું વેગીલું વાંચન ચાલતું હતું. શક્ય છે, કે એ કુમારીકાની પરિસ્થિતિ જેવી વસ્તુ વાળી કોઇ વાર્તાની એના પર છાયા હોય. એની વસ્તુ–ગુંથણીમાં જે કૃત્રિમતાનો ભાસ મને લાગે છે એ જોતાં આવી છાયા હોવાનો મને પુરો સંશય છે. આથી હું આ વાર્તાને મૌલિક ના કહી શકું. વધુમાં વધુ એને છાયાવૃત્ત મૌલિક ગણી શકાય. છતાં જો કોઈ લેખકનું આમાં અનુકરણ હોય તો તેનો હું ઋણી છું.

બાકીની બે વાર્તાઓ તો સર્વાંશે મૌલિક છે. 'કસોટી' તો સાદ્યંત મારી કલ્પનાથી જ સર્જાયેલી છે. કાલ્પનિક સ્વાનુભવના આછેરાં બીજ સિવાય એમાં બધુંયે સ્વતંત્ર કલ્પનાસૃજન છે.

એથી જ એ સર્વાંશે મૌલિક કૃતિ છે—અલબત્ત, એનાં સુસંગ
અંતિમ વળોટ માટે, ઉપર કહ્યું, તેમ મારે મારા મિત્ર શ્રી
રમણિક દેસાઈનું ઋણ સ્વીકારવું ઘટે. એ પ્રસંગ સિવાય એ
વાર્તા સર્વાંશે મૌલિક છે. એટલું જ નહિ પણ ૧૯૧૫નાં લખાણમ
એના અંત જોડે સુસંગતિ લાવવા પુરતું એકાદ પાનું
ઉમેરેલું છે. બાકીનું લખાણ ૧૯૧૫ અને ૧૯૩૦નું જ છે, એટલું
અહિં જણાવી દેવું ઘટે.

'લગ્નની ભેટ' તો મેં જણાવ્યું તેમ ખરા બનેલા બનાવ
પરથી લીધેલી છે. એમાંની એકેએક વ્યક્તિ આજે જીવંત છે
અને બનાવો એક બે અપવાદો સિવાય ખરા બનેલા છે. પણ એ
વાર્તાનો ઉઠાવ, એમાંનું ભાષાલેખન, અને એમાંના કેટલાક પ્રસં
ગોની કલ્પના અને ગૂંથણી માટે હું જવાબદાર છું. સ્વાનુભવ અને
પરાનુભવના પ્રસંગો પર રચાયેલી આ કથા પણ પ્રચલિત ધોરણે
પ્રમાણે સર્વાંશે મૌલિક જ લેખાય.

: ૯ :

હવે પુસ્તકના નામકરણ વિષે જરા જણાવવાનું છે. પહેલ
એનું નામ 'જીવનનાં મર્મ' રાખવાનું હતું. પણ એ સંગ્રહમાં
તો ઘણી વધારે વાર્તાઓ આપવાની યોજના હતી. આ ગુચ્છ
તૈયાર કરવા માંડયો ત્યારે બે નામ મારાં મગજ આગળ હતાં.
ત્રણે વાર્તાઓમાં પ્રણયીઓને આકરી કસોટીમાંથી પસાર થવું પડે
છે, એ જોતાં એક નામ 'કસોટી' રાખવા વિચાર કરેલો. પણ
'સરલા'ની વાર્તા ચિત્રપટ માટે માગનાર મારા મિત્ર મહેન્દ્ર ઠાકોરે
"સ્વર્ગ તો આપણે ઉતારીએ કે નહિ, પણ કૈલાસ તો ઉતારીશું ને ?"
એ વાક્ય ખૂબ વખાણેલું: એ ઉપરથી જ્યારે આ પુસ્તક છાપ
ખાનામાં આપ્યું, ત્યારે એનું નામ 'સ્વર્ગ કે કૈલાસ' રાખ્યું હતું
પણ 'સેવક'ના તંત્રી શ્રી. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટે ત્રીજી વાર્તા 'લગ્નની
ભેટ'નું નામ પસંદ કર્યું, અને આખરે એ નામ આ સંગ્રહને
આપ્યું છે.

અલબત્ત, મારી દૃષ્ટિએ 'કસોટી' કરતાંયે 'સ્વર્ગ કે કૈલાસ' એ નામ વધારે યોગ્ય છે. મેં વાર્તામાં કહેલ છે, તે પ્રમાણે આર્યોનો અંતિમ આદર્શ કૈલાસ (કે તેનાં રૂપાંતર) છે, સ્વર્ગ નહિ. વૈષ્ણવો ગોલોક, સાયુજ્ય, અનવરત ભક્તિનું ધ્યેય નજર સમીપે રાખે છે. શાક્તો 'ભગવતી ચરણ'નાં આકાંક્ષી છે. સ્માર્તો કૈલાસવાસને વાંછે છે. એમ મુક્તિ કરતાં ભક્તિ–આત્મવિલોપનને આર્ય વિચારસરણીમાં મહત્વનું પ્રાધાન્ય જોતાં **'સ્વર્ગ કે કૈલાસ'** એ નામમાં આર્યત્વની એક વિશિષ્ટ વિચારસરણી રજુ થાય છે. છતાં **'લગ્નની ભેટ'** નામમાં પણ એક ચમત્કૃતિ છે, લગ્ન વખતે 'હસ્તમેળાપ'ની ભેટ એ જેમ દાંપત્યનો અંતિમ આદર્શ–અર્ધનારીશ્વર જેવી આત્માની એકતા—ની આકાંક્ષા સૂચવે છે, તેમ લગ્ન વખતે અપાતું આ પુસ્તક પ્રણયની પરાકાષ્ઠા જેવા પ્રણયાર્થે આત્મવિલોપનનો સંદેશ આપે તોયે ખોટું નથી.

: ૧૦ :

હવે પુસ્તકના અર્પણ માટે બે બોલ. ૧૯૧૬ ના મે માસમાં મારા ભાઈ પુષ્કરની આંખો ડૉ. ડગનને બતાવવા હું મુંબાઈ ગયો હતો. તે વખતે એક દિવસે બપોરે ગુર્જરી સાહિત્યવાડીના અલૌકિક માળી–ફકીર **શ્રી. હાજીમહમદ અલારખીયા શીવજીને** ત્યાં તેમના પત્ર **'વીસમી સદી'** માટે 'સરલા' નીવાર્તા બતાવવા અમે જઈ ચડ્યા. વગર ઓળખાણે એ અધુરી કથા રજૂ કરી. તે વખતે એમણે તુરતજ એ વાંચીને પ્રોત્સાહનનાં જે બોલ કહ્યા હતા તે ઉચ્ચારવામાં એટલી આત્મશ્લાઘા છે કે એ અહિં હું ઉતારતો નથી.

તેમણે એ વાર્તા માગી. શ્રી. રવિશંકર રાવળ તે વખતે ઉગતા ચિત્રકાર હતા. તેમની પીંછીથી અલંકૃત કરી એને ''વીસમી સદી'માં ઉતારવાના શ્રી. હાજીમહમદે કોડ દર્શાવ્યા. તે પછી બે ચાર વાર અને મળવા આવ્યા. પણ ...

ચયું. વાર્તા અધુરી રહેલી તે પાછળ આ પણ કારણે હતું. એમની મમતા જોતાં એમણે સત્કારેલી વાર્તા બીજા કોઈ પ્રકાશકને આપવાની ઇચ્છાયે થતી નહોતી. છેવટે એટલી જ મમતા અને આગ્રહ 'સંદેશ પ્રકાશન મંદિર' તરફથી દાખવતાં એમને એ વાર્તા સુપરત કરી છે.

અને સદ્‌ગતની એ સાહિત્ય ફકીરીની પરિમલ સોહંતી આછેરી યાદને આજે એકત્રીસ વર્ષે સ્વીકારતાં મને હર્ષ થાય છે. એમનાં પ્રોત્સાહને આત્મસાધનાનાં વિકટ પંથની એક સમસ્યા રજૂ કરી હતી, તે વળી કોઈ પ્રસંગે કહીશ.

પણ સદ્‌ગત હાજીમહંમદ કરતાં તો બીજી એક વ્યક્તિનો કથાનક પર અનેક ગણો હક્ક છે. એમણે સરલાના આરંભથી જ એનાં સર્જનમાં રસ ધરાવ્યો છે. એટલું જ નહી પણ એમનાં આચરણમાં મૂકાયેલા નિર્વ્યાજ, ત્યાગતત્પર ભ્રાતૃસ્નેહે તો રવીંદ્ર અને સુરેન્દ્ર વચ્ચેનો રામલક્ષ્મણ પ્રેમનો ખ્યાલ મને આપ્યો છે. એમના એ જીવંત પ્રેમના નિત્ય અનુભવાતાં ઉદાહરણ વગર માત્ર પૌરાણિક કલ્પનામાં દેખાયેલા રામલક્ષ્મણ કે ભરત પરથી આવું પાત્રાલેખન કરવું મને સુઝત કે નહિ, અને સુઝત તોયે તે આટલી સરળતાથી થઈ શકત કે કેમ તે વિષે મને શંકા છે. માટેજ એ મારા નાનાભાઈ શ્રી. પુષ્કરરાવ દેસાઈ—નાનુભાઈ—'સંદેશ'નાં સહતંત્રીને આ પુસ્તકના અર્પણમાં ભાગ આપી, એ વ્યક્તિને અર્પણ કરી ઋણ સ્વીકારનો નવો રસ્તો લીધો છે.

હવે વાર્તાની શૈલી વિષે પણ થોડું કહેવાનું છે. ૧૯૦૪-૫ માં શ્રી. નાનાલાલે વસંતોત્સવ બહાર પાડયું, ત્યારથી ગુજરાતીમાં નિર્બંધ છંદ (આ blank Verse ને મારૂં આપેલું નામ છે. અપદ્યાગદ્ય કે મુકતધારા કરતાં હું આ નામ વધારે સુયોગ્ય માનું છું.) માટે ગુજરાતમાં ઉહાપોહ અને પ્રયત્નો થયેલા.

સાહિત્ય જેનો ગૌણ છતાં આકર્ષક વ્યવસાય હતો એવા મેં પણ આવો છંદ ગોઠી તેમાં કેટલાક ટુંકાં કાવ્યો સર્જેલાં

૧૯૧૩-૧૪માં આ છંદ મારા મગજમાં ઘૂમ્યા કરતો, એટલે 'કસોટી'નો લગભગ પોણો ભાગ આ નિર્બંધ છંદમાં લખાયો હોય એવા જ ટાળ વાળો છે. એકાદ બે વાનગી અહિં આપું છુંઃ

ઇંદ્ર ધનુષ્યનાં રંગથી રમ્ય
તે આશાનાં અનેરાં સુખ
સ્મૃતિએ કેવાં રમ્ય લાગતાં !
ઇંદ્ર ધનુષ્યનાં રંગશી પળ
એ આશાનાં અનેરાં દુઃખ
હૃદયને, હાય ! કેવાં દુભવે છે ?" પા. ૨
અગ્નિ ઓકતી તોપની સામે
જયગર્જનાથી ધસંતા યોદ્ધા
આનંદ સાથ મૃત્યુ ભેટે છે :
ધર્મની ટેક કાજ મરતા
શ્રદ્ધાવાન ધર્મ વીરો
બળબળતી અગ્નિની ઝાળ
ઉત્સાહથી આલિંગે છે.
પતિસંગ જલતી કોમળ સતિઓ
સુખ પર દુઃખ નથી દાખવતી :
તો કાં નિજ પ્રેમનું બલિદાન
શાંત મને નિહાળાય ના !— પા. ૧૯
આપત્તિથી આળા પડેલા
આશાહીન અંતરમાં જેમ
ભાવિના કો ભૂંડા ભયના
પહેલેથી પડછંદા પડે,
તેમ વિનોદ ને વિશ્રાંતિ પૂર્યા
એ વસવાટમાંયે નિત્યે
કારમી કો કટોકટીની
અણસમજી આશંકા રહેતી. પા. ૩૪

આમ બહુધા પંદર માત્રાનાં અને ભાવાવેગ-પરત્વેજ ૧૬–૧૭ માત્રા સુધી લંબાતા આ છંદને મેં નિર્બંધ છંદનું-નામ આપ્યું છે. અંગ્રેજીમાં એકધારી વહેતી બ્લૅંકવર્સ જેવો આવો પ્રયોગ ગુજરાતી ભાષામાં બીજા કોઈએ સિદ્ધ કર્યો મારા જાણ્યામાં નથી.

હવે આ ગુંજનનાં પરિણામે આ પુસ્તકમાં કેટલેક સ્થળે શબ્દોની હેરફેરી લાગશે. એ માટે એટલું જ કહેવાનું કે મૂળ તો આ કથાઓને નિર્બંધ, છંદના કાવ્યરૂપે પ્રકાશવાનો વિચાર હતો; એટલે લેખનશૈલી એવી આવી છે. કાવ્ય કે નાટકને નામે ભડકતા વાંચકો અને પ્રકાશકોને લીધે જ મોટે અંશે આ નૂતન છંદને ગદ્યમાં બદલી કાવ્યને ગદ્યનું રૂપ અહિં આપ્યું છે.

: ૧૨ :

છેલ્લે થોડી માફામારી અને ગુણગ્રાહકતા કરી લઈએ. ત્રીસ વર્ષ સુધી આમાંની બે વાર્તા, ખાસ કરીને 'કસોટી' દાબી રાખી તે જે વાંચક મંડળને એનું રસપાન કરતાં અટકાવ્યા છે તેમની ક્ષમા માગું છું. શ્રી. રાવળની નાદુરસ્ત તબીયતને અંગે વાર્તા સચિત્ર ના મુકાઈ તે માટે સ્વર્ગસ્થ હાજીમહમદનીયે ક્ષમા માગું છું. અને બે મહિનામાં રજુ કરેલી આ વાર્તા ઝડપથી છાપવા છતાં યે મારી ધૂન, મારી અન્યત્રરોકાણ અને ઘણે અંશે બેદરકારીને લીધે આટલી મોડી તે બહાર પડે છે, એ માટે **'સંદેશ પ્રકાશન મંદિર'** અને **'ગુજરાતી પંચ'** ના તંત્રી મંડળની-યે ક્ષમા મારે માંગવી જોઈએ.

મારાં લેખનો પર મમત્વ દર્શાવી, મારી અનિયમિતતાઓ, ધૂન અને તરંગોને સહન કરનાર મારા મિત્ર **શ્રી. નંદલાલ બોડીવાળાનો** દર પ્રકાશને ઉપકાર માનવાનો હોય જ. તેમજ મારી કલ્પનાને પીંછી દ્વારા અલ્પ સમયમાં મૂર્ત કરી આપનાર શ્રી. લક્ષ્મણ વર્માને પણ મારે સંભારવા ઘટે છે.

છેવટે, પાશ્ચિમાત્ય અને તેનાં અનુકરણ જેવી પૌર્વાત્ય પ્રણય કથાઓ વાંચી, કાલ્પનિક, આભાસી પ્રણયભાવના આત્મવશિકરણ

(self-hypnosis)થી ઉપજતવતા સુવાનો સમસ્ત આ સાચા પ્રણયની વ્યાખ્યા જેવો કથાગુચ્છ મૂકીને આર્યત્વનો એકજ સંદેશ અહિં લખું છું.

कोऽदात् कस्माऽदात्
कामोऽदात् कामाया दात्
कामोदाता प्रतिग्रहिताच।
कामनत्ले

કામ-પ્રણય-દાતા અને પ્રતિગ્રહિતા છે-પણ તે પહેલાં દાતા છે. સામે પક્ષે પ્રણય હોય તો જ તે પક્ષ દાતા બને; અને મૂળ દાતાને બદલો મળે. માટે સર્વ પ્રકારની ક્રિયાઓમાં ઉચ્ચારાતા આ વૈદિક મંત્રનો અર્થ સ્પષ્ટ છે. પ્રણયીને આપી ખુટવાનું છે.

અને પ્રેમ, શક્તિ, લક્ષ્મી કે સિદ્ધિ-સર્વની દેવીઓ માટે તો કહ્યું છે, કે:

ददाति प्रतिगृह्णाति नान्यत्र प्रसिद्यति. (सप्तशति)

જે આપીને પછી લેવા માગે છે તેના પર જ એ પ્રસન્ન થાય છે.

માટે યાદ રાખો-પ્રણય એ જીવનનું મહત્વનું અંગ ખરૂં, પણ જીવન નથી, યાદ એટલું જ રાખવાનું કે—

'તપ અને બલિદાન એજ માનવતાના લક્ષણ છે.'

કુસુમ નગર પ્લોટસ
એલિસબ્રિજ,
અમદાવાદ.
વિજયાદશમી
સંવત ૨૦૦૩

મંજુલાલ સાકરલાલ દેસાઈ

પ્રકાશકનું નિવેદન

'હસ્તમેળાપ' અને 'ચંદ્ર બારોટ'ના લેખક શ્રીયુત મંજુલાલ સાકરલાલ દેસાઈ કૃત 'લગ્નની ભેટ' નામક આ પુસ્તક આપની સમક્ષ મૂકતાં મને આનંદ થાય છે.

'લગ્નની ભેટ' માટે અમારા વાચક બંધુઓની અવિરત માગણીઓ આવ્યા કરી છે પરંતુ કેટલાક અનિવાર્ય સંજોગોને લઈ આ પુસ્તક ધાર્યા કરતાં જરા મોડું પ્રગટ થાય છે. આ માટે અમારા વાચકો મને ક્ષમ્ય લેખશે એવી આશા છે. પુસ્તક મોડું થવાનાં ચોક્કસ કારણો મ્હારા મિત્ર શ્રી. મંજુલાલભાઈએ આ પુસ્તકમાં એમના વક્તવ્યમાં આપ્યાં છે એટલે અત્રે તેની પુનઃ પુનરુક્તિ કરતો નથી.

'લગ્નની ભેટ'ની વાર્તાઓ એક કુશળ અને અભ્યાસી લેખકની કલમપ્રસાદી છે. એ વાર્તાઓ વાચકોને સાદ્યંત વાંચવી ગમે તેવી છે અને એમાં જે વાતાવરણ, પ્રસંગો, પાત્રો અને સમય ચિત્રો આપ્યાં છે એ વાસ્તવિક હોઈ વાર્તાની વસ્તુને ઓર ઝમક આપે છે.

આ વાર્તાઓ માટે હું કંઈ વિશેષ કહું તે કરતાં રજૂ થતી આ વાર્તાઓ જ કહી જશે. લેખકે આવી સુંદર વાર્તાઓ લખી અમારી સંસ્થાને આપી છે એ માટે હું તેમનો આભારી છું.

આશા છે કે, અમારા ગ્રાહકો આ પુસ્તકને પ્રેમથી સત્કારી અમારી સાથેનો પોતાનો સક્રિય સહકાર ચાલુ રાખી આભારી કરશે.

સંદેશ કાર્યાલય	લિ.
સારંગપુર,	નંદલાલ ચુનીલાલ બોડીવાળા
અમદાવાદ.	મેનેજિંગ ડીરેક્ટર : 'ધી સંદેશ લિ.'

સંદેશ બાલસાથી ગ્રંથમાળા

— બીજી શ્રેણી —

આજની બાલપ્રજાની આ માનીતી ગ્રંથમાળાએ નાનાં મોટાં સહુનો આદર મેળવી લીધો છે.



માત્ર ૫ રૂપિયામાં જ્ઞાન અને સદાચારનું બાલસાહિત્ય

'સંદેશ બાલસાથી ગ્રંથમાળા'ની બીજી શ્રેણીના ગ્રાહકોને પાંચ રૂપિયામાં રસભર્યું બાલસાહિત્ય આપવામાં આવશે.

સંપાદક: **શ્રી. જીવરામ જોષી** ચિત્રકાર: **શ્રી. રવિશંકર પંડિત** બી.એ.

(૧) **મિયાં ફુસકી** [ભાગ ૨ જો] — પહેલા ભાગ કરતાંય ચઢે એવી વાર્તા છે. મિયાંના અજબ પરાક્રમો છે.

(૨) **ટીડો સાંઢ** — એક ગરીબ અને નમાલા છોકરાની દંગ કરે તેવી વિનોદ અને સાહસભરી વાર્તા

(૩) **થાથા થૈયા** — નાનકડી નાટિકાઓ અને રસાળ ગીતોનો આ સંગ્રહ ખૂબજ રસભર્યો છે.

(૪) **ભોજની ચતુર સભા** — ચતુરાઈ અને બુદ્ધિબળની આ વાર્તાઓ આનંદ આપી મગન કરે છે.

(૫) **પુરાણની વાતો** [ભાગ ૨ જો] — આપણા પુરાણની સુંદર વાતો નવીજ ઢબે આલેખાયેલી છે.

(૬) **ભેદી બોલ** — વિજ્ઞાનની આ અજબ વાર્તા હાથમાંથી મુકવી પણ નહિ ગમે.

હરેક ઘરમાં સંઘરવા જેવું અમુલું આ બાલસાહિત્ય છે. બાલગુજરાતની સેવા કરવાના હેતુથીજ આવા સસ્તા લવાજમમાં ખોટ ખાઇને આ પુસ્તકો આપીએ છીએ. પ્રથમ ગુચ્છમાં આપેલાં આ ગ્રંથમાળાનાં છએ પુસ્તકો નાનાં મોટાં સૌએ રસથી વાંચ્યાં છે—બીજી શ્રેણીમાં પણ સચિત્ર પૂંઠા, સંખ્યાબંધ ચિત્રો, સુંદર કાગળ અને બાંધણીથી શોભતા લગભગ સાડાછસો પાનાના એવાંજ છ પુસ્તકો માત્ર પાંચજ રૂપિયામાં આપવાનું, અમે સાહસ કર્યું છે.

તા. ક: લવાજમ મોકલતી વખતે બીજી શ્રેણીનું લવાજમ છે એમ લખી મોકલવું.

પહેલી શ્રેણીના પુસ્તકો સિલિકમાં નહિ હોવાથી પ્રથમ શ્રેણીનું લવાજમ સ્વીકારતા નથી. પ્રથમ શ્રેણીના જે પુસ્તકો સિલિકમા હશે તે છૂટક કિંમતે મળી શકશે.

સંદેશ પ્રકાશન મંદિર, અમદાવાદ.

થોડીક છાપ ભૂલો

પાનું	લીટી	ખોટું	ખરૂં
૩૩	૨	એકાગ્રચિત્ત	એકાગ્રચિત્તથી
૩૯	૧૪	કામાર	કૌમાર
૪૪	છેલ્લેથી ત્રીજી	પદ	મદ
૪૯	,,	વ્યવથનાં સ્થિત	વ્યવસ્થિત થતાં
૫૦	૧૬	काश्चन	काञ्चन
૫૮	૨૦	પ્રણયાતિલ	પ્રલયાનિલ
,,	,,	સહીચર	સહીઅર
૬૦	૧૨	પ્રકાશથી	પ્રયાસથી
૬૩	૮	તરીકે જે	નરીકેનો
૯૨	૯	यतांसि	येतांसि
૧૦૫	૨૦	એલી	એવી
૧૧૬	૧૮	એતે	એને
૧૧૭	૪	બોલત છું !	બોલાવું છું !
૧૧૮	૧૦	મારો	માર
૧૧૯	૯	આકર્પિક	આકર્ષક
૧૨૦	૬	केयूहं	केयूरं
૧૨૧	૪	ઉદાન્ત	ઉદાત્ત
,,	૭	જે, કે;	ને, કે,
,,	૧૬	केयूहं	केयूरं
૧૨૩	૧૪	વૈજાનકિ	વૈજ્ઞાનિક
૧૨૫	છેલ્લી	એ પ્રસંગ	આ પ્રસંગ
૧૪૦	૧૪	જાવી	પ્રજાળી
૧૪૧	૮	વાડ	વાટ
,,	૧૨	નિરંજનના	નિરંજનાનાં
,,	૧૫	નિર્મળાની	નિરંજનાની
૧૪૩	૧	પૂર્ણિમાના	પૂર્ણિમાની

૧૪૪	૧૬	આકોશ	આક્રોશ
૧૪૫	૩	આક્રંદથી	આક્રંદથી
૧૪૫	છેલ્લેથી ૫	નિરંજનાનાં ગળામાં	ગળામાં નિરંજનાનાં
૧૫૮	છેલ્લેથી ૨	એને બહેન નથી.	એની બહેન અહિં નથી.
૧૫૮	છેલ્લેથી ૨	ઉગાડતી	લગાડી
૧૫૯	૩	છવી ગઈ	છળી જઈ
૧૬૨	૨	સંવતની	સંવનનની
૧૭૩	છેલ્લેથી ૬	નિર્મળા	નિરંજના
૧૭૪	છેલ્લેથી ૭	આનંદથી	આગ્રહથી
૧૮૨	૮	જરા	જરા
૧૯૫	છેલ્લેથી ૮	ઉદ્ધાર	ઉદ્‌ગાર
૧૯૭	૫	તેને	તેની
૧૧૪	છેલ્લેથી ૩	ફર્યો	કર્યા
૨૧૫	૧	અને	મને
૨૨૬	છેલ્લેથી ૩	રેલતો	રેલવી
૨૨૮	૧૫	પર ન આવે	પર આવે
૨૨૯	૧૨	માર્દન	માર્દવ
૨૩૧	છેલ્લેથી ૯	ડચુયો	ડચૂરો

[૧] કસોટી

આકસ્મિક અમારો મેળાપ—આકસ્મિક અમારું તારામૈત્રક—અને પછી—વિધિના ખેલનઃ-

× × × ×

તે સુંદર હતી. નવલકથા—વાર્તાઓની નાયિકા જેટલી સુંદર હોય છે તેટલી તો નહિ, પણ સામાન્ય હિંદુ બાળાથી કઇંક વિશેષ લાવણ્ય—સામાન્ય હિંદુ બાળાથી કઇંક વિશેષ મૃદુતા—તેના શરીરને મોહકતા અર્પતા. અણવિકસી મોગરાની કળીશી તે નયનોને આનંદતી, અને વિકાસ પછીના ભાવિ જીવનની મધુરતાની આશા આપતી.

અમારા કુંટુંબો વચ્ચે જરાયે સંબંધ નહિ, એનાં પ્રથમ દર્શન પહેલાં એના અસ્તિત્વની જરાએ ખબર નહિ, છતાં તેનાં આ ખેંચાણનું કારણ શું ? તેનાથી વધુ સુંદર, વધુ લલિત બાળાઓ મેં પહેલાંયે ભાળી હતી અને પછીયે ભાળી છે, છતાં કાં તેનાજ દર્શનથી એ ભાવ ઉપજ્યો ? કાં તેનાજ સ્મરણો અંતરને ધડકાવતા ?–કાં તેના પહેલીજ વાર સાંભળેલા શબ્દો સદાએ કર્ણમાં પડઘા પાડતા ? દૈવ જાણે ! અંતરના ગહન તારોનું ગુંજન અગમ્ય—અદીઠ આંદોલનોને અવલંબે છે. માનવ બુદ્ધિને તે ભાવનું પૃથકરણ સહેલું નથી–માનવ વાણીથી તે ભાવના અવ્યક્ત છે.

× × ×

પ્રથમ દર્શનની આછી રેખાંકના થયા પછી પ્રસંગોપાત પરસ્પરના કોઇ સંબંધીને ત્યાં અમે એક બીજાને જોતાં–સમય જતાં કિશોરવયમાંથી તે તરૂણી બની. મારામાંએ યૌવનના ભાવો વધુ પ્રબળ થયા. વિધિએ વાવેલા બીજ અંકુરાયાઃ–અંકુર તરૂપને પામ્યા. પહેલાં તો મને માત્ર તેની પાસે બેસવાની–તેની કિશોર વયની નિર્દોષ ચાલ જોવાની સદાતરસી ઇચ્છા રહેતી. પણ સમયક્ષય સાથે—યૌવનના વિકાસ સાથે–મનોભાવ ઓળખાયા, વૃત્તિભાન પુરૂં થયું.

યૌવનની અતાગ શ્રદ્ધા કંઇ કંઇ આશાઓ આપતી. મન માનતું કે એ ભાવ પરસ્પરનો હતો. 'પરસ્પરને પૂછ્યા વિના મન મનને પરખે છે,' એમ કવિઓ કહી ગયા છે, અને મારૂં મન પણ એ વાક્ય સત્યછે, એમ માનતું. અમારે પ્રેમશબ્દો અપાયા નહોતા, લેવાયા નહોતા, પણ તેના હલનચલનમાં, સંકોચપૂરી અને શિષ્ટાચાર પૂરતી થતી વાતચીતની ઢબમાં એ ભાવનું પરસ્પરપણું કલ્પી મન દિલાસો મેળવતું.

સ્વહસ્તને અર્પવાની તેની શક્તિના અભાવને લીધે તે ભાવના પરસ્પરપણાથી. હૃદય આશાની સિદ્ધિની કોઈ આશા નહોતી. અમારા કુટુંબો વચ્ચેનાં સામાજીક વિશેષને લીધે તેના કુટુંબ તરફથી પણ કોઇ આશા દીસતી નહોતી. વાદળનાં ઘેરા ઘુમ્મટે છાયેલાં કાળીચૌદશનાં અંધકારપૂર્ણ આકાશમાં આશાના એકકે કિરણનાં દર્શન દેખાતાં નહોતાં. છતાં ભાગ્યવાયુના વિંઝોટે તે વાદળ વીખરાશે, એમ અમર આશાનાં ગુપ્ત વાક્યો હૃદય કેંક હોંસે સાંભળતું.

× × ×

ઇંદ્ર ધનુષ્યના રંગશી રમ્ય તે આશાના અનેરાં સુખ સ્મૃતિએ કેવાં રમ્ય લાગતાં? ઈંદ્રધનુષ્યના રંગશી અસ્થીર તે આશાનાં અનેરાં દુઃખ હૃદયને, હાય ! કેવાં દુભવે છે. ?

(૨)

બળબળતા અંગારા પર રાખનો પોપડો વળે તેમ ધગધગત[ા] ઉગરનો હુતાશ સમય જતાં ઝાંખો પડે છે. આછા પવનની લહે[ર] સાથે એ રાખનો પોપડો ખરે, અને અંદર સુતેલો અગ્નિ વધુ ઉગ્ર થઇ સળગી ઉઠે, તેમ સમયભસ્મથી ભારેલો હૃદયદાહક દુઃખનો અગ્નિ સ્મરણસમીરના સહેજ સ્પર્શથી ફરી સળગી અંતર દાઝે છે. વણ-રૂઝ્યા રીઢા વ્રણ જેમ સહેજ સ્પર્શથી ચસકો નાંખે, તેમ અંતરના જુના વ્રણ પણ ભુતનાં આછાં ચિંતનથી તીવ્ર વેદના ઉપજાવે છે.

છતાં સુખનાં સ્મરણ કરતાં યે દુઃખ અને હતાશાનાં વેદનાથી ભરચક સ્મરણો માનવીને વધારે ગમે છે. સુખને સંભારે કોક–દુઃખને સંભારે બધાં–એ ઉક્તિમાં સત્યજ છે. નહિ તો માનવના સ્મૃતિ-દેશમાં સુખ કરતાં દુઃખનાં સ્મરણો આટલું માહાત્મ્ય ધારત નહિ. આથીજ કદાચ આજને ટાંણે,—સંસારના ગરલ ઘોળી પી, સાચાં કે આભાસી અમૃતથી આત્માને આશ્વાસન આપી–સ્થિતપ્રજ્ઞશી જડતા પામેલો હું દુઃખભાવોથી તરવરતા ભૂતકાળના દટાયેલા થર ઉખેળવા બેઠો છું.

× × ×

(૩)

ઇંદ્રિયોના રાસોત્સવ જેવી વસંતની પૂર્ણિમા હતી. પશ્ચિમની [સં]સ્કૃતિના સ્પર્શે નટ, નાટય અને નર્તન પ્રત્યેનો સદીઓ[...]નો અણુરાગ ભૂલી ગુર્જરી આવા ઉત્સવો આનંદથી અનુમોદે [...] અભિનય, નૃત્ય અને સંવાદોના ચવચવતા મુરબ્બા જેવા ઉત્સવો [...]ને ઉજવાય છે. આવાં અમારી જ્ઞાતિનાં સંમેલનમાં મારાં પહેલાં એનાં દર્શન કર્યાં.

અમારી જ્ઞાતિને પશ્ચિમના પવનો સ્પર્શ્યા હતા, પણ પૂર્વનાં [...]ો હજી સ્થીર હતા. એથી જો કે ઉત્સવમાં તરુણ તરુણ[...]

નાટયો હતાં, છતાં એકકે પ્રવેશમાં સહઅભિનયને સ્થાન નહોતું. બાલિકાઓના સંવાદોમાં પુરુષપાત્રમાં બાલાઓજ હતી. કુમારોના સંવાદોમાં કોઇએ સ્ત્રી પાત્ર હતુંજ નહિ.

પણ આ પ્રણાલિકાથી ઉત્સવની રસનિષ્પત્તિ બગડતી નહિ. એક બીજા સાથે સંબંધ વિનાનાં જુદા જુદા નાટય ભાગોની પસંદગીમાં એવી કુશળતા હતી, કે પ્રત્યેક વિભાગ સુંદર બન્યો હતો.

મારે ભજવવાનો પ્રસંગ તો ઉત્સવના પરાર્ધમાં હતો. તેથી મારા સામાન્ય વેશમાં પાત્રો માટે જુદા રખાયેલા પ્રેક્ષાગારના વિભાગમાં મારા મિત્ર જયેંદ્ર સાથે નાટયોત્સવના પૂર્વાર્ધને નિહાળવા હું બેઠો હતો.

પ્રારંભની ઘંટડી રણકી, અને સંગીતનાં આછાં ઝરણો વાતાવરણમાં ગુંજવા લાગ્યા. ફરી ઘંટાનાદ થયો, અને પડદો ઉપડયો.

અને રંગમંચ પર, શિલાપીઠ પર, સમાધિસ્થ સદાશિવનાં દર્શન થયાં. સંગીતના ઝરણામાં વેગ અને તીવ્રતા વધ્યાં, અને નેપથ્યના અંતરપ્રદેશમાંથી નૂપુરઝંકારના ઠમકા સાથે સ્વાતિનાં જલબિંદુ સમી, જયોત્સ્નાની કંડારેલી કો મનમોહક પ્રતિમાના જેવી શ્વેતવસ્ત્રોની સાદાઇમાં અનનુભૂત ઋજુતા દાખવતી, બારવર્ષની એક બાલિકા શંભુઅર્ચન માટે આવી.

અને પછી તો રસઘેનમાં ને રસચિંતનમાં
રસસમાધિમાં તે પ્રેક્ષાગારને ભૂલી હોય તેમ સંગીત
તાલ તેણે પૂજાનૃત્ય આરંભ્યું.

ગિરિરાજના ઉર પર રમતી નાની બાળાશી નિર્ઝરી
નમાં ઉતરતી ઝાંઝરમાન તરુણી જેવી સરિતાનું રૂપ ધા
અને આખરે મદમાતી, યૌવનમદથી છલકાતી, પ્રમત્ત કો નાયિ
સાગરને આલિંગવા ધસે એવી મત્ત ઐક્ય તમન્ના એનાં ન
આલેખાઈ. સંગીતે પણ તાલે તાલ અને વેગે વેગનો સુમેળ
પ્રેક્ષક સર્વને મુગ્ધ કર્યાં. પડતી ટાંકણીથી તુટે એવી પ્રગાઢ શાં
એ અભિનયથી ઉપજેલું રસપાન હજીએ ભૂલાયું નથી!

નૃત્યની પરાકાષ્ઠા આવી: મૃદંગ, વાદ્ય અને વીણાએ
નર્તનની રમઝટ આરંભી, ત્યારે કોઈ ભાવાવેશથી સર્વ સમર્પ
એ પૂજારણ સદાશિવને ચરણે ઢળી. સપ્તમ સ્વર પર નર્તતા વા
એક ઝડકે મૂક બન્યા, અને નિરવ શાંતિના એ ભારથી સદાશિવન
સમાધી તૂટી,—અને મંત્રમુગ્ધ પ્રેક્ષકગણ એ ભવ્ય રસનિદ્રા ત્યાગે
તે પહેલાં તો સદાશિવે ચરણે ઢળેલી પુજારિણીને સનૃત્ય આશીર્વાદ
આપ્યા. અને પ્રેક્ષકોની તાળીઓના ગડગડાટની ગર્જના થમે ત્યાં
તો એ પૂજારણ પાછી નેપથ્યના પટમાં લોપાઈ.

અને જ્યારે તેનો પગ નેપથ્યમાં પેસતો હતો, ત્યારે
તેણે એક શરમાળ નજર પ્રેક્ષક વૃંદ પર નાખી. આગુધારી સફ-
ળતાના ઉલ્લાસ કે સર્વમુખી પ્રશંસાનો તેમા ગર્વ નહોતો. તેમા
હતી એક પ્રકારની લજ્જા-ઈતિકર્તવ્યતાથી જાણે ડરાઈ ગઈ
હોય એવી ભીરુતા!—

પળવાર એ એના શરીરના પ્રમાણમા મોટી લાગતી આંખો
પ્રેક્ષક ગણનો આ હર્ષોત્કાર ના સમજતી હોય તેમ બાવરી
બની ચોમેર ફરતી રહી, અને હું બેઠો હતો તે તરફ વળી.

કોઈ અદમ્ય ઉત્સાહથી અડધો—ઉભડક ઊભો થયેલો
તેની તરફ તાકી રહ્યો હતો. એની આંખો અમારા તરફ આવી.

પળવાર અમારી આંખો મળી. મારી પ્રશંસાથી છલકતી હતી, તેની લજ્જાના ભારથી નમી ગઈ.

અને દેહવલ્લી જરા ઝૂકાવી તે નેપથ્યમાં લીન થઈ.

અને હરીણશિશુના જેવી એની ભયચકિત—ભીરુતાભરી આંખો મારા હૃદયમાં અંકિત થઈ.

× × ×

અને ચચ્ચાર પટાંતરો પછી મને વેશપરિધાન માટે બોલાવવામાં આવ્યો ત્યાં સુધી હું એક પ્રકારની તંદ્રામાં હતો.

અલબત્ત એ તંદ્રામાં એના નેત્રો નહોતાં દેખાતાં—દેખાતું છેલ્લું સદાશિવને ચરણે કરેલાં સર્વ સમર્પણનું અભિનય!—

× × ×

ગમવનવાસનો એક ભવ્ય પ્રસંગ અમારે ઉજવવાનો હતો. સીતા હરણ પછી વન વગડે રડવડતા રામ પાસે સીતાપ્રયાણને માર્ગે વેરાયેલાં આભૂષણો લાવવામાં આવે છે. પુરુષોત્તમ લેખાતા છતાં પ્રિયપાત્રીના વિરહને અંગે અર્ધ ઉન્માદ પામેલા રામ એ અલંકારો પારખવાને અશક્તિમાન બની ગયા છે, અને ઈતિહાસમાં અજોડ એવા એકમાત્ર જોગંદર લક્ષ્મણ એ આભૂષણ પારખવા મથે છે. લક્ષ્મણનું પાત્ર હું ભજવતો હતો. ઉત્સવના પ્રથમ પ્રયોગ પૂજા નૃત્યની નર્તિકાએ દાખવેલા ભાવાવેશની અસર અમારા બધા પર હતી. જાણે જાનકીના પગવંદનને અહોનીશ સેવનાર એકનિષ્ટ અવધૂત લક્ષ્મણ જાતે જ હું હોઉં તેમ અનર્ગળ ઉર્મિભર્યા ઉદ્ગારોથી મેં રામાયણના અણમોલ રત્નશા શ્લોકનો ઉચ્ચાર આર્પ્યો:—

केयूर नैव जानामि, नाहं जानामि कंकणम् ।
नपुर नैव जानामि नित्य पादाभि वंदनात् ॥

અને આ વખતે અભિનેત્રી બાળાઓના વૃંદમાં બેઠેલી તે પૂજારિણીના પર મારાં અભિપ્રાયઉત્સુક નયનો ઠર્યાં. એકાગ્રતા

અને મુગ્ધતાથી મારો અભિનય નિહાળતાં એના નયનો પળવાર મારા નયનો સાથે તારામૈત્રક રમી રહી લજ્જાભારે નીચે નમ્યાં. અને એ બે દૃષ્ટિપાતથી વિધિએ અમારાં જીવન સાથે અવળચંડાં અડપલાં આદરવાનો આરંભ કર્યો.

(૪)

પણ પાકા ખેલાડી જેમ વિધિની રમત ધીમી અને હઠિલી હોય છે. થોડા દિવસમાં મારે પરગામ જવાનું થયું–અભ્યાસને અર્થે.

કારણ કે મારા ભાઈ રવીન્દ્ર એક નાનકડા શહેરમાં સરકારી અમલદાર હતા, અને તેમની પત્ની નિર્મળા અને હું એ શહેરમાં જ રહેતા. માત્ર ઉનાળાની રજા પુરતો જ હું અમારે વતન આવ્યો હતો, અને ત્યાં મેં ઉત્સવમાં ભાગ લીધો હતો.

રજાઓ પુરી થઈ, શાળાઓ ખુલી અને કોઈક અનેરા ઉત્સાહથી મેં અભ્યાસમાં ઝંપલાવ્યું.

વિધિનો કો અજબ દાવ હોય, કે માનવ માનસનો કો અગમ્ય ભેદ હોય, પણ તે ઉત્સવનાં સ્મરણો તો ઝડપથી ચિર પરથી લય પામવા માંડ્યા હતા. તે સાદું, સરળ સૌંદર્ય તો યાદે નહોતું. તે લજ્જાળુ નયનોની છબી હૃદય પરથી જાણે ભુંસાઈ ગઈ હતી.

મેટ્રીકની પરીક્ષા આપવા હું મારે વતન આવ્યો. પરીક્ષા પુરી થઈ એટલે સંબંધીઓને મળવા ગયો. જયેન્દ્રને ત્યાંથી તેની સાથે બહાર જવા નીકળતો હતો, ત્યારે તેના ઓટલા પર તેની બહેન પ્રભા બેઠી બેઠી ઓટલા નીચે ઉભેલી તેની એક સખી સાથે વાત કરતી હતી. એ સખીની કોમળ છતાં સુસ્થ શરીર ...ટા પર નજર પડી. તેની આંખો સાથે આંખ મળી.

વિધાતાએ બીજો દાવ ખેલ્યો હતો. બન્નેના નેત્રોએ ...ખાણ તાજું કર્યું.

[illegible]

[illegible] વિઘટે [illegible] ઉંમરે દેહ [illegible] છું. અમે [illegible] હોય કે પ્રેમના [illegible] ચૂક્યું.

આમ ત્રીજા બે વર્ષ ગયાં. મેટ્રીકમાં [illegible] થયાથી મારે અભ્યાસ માટે વતનમાં નહિ, પણ [illegible] રહેવું પડ્યું. છતાં [illegible] કીડની [illegible] અમારા વતનમાં હતી, [illegible] રજાઓમાં હું ઘેર આવતો.

અને એ રજાઓમાં [illegible] વિધાતાએ પોતાના [illegible] લીધાં. દરેક રજામાં અમે પણ ચાર વાર તો મળતા જ, [illegible] ની ન્યાત જોતાં પરસ્પરના સગાં ઘણાં હતાં, અને [illegible] પરસ્પરની ઓળખાણ પણ થતી.

છતાં જીવનનો [illegible] પણ નહોતો ઉગ્યો—હજી તો [illegible]. એનાં દર્શનથી મન રાચતું. પણ એ ભાવનો [illegible] નહોતું થયું.

ઊંડા પાણી [illegible] હોય છે: ઊંડા ભાવોમાં [illegible] જોઈએ [illegible] નથી.

છતાં પાછળથી વિચાર [illegible] સ્પષ્ટ રીતે ચિત્તમાં એમ લાગે છે ખરું, કે [illegible] છે, કે પ્રથમ દર્શને [illegible] પ્રવેશી [illegible] એને પિછાનવાની, એને [illegible]

કંઈક જાણવાની ઈચ્છા મારા મનમાં થયેલી. પણ અણઘડ માણસો પોતાને કુશળ માને છે તેમ મેં તરત કાંઇ ન પુછતાં ચારેક દિવસ જવા દીધેલા.

પછી અધુકડા મુત્સદ્દીની આછકલી ઉસ્તાદીથી જાણે વાત વાતમાં જ પુછતો હોઉં તેમ મેં જયેન્દ્રને પુછ્યું હતું, 'આપણા ઉત્સવમાં પૂજા-નૃત્ય કોણે કરેલું ?'

મારાથી મોટો અને અનુભવી જયેન્દ્ર જરા હસ્યો. 'ના ઓળખી ? એ તો તારી ભાભી નિર્મળાની આઘેની સગી છે.'

અને બેદરકારી દાખવતાં મારા મિથ્યા દંભની મજાક કરતાં તેણે મને તેની ઓળખ આપેલી.

તેના પિતા કોક રજવાડામાં નોકરી કરતાં ગરીબ કારકૂન હતા. તે વર્ષે જ તે મરણ પામ્યા હતા, અને એ પોતાની માતા સાથે મોસાળને આશરે આવી હતી.

એનું નામ હતું સરલા—

અખાએ કહ્યું છે કે, 'નામ મહિમા તો રાખે કોય' એ ઉક્તિ તેણે ખોટી પાડી હતી.

અને જયંતે જરા રસ પડતો હોય તેમ વધારે વાત કહી. તેના પિતા અને મારા પિતાના કુટુંબો વચ્ચે વીસેક વર્ષ પર કોઇ વેવિશાળ તૂટવાના અંગે કલહ થયો હતો. પરિણામે એ બે કુટુંબ વચ્ચે બોલવા વહેવાર ન હતો.

અલબત્ત, મારા હૃદયમાં તે વખતે લગ્ન વિષે કોઇ સંકલ્પ ઉઠયા જ નહોતા, એટલે આ વાતની કાંઇ અસર તે વખતે તો ન થઈ.

પણ પછીનાં બે વર્ષમાં જેમ લાગણીઓ બદલાતી ગઈ તેમ અમારી વચ્ચેની આ દિવાલનું ભાન મને વધારે તીવ્રપણે ચડતું ગયું. અને તેથીજ મેં ઉપર કહ્યું છે તેમ જ્યારે યૌવનના અરૂણે દર્શન દીધાં, અને મનોભાવની પરખ થઇ, ત્યારે ચિત્તના આકાશમાં કાળી ચૌદશ જેવી નિરાશા વ્યાપી રહી.

છતાંયે સદાજીવંત આશા તો માનવ જીવનનો સથવારો છે ને! જેમ ઊંડા વિચાર વગર એ કુટુંબ કલહને મેં દુર્ગમ અંતરાય માની લીધેલો, તેમ જરાયે વિચારના પ્રયત્ન વિના હૃદય આશ્વાસન લેતું કે કોઈ અકલ્પ્ય ચમત્કારથી એ અંતરાય દૂર થશે!

આશા નિરાશાનો ઝૂલો એજ માનવજીવનનો વ્યાયામ છે ને! અને આ ઝૂલા પર ઝૂલતો ઝૂલતો હું સીનીઅર બી. એ. ના વર્ગમાં આવ્યો.

(૫)

સ્મશાનમાં સાયંકાળે પ્રસરતી શાંતિ સમી શાંતિ અમારા ઘર પર પ્રસરી રહી હતી. પથારીવશ પડેલી મારી ભાભી નિર્મળાની પાસે હું અને મારા ભાઈ રવીંદ્ર બેઠેલા હતા.

પ્રથમ સુવાવડના, હાલની યુવતીઓને બહુધા અસહ્ય લાગતા, કટકા તળે નિર્મળા મોત–જીવન વચ્ચે ઘણા દિનથી ઝોલાતી હતી. આજ ડૉકટરોએ કહ્યું હતું, કે આશાનો અવશેષે નથી,— જીવનનો અવસાનકાળ નજદીક છે.

જે જમાનામાં નિર્મળાઓ જન્મતી તે જમાનો ઝડપથી ઓસરતો જાય છે. પશ્ચિમ અને પૂર્વની સંસ્કૃતિના સંઘર્ષણ કાળમાં જે થોડું અમૃત ઝર્યું હતું તેના એક બિંદુ જેવી તે હતી. રુઢીગ્રસ્ત હિંદુત્વના દોષો તેણે છાંટી નાંખ્યા હતા. નૂતન સંસ્કૃતિના દોષો તેણે અપનાવ્યા નહોતા. જૂના હિંદુ આદર્શની સુજનતા સાથે નવા વિચારોની ઉદારતા તેના ચારિત્ર્યમાં સમન્વય પામ્યા હતા.

અમારે કુટુંબીઓ હતાં, પણ અતલગનાં કોઇ જ નહિ. મારા પિતા તેમના પિતાનાં એકમાત્ર સંતાન હતા. મારી માતાને પણ ભાઈ ભાંડુ નહોતાં.

અને હું દશનો અને રવીંદ્ર સોળ વર્ષના હતા ત્યારે માતાને અમારી સોંપણી કરી પિતાએ સ્વર્ગપુરનો માર્ગ લીધો. બે વર્ષે માતાએ પણ પતિ પાછળ ગમન કર્યું.

પણ તે પહેલાં તેણે રવીંદ્રની અનિચ્છા છતાંયે તેનાં લગ્ન નિર્મળા સાથે કરી નાંખેલા. અમારી જ્ઞાતિ પ્રમાણમાં સુધરેલી ગણાતી અને યુવાનો જ્વલ્લેજ વીસ બાવીસ વર્ષ પહેલા પર- ણતા. પણ માતાનું ઘસાતું જતું શરીર, અને અતલગના સગાંનો અભાવ એ કારણને લીધેજ રવીંદ્રને માતાના આગ્રહ આગળ નમતું આપવું પડેલું.

પણ માતાની દીર્ઘદૃષ્ટિ બરાબર નીકળી. મારાથી બેજ વર્ષ મોટી નિર્મળાએ તેના મરણ પછી તરત ઘર ઉપાડી લીધું.

અને માતાની મને તેણે ખોટ જરાએ પડવા દીધી નહિ. કોઈને પણ ઈર્ષ્યા આવે એવું અમારું નાનું કુટુંબ હતું. નાની- વયે સંસાર ભાર ઉપાડવાથી રવીંદ્રમાં જરા વધારે પડતી ગંભી- રતા હતી, છતાં મને તેમણે માતા કે પિતાની ખોટ જરાએ સાલવા દીધી નહોતી.

અને અમારો દીયર ભોજાઈનો સંબંધ તો ભાઇ બહેનના સંબંધથીએ મધુરો હતો.

મને હજી યે યાદ છે કે સ્નેહસંમેલનમાં મારા લક્ષ્મણના અભિનય પછી નિર્મળા તો મને લક્ષ્મણ જ કહી બોલાવતી, અને જ્યારે એ એવું કહેતી ત્યારે રવીંદ્રનિર્મળાનો અખંડ એખલાસ ભર્યો પ્રેમ મને પણ રામસીતાની યાદ દેવડાવતો.

એવી નિર્મળા મૃત્યુને બિછાને હતી.

અતલગનાં સગાંને અભાવે ઘરમાં માત્ર અમે ત્રણ અને નિર્મળાનો બાળક એટલાં હતા. ખૂબ દૂરના સંબંધે ફોઇપણાનો દાવો કરતાં વૃદ્ધ નર્મદા ફોઇ જરા આડા પડયા હતા. નિર્મળાનાં સગાંમાંથી બે એક વૃદ્ધાઓ પણ સુતી હતી.

મધ્યરાત્રિનો સમય હતો. નિર્મળાની પથારી પાસે રવીન્દ્ર બેઠો હતો. તેની પાંગતથી થોડે દૂર, જનેતા અને મોટી બહેનના સમન્વય જેવી એ પ્રેમાળ ભાભીની છેલ્લી પળોથી શોકમાં ગળકાં ખાતો હું બેઠો હતો.

પ્રિયજનનાં મૃત્યુની પળ પવિત્ર દુઃખથી પૂરીત છે. તે કાળે આત્માના ભાવ ગંભીરતાને પામે છે, અને મનુષ્યોની વાચાશક્તિ મૂકતા આદરે છે.

હૃદયશોકની છાયા બહારના વાતાવરણમાં પણ પ્રસરેલી હતી. ત્રણેમાંથી એકકે જણ કાંઈ પણ શબ્દોચ્ચાર નહોતું કરતું. અને નિર્મળાનું નાનું બાળક અમારા મૌનનો ચેપ જાણે ગ્રહણ કરીને જાગૃત અવસ્થામાં યે શાંત, નિશ્ચેષ્ટ પડી રહ્યું હતું.

મૃત્યુનો પદરવ ધીમો પણ સ્પષ્ટ હતો. પળે પળે વધારે કેષ્ટાતા ઉચ્છ્વાસમાં, પળે પળે પલટાતી જતી આંગળીઓની શ્યામતામાં, પળે પળે ઘેરાતી ઘેનપૂરી આંખોમાં મૃત્યુની વિજય-સ્વારીનાં ચિહ્ન સ્પષ્ટ જણાઈ આવતાં.

નિર્મળાએ આતુર નયને મારી સામે જોયું. તેણે રવીન્દ્ર સામે જોઈ મારી તરફ હાથ લંબાવ્યો. હું તરત તેની પાસે ગયો.

'ભાભી, ભાભી,' તેની દયામણી આંખો ન જોઈ શકવાથી તેના ખભા પાસે માથું નાંખતાં હું બોલ્યો, 'હિંમત ન હારો, હું.'

તેણે ઓશિકાથી મારે માથે હાથ ફેરવ્યોઃ માતાના હાથથી વધુ મધુરતા એમાં નાંખી. પછી એણે કહ્યું, "સુરેન્દ્ર–મારા લક્ષ્મણજતિ! તું આમ અકળાશે તો એમને કોણ જોશે?" તેના ગળામાં ડુસકું આવ્યું, પણ તેણે તે દાબી દીધું.

મારાથી રહેવાયું નહિ. દાબેલા ડૂસકાની એક હેડકી જાણે ગળામાંથી નીકળી ગઈ. "ભાભી–મા!" મારા મોંમાંથી બોલ નીકળી પડ્યો.

"ભાઈ–બેટા–" એટલું જ તે બોલી. તેની આંખમાંથી આંસુ વહ્યાં. "જો, તારા ભાઈ અને તારી વચ્ચે રામ લક્ષ્મણનો પ્રેમ છે, એમાં કદી યે ઊણપ નહિ આવે, ને? નિર્મળા નહિ હોય તો પણ તેનો આત્મા હશે, જ. બોલ ભાઈ!" તેણે મારે ખભે હાથ નાંખ્યો.

મેં તેનો હાથ લઈ મોંએ દાબ્યો. તેના હાથમાં હાથ મૂક્યો. 'ભાભી! આ તારો પ્રેમ ભૂલું–ભાઈનો ભાવ ભૂલું તો મને ઈશ્વર ભૂલે." મેં તેને વચન આપ્યું, 'તું કોઈની ચિંતા ન કર.'

નિર્મળાએ રવીન્દ્રને સાન કરી. રવીન્દ્ર નીચા નમ્યા, એટલે તેણે માંદગીથી કમળનાળ શો બનેલો પોતાનો પાતળો હાથ તેના ખભા પર મૂક્યો. અને ધીમેથી કહ્યું, "રવીંદ્ર" (હિંદુ સંસારની એક વિચિત્ર રસમ દંપતી એક બેકનું નામ લે તે ખોટું ગણે છે! પણ અમારા ઘરમાં એ રીવાજ પળાતો નહોતો) "રવીંદ્ર," તેના સદાના મધુર સ્વરમાં માંદગીની નબળાઈથી ઉપજતી હલક ભેળવી તે બોલી, 'હું જાઉં છું. ત્યાં અનંતકાળ પર્યંત તમારી વાટ જોઈશ. તમારો પ્રેમ જોતાં આટલું તમને ભળાવવું પડે એમ નથી પણ મારી મરણ સમયની માગણી સ્વીકારશો?'

"નિર્મળા!" રવીંદ્ર બોલ્યા. તેમનો સ્વર તૂટતો–ઘેરો હતો જાણે કે મહાપ્રયત્ને આવેલા આંસુ ગળે ઉતરી વાચાને અસ્ફુટ–અસ્પષ્ટ કરતા હોય— "નિર્મળા, હજી પણ આશા છે. સંજોગની દિલ્લી નાડીના હલન ચલન લગી—જીવન દોરીના છેલ્લા તારના અખંડપણાસુધી જીવનઆશા છે."

"એ તો સમજાવવાનું," તે ફિક્કા પ્રેમાળ સ્મિત સાથે બોલી. "મને લાગે છે, ને! પણ મારી આશા પૂરશો? હજી સુધી મેં તમારી પાસે ના નથી મેળવી તો હવે તો ના નહિ મળે ને?"

"નિર્મળા ! નિર્મળા !' દુઃખથી ઉભરાતા સ્વરે રવીંદ્રે કહ્યું. 'જીવનભર દુભાવી નથી તે હવે દુભવીશ ? કહે બોલ."

" છ માસના આ નાના બાળકને..." એક ડચકુ દબાવતાં તે બોલી, " માતાની જરુર પડશે. વ્હાલા ! તેને મોસાળમાં કોઈ નથી. તમારે ત્યાંય કોઈ સ્ત્રી નથી. તમારા સ્નેહાળ સ્વભાવને પણ પત્નીની જરુર છે, જ. માટે તમે પરણજો જ.—અને લોકરિવાજ મુજબ વર્ષ વીત્યે નહિ, પણ તેર દિવસ કે દોઢ માસે લગ્ન કરજો. ના ન કહેશો. મારા બાળકના ઉછેરનું શું ?"

"નિર્મળા ! નિર્મળા !" અશ્રુથી ગદ્દગદીત સ્વરે રવીન્દ્રે કહ્યુ, " લગ્ન મારે કરવું નથી. તું વીસરાય એમ નથી, લોક લજ્જાની મને પડી નથી. પણ દોઢ માસ તો શું પણ હવે પછી કદીએ પરણવું એ આપણા પ્રેમને લાંછન રૂપ છે.

" ભલે લોક બોલતા ," તે બોલી. તેનો સ્વર વધારે ધીમો પણ હવે વધારે દ્દઢ બન્યો. ' અને પ્રેમને લાંછન શાનું ? હું સમજુ છું ને તમારો પ્રેમ ! નાથ ! ફરી પરણતાં તમારૂ મન દુભાશે, તમારી નવી પત્નીને તમે મારા જેટલી ચાહશો યે નહિ, એ બધુ હું સમજુ છું. પણ મારે ખાતર, આ આપણું બાળક—મારા નામાવશેષ ખાતર આટલો ભોગ તમે નહિ આપો ? નાથ ! ' તેનો સ્વર તુટવા માંડયો. " અત્યારે કાં દુભવો છો ? વચન આપો. જીવન સંતોષમાં-સુખમા ગાળ્યું તો મરણ કાં અસંતોષમાં આવે ? નાથ !" તેણે એક દયાર્દ્ર આજીજી ભરી નજર નાખી. રવીન્દ્રને ખભેથી તેનો હાથ સરી તેના ખોળામાં પડયો.

મેં રવીંદ્રના સામુ જોયું. હું તેમનો પ્રેમ જાણતો હતો તેથી તેમના તે પળના ભાવો સમજ્યો. લોકલજ્જા, પત્ની પરનો અથાગ પ્રેમ એ-અને નિર્મળાની અંતઃકાળની માગણીનો અનાદર કરવાની અનિચ્છા એ બે પ્રકારની પ્રબળ લાગણીઓ તેમના મનમાં યુદ્ધ કરતી

હતી. "નાથ!" નિર્મળાનો આર્ત્તસ્વર ફરીથી સંભળાયો. મનોભાવનાં પ્રબળ યુદ્ધનું એક વાદળ રવીન્દ્રના મુખ પરથી પસાર થયું. આખરે મનોબળનાં એક મહાપ્રયાસે તેણે ઝેરનો ઘુંટડો ગળ્યો. તેના વિષાદપૂર્ણ મુખ પર ઘેલછા જેવું તેજ આવીને ગયું; અને નિર્મળાનો જય સ્પષ્ટ ભાસ્યો.

"નિર્મળા," શિર નીચું નમાવતાં તે ધીમેથી બોલ્યા, "તેમ થશે, પણ તે વખતે હૃદય ચીરાઇ જશે. અને..."

"હવે હું સુખી થઈ!" તેના હાથ પર હાથ નાંખતા નિર્મળાએ કહ્યું.

રવીંદ્રે માથું પાંગત પર નાંખી દીધું. નિર્મળાએ તેને માથે હાથ મુક્યો. અડધી ઘડી અમે બધા લાગણીના ભારથી મુંગા રહ્યા. પછી નિર્મળાને એક હેડકી આવી. "નાથ," તે બોલી. સ્વર સાંભળી હું ચમક્યો. મેં તેના મુખ પર નજર નાંખી. તેની આંખ થરડાવા માંડી હતી.

"ના...થી" પળવાર શ્વાસ માટે થોભી તેણે તુટતે સ્વરે કહ્યું, "મેં નક્કી કર્યું છે, મારા બાળકના સુખ માટે." તે થોભી. સ્વર મંદ પડતો ગયો. "નાથ...તે માટે...પરણો તો... પરણજો..." અને તેના ઉચ્ચાર તદ્દન અસ્ફુટ થયા;–મરણનું માંગણું આવ્યું. રવીંદ્રે કાન છેક મોં પાસે લીધા–અને નિર્મળાના છેલ્લા શબ્દો તેણે જ સુણ્યા.

મને જગાએ ખબર નહિ કે નિર્મળાના છેલ્લા શબ્દોએ મારી આશા ઉચ્છેદી હતી.

(૬)

વિધાતા જ્યારે માનવ સામે મોરચો માંડે છે, ત્યારે તે ઘણી વાર ક્રૂર, હૃદયહીન ઉપહાસ કરે છે.

ચોમાસે ફુટી નીકળેલ સુકાતા ઝરણા જેવી ઝડપથી સમય પસાર થયો. નિર્મળાના મરણને ત્રીજે દિવસે કોલેજ ખુલતી

હોવાથી હું મુંબાઇ ગયો. એના દાદશા સારવા મારે પાછા આવવાનું હતું.

નાના કિશોર—નિર્મળાના બાળકની તાત્કાલીન સંભાળ માટે એક આયા રાખવામાં આવી હતી. સ્ત્રીવિહોણા ઘરનો ભાર અમારા દૂરના કોઇ નર્મદા ફોઇએ તત્કાળ પૂરતો ઉપાડી લીધો હતો.

દાદશા સારવા માટે અઠવાડીયા પછી હું ઘેર આવ્યો. ઘરની અસ્તવ્યસ્તતા જોતાં જ મને ત્રાસ થયો. આયાને હાથે પડેલા કિશોરની સ્થીતિ પણ મને ઠીક ન લાગી, અને નિર્મળાની આખરી માંગણીમાં રહેલું તથ્ય મને સમજાયું.

ઘર તે ઘર નથી—ગૃહિણી તે જ ઘર છે, એની મને તત્કાળ પ્રતીતિ થઇ.

પણ પ્રાણ જેવી જ પ્રિય પત્નીના મરણથી ઝૂરતા રવીંદ્રને તો તે વખતે કાંઇ કહેવાનું નહોતું. હું શ્રાદ્ધ ક્રિયા કરી ભારે હૈયે કોલેજમાં ગયો.

પણ તે પછી થોડે વખતે રજા હોવાથી ટુંક સમય માટે હું ઘેર આવ્યો. પહેલાં કરતાં યે આ વખતે અવ્યવસ્થા વધારે હતી.

અને તેમાં એક દિવસે નાના કિશોર તરફ આયાની હૃદયહીન બેદરકારીના જબરા દાખ્લો નજરે પડયા. એના ઉછેરમાં થતી અનિયમિતતાએ મારા હૃદયમાં ઉગ્ર પ્રકોપ જન્માવ્યો.

અને જુના જમાનાના, બાઇ બદેલાં, નર્મદા ફોઇએ તો એ રીતે મને ઉશ્કેર્યો. એકતો અવ્યવસ્થા, અયોગ્ય ખર્ચ અને સાથે શારજોરી તો હતીજ, અને હવે તો તેમણે મને જોઇને કહેવા માંડયું " મારાથી તો, ભાઈ, આ ઉંમરે દસડબોરો થતો નથી. કહે, તે ત્યાગભાઇને—નાતમાં કોણ વર્ષ સુધી રીક પાળે છે ? "

માત્ર વાર્તાલાપના શિષ્ટાચાર પ્રમાણે મેં હુંકારો આપ્યો, એટલે ડેમી વધારે ઉખડયા—" એ તો ઠીક છે કે હું બેઠી છું.

તે કંઇકંઈ માબાપ તરફથી માગાં આવે છે. પણ આમ લટકા કરશે તો રવી લટકી જશે. થોડા વખત પછી કોઇ સુંઘશેયે નહિ. પણ સાંભળે છે કોણુ? જાણે એની એકનીજ મૈરી મરી હશે!"

આવી કડવી વાણીથી હું સમસમી ઉઠયો. દેવ જેવા ભાઈ-દેવી જેવી ભાભીની અવહેલના મારાથી ના સંખાઈ.

"જુઓ, ને, નર્મદાફોઇ," મેં જરા તીખાશથી કહ્યું, "એમ કોઈ લટકી જવાનું નથી, અને પરણુવાનું તો ભાઇને છે, ને! એમાં આપણે પંચાત કરવાની શી જરૂર?"

આ 'પંચાત' શબ્દ તેમને ભારે પડી ગયો. ઓખું મોઢું મચકોડી તે ત્યાંથી ઉઠી ગયા, છતાં મારાથી સંભળાય એવી રીતે બબડતા ગયા, "લ્યો, વળી, આ પંચાનને વગર પંચાતની વાત કરે છે! આપણે, તો, ભાઇ, તમારા માટે કહીએ છીએ. નહિતો અહિં કોને-ખાસડાને પડી છે?"

મોંમાં આવેલા તીખા બોલ હું ગળી ગયો. હું તો બે દિવસ પછી જવાનો હતો, એટલે તેમનો હાથ ઉપર હતો. પણ મને લાગ્યું, કે નિર્મળાની ઈચ્છાનો બનતી તાકીદે અમલ થવો જોઇએ.

પણ રવીંદ્ર સાથે વાત ઉપાડવા મારી હિંમત ચાલી નહિ. એટલે મુંબાઇ આવી તરત મેં તેમને લાંબો કાગળ લખ્યો. તેમાં નિર્મળાની ઇચ્છાને તાકીદે પૂરવા જણાવ્યું.

તેમનો જવાબ ન આવ્યો. મેં ફરીથી વધારે આગ્રહ ભયો કાગળ લખ્યો, અને નિર્મળાના આત્માની શાંતિ ખાતર પણ તેમણે પોતાના હૃદયનું બલિદાન આપવું જોઇએ એવી ભારપૂર્વક માગણી કરી.

વિધાતાએ આ બધુ જોઇ કેવું અટ્ટહાસ્ય કર્યું હશે?

રવીંદ્રનો માત્ર એટલો જ જવાબ આવ્યો, 'વારુ!"

ાવી! અને બીજે અઠવાડિયે તો તેમના નવા લગ્નની કંકોત્રી

(૭)

સાથે રવીંદ્રનો ટુંકો કાગળ હતો. નિમંત્રણની ઈચ્છા ક
તેણે નક્કી કરેલે ઠેકાણે તેમનાં લગ્ન લેવાયાં હતાં. મેં ક
વાંચી—એ લગ્ન કોની સાથે હતાં ?......જેને મેં હજારો
નાઓમાં હૃદયરાણી કલ્પેલી—કલ્પનાનાં ઉચ્ચ ઉડ્ડયનોમાં વિ
ભાગી લેખેલી—એ...એ સરલા સાથે...જે ઘરમાં તે ગૃહ
તરીકે રાજ્ય કરત તે ઘરમાં તે ભાભી તરીકે જ આવ
જે અંતરનું તે વિશ્રામસ્થાન થાત તે અંતરને નિકટ સહ
દાહશે ! વિધિ ! તું કેવો વિચિત્ર ! કરમાવવા કાં કુસુમ ખીલ
સૂકવવા કાં ઝરા વહેવડાવે ? આશાના ઘનછાયા પણ શુદ્ધ
શિખરે ચડાવી કાં નિરાશાના અમાપ ઊંડાણે ઠેલે ? વિધિ
તારી કેવી ક્રૂરતા ! કેવી વક્રતા ! બિલાડી ઉંદરને વગ્રખે હ
તેમ માનવને ટળવળાવવામાં, અને તેને પ્રેમાનલ—વિરહાન
સંતાપતાપે તપાવવામાં—શેકવામાં તને મઝા પડે છે કે ? કે પ
સૌથી મીઠી દીસતી વસ્તુઓ પરિણામે દુઃખકર છે, ક
પ્રથમ પ્રણયમાં બહુધા નિરાશા આપી શાંકરમત—જગત મિ
છે એવો માયાવાદ—તું મનુજોને બોધે છે ? અને એ કામદેવ
જગતની અતાગ જંજાળોના દુઃખ શું માનવને પૂરાં નથી,
વ્યર્થ આશાનાં સોનેરી સ્વપ્ના ફળીભૂત થતાં ભાસતાં છ
બહુધા તો નિષ્ફળ નિવડે છે? ઉછરતાં યૌવનમાં ઉછળતાં ઉમંગ
આવે અને પ્રિયતમ આશ, રે વિધિ ! કાં નિષ્ફળ થતી ? સૌથ
મીઠાં ફુલો કાં સૌથી ટુંકી જીંદગીવાળાં ? સુવાસિક, સુરંગી
સોહાગી ગુલાબ કાં માત્ર ઉનાળે જ વિકસે, અને વાસહીન સહ
સુહાગણ કાં બારે માસ ખીલ્યા કરે છે ? વિધિ ! તારા નિય
મોમાં ન્યાય નથી—ધોરણ નથી—છે તો કેવળ નિષ્ઠુરતાના જ.

લગ્નનાં દિવસો આવ્યા. ઉગરમાં હોળી સળગે તો યે હસતું મોં રાખી મહાલવું એ ઢોંગ કેવો દુઃખકર! જે હાથ ચોરીમાં અહત, તે હાથ બીજે અપાતો કેમ જોઇ શકાય?

અગ્નિઓકતી તોપની સામે જયગર્જનાથી ધસતા યોદ્ધા આનંદ સાથ મૃત્યુ ભેટે છેઃ ધર્મની ટેક કાજ મરતા શ્રદ્ધાવાન ધર્મવીરો બળબળતી અગ્નિની ઝાળ ઉત્સાહથી આલીંગે છેઃ પતિ-સંગ જળતી કોમળ સતિઓ મુખ પર દુઃખ નથી દાખવતીઃ તો કાં નિજપ્રેમનું બળિદાન શાંત મને નિહાળાય ના? દૈવજાણે! આંતરપ્રેમની ગહન વેદનાઓ અનુભવેજ ઓળખાયઃ કથી કથાય ના, ને કલ્પી કલ્પાય ના...

× × ×

સ્નેહનાં તપ સૌ સ્નેહીઓને લલાટે લખાયાં છે, તો કાં તે શાંતિથી ના સહેવા?

× × ×

લગ્નનાં દિવસો પસાર થયા. હસતે મુખડે મહાલવુંયે પડ્યું. અંતર ભડકે બળતું, છતાં મુખ પર આનંદ દાખવવો યે પડ્યો. જગત અંતરની વેદના પારખવા અશક્ત હતું. જગત શું જાણે? જાણે તોએ શું સમજે! કહે છે, કે કવિઓના પ્રયાસનું દુઃખ કવિઓજ જાણી શકે છે; તેમ પ્રેમીઓના પ્રેમનું દુઃખ પ્રેમીઓજ સમજે.

અને સામાન્ય જગત પ્રેમી નથી, અને તેને જણાવે-સમ-વેય શું?

(૮)

સરલા પરણી અમારે ઘેર આવી. કિશોરવયમા દીસતી દની રેખ તેના મુખ ઉપરથી ભૂંસાઈ ગઈ હતી. ઉછળતાં તની સહાસ મધુરતાને બદલે પ્રૌઢતાની ગંભીરતા તેના મુખને

સહેજ ઉદાસીનતાની છાપ આપતી. મેં જોયેલું કે તે વારે ઊંડા વિચાર વમળોમાં તણાતી હોય તેમ દીસતી.

તેમનાં લગ્ન પછી તો હું તરત કોલેજમાં ચાલી ગયો હ પણ ત્રણ માસે છેલ્લી પરીક્ષા આપી હું ઘેર પાછો આવ્યો, ત મેં જોયું કે તેના સ્વભાવની ઉત્તમતા વિષેની મારી માન્યતા પ્રેમી પુરૂષની પક્ષપાતી કલ્પના નહોતી, પણ આત્માએ આત્મા સાધેલી સાચી ઓળખાણ હતી. આવતાં વેંતજ તેણે ઘર વ્યવસ્થા અને સુઘડતા ને ફરી જન્મ આપ્યો, એટલું જ નહિ પણ નાનો કિશોર પોતાનોજ બાળક હોય તેમ તેણે ઉછેરવા માંડ્યે

આમ છતાંયે નિર્મળાના વખતનું ઉલ્લાસનું વાતાવર ઘરમાં હજી જામ્યું નહોતું. રવીંદ્રનાં મોં પર પડેલી અકાલ વાર્ધક્યન છાયા ભૂંસાઇ નહોતી. મૂળથીએ ગંભીર તો હતાજ,— નાનપણમાં માથે પડેલા સંસારભારની એ અસર નિર્મળાએ ઓછ કરી હતી, પણ પુરી નાબુદ કરી નહોતી. છતાં હવે તે ગંભીરતા પહેલાં જેવીજ જામી હતી. સરલા સાથે એ મીઠાસથી વર્તતા પણ હજી યુવાન વયના આ દંપતીનાં મુખ ઉપર આનંદ કરતાં શાંતિ—ન સમજાતા વિષાદની આછી છાયા વાળી, શાંતિ દેખાતી.

છતાં આમાં પહેલી નજરે અયોગ્ય જેવું શું કહેવાય? રવીંદ્ર–નિર્મળાનો પ્રેમ અજબ હતો. એમનો વિયોગ હજી તાજો હતો. આથી સરલા–રવીંદ્રના સહચારમાં વસંત કરતાં હેમંતની અસર તત્કાળ પુરતી વધારે હોય એમાં કોઇને આશ્ચર્ય ન થાય

હું પાછો આવ્યો ત્યારે સરલા શરૂઆતમાં સંકોચાતી. મારી વય તેનાથી મોટી હતી, તેથી કે બીજા ગમે તે કારણે તે મારી જોડે હળતાં મળતાં શરમાતી. પણ અમારા બન્ને ભાઇઓ વચ્ચેના ગાઢ પ્રેમને લીધે, અને તદ્દન નાના કુટુંબમંડળને લીધે તે થોડે કાળે મારી જોડે હળી ગઇ. અને જો કે કંઇક અપુર્વ વસ્તુ અમને એકાંતમાં વશીભૂત કરી રાંત, મૂંગા અને અલગ

રાખતી હોય એમ લાગતું, પણ નોકરી અંગે રવીંદ્રને વારંવાર બહારગામ જવાનું થતું, અને તેથી અમે વારંવાર એકલા પડતાં એટલે એ અણદીઠ અસર પણ ઓછી થતી ગઈ; અને જાણે કોઈ જુદી જ ભાવનાઓએ અમારા અંતરને સ્પર્શ કર્યો જ ન હોય એમ અમારો વ્યવહાર ચાલવા લાગ્યો.

બાહ્ય વ્યવહાર આવો હતો, પણ મારા મનની સ્થિતિ શી? પ્રેમપાત્રનો આટલો નિકટનો સહવાસ—કલ્પનામાં જીવન-સહચારિણી માનેલી, પણ સત્ય જીવનમાં તેમ બનવા તદ્દન અસંભવિત—તેમ છતાં—જીવન અધિષ્ઠાત્રી નહિ તો યે હૃદયેશ્વરી મૂર્તિની પાસે નિર્વિકાર ભાવ રાખવો, અંતરનો પ્રબળ દાવાનળ મુખ પર કદી પ્રકાશિત ન થવા દેવો,—અંતરની લાલના ધુમાડા-ને મુખને ન છાવરવા દેવો—એ કેટલું દુષ્કર છે, તે જેને વીત્યું હોય તે જાણે.

× × ×

સરલાના લગ્નને વર્ષ થયું. મારી વય બાવીસ વર્ષની થઈ. પુરો થયેલો અભ્યાસ અને લગ્નયોગ્ય વયને લીધે ન્યાતમાંથી મારે માટે વારંવાર માગા આવતાં. સરલા ઘણો જ આગ્રહ કરતી. રવીંદ્રની પણ ઘણી મરજી હતી. પણ હું તે બધાં માગા પાછાં વાળતો.

અને આખરે અંદરથી કોરતા અંતરની યાતના અસહ્ય લાગતાં મેં પરગામ જઈ ધંધો કરવા ઈરાદો કર્યો. પણ રવીન્દ્રને આઘાત થશે એમ માની હું મુંગો રહ્યો. માત્ર સરલા આગળ આડાં અવળાં સૂચનો કરી મેં ગૃહત્યાગની ભૂમિકા તૈયાર કરવા માંડી.

× × ×

(૯)

શરદની તે રાત હતી. રાત્રિના દશનો સુમાર હતો. મૃગશરમાં ચંદ્ર વિલસતો હતો, અને પૂર્ણથી વહેતી તેની જ્યોત્સ્નામાં સ્નાન કરતાં હું અને સરલા અમારી અગાશીમાં બેઠાં હતાં.

રવીન્દ્ર આજ બહારગામ ગયા હતા, અને નિશ્ચલ ન્હાના કિશોર શિવાય ઘરમાં અમે માત્ર બે જ જણ હતાં.

ચંદ્રની જ્યોત્સ્નામાં કુદરતે અજબ ખૂબી ભરેલી છે. સેલેની અમની સેલ (Selenium cell) પર જેમ પ્રકાશ કિરણ પડતાં જ વિદ્યુત વહન શરૂ થાય અને તે વીના નહિ, તેમ આત્માનાં કૈંક સુપ્ત સુત્રો ચાંદનીમાં જાગૃતિને પામે છે—આત્મવીણાનાં કૈંક તંત્રો ત્યારે જ ઝણઝણાટ કરે છે. અને તેમાં શરદ્‌ની રાત્રિ—જગતમાં સર્વત્ર શાંતિ પ્રેરતી હૃદયસમુદ્રને ઉભરાવે છે—વલોવે છે.

શરદ્‌ની તે રમ્ય જ્યોત્સ્નાની મારા પર એવીજ પૂરી અસર થઇ હતી. તેના પર પણ હતી એમ હું માનું છું. કૈંક ભૂતના—કૈંક ભવિષ્યના અર્ધસ્ફુટ વિચારો મારા મગજમાં પસાર થતા હતા. સરલા પણ તદ્દન મૂંગી બેઠેલી હતી.

"સુરેન્દ્ર," તે વિચારમાંથી ઝબકી જાગતી હોય તેમ બોલી, "એક સવાલ પૂછું ? મને સત્ય જવાબ મળશે ?"

"પૂછો," હું ટૂંકમાં જ બોલ્યો.

"તમે પરણવા કાં ના પાડો છો ? હર વખતે ખરાં ખોટાં બહાનાં કાઢો છો. વળી હમણાં પરગામ જવા કહો છો ! તે મને અંતરની વાત નહિ કહો ? ખરી હકીકત—સત્ય કારણ—જણાવવામાં કંઈ વાંધો છે ?"

તમારી પ્રેમપાત્ર—જગતનજરે ગમે તેવી હોય અંતરની અધિષ્ઠાત્રી—આ સવાલ તમને પૂછે, તેથી ઉપજતા ભાવો કોણ કલ્પી શકે ? તમે પ્રેમ પારખ્યો છે ? પારખ્યો હશે તો સમજશો. નહિ તો સમજાવે પ શું ?—

આપનું અશ્રુબિંદુ આમળીના ઝપાટે સુકવી હું તેની તરફ ફર્યો.

"સરલા, આ સવાલ શાને ? મન હજી માનતુ નથી, વય હજી નથી વીતી. આટલી ઉતાવળ કાં ? અને પરગામ તો ધંધામાટે છે.'

તે મંદ હસી મ્હારી પાસે આવી: સામે—ઘણીજ પાસે ઉભી.

ઓ તે પળ! શાંત શરદની રાતના રૂપેરી ચંદ્ર આકાશમાં તે કેવી મનોહર લાગતી હતી? ગંભીરતા–ઉદાસીનતાની સ્હેજસાજ છાયાવાળું તેનું મીઠું મુખ તે સ્મિતથી અલૌકીક પ્રભાવાન બન્યું હતું. એક પળ એક ઝણઝણાટ મારા શરીરમાંથી પસાર થયો. આગળ વધી તે કોમલાંગીને બાહુપાશમાં જકડવાને પશુભાવે મને પ્રેર્યો; પણ આર્યોના ઉચ્ચ આદર્શો—અમારા પરસ્પરના સંબંધનું ભાન-આડે આવ્યાં અને જીત્યાં.

"મને સત્ય વાત કહો." વિશ્વાસથી પોતાનો હાથ મારે ખભે મૂકતાં તે બોલી. [તે સ્પર્શથી થયેલી મારી સ્થીતિ તમે કલ્પી શકો છો?] "મ્હારાથી કાંઇ પણ છુપાવશો ના. તમે મને નહિ કહો તો કોને કહેશો? મોટી ભાભી તે માની બરાબર ગણાય, ભાઈ."

ભાભી તે માની બરાબર! તીણાં લોહસમાં તે વેણો હૃદયમાં સોંસરાં ઉતર્યાં. પત્ની તરીકે મનોભાવો જાણવાનો જે હક્ક ધરાવત તે જ માતૃભાવે તે હક્કનો દાવો કરે, એ પણ કેવું કરોડું—કેવું કઢંગું?

"મને સત્ય વાત કહો. કાંઈ પણ છુપાવશો નહિ." તે ફરીથી બોલી.

"કહું કે ના કહું? કહ્યે શું ફળ? ના કહ્યે શું નુકસાન?"

પણ માનવના ઉર સહાનુભૂતિ માટે તલસે છે. સુખનાં ભાર સહેલ, અથવા છે—કઈ કઈ સામાન્ય વ્યક્તિઓ આકસ્મિક સુખના આવેશથી ઉન્માદને પામે છે. પણ દુઃખના ભાર તો નિર્ઘોષ ભૂંડા છે. એ અસહ્ય બોજતળે માનવી ધીમી પણ સતત રમની ગુમગામણ અનુભવે છે, અને ધીમા, ઘાતક વિષની માફક અંતર દુઃખની આ સ્થાર અસર મનુજ દેહમાં પ્રસરે છે, અને તેની સર્વ શક્તિઓનો હ્રાસ કરે છે.

……અને એ મુંઝવણમાંથી મોક્ષ દુઃખના નિવારણથી જ મળે. પણ અંતરના એ ક્ષોભની શાંતિ, દુઃખના રૂદનથી કંઈક થાય. 'રૂદનની મીઠી મજા' કવિઓ આને કહેતા હશે ?

……પણ દુઃખના રૂદન કોની આગળ ? તટસ્થ અને દુઃખમાં જરાએ હાથ નહોય એવા પાસેજ તે રૂદન તો શોભે;–તેનીજ સહાનુભૂતિ શાંતિ આપે. પણ… દુઃખના દાવાનળનું જે આદ્ય કારણ તેને કેમ કરી કહેવાય ?…ત્યાંથી સહાનુભૂતિ કેમ કરી મળે ?

પણ દાબેલી વરાળને છૂટવાને સેફટી વાલ્વની કવચિત્ જરૂર પડે છે. ઉછળતા જોશને દાબમાં રાખવાની યે મર્યાદા હોય. વર્ષોથી ઉરના નિઃશ્વાસ સંઘર્યાં હતા–અંતરના ઉકળાટ દાબ્યા હતા. તેનાજ–આ નિઃશ્વાસ, આ ઉકળાટના નિરપરાધી ઉત્પાદકના સત્વથી હૃદયના બંધ તૂટયા–ઉકળાટ ઉભરાઈ આવ્યો—નિઃશ્વાસ વશમાં ન રહ્યા.

સંયમને પણ કદિ કદિ હદ હોય છેઃ તો પછી દમનનું શું કહેવું ?

મને લાગ્યું કે મારે કહેવું જ જોઈએ,—કહેવું જ પડશે. કહ્યા વિના હૃદય ફાટી પડશે.

પળવાર આમ મનોયાતના ભોગવી, હું જરા સ્વસ્થ થયો. અને તેની તરફ ફર્યો.

" ભાભી ! એ વાત જાણી શું કરશો ? સૂતેલા સાપ જગાડે શું ફળ ? હૃદયના શાંત પડેલા ભાવોને કા નાહક છંછેડવા ? રૂઝાયેલા નહિ પણ રીઢા થયેલા જખ્મને શા માટે આંગળીઓ ઘોંચીને તાજો કરવો ? દુઃખની—ઉપાય વિનાના દુઃખની કથામાં રસે ય શો અને માલે ય શો ? "

" ભાઈ ! " શરદના આછા વાદળમાંથી ઝળકતા તેજ જેવી કરુણા–માયાપૂર્ણ નજર નાંખતી તે બોલી, " કહેવામાં તમને કાંઈ નુકસાન છે ? હૃદયનાં દુઃખ દાબે કાંઈ ઓછાં મટવાનાં છે ? કહેશો

તો કાંઈ રસ્તો નિકળશે. અને નહિ તો હૃદય જરા હલકું તો થશે!"

તે શબ્દોની મૃદુતા–તે નજરની શીળી મીઠાશ મારે માટે અસહ્ય હતાં. ઉછળવા માંડતુ હૃદય ઉભરાઇ ચાલ્યું—મેં મ્હોં ફેરવી લીધું.

એક સખત પ્રયાસથી મેં સંયમ પાછો મેળવ્યો, અને તેની પાસે આવ્યો.

તે એક ખુરશી પર બેઠી. હું સામે ઉભો રહ્યો.

"બોલો," એવીજ મૃદુતાથી તે બોલી. "કશાએ સંકોચ વિના બધુંજ કહેજો."

દૂરના–કાળમાપથી નજીકના પણ દુઃખમાપથી દૂરના–ભૂતકાળમાં એક ઝડપી નજર નાંખી મેં શરૂ કર્યું.

"ભાભી! મારા જીવનમાં એક દિવસ રક્ત રંગે રંગાયો છેઃ–પ્રથમ આશાની સુરેખ રેખે, પછી નિરાશાના તપ્ત અંગારે.

તે દિવસે, ભાભી! મને એક બાળાના દર્શન થયાં; તેનામાં કદાચ કશીએ વિશેષતા નહિ હોય, પણ કઈંક અણધાર્યાં તત્વોના બળથી હું તેની તરફ આકર્ષાયો.

"શરૂઆતમાં આ ભાવો સહેજજ હતા. પણ પછી અમે વારંવાર મળવા લાગ્યાં, અને જો કે અમારે વાતચીતનો પ્રસંગ નહિ જેવો જ હતો, છતાંએ તે આકર્ષણ વધતું જ ચાલ્યું.

"મનનો ખુલાસો કરવાની અમને તક મળી નહિ. આપણામાં એવા ખુલાસાનો રિવાજ પણ નથી જ. પણ તે છતાંએ મન માનતું કે તે ભાવ પરસ્પરનો હતો, અને અંતરમાં કઈંક ગંધર્વનગરો રચાતાં."

"તે તૂટયા કેમ?" વિચાર ગ્રસ્ત હોય તેમ તે ધીમું બોલી.

"વિધિને તેમ ગમેલું, ભાભી! આડકતરી રીતે તેના કુટુંબની વિરૂદ્ધતા જાણી. પણ અંતરનો તે ભાવ મુશ્કેલીઓથી વધારે પ્રબળ બન્યો, અને આશા હજી સુનેરી સ્વપ્નાં ખુલ્લી આંખે ખડાં કરતી.

"પણ બધી આશાઓ કાં ફળીભૂત થાય છે, ભાભી? અણુધાર્યે સ્થળે તેનાં લગ્ન થયાં, અને જીવનની એ મીઠી આશ જીગરને કડવું કરીને સદાને માટે વિદાય થઇ."

તેણે સહેજ ડોકું ધૂણાવ્યું. તેની આંખોમાં સહાનુભૂતિ સ્પષ્ટ હતી. "પછી ?" તે ધીમેથી બોલી.

"ભાભી! તમે સમજ્યાં હશો. નારી હૃદય કુદરતી રીતે જ કોમળ હોય છે. પુરૂષોના કઠોર હૃદય સ્વાનુભવ વિના મારા ભાવ નહિ સમજે. પણ નારીઓના હૃદયો વિધિએ સૂક્ષ્મ ભાવે ભરેલા છે; અને સ્વાનુભવ વિના પણ એ મનોભાવો પરખે છે–સમજે છે અને સહાનુભૂતિ આપે છે. તમે મારા મનોભાવો સમજ્યાં હશો. મારા લગ્નવિરોધનું કારણ પણ તમે સમજી શકશો. હવે તમે મને પરણવા આગ્રહ કરો છો ?"

"હું બધું સમજુ છું, ભાઇ!" શાંત, ગંભીર સ્વરે તે બોલી. "પરણ્યા નહિ હઇએ, ભાઈ! તો પાટે તો ગયાં હઇશું. ભોગવ્યું નહિ હોય તો સાંભળ્યું તો છે. તમારૂં દુઃખ ગહન છે.–શલ્ય ઊંડું છે, પણ તેવા દુઃખતો બીજાનાં સાંભળ્યાં છે–જોયાં છે."

"હું એમ નથી કહેતો, ભાભી! કે જગતમાં દુઃખ મને એકલાને જ છે.........

"એમ આકળા કેમ થાઓ છો ?" મ્હને અટકાવતી, ઠપકા-ભરી રીતે મૃદુતાથી હસતી તે બોલી, "મ્હેં એવું ક્યારે કહ્યું? હું તો માત્ર તમને તમારા જેવોજ એક દાખલો બતાવવા જતી હતી, જેથી કદાચ તમારા છેલ્લા સવાલનો જવાબ મળે."

"માફ કરો ભાભી!" શરમથી નરમ પડતા મેં કહ્યું.

"એમા માફ શું કરવાનું છે ?" ફરીથી તેજ ફિક્કા સ્મિત સાથે તે બોલી, "પણ તમે હું જે વાત કહું, ખરી બનેલી વાત કહું, તે સાંભળશો ?"

"કહો," હું બોલ્યો, અને એક ખુરસી ખેંચી તેની પાસે બેઠો.

તેણે એક ધીમો નિઃશ્વાસ નાંખ્યો,—દૂર શૂન્યમાં નિહાળ્યું, અને શરૂ કર્યું.

"સુરેન્દ્ર, મારી એક સમવયસ્ક અને ઓળખીતી બાળાની હું વાત કહું છું......"

"તે કોણ ?" મેં સહેજ અધીરાઈથી પૂછ્યું.

"તે જાણવાનો તમને શો અધિકાર ?" કંઈક છટાથી સ્મિત કરતી તે બોલી, "તમે મને કંઈ નામ કહ્યા હતાં ? અને મેં માંગ્યા પે હતાં ? અને વાતને નામ જોડે શો સંબંધ ?"

"માફ કરો." હું બોલ્યો, "આગળ ચલાવો."

વીણી વીણી ને શબ્દો બોલતી હોય તેમ તે સ્થીર સ્વરે બોલી, "કુમળી કિશોર વયમાં તે બાળાને એક યુવાન જોડે પિછાન થયું. સંસારના સર્વે ભાનો સ્ત્રીઓમાં વહેલાં પ્રગટે છે,—સ્ત્રીઓનો મનોવિકાસ પુરુષોથી વહેલો થાય છે. આ બાળા પણ અપવાદરૂપ નહોતી.

"તેનો પ્રેમ અસ્થાને નહોતો. તે એકપક્ષી પણ નહોતો. એકમેકને જણાવ્યા વગર તે બાળા સમજતી કે બન્નેના અંતર એક આશાએ ધડકે છે."

તે થોભી. હાથ કપાળ-ભવાં પરથી પસાર થયો.

"પછી ?" મ્હેં આતુરતાથી પૂછ્યું.

"સ્ત્રીનું હૃદય સ્વાભાવિક રીતે પુરુષોના કરતાં વધારે મૃદુ હોય છે, અને તેથી સ્ત્રીના હૃદય ઉપર પુરુષના કરતા વધારે સચોટ છાપ પડે છે. વળી સ્ત્રીનો સ્વભાવ વધારે કોમળ હોવાથી તેનામા સ્વાર્પણવૃત્તિ પ્રબળ હોય છે, અને તેથી તેના ભાવોમા અર્પણનો — સ્નેહ-સેવા કરવા, આપવાની ઇચ્છા—વધારે પ્રબળ હોય છે. પુરુષપ્રેમ

આપે છે, ત્યારે બદલાની–વ્યાજ સાથે બદલાની–આશાથી આપે છે. સ્ત્રી આપે છે ત્યારે સંપૂર્ણ સ્વાર્પણના ભાવથી–બદલાની અપેક્ષા વિના આપે છે. પુરુષોને પ્રેમ જીવનનો એક,–પ્રિય પણ એક જ ભાગ છે. સ્ત્રીઓને તેમ નથી. તમારે ધન, યશ અને સત્તા–મહત્તાનાં સ્વપ્ન પ્રેમદુઃખ વિસરાવે છે. તમારા પ્રેમઘા ન રૂઝાય તો પણ ભૂલાય છે. સ્ત્રીને તે સ્વપ્નાં નથી, તે વિસ્મૃતિ નથી, તે રૂઝ પણ નથી. તેને પ્રેમ એ જીવનસર્વસ્વ છે, અને તેથીજ પતિ એ જીવિતેશ્વર છે.

પળ થોભી તેણે એક દાબેલો નિઃશ્વાસ મૂક્યો, અને આગળ ચલાવ્યું.

"ભાઇ, એક કવિ લખે છે કે 'વિધિની કૃતિમાં સામ્ય કરતાં વૈચિત્ર્ય,–સુસંગતિ કરતાં અસંગતિ–વધારે છે.' મેં એક સ્થળે વાંચેલું કે પ્રથમ પ્રણય બહુધા નિષ્ફળ નિવડે છે.—"

"પછી,...પછી ?" મેં અધિરાઇથી પૂછ્યું.

"આટલો ઉકળાટ શાને ?" તે મંદમંદ હસતી, મારી અધિરાઈ જોઈ ટોળ કરતી બોલી, "મેં તમારી ફિલસુફી ધિરજથી નહોતી સાંભળી ? ધીરા પડો. વાજતું ગાજતું સહૂ માંડવે આવશે."

પોતાના શબ્દોથી તે હસી. પણ તે હાસ્ય ! દયાજનક વસ્તુઓ તમે અનેક જોઇ હશે, પણ પરાણે અણાતાં સ્મિત જેવું દયાજનક તમે કશુંએ જોયું છે ? આ હાસ્ય એવું હતું. કુશળતા અને સંયમ તેની પાછળના પ્રયાસને આછો કરતાં, પણ નાબુદ કરી શકતાં નહિ.

એક પળ મૌન ધારીને તે બોલી, "હિન્દુસંસારના રીતરિવાજો પ્રમાણે કોઈ બાળાને પોતાના હસ્તદાનમાં લેવા દેવાજ નહિ. જીવન સહચારીની પસંદગીમાં તેનો કાંઈજ ભાગ નહિ. ઘરની સર્વ બાબતો તેની હાજરીમાં ચર્ચાય, પણ આ વિષયમાં–તેનાં જીવનની સફળતા નિષ્ફળતાનો નિર્ણય કરનારા, અને જીવનના એક માત્ર મહત્વના

પ્રસંગમાં અંતરપટ રહે, એ સંસારની વિચિત્રતાનું-એ સંસારની અવળી ચાલનું એક ઉદાહરણ નહિ તો બીજું શું ?"

પળ એ પળ હું થંભ્યો-વાત જાણે પૂરી થઇ ગઇ હોય તેમ તે વિચારનિદ્રામાં પડેલી લાગી. ચૈત્રના નિર્મળ આકાશ પર ધૂળની આંધી જેવી કોઇ કોઇ વાદળીઓની લહરીઓ આવે એમ વિચાર લહરીઓને લીધે તેનાં રમ્ય ભવાં ઉપર આછી આછી કરચલીઓ પથરાયેલી હતી. કદાચ ભૂતનાં ખડાં થતાં સ્મરણોનાં ચિંતનમાં તે વાત પૂરી કરવાનું ભૂલી ગઇ હોય એમ મને લાગ્યું.

"પછી, ભાભી ?" મ્હેં કંઇક આતુરતાથી પૂછ્યું.

"પછી ?" આશ્ચર્યમગ્ન મુદ્રાથી તેણે પૂછ્યું. "પછી શું હોય ? અનાદિકાળથી થતું આવ્યું છે તે જ. તેનાં લગ્ન થયાં,- બીજે જ ઠેકાણે-અને તે સાસરે ગઇ."

ધીમી ટાઢાશથી બોલાયેલા આ શબ્દો પાછળ કેટલી કરુણતા હતી તે કોણ કલ્પી શકે ? ફાંસીને માંચડે ચડતાં કોઇ નિર્દોષ માણસ બહાદુરી દાખવે છે, હાસ્ય પણ મુખ પર આણે છે. તે હાસ્ય, તે બહાદુરી પાછળ રહેલી ભવ્ય કરુણતા કોઇ વીરલાજ પિછાની શકે છે.........

મ્હારા હૃદયના તારો તેના આવા શાંત શબ્દોથી ખળભળી ઊઠયા.

"તે ત્યાં સુખી છે કે ?" મ્હેં કંઇક આવેગથી પૂછ્યું.

તેનાં વિશાળ, ગહન નયનો મારા સ્વરથી સહેજ ચમક્યાં, અને તેણે ઊંચું જોઇ મારી સામે મીટ માંડી. તેના નેત્રોમા ગંભીર દૃઢતા હતી

"તમે સરસ્વતીચંદ્ર વાંચ્યો છે ?" સીધા સચોટ ઘા મારતા પ્રતિપક્ષીનું ધ્યાન અનુભવી યોદ્ધો લલચાવવાથી બીજી બાજુ ખેંચે તેવી અદાથી આ સવાલ તેણે પૂછ્યો. હું ગૂંચવાયો.

"હા, કેમ ?" મ્હેં પૂછયું.

"તેમાં સુખ અને દુઃખની વ્યાખ્યા આપી છે, તે યાદ છે?" તદ્દન શાંત, તટસ્થ સ્વરથી તેણે પૂછયું.

"બરાબર યાદ નથી." મ્હેં કહ્યું.

"સારું 'ખ' તે સુખ, અને ખરાબ 'ખ' તે દુઃખ; 'ખ' એટલે આકાશ, અને આકાશ એટલે શૂન્ય." નિશાળમાં શિક્ષક ભૂમિતિ સમજાવે એની ઢબથી તેણે કહ્યું," સુખ અને દુઃખ બન્ને શૂન્ય તો ખરાં જ. માત્ર મનને સારું લાગે તે સુખ, ખરાબ લાગે તે દુઃખ. એમાં વિશિષ્ટત્વ કાંઈજ નથી. એતો મનના ખ્યાલ માત્ર છે, ભાઈ."

કેવી કુશળતાથી તે વાત ઉડાવતી હતી?પળવારતો હું જોઈજ રહ્યો. પછી મ્હેં પૂછયું,"પણ તેના મનને કેવું લાગે છે?"

"તે હું શું જાણું ?" તેના નયનો સહેજ વિકસાવી, વિસ્મય પામતી હોય તેમ તેણે કહ્યું, "દુનિયાની નજરે તો સુખી છે; પછી ભીતરકી તો રામજી જાણે. "મને ઉડાવવામાં મળતી ફતેહથી જાણે મોજ મળતી હોય તેમ તે જોઇ રહી.

"અને તમે નહિ, કેમ ?" કચવાટથી હું બબડયો અને પછી ત્વરાથી આંખે આંખ મિલાવી પૂછયું," ભાભી! તે બાળાનું નામ ?"

એક ચપળ નજર મારા પર નાંખતી તે બોલી;" નામ ? નામનુ તમારે શું કામ છે? પારકી સ્ત્રીના રહસ્યને જાણ્યા પછી નામ જાણવાની કાંઇ જરૂર ?"

પારકી ? હા! પારકી તો ખરીજને!......મેં માથું નીચે નમાવ્યું. મારા તે ક્ષોભનો લાભ લેતી હોય તેમ તે ચપળતાથી ઊઠી, પાસે પડેલો દીવો સળગાવ્યો, અને પોતાના ઓરડામાં જવા તૈયાર થઇ.

"ભાભી!" નરમ અવાજથી મેં કહ્યું, "એક સવાલ પૂછું ?"

" ભાઇ ! " નિશ્ચયાત્મક દૃઢતાથી પણ નરમાશથી તેણે કહ્યું , " મેં તો તમારા જેવો જ બનેલો એક બનાવ વર્ણવ્યો. એ વિષે વધારે પીંજણ કરવામાં સાર નથી. માટે હવે ઊઠો. મોડું થયું છે, વળી કોઇકવાર વાત કરીશું . "

આમ કહીને તે ચાલી ગઇ , અને હું કાંઇપણ બોલું તે પહેલાં પોતાના ઓરડાનાં બારણાં બંધ કર્યાં .

ક્યાંય સુધી હું વિચારહીન દશામાં ત્યાંજ બેસી રહ્યો. મોડેથી ધીમે ધીમે મારા ઓરડામાં ગયો.

(૧૦)

હું મારા ઓરડામાં ગયો ખરો, પણ જેમ ભાગ્ય રૂઠે ત્યારે સૌ કોઇ રૂઠે , તેમ નિદ્રા પણ મારાથી રીસાઇ. એકાન્તની સાથેજ આવેગો અનેકધા બળવાન બન્યા . એંજીનની વરાળને કોક કોક વાર બહાર કાઢવામાં ન આવે તો બોઇલર ફાટે છે. રક્તાતિરેકમૂર્છા (Appoplexy)માં રક્તપાતજ રોગવારણ કરે. અંતરના ઉકળાટનું પણ તેમજ મનાય છે. હૈયાની વરાળને દુઃખના રુદનથી માર્ગ દીધે હૈયું હળવું બને—જાણે દુઃખ વહેંચાતું હોય તેમ પહેલાં અસહ્ય લાગતું દુઃખ પછીથી સહ્ય બને. પણ પીપેલું ઘી ધોવાતાં વધારે ઝેરી બને—સાપનું ઝેર પીવાતાં વધતું જાય—તેમ દુઃખના રુદનથી કદી કદી દુઃખનું વર્ધન થાય છે. દરેક નિયમને અપવાદ છે. એ સૃષ્ટિ—સમસ્તને કડક નિયમનમાં રાખતી પ્રકૃતિનું વૈવિધ્યવિલાસી વૈચિત્ર્ય હોય એમ લાગે છે. મારી બાબતમાં પણ એમ જ થયું. ઓલવાતો અગ્નિ જેમ સંકોરવાથી ઝબકી ઉઠે, નષ્ટ લાગતો જ્વાળામુખી જેમ અચાનક જાગૃત થઇને રોળ રેલાવે, એમ સુપ્ત થયેલા મનના ભાવો અનેકધા પ્રદીપ્ત થયા થયા. અને ઉકળતો—ઉભરાતો જ્વાળામુખી જેવું અકાંડતાંડવ આદરે છે, તેવો ભિષણ ઉત્પાત મારા મનમાં મચ્યો. ઊર્મિના આવેગોથી અસંબદ્ધ વિચારોના અસંગત ઝુમખાં ઝુમ્યાં અને એ વિચારવાયુના વંટોળે નિદ્રાને નસાડી મૂકી.

પણ જાણતં'તુનો એ ઉશ્કેરાટ મગજ સહેવાને અશક્ત છ ગજા ઉપરાંતનો શ્રમ નિદ્રાને નસાડે છે પણ તંદ્રાને લાવે છે એવીજ શ્રમજન્ય તંદ્રા મારા મગજને ઘેરી વળી–ન્હેલી પરોઢે એવા ઘેનમાં પડયો.

અને હું પડયો તે પડયો જ. જાગૃતિનું જ્યારે ભાન આ ત્યારે જાણે જગત આખું પલટાયું હોય એવો મને ભાસ થયે મારા ઓરડાને બદલે હું અમારા દીવાનખાનામાં હતો. મારા ખાટલા પાસે એક નાની ત્રિપાઇ પર જાતજાતની બાટલીઓ અ સારવારનો બીજો સરંજામ પડયો હતો. પાસે એક નાના સ્ટુલ પ સરલા બેઠી હતી. મારી આંખો ઉઘડી એટલે એ પાસે આવી.

" સુરેન્દ્ર ! ભાઇ ! કેમ છે હવે ? " અત્યંત મમતાથી મા કપાળે હાથ ફેરવતી તે બોલી.

" મ્હને કેમ છે ? મ્હને શું થયું છે ? " મેં મને પોતાને અજાણ્યા લાગતા સ્વરથી કહ્યું. જાણે હું પોતે દૂરથી બોલતો હોઉં એવો એ અવાજ લાગ્યો. ગૂંચવણમાં પડી હું તેની સામે જો રહ્યો, મારી સામે તે પણ અનુકંપા, મમતા વિગેરે મિશ્ર ભાવોથ નિહાળી રહી.

પળ બે પળ આ અમારું તારામૈત્રક ચાલ્યું, અને મને લાગ્યું કે જાણે કોઇ એ તારામૈત્રક જુએ છે. અણસમજ અસ્વસ્થતાથી મેં મોં ફેરવ્યું, અને જોયું કે મારા ભાઇ રવીન્દ્ર અમારી તરફ જોતા હતા.

રવીન્દ્ર પાસે આવ્યા, મારો હાથ હાથમાં લીધો. મ્હારી નજર તે વખતે જ હાથ પર પડી. અરે ! હું આટલો દુબળો કેમ થઇ ગયો?

મને તરત જ સમજણ પડી કે હું લાંબી માંદગીમાંથી ઉઠતો હતો.

મેં રવીન્દ્રના સામે જોઇ સ્મિત કર્યું. તેમને પાસે બોલાવવા મોં ઉઘાડયું પણ અવાજ ન નીકળ્યો.

લોકવેણ કહે છે કે જનણ્યાનું જ ઝેર છે. સર્પદંશથી અજ્ઞાત બાળક સર્પ જોડે ખેલ ખેલે છે. અવિશ્રાંત ઉત્સાહ અને એકાગ્રચિત્ત યંત્ર વહતા કારીગરો કાર્યસમાપ્તિનું ભૂંગળુ સાંભળતાં જ શ્રમભાન પામે છે. વાઘને ગધેડો ગણી પકડી લાવનાર તિસમારખાંની ઉપહાસ-કથા પણ માનવ સ્વભાવના આ તત્વને અનુલક્ષી લખાએલી છે. માંદગીના મારા ભાને આમ જ મને નિર્બળતા આપી.

પણ આંખના અણુસારાથી મારો આશય ઉકેલીને રવીન્દ્ર પાસે બેઠા. કદાચ ચિત્તની કલ્પના હશે, પણ મને એમના મુખ પર કાંઈક ભાવહીનતા ભાસી. મેં તેમનો હાથ મારા હાથોમાં લઈ આંખ પર દાબ્યો.

"મને શું થયું હતું, ભાઈ?" મહાકષ્ટે મેં પ્રશ્ન પૂછ્યો.

"તાવ આવ્યો હતો" તેમણે તટસ્થ વૃત્તિથી કહ્યું, અને પછી અમારી આંખો મળી.

વણધોયા કાપડ પર જેમ જલબિંદુ ટકી શકતું નથી, તેમ ઉદાર મન પર મેલ કદીએ સ્થાયી રહે જ નહિ. રવીન્દ્રનાં નયનોની, ઉદાસી પલકવારમાં પીગળી ગઈ, અને નિત્યનું હૂંફાળુ હાસ્ય તેના નયનોમાંથી નીતર્યું.

"સત્તર સત્તર દિનની ત્હારી સમાધિ તૂટે છે, ભાઈ!" કૈક ન હાસ્ય સાથે તેમણે કહ્યું. "સ્વર્ગને સીમાડેથી તું પાછો ર્યો છે. હવે શાંત થઈ સૂઈ જા. ખરી નિદ્રા તો હવે જ આવશે. રે વાતો પછીથી કરીશું."

સરલા પાસે આવી. કાચની ઝારી વતી તેણે કૉફી પાઈ. દવા પણ આપી અને રવીન્દ્રનો મમતાળુ હાથ, હાથમાં પકડી હું ગાઢ નિદ્રામાં પડ્યો.

અને પછીના થોડા દિવસો સરલાની સંભાળભરી સારવાર શરીરના કિલકિલાટ ભરેલા કલ્લોલથી નષ્ટ આરોગ્ય પાછુ માં ગયા. જે ભાવોના પ્રત્યાઘાતે મગ્ન મુખમાં મને મૂકેલો,

તે ભાવો તે કાળે તો તદ્દન શાંત થયા હતા. પણ સરળ વહેતા એ જીવનપ્રવાહમાં કંઇક અગમ્ય ગૂંગળામણ હતી. આનંદ અને ઉલ્લાસથી ઓપ્યા શીળા એ વાતાવરણમાં ભૂત કે ભાવિના જાણે ભયાનક કો ઓછાયાઓ અસ્ફુટ અમંગળ સુચવતા. ભાઇ ને ભાભીનાં ભરચક ભાવે ભરેલાં વર્તનમાં કૃત્રિમતા કદી કદી લાગતી. કદી કદી તો એમ લાગતું કે આગામી કો અમંગળને અમુક અવધ સુધી આંતરવાનો એ લોકોનો પ્રયાસ હતો. પણ આ આભાસો ભંગુર હતાં વાતાવરણની એ વિકળતા પળવારમાં પલટાતી, અને ફરીથી એજ સૌમ્ય શાંતિ છવાઈ રહેતી.

આમતે આમ લગભગ એક માસ પસાર થયો. હેમન્તની શીળી શીતળતા શિશિર ની તીવ્ર ટાઢમાં બદલાવા લાગી, અને 'દુર્બળને દુનિયા સૌ દમે' એ ન્યાયે રોગ દુર્બળ મારા દેહથી એનું જોર જીરવાયું નહિ. 'વ્યાધિને વધતાં વારવો' એ વૈદ્યવાક્ય અનુસરીને સાગરતટ અમે સેવ્યો, અને ત્યાંની સમાન આબો-હવામાં પૂર્ણ આરોગ્ય મેં મેળવ્યું.

(૧૨)

શિકાર પર તરાપ મારતાં પહેલાં દીપડો અંગાંગ સંકોરે છે, અને શક્તિનો સંચય જાણે સામર્થ્યને સુવર્ધિત કરે એમ છેલ્લા કૂદકાની પ્હેલા ક્ષણભર પત્થરની પ્રતિમા શો જડ બને છે. પ્રકૃતિ પણ તે જ પ્રમાણે પ્રત્યેક તાંડવખેલન પહેલાં નિઃસ્તબ્ધ શાંતિને સેવે છે. અસ્ખલિત શાન્તિથી પૂર્યા અમારા એ સમુદ્ર-વાસમા એવાજ કો ઉત્પાતની અસ્પષ્ટ આગાહી હતી. આપત્તિથી આળા પડેલા આશાહીન અંતરમાં જેમ ભાવિના કો ભૂંડા ભયના પહેલેથી પડછંદા પડે, તેમ વિનોદ ને વિશ્રાન્તિ પૂર્યા એ વસવાટ-મમિ નિત્યે કોક દારુણી કઠોરકીની અણુસમજી આશંકા રહેતી. અને 'ભૂંડું ભાવિ ભાગ્યે જ ભૂલે,' એમ એ આશંકા ખરી પડી

અમારે આબ્યે મહિનો પૂરો થવા આવ્યો હતો. એ દિવસમાં અમારે જવાનું હતું. રાત્રે વાળુથી પરવારી હું અમારા નિવાસ સ્થાનના દિવાનખાનામાં બેઠો બેઠો કિશોરને ખેલવતો હતો. રવીન્દ્ર કાંઈક કાગળીઆ વાંચતા હતા. સરલા એક ખુરસીમાં બેસી કિશોરનો ગલપટો ગૂંથતી હતી. વાંચન પૂરું કરીને રવીન્દ્રે મારી સામે જોયું, અને કહ્યું; "સુરેન્દ્ર, જવા બાબત મેં વિચાર બદલ્યો છે, હું એકલો જ કાલે જઈશ. તમે બધાં ગોઠે ત્યાં સુધી અહીં રહેજો"

અચાનક બદલાયલા આ કાર્યક્રમથી મેં આશ્ચર્ય પામી તેમની સામે જોયું. સદાના જેવા જ સાદા તેમના સ્વરમાં કાંઈ નહોતું, છતાં તેમની મર્મવેધી દૃષ્ટિથી કોણ જાણે કેમ હું અસ્વસ્થ થયો. અંતરના ઊંડાણ ઉકેલતી હોય તેવી તેમની સ્થીર નજર સામે મીટ માંડવા અશક્ત બની મેં સરલા સામે જોયું. અણકલ્પ્યા આ ફેરફારથી તે પણ વિસ્મય પામી હતી, અને કાંઈક અવ્યક્ત ચિંતા અને વિષાદની આછી વાદળી તેના મુખ પરથી પસાર થઈ. અમારો આ પરસ્પરનો દૃષ્ટિપાત રવીન્દ્રની નજરે પડયો હોવો જોઈએ. એક અર્થસૂચક દૃષ્ટિ સાથે તેમણે સરલાને કહ્યું "કિશોરને જરા જોજે. મારે સુરેન્દ્ર સાથે વાત કરવી છે અમે થોડી વાર ફરી આવીએ છીએ."

તેમણે માથે ટોપી મૂકી. આશ્ચર્ય અને આશંકાથી અમો બનેલો હું મૂંગો મૂંગો અનુસર્યો અને અમારા ઘરથી આશરે ફર્લાંગ છેટે આવેલા સમુદ્રતટ પરના એક બાંકડાના હાથાઓને અઢેલી અમે સામસામા બેઠા.

થોડોક સમય રવીન્દ્ર મૂંગા જ રહ્યાં, મહત્વના પ્રત્યેક કાર્યનાં આરંભે એમ જ બને છે. આરંભનાં અનુષંગી પરિણામો– ક્રિયાની પ્રતિક્રિયાઓ- અદૃષ્ટ ભાવિના અગાધ અંધકારમાં હોય છે. તે પરિણામો અકલ્પ્ય હોય છે; અને તે અકલ્પ્યતા–નિગૂઢતા–અંતરને ડારે છે. આથી જ કદાચ કવિએ કહ્યું હશે ને કે, **अनारंभोहि कार्याणां प्रथमं बुद्धिलक्षणम् !**

ગુનેહગારના મોં પર ઢળતી કલંકિત કાલિમા જેવી એ કાળાશ રવીન્દ્રે જોઈ. તેમનાં નયનોમાં કઠોર, અપાર્થિવ તેજ આવ્યું, અને બીલકુલ ભાવહીન સખ્તાઈથી તેણે કહ્યું, " ભાઈ ગસ્ત્વાતહ્લાં શાને કરે છે ? શંકિ મારા જાણવામાં નહોત તો આવો પ્રશ્ન પૂછાત જ નહિ. "

અનુચિત આ દોષારોપણથી શિથિલ બનેલી મારી શક્તિઓ એકાએક સતેજ બની. અત્યાચાર સાંખનાર પણ અન્યાય સાંખી શકે નહિ. દઢ અવિકંપ ભાવથી મેં સ્થીર નજરે જવાબ આપ્યો, " ભાઇ, જ્યારે તમે જાણો છો ત્યારે તમારે પૂછીને શું કામ છે ? એટલું જ માત્ર કહેવાનું, કે સમાજ અને નીતિની દષ્ટિએ દૂષણ લાગે એવું કાંઇ પણ કાર્ય અમારે હાથે થયું નથી. શાંત ચિત્તે જો સત્ય જાણવું હોય તો તે કહેવા તૈયાર છું. વ્યર્થ સંકાની ખોટી સાબિતી જોઇતી હોય તો તે મારી પાસે નહિ મળે. મુરબ્બી છો, અને કદાચ નહિ આદરેલા અપરાધની શિક્ષા કરશો તો હું સહન કરૂં, પણ આપણા અત્યાર સુધીના સ્નેહને જોતાં સીધું સત્ય સાંભળવાની અને સ્વીકારવાની તમને માંગણી કરવાનો હું હક્ક ધરાવું છું. "

પળવાર જાણે ગુંચવાતા હોય એમ રવીન્દ્ર જોઈ રહ્યા, પળવાર મારા શબ્દોનો તોલ કરતા હોય એમ સ્તબ્ધ જ રહ્યા, અને છતાંયે તેમના મુખ ઊપરનો વિષાદનો ભાવ એવો જ રહ્યો.

કેક ગૂંચવાડા સાથે તેમણે મારી તરફ જોઈ નજર ફેરવી લીધી. પળવાર મારા શબ્દોનો તોલ કરતા હોય તેમ ફરી નિહાળ્યું, અને પછી આંખોમાં આંખો મેળવી કહ્યું, " સુરેન્દ્ર, સત્ય જાણવા જ આ સવાલ પૂછાયો છે. હુ વાત કરૂં છું તે, ભાઇ ભાઈ સાથે કરે તેમ નહિ. પણ એક પુરુષ બીજા પુરુષ સાથે કરે તેમ. અને હું તેવી જ સીધી સાદી વાત માંગું છું. તમારી વચ્ચે દિયર ભોજાઈમાં અયોગ્ય ગણાય એવો કોઇક ભાવ અસ્તિત્વ ધરાવે છે. મારે એ વિષે બધું સાંભળવું છે. "

ગુનેહગારના મોં પર હળતી કલંકિત કાલિમા જેવી એ કાળાશ રવીન્દ્રે જોઇ. તેમનાં નયનોમાં કરોગ, અપાર્થિવ તેજ આવ્યુ, અને ખીલકુલ ભાવહીન સખ્તાઈથી તેણે કહ્યું, " ભાઇ ગલ્લાંતલ્લાં શાને કરે છે ? કાંઇક મારા જાણવામાં નહોત તો આવો પ્રશ્ન પૂછાત જ નહિ. "

અનુચિત આ દોષારોપણથી શિથિલ બનેલી મારી શક્તિઓ એકાએક સતેજ બની. અત્યાચાર સાંખનાર પણ અન્યાય સાંખી શકે નહિ. દઢ અવિકંપ ભાવથી મેં સ્થીર નજરે જવાબ આપ્યો, " ભાઇ, જ્યારે તમે જાણો છો ત્યારે તમારે પૂછીને શું કામ છે ? એટલું જ માત્ર કહેવાનું, કે સમાજ અને નીતિની દષ્ટિએ દૂષણુ લાગે એવું કાંઇ પણ કાર્ય અમારે હાથે થયું નથી. શાંત ચિત્તે જો સત્ય જાણવું હોય તો તે કહેવા તૈયાર છું. વ્યર્થ શંકાની ખોટી સાબિતી જોઇતી હોય તો તે મારી પાસે નહિ મળે. મુરબ્બી છો, અને કદાચ નહિ આદરેલા અપરાધની શિક્ષા કરશો તો હું સહન કરૂં, પણ આપણા અત્યાર સુધીના સ્નેહને જોતાં સીધું સત્ય સાંભળવાની અને સ્વીકારવાની તમને માંગણી કરવાનો હું હક્ક ધરાવું છું. "

પળવાર જાણે ગૂંચવાતા હોય એમ રવીન્દ્ર જોઈ રહ્યા, પળવાર મારા શબ્દોનો તોલ કરતા હોય એમ સ્તબ્ધ જ રહ્યા, અને છતાંયે તેમના મુખ ઊપરનો વિષાદનો ભાવ એવો જ રહ્યો.

કૈંક ગૂંચવાડા સાથે તેમણે મારી તરફ જોઈ નજર ફેરવી લીધી. પળવાર મારા શબ્દોનો તોલ કરતા હોય તેમ દૂર નિહાળ્યું, અને પછી આંખોમાં આંખો મેળવી કહ્યુ, " સુરેન્દ્ર, સત્ય જાણવા જ આ સવાલ પૂછાયો છે. હું વાત કરૂં છું તે, ભાઇ ભાઈ સાથે કરે તેમ નહિ. પણ એક પુરુષ બીજા પુરુષ સાથે કરે તેમ. અને હું તેવી જ સીધી સાદી વાત માંગું છું. તમારી વચ્ચે દિયર ભોજાઈમાં અયોગ્ય ગણાય એવો કોઇક ભાવ અસ્તિત્વ ધરાવે છે. મારે એ વિષે બધું સાંભળવું છે. "

અનેકવિધ અનિષ્ટોનો ગર્ભ ભારે ભરેલી એ વાત આરંભતાં રવીન્દ્રને પણ એવો જ ક્ષોભ થયો હશે એમ મને લાગે છે. પાંચ મિનિટ નીરવ મૂકતા આદરી, આસમાનના ઉડુગણોની જાણે સહાયની અપેક્ષા હોય, મરુદ્ગણોની જાણે મદદની વાંછના હોય, તેમ આસપાસ નજર ફેંકી દૂર પશ્ચિમમાં પ્રકાશતા ભગવાન નિશાનાથનું મનન કર્યું, અને એક આગ્રહી નિશ્ચય કરી મને સવાલ પૂછ્યો, "સુરેન્દ્ર, સરલા અને તને શો સંબંધ છે?"

કાર્તિકના નિરભ્ર આકાશમાં નક્ષત્રનાથ સોળ કળાએ રાજતો હોય અને અચાનક વિજળીનો ઝાટકો પડે, અને તેથી જે ક્ષોભ આશ્ચર્ય અને આઘાત અનુભવાય, એવા ભાવો મેં અનુભવ્યા અમંગળની આગાહીઓએ અસ્વસ્થતા આપી હતી; પણ અંતરને સુગુપ્ત મર્મને સચોટ ઘાથી સ્પર્શ કરતો આ સવાલ એવો અથ ગુચ આવ્યો કે મન, બુદ્ધિ ને આત્માને પક્ષાઘાત પીડતો હોય તેમ સમગ્ર શક્તિઓ કુંઠિત થઇ. સુસજ્જ સેનાથી સુરક્ષિત શાઇસ્તખાનના શયનગૃહમાં શિવાજીના અસંભવિત આગમનથી ખાનની બુદ્ધિ એવી જ બ્હેર મારી ગઇ હશે. અણુઉકલ્યા એવા ભાવોના આવેગથી હતવીર્ય બની [illegible] તો બાધો જ એના [illegible] મેળવવાનો પ્રચંડ [illegible] પ્રયત્ન આદરતાં મેં કહ્યું "[illegible] હોય [illegible]?"

એક [illegible] આત્માને [illegible] અલ્કલિત [illegible]

ગુનેહગારના મોં પર ફગતી કલંકિત કાલિમા જેવી એ કાળાશ રવીન્દ્રે જોઇ. તેમનાં નયનોમાં કહોર, અપાર્થિવ તેજ આવ્યુ, અને બીલકુલ ભાવહીન સખ્તાઈથી તેણે કહ્યું, " ભાઇ ગલ્લાંતલ્લાં શાને કરે છે ? કાંઈક મારા જાણવામાં નહોત તો આવો પ્રશ્ન પૂછાત જ નહિ. "

અનુચિત આ દોષારોપણથી શિથિલ બનેલી મારી શકિતઓ એકાએક સતેજ બની. અત્યાચાર સાંખનાર પણ અન્યાય સાંખી શકે નહિ. દૃઢ અવિકંપ ભાવથી મેં સ્થીર નજરે જવાબ આપ્યો, " ભાઇ, જ્યારે તમે જાણો છો ત્યારે તમારે પૂછીને શું કામ છે ? એટલું જ માત્ર કહેવાનું, કે સમાજ અને નીતિની દષ્ટિએ દૂષણ લાગે એવું કાંઇ પણ કાર્ય અમારે હાથે થયું નથી. શાંત ચિત્તે જો સત્ય જાણવું હોય તો તે કહેવા તૈયાર છું. વ્યર્થ સંશયની ખોટી સાબિતી જોઇતી હોય તો તે મારી પાસે નહિ મળે. મુરબ્બી છો, અને કદાચ નહિ આદરેલા અપરાધની શિક્ષા કરશો તો હું સહન કરું, પણ આપણા અત્યાર સુધીના સ્નેહને જોતાં સીધું સત્ય સાંભળવાની અને સ્વીકારવાની તમને માંગણી કરવાનો હું હક્ક ધરાવું છું. "

પળવાર જાણે ગૂંચવાતા હોય એમ રવીન્દ્ર જોઈ રહ્યા, પળવાર મારા શબ્દોનો તોલ કરતા હોય એમ સ્તબ્ધ જ રહ્યા, અને છતાંયે તેમના મુખ ઉપરનો વિષાદનો ભાવ એવો જ રહ્યો.

કેંક ગૂંચવાડા સાથે તેમણે મારી તરફ જોઈ નજર ફેરવી લીધી. પળવાર મારા શબ્દોનો તોલ કરતા હોય તેમ દૂર નિહાળ્યું, અને પછી આંખોમાં આંખો મેળવી કહ્યું, " સુરેન્દ્ર, સત્ય જાણવા જ આ સવાલ પૂછાયો છે. હું વાત કરું છું તે, ભાઇ બાઈ સાથે કરે તેમ નહિ. પણ એક પુરુષ બીજા પુરુષ સાથે કરે તેમ. અને હું તેવી જ સીધી સાદી વાત માંગું છું. તમારી વચ્ચે દિયર ભોજાઈમાં અયોગ્ય ગણાય એવો કોઇક ભાવ અસ્તિત્વ ધરાવે છે. મારે એ વિષે બધું સાંભળવું છે. "

ઝપાટાભેર વિચારોને એકત્ર કરતાં, લાગણીઓના આવિ
સખત સંયમથી દાબી દેતાં મ્હેં કહ્યું, "તો ભાઈ,
તમને એક જ જવાબ છે. અમારાં મનમાં તેનાં લગ્ન પહેલાં ગ
ભાવો પ્રગટ્યા હશે, પણ તે પહેલાં કે તે પછી, નીતિના
તેના કડક સિદ્ધાંતને પણ બાધ ન આવે એવું જ અમારું વ
રહ્યું છે. નિષ્પાપ લાગતા ઉર ભાવો માટે અમે જવાબદાર
–ગમે તેવા પ્રબળ એ ભાવો હશે. છતાં તે અમને ચળાવી શ
નથી. ઠપકા કે શંકાને પાત્ર અમે કશુંએ કર્યું નથી."

હું થોભ્યો, અને અસત્ય આરોપથી ચડતો રોષ નિરાશા
ભાવિના ભાન સાથે મળી પ્રગટાવે તેવી અભંગ બેદરકારી
રવીન્દ્રના શબ્દોની રાહ જોવા લાગ્યો.

મારા આ શબ્દોથી સહેજ વિચારમાં પડી રહી તેણે ક
"સુરેન્દ્ર, તારી વાત સત્ય છે એમ હું સ્વીકારું, તોયે આપ
જીવન એવા સંબંધથી સંકળાયેલાં છે કે તમારા ભાવોના પૃથક્કરણ
વધારે જરૂર છે. હજી લાંબા આયુષ્ય આપણે વિતાવવાનાં છે. સર્પ
દર પર સુનારને જેમ શાંતિ ના મળે, તેમ હર પળે ગંભીર કે દુ
બનવાની સંભાવના ધરાવતી લાગણીઓની હયાતીમાં આપણો ગૃહ
સંસાર સતત જાગૃત ચિંતાનું નિવાસસ્થાન જ બને. આથી
હું તને અત્યારે અહિં લાવ્યો છું. વિધિના કોઈ ક્રૂર ઉપહાસથ
આપણી પરિસ્થિતિ ઘણી વિષમ બની છે. આ વિકટ પરિસ્થિતિમ
આપણામાંથી કોઈએ મગજ પર કાબુ ગુમાવવો પાલવે એમ નથી
આ ભાનથીજ, સહસ્ત્ર વીંછીના દંશો જેવા વહેમના દાહ છતાંએ
દોઢ દોઢ માસથી હું બળાત્કારે શાંતિ સાચવી રહ્યો છું. અને હવેજ,
મ્હેં પૂરું આરોગ્ય પ્રાપ્ત કર્યું ત્યારેજ, આ સવાલ પૂછું છું. તમારા
સંબંધનમાંના ભાવોની મારે સૂક્ષ્મતમ વિગતો જોઈએ છીએ."

પ્રતિપક્ષોના દાવપેચથી અજાણ આશંકિત યોદ્ધો જેમ લઘુ-
લાઘવીનો આશ્રય લે, તેમ રવીન્દ્રના હેતુને સમજવા અશક્ત

હોવાથી મેં વાત ઉડાવવા પ્રયાસ કર્યો. "ભાઇ," હું બોલ્યો; "એટલું શું બસ નથી કે અમારા ભાવો હવે મૃતપ્રાય છે? દિવસોના કઠોર પ્રયાસથી એ ભાવો અમે લગભગ નાબુદ કરી શક્યા છીએ. નાહક એ ભાવોને જાગૃત કરે શું ફળ? વિસ્મૃતિમાં જ જો શાંતિ છે તો કાં સ્મૃતિથી અશાંતિ ઉપજાવવી?"

"સુરેન્દ્ર," મારો હેતુ જાણે કળી લીધો હોય તેમ સ્પષ્ટ મિત્રભાવે મારા ખભા પર હાથ મૂકતાં તેમણે કહ્યું, "માતાપિતાના મરણ પછી તારું કલ્યાણ એ મારું ધ્યેય બન્યું છે. મેં તારી તરફ જરાપણ ભેદભાવ દાખવ્યો નથી. અને સરલા! ખરું છે કે નિર્મળાને આપેલું હૃદય તેને હું નથી આપી શક્યો, છતાં હિંદુ સંસારમાં પતિઓ જેવી મમતા પત્ની તરફ રાખે છે તેથી જરાએ ઓછું હેત મારા મનમાં એને માટે નથી. મારા પર જ આધાર રાખનારા તમે દુ:ખી છો એમ મને લાગે.–કળવાને અસંભવિત એવી દુર્ઘટ લાગણીને વશ થઈ તું પણ કામાર સેવે, અને તમારાં ગમે તેવાં સંયમ અને સદાચાર છતાંય ઇર્ષ્યાનો કીડો કદી કદી મારા અંતરને કોરે એ ભયાનક દશા અસહ્ય જ છે. દોઢ દોઢ માસથી આ મૂંઝવણ મારા મનને પીડે છે, અને આ વિકટ સમસ્યાનો તોડ કહાડે જ છૂટકો છે. આથી જ, સુરેન્દ્ર, હું તને આમ પૂછું છું. કોઇ કુતૂહલ પરિતોષવાનો, કે ઇર્ષ્યાને ઉશ્કેરવાનો મારા ઉરમાં ખ્યાલ નથી. પણ આ સમસ્યા જો ઉકેલવી જ હોય, આપણા કોઇના પણ દોષ વિના વિચ્છેદ પામતા આપણા સંસારને સાચવવો હોય, તો શાંત અને સ્વસ્થ ચિત્તે એનો ઉકેલ આણવો પડશે, અને એમાં તમારા સહકારની પૂરી જરૂર છે."

પળવાર હું તેમના સામે જોઈ રહ્યો. નિખાલસતાનો રણકાર તેમના સુરમાં હતો, પણ ઘણીએ મથામણ છતાં અમારી સમસ્યાનો શો ઉકેલ એ લાવી શકે એમ હતું, તે મારા ખ્યાલમાં ન આવ્યું. કંઈક કૌતુકથી મ્હેં કહ્યું: "ભાઈ, મને તો આ સર્વ વ્યર્થ લાગે છે. આમ ચોળીને ચીકણું કર્યાથી શું ઉકેલ નીકળવાનો હતો?"

"તું મને કહે તો ખરો," લાગણીઓના વેગને માર્ગ મળ્યાથી સ્વસ્થ બનેલા સ્વરે તેમણે કહ્યું, "મને દોઢ મહિનો વિચાર કરવા મળ્યો છે, અને હજી ઘણું વિચારાય એમ છે. મને તું સર્વે વિગતો આપ."

પોતાના નિષ્ફળ પ્રણયની કથા સફળ પ્રતિપક્ષીને કહેવામાં કેટલો કંટાળો હોય એ તો સૌ કો કલ્પી શકે છે. છતાં મારામાં પણ હવે સ્વસ્થતા આવી હતી. ભાવિના આત્યંતિક અભાવથી મેં કહ્યું: "ભાઇ, મારી કથા લાંબી નથી. વિગતો ઝાઝી નથી. એ વિગતો તમને કાંઇ માર્ગ બતાવશે એમ હું માનતો નથી, છતાં તમારી ઇચ્છા છે તો સાંભળો.

"ભાઇ, તમારી નોકરી સુરત હતી, ત્યારે ઉનાળાની રજામાં હું અમદાવાદ આવેલો. આપણી નાતનો ઉત્સવ હતો ત્યાં મેં સરલાને પ્હેલી વાર જોઇ.

"'જોઇ' શબ્દ હું વિચારપૂર્વક જ વાપરું છું. બાર તેર વર્ષની તેની ઉંમર હશે. હું ત્યારે સોળનો જ હતો ને! એ વખતે મને પ્રેમ કે લગ્નનાં કશાંએ ખ્યાલ હતા જ નહિ. પણ તેના સુંદર અભિનયને લીધે તેના પર મારું ધ્યાન ગયેલું.

"અને પછી બે વખત અચાનક જયેન્દ્રને ત્યાં મેં એને દીઠેલી. એની સરળતામાં મને કાંઇક આકર્ષણ લાગેલું તેથી, કે ગમે તેમ પણ મેં જયેન્દ્રની મૈત્રી વધારી. કારણ કે જયેન્દ્રની બહેન સરલાની સખી થતી હતી.

"આમ જયેન્દ્રને ત્યાં અમે કોક કોક વાર મળતાં, પણ અમારી વચ્ચે કદીએ વાત થઇ નથી, આપણા સમાજમાં વગર સગપણે બોલવા ચાલવાની છૂટ હોતી જ નથી, અને તેથી અમે કદી વાતચીત કરી શકતાં નહોતાં.

"પણ મને ઘણીવાર લાગતું કે, જાણે, મારા જયેન્દ્રને ત્યાં જવાનો સમય સાધીને જ તે ત્યાં આવતી. આ માટે આમ

લાગતું તે હું હજીએ કહી શકતો નથી. છતાં કંતિ મિથ્યાભિમાન કે મન મનાવવાના પ્રયત્નો એવો ખ્યાલ મને આપતા. જે રુચે તે સત્ય માનવું ગમે છે ને!

"એની ફોઇના વિવાદ બાળવયે આપણા પિતા જોડે થયેલા, અને કોક મતભેદને પરિણામે તૂટેલા, એથી એની જોડે લગ્ન થઇ શકે એવી મને સંભાવનાયે નહોતી. આ અડચણથીયે કદાચ હું તેને ચ્હાઉં છું એવો ભાસ મને આવ્યો હોય એ પણ શક્ય છે.

"આમ લગભગ ચાર વર્ષ વીત્યાં. કદાચ તેને લગતા સતત ચિંતનથી કે પછી બીજી કોઇ બાળા પર લગ્ન વિષયક સંકલ્પથી નજર જ નહિ માંડેલી હોવાથી મને તેના માટે જ વિશિષ્ટ લાગણી થવા માંડી. self hypnosis (આત્મ વશીકરણ) માં જેમ સતત અભ્યાસથી માણસ અમુક ભાવારોપણ કરી શકે છે, તેમ કદાચ 'હું તેને ચહાઉં છું' એવા સતત સંકલ્પ કે ભાવારોપણથી જ એ લાગણી પેદા થઈ હોય તોપણ નવાઈ નહિ. મને સૂઝે છે ત્યાં સુધી તો મારા મનમાં એ ભાવનો અંકુર અને વિકાસ બીલકુલ ગુપ્ત રૂપે જ થયેલાં. માત્ર નિર્મળાનાં મરણ પછી તેની ગોઠવણને પરિણામે તમારા બન્નેનાં લગ્ન લેવાયાં ત્યારેજ —તેને કાયમની ગુમાવવાના ખ્યાલે જ —મને મારી લાગણીના બળનો ખરો ખ્યાલ આપ્યો, ત્યારે જ મને માલમ પડ્યું કે હું તેને કેટલા પ્રેમથી ચહાતો હતો."

સરળ વહેતાં સરિતાનીરમાં અણધાર્યો હિલોળો આવે, અને જળના રૂપરંગ અને ગતિ બદલાય, તેમ એકધારા, સ્વસ્થ વહેતા મારા સુરમાં ઉછાળો આવ્યો. વશવર્તી દીસેલા ભાવો હૈયામાં હલમલી ઊઠ્યાં, અને પાંચ પળ હું બોલવા અશક્ત થયો.

એક આમ્રહી ઉચ્છ્વાસથી ગયેલો કાબુ પાછો મેળવી મેં આગળ કહ્યું: "પછી તો ભાઈ, સરલા ઘેર આવી. મારી નષ્ટ આશાઓ પ્રતિદિન મૂર્તિમંત થની વધારે પીડવા લાગી. પણ સમયના વહન સાથે એ ઘા પણ રુઝાવા માંડયો."

ઉરનાં ઊંડાણ અમે ઉકેલેલાં એ રાત્રી નજર સમીપે ખડી થઈ. એ સંવાદની સંવેદનાઓ પલકવારમાં સજીવન બની. દુઃખપૂર્ણ એ મધુરાં સ્મરણે હું વર્તમાનને વીસરી ગયો, અને જાણે વાત પૂરી થઇ હોય તેમ શાંત બેસી રહ્યો.

એ સંવેદનાથી અજ્ઞાન છતાંયે જાણે તેની સાથે સહાનુભૂતિ ધરાવતા હોય તેમ રવીન્દ્ર પણ બે પળ મૂંગા રહ્યા, અને પછી તેમણે અનુકંપાયુક્ત મંદ સ્વરે પૂછ્યું, "તમારે બન્નેને એ વિષે કાંઇપણ વાત થયેલી ?–પ્હેલાં કે પછી ?"

સીનેમાના ચિત્રપટ સમા ભૂતકાળનાં દશ્યો પર ઠરી રહેલી નજર ફેરવી મેં કહ્યું, "ભાઈ, હું માંદો પડયો તેની આગલી જ રાત્રે ગર્ભિત રીતે જ અમે એ લાગણીનું સૂચન કરેલું. સ્પષ્ટ શબ્દોમાં અમે એકમેકને કાંઇ કહ્યું નથી, છતાં અમારા બન્નેની તે દિવસે જ ખાત્રી થઈ કે અમારો ભાવ પરસ્પરનો હતો."

"તે કેવી રીતે ? તમે એ સૂચન શા સંજોગોમાં અને કઇ રીતે કર્યું તે મને કહેશો ?" પ્રેમરહસ્યને જાણવાની પૃચ્છાની યોગ્યાયોગ્યતા વિષે શંકાશીલ હોય એમ તેમણે સહેજ આર્જવથી પૂછ્યુ.

"ભાઈ, જે પ્રસંગના પ્રત્યાઘાતે હું મરણના મુખમાં પડયો હતો, તે તમે શાને આલેખાવો છો ? છતાં તમારી પૃચ્છા નિષ્કારણ નહિ જ હોય તેથી ટૂંકામાં કહું. મને સરલાએ સ્વભાવિક જ પ્રશ્ન પૂછયો કે હું લગ્નની શા માટે ના પાડું છું–પરગામ કેમ જવા માંગું છું. સત્ય કારણ માટે તેણે ખૂબ ખૂબ આગ્રહ કર્યો; અને આખરે મારાથી ન રહેવાયું. માટે રહસ્ય મેં તેને કહ્યું.

"છતાં પણ અમારા સંબંધનુ મને જાગ્રત ભાન હતુ જ. અને તેથી મેં મારા પ્રણયપાત્રનું નામ દિધેલું નહિ. એ પાત્ર એ પોતે જ હતી એવું સૂચવે એવો એક પણ પ્રસંગ મેં નહિ કહેવાની કાળજી રાખી હતી.

મને છતાં પણ જે અંતરાભાસે વર્ષો પહેલાં અમને એક
ંતભાવિનો ભાસ આપેલો, તે પ્રેરણાશક્તિના બળથી
ો સમજાયેલું જ. કારણ કે પછીથી મને આશ્વાસન
પણ પોતાની આત્મકથા કહી.

સ્ત્રીસુલભ લજ્જાથી કે પછી હું કોઈ પણ જાતનો
ન આરોપું તેથી તેની કથા કોક પરકીય બાળાની
હતી. બબ્બેવાર મેં તે બાળાનું નામ પૂછેલું, છતાં
ું. અને છતાં મારા અંતરે મને ખાત્રી આપી કે
પોતાની જ હતી."

મુખથી બીજી બાજુ દૃષ્ટિ રાખી આ વાક્યો હું
એમના મનોભાવો હું જાણી શક્યો નહિ. અકથ્ય
નિહાળવાની અશક્તિથી કે નાજુક આ નિવેદનની
ી તે પછી પણ મેં મોં ફેરવેલું જ રાખ્યું.

ગહન શાંતિ પછી તેમણે મારે ખભે હાથ
સૌમ્ય સ્વરથી પૂછ્યું, "સુરેન્દ્ર, ભાઈ, હવે
પણ સંસારની દૃષ્ટિએ અનુચિત એવું કે પણ
યેલું ?"

આંખમાં આંખ પરોવીને મેં કહ્યું; "ના
ન સાચીજ વાત તમને

ઉરનાં ઊંડાણુ અમે ઉકેલેલાં એ રાત્રી નજર સમીપે ખડી
એ સંવાદની સંવેદનાઓ પલકવારમાં સજીવન બની. દુઃખપૂર્યાં
મધુરાં સ્મરણે હું વર્તમાનને વીસરી ગયો, અને જાણે વાત પ
થઇ હોય તેમ ચૂપ બેસી રહ્યો.

એ સંવેદનાથી અજ્ઞાન છતાંયે જાણે તેની સાથે સહાનુભૂ
ધરાવતા હોય તેમ રવીન્દ્ર પણ બે પળ મૂંગા રહ્યા, અને પછ
તેમણે અનુકંપાયુકત મંદ સ્વરે પૂછ્યું, "તમારે બન્નેને
વિષે કાંઇપણ વાત થયેલી ?–પ્હેલાં કે પછી ?"

સીનેમાના ચિત્રપટ સમા ભૂતકાળનાં દૃશ્યો પર ઠરી રહેલી
નજર ફેરવી મેં કહ્યું, "ભાઈ, હું માંદો પડયો તેની આગલી જ
રાત્રે ગર્ભિત રીતે જ અમે એ લાગણીનું સૂચન કરેલું. સ્પષ્ટ
શબ્દોમાં અમે એકમેકને કાંઇ કહ્યું નથી, છતાં અમારા બન્નેની
તે દિવસે જ ખાત્રી થઈ કે અમારો ભાવ પરસ્પરનો હતો."

"તે કેવી રીતે ? તમે એ સૂચન શા સંજોગોમાં અને કઇ
રીતે કર્યું તે મને કહેશો ?" પ્રેમરહસ્યને જાણવાની ઇચ્છાની
યોગ્યાયોગ્યતા વિષે શંકાશીલ હોય એમ તેમણે સહેજ આર્જવથી
પૂછ્યું.

"ભાઈ, જે પ્રસંગના પ્રત્યાઘાતે હું મરણના મુખમાં પડયો
હતો, તે તમે શાને આલેખાવો છો ? છતાં તમારી પૃચ્છા
નિષ્કારણ નહિ જ હોય તેથી ટૂંકામાં કહું. મને સરલાએ
સ્વાભાવિક જ પ્રશ્ન પૂછ્યો કે હું લગ્નની શા માટે ના પાડું છું–
પરગામ કેમ જવા માંગું છું. સત્ય કારણ માટે તેણે ખૂબ ખૂબ
આગ્રહ કર્યો; અને આખરે મારાથી ન રહેવાયું. મારું રહસ્ય મેં
તેને કહ્યું.

"છતાં પણ અમારા સંબંધનું મને જાગ્રત ભાન હતું જ.
મને તેથી મેં મારા પ્રણયપાત્રનું નામ દિધેલું નહિ. એ પાત્ર એ
પોતે જ હતી એવું સૂચવે એવો એક પણ પ્રસંગ મેં નહિ
દેવાની કાળજી રાખી હતી.

" અને છ... પણ જે અંતરાભાસે વર્ષો પ્હેલાં અમને એક
અંતર્ભાવોનો ભાસ આપેલો, તે પ્રેરણાશકિતના બળથી
ા તો સમજાયેલું જ. કારણ કે પછીથી અને આશ્વાસન
તેણે પણ પોતાની આત્મકથા કહી.

પણ સ્રીસુલભ લજ્જાથી કે પછી હું કોઈ પણ જાતનો
ાર્થ ન આરોપું તેથી તેની કથા કોક પરકીય બાળાની
ામાં હતી. બબ્બેવાર મેં તે બાળાનું નામ પૂછેલું, છતાં
ાવેલું. અને છતાં મારા અંતરે મને ખાત્રી આપી કે
ી પોતાની જ હતી. "

ના મુખથી બીજી બાજુ દૃષ્ટિ રાખી આ વાક્યો હું
િ એમના મનોભાવો હું જાણી શકયો નહિ. અદૃશ્ય
ી નિહાળવાની અશકિતથી કે નાજુક આ નિવેદનની
ાણથી તે પછી પણ મેં મોં ફેરવેલું જ રાખ્યું.
ાની ગહન શાંતિ પછી તેમણે મારે ખભે હાથ
જ સૌમ્ય સ્વરથી પૂછયું, " સુરેન્દ્ર, ભાઇ, હવે
ી પણ સંસારની દૃષ્ટિએ અનુચિત એવું કે પણ
ા થયેલું ?"

ાની આંખમાં આંખ પરોવીને મેં કહ્યું: " ના,
તદ્દન સાચીજ વાત તમને કહું છું. "
ાની આછી વાદળી તેમના મોં
ણ તેમણે

આગામી ભાવિના પડછાયા શું આગળથી અનુભવાતા હશે? કૅરેમાફની ઉત્તમ પ્લેટ જેમ દષ્ટિયોએ અગોચર પદાર્થ ઝીલી શકે છે, અને પ્રકાશહીન અદશ્ય કીરણોને દશ્ય અને મૂર્ત બનાવે છે. તેમ નિર્દોષ કે અમળ અંતરો, નિખાલસકે નિષ્પાપ હૃદયો દૂરદર્શી બુદ્ધિને અગમ્ય એવા ભાવિના ભણકારા ઝીલે છે. એવું કદીક દેખાયતો છે જ. એ જ પ્રમાણે અણધારી, અચાનુચ આવેલી આફતના આછેરા ઓળા સરલાના મુખ પર દેખાતા. વસંતના નિરભ્ર અને સૌમ્ય, વાદળ વહોણ્યા નભ જેવું સદાએ તેનું મુખ રહેતું; પણ અત્યારે સુસુંદર એ લલાટ પર ચિંતા અને ચિંતનની રેખાઓ ભ્રકુટી વચ્ચે જામી હતી. ચિંતાગ્રસ્ત એ મુખ મુદ્રાએ રવીંદ્રના નયનોમાં માર્દવની આછેરી ભરતી આણી. મારૂં હૈયું એ હલમલ્યું.

હરદિનનો હેતાળ આવકાર આજ તેને હોઠે નહોતો. અજ્ઞાત કો મુંઝવણથી જાણે આજ તો તે મુંગી જ રહી. હૈયાને હળવું કરી દેતું રોજનું હુંફાળું હાસ્ય આજે કાંક અલોપ થયું'તું. અમારા ઉરના ઊંડાણોને ઊકેલવા મથતી હોય તેમ મીટ માંડી તે ન્યાળી રહી. માત્ર ઊંચી ચડતી ઝૂલતા સાથે જરાક ડોલતી આંખોએ એક અબોલ પ્રશ્ન પૂછયો ખરો.

અંતરની અવિશુદ્ધ નિર્મળતા શા અદ્દભૂત સામર્થ્યો ધારે છે! લોક કથા એવું કહે છે, ને અનુભવીઓનાં આખ્યાનો છે, કે મદઝરતા મોટા માતંગો, વિપુલબળશાળી વનરાજો અને અગ્નિ ઝરતા ફણીધરપણ સુકોમળ કો સુંદરીનાં, કે નિષ્પાપ કો બાળકનાં નિર્દોષ હાસ્યની પ્રતિભાથી સ્વભાવવિરૂદ્ધ સૌમ્યતા ગ્રહે છે. પારસના સ્પર્શે કરી જેમ લોહમાત્ર કાંચનતા ધરે, તેમ એ પદ, એ શક્તિ, એ ઝેર, એ નિખાલસ નિર્મળતાનાં સૌમ્યઓજસથી અંજાતાં સાત્વિકતાને સત્કારે છે. અંતરની નિર્મળતાનો આએદ્દશ

આભાસ આપતા સરલાના મુખભાવ તણી એવી અસર રવીંદ્રને થઈ. જાણે શંકા સ્પર્શી જ ન હોય એવા સૌમ્ય, સરળસ્મિતથી તેમણે સરલા સામે જોયું; અને હંમેશનાં જેવાં હેતભર્યા સ્વરથી કહ્યું, "ખૂબ વાટ જોવડાવી, ખરું ? ચાલ, હવે પરવારી જઈએ. કાલ તારે ઘણું કામ છે."

આશ્ચર્યની એક આછી લહરી સરલાના મુખ પર ફરી ગઈ. અત્યાર સુધી તો હરકોઈ કાર્યમાં—આર્થિક, સામાજિક પ્રશ્નોની ચર્ચા કે વિચારણામાં તેનો સહકાર સદા લેવાતો. આજનો અમારો સંવાદ ગંભીર હોવાની ખાત્રી તેને તો થયેલી હતી જ, અને તેનાથી તે વાત અમે ગુપ્ત રાખતા હતા એવું તે સમજી ગઈ. અણઅનુભવેલા આ અંતરપટથી તેને સૂક્ષ્મ આઘાત પહોંચ્યો, અને કોઈક ભયાનક આપત્તિની આશંકાથી તે ધ્રુજી ઉઠી.

"નાથ," તેનાં સકંપ સ્વરને સ્વસ્થ કરવા પ્રયત્ન કરતી તે બોલી, "તમે બે કેમ બહાર ગયા હતા ? અત્યાર સુધી તમે કદીએ કાંઈ પણ છુપાવતા નથી, તો આજે કેમ એકલા જ વાતો કરી ? કાંઈ નવા જુનીતો નથી થઈ, ને ?"

"ના, ના, સરલા !" સદાનાં સહજ અને સ્વસ્થ સુરથી રવીંદ્રે ઉત્તર આપ્યો. "એવું કાંઈ છે જ નહિ, પૂછ સુરેન્દ્રને. અમારી વાતો તો ભૂતકાળને લગતી હતી. ભવિષ્યને લગતી થોડીક વિચારણા માટે એ હતી. એ વિચારણામાં તારી જરૂર અમને પડવાની છે. એટલે કાલે તને યે કહીશું જ, ને ? આજે ઘણું મોડું થયું છે, અને ચર્ચા ઘણો સમય લેશે, નહિતો આજેજ તને કહેત, ને ! પણ એવું અગત્યનું નથી, કે આખી રાત ના જાગે !"

વસ્તુસ્થીતિ છુપાવતાં છતાં યે સત્ય હોય એવા શબ્દોમાં ભાસ પ્રેરવાની શક્તિ છે. રવીંદ્રના શબ્દોએ તેમ સરલાને